
॥ ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

શ્રીશ્વેતાયન સ્મૃતિ

આ ગ્રંથમાં આધુનિક સમયના તમામ પ્રકારના ધર્મોને સમજાવ્યા છે.





પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ

: લેખક :

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

M.A.,Ph.D., D.Phil., D.Litt.

: પ્રાપ્તિ સ્થાન :

પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :

શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

શ્રી શ્વેતાયન સ્મૃતિસ્થ વિષયો

પ્રથમાધ્યાયે—	અધ્યાય—		શ્લોક
સામાન્ય ધર્મો...	૧	...	૬
પુણ્યપ્રદ ધર્મો...	,,	...	૧૯
ભાગવત ધર્મો...	,,	...	૨૧
બંધનપ્રદ ક્રિયા...	,,	...	૩૬
દ્વિતીયાધ્યાયે—			
ભાગવતધર્મ-નિવાસ...	૨	...	૧
શરણાગતિ-પ્રતાપ...	,,	...	૩
બ્રહ્મવૃત્તિ-વર્તન...	,,	...	૮
ધર્મજ્ઞા-શિક્ષક...	,,	...	૧૦
કર્મ-ધર્મોવડે-માનવભેદ...	,,	...	૧૧
સંસ્કાર ધર્મો...	,,	...	૧૨
વિદ્યાકલાદિશિક્ષણ...	,,	...	૧૫
પશ્વાદિકની સંભાળ...	,,	...	૨૦
સત્કારના શુભફળ...	,,	...	૨૩
અસત્કલેશના હાનિફળ...	,,	...	૨૬
પ્રેત સત્કારના ફળ...	,,	...	૨૭
સુવર્તન સ્થિતિ...	,,	...	૩૧
આવક જાવકમાં નજર...	,,	...	૩૪
ભય નિર્ભય કરણી...	,,	...	૩૭
સાત્ત્વિક ધર્મરક્ષક શ્રીહરિ...	,,	...	૩૯
અભિવન્દન ધર્માદિક...	,,	...	૪૯
તૃતીયાધ્યાયે—			
લોકવ્યવહાર ધર્મ...	૩	...	૨
સોળ સંસ્કાર ધર્મ...	,,	...	૪
આજીવિકા માટે ધર્મ...	,,	...	૯
માવતર ગુરૂ પ્રતિ ધર્મ...	,,	...	૧૧
હિતકર ગુણકલા શિક્ષણ...	,,	...	૧૫
સાધુવૃત્ત ધર્મ...	,,	...	૧૭
વિવાહ ધર્મ સમશીલતા...	,,	...	૨૦
આઠ પ્રકારે વિવાહ...	,,	...	૨૪
વારસાના અધિકારી...	,,	...	૨૭
ઋતુ-ભેદે પુત્ર, પુત્રી લાભ...	,,	...	૨૯
સમૃધ્ધિ, હાનિ,ના કારણો...	,,	...	૩૦

	અધ્યાય—		શ્લોક
પાંચ પાપ નિવારક યજ્ઞો...	,,	...	૩૩
અતિથિ-સ્વરૂપો...	,,	...	૩૫
શ્રાધ્ધ, તથા સત્પાત્રો...	,,	...	૩૬
પિતૃઓના પરિચય...	,,	...	૪૨
શ્રાધ્ધની સામગ્રીઓ...	,,	...	૪૭
શ્રાધ્ધમાં-અગ્રાહ્ય...	,,	...	૪૯
રસ પાત્ર આદિની શુધ્ધિઓ...	,,	...	૫૪
શુધ્ધિની સ્વીકૃતિઓ...	,,	...	૬૧
સદા પવિત્ર વસ્તુઓ...	,,	...	૬૪
ધાન્ય-યજ્ઞેષ્ટિકરણ...	,,	...	૬૭
જળ ક્ષાર મૃત્તિકા વડે શુધ્ધિ...	,,	...	૬૮
માર્ગ-આપવો...	,,	...	૬૯
સ્થાન-ત્યાગ...	,,	...	૭૧
ભયસ્થાન-ત્યાગ...	,,	...	૭૨
શત્રુતા ન કરવી...	,,	...	૭૫
અવિશ્વાસના સ્થળો...	,,	...	૭૬
આયુષ્ય કાપતાં કર્મો...	,,	...	૭૭
ઉદ્યમ ધર્મ...	,,	...	૭૮
વાણીની શુધ્ધતા...	,,	...	૭૯
હાથની શુધ્ધતા...	,,	...	૮૦
દુર્બલોને ન દબાવવા...	,,	...	૮૧
લોકપ્રિય વર્તન...	,,	...	૮૨
સાધુ વૃત્તિપણું...	,,	...	૮૪
દાન, અર્પણ ધર્મ...	,,	...	૮૫
ચોથાઅધ્યાયે—			
વિભિન્ન ઈશ્વર રચના...	૪	...	૪
વિભિન્ન ધર્મ સ્થિતિઓ...	,,	...	૯
ઘાત, દ્યૂત, લાંચ, કુસંગ-ત્યાગ—	,,	...	૧૩
સંત ભગવાન ગુરૂ-સેવા...	,,	...	૧૭
કથા, પૂજા, તીર્થ, વ્રત,...	,,	...	૨૩
હનુમાન્-મંત્રજપ આદિ...	,,	...	૩૦
વિશિષ્ટાદ્વૈત...	,,	...	૩૧
ચાર સાધન-ફળ...	,,	...	૩૨

	અધ્યાય—		શ્લોક
આત્મ-તત્ત્વ...	,,	...	૩૪
ઇશ્વર તત્ત્વ...	,,	...	૪૧
માયા તત્ત્વ...	,,	...	૪૩
મુકત તત્ત્વ...	,,	...	૪૪
બ્રહ્મ તત્ત્વ...	,,	...	૪૬
પર બ્રહ્મ તત્ત્વ...	,,	...	૫૦
સ્વાસ્થ્ય ધર્મ રક્ષણ...	,,	...	૫૫
આવક જાવક લખાણ...	,,	...	૫૯
ભૃત્ય નારી વર્ગ જીવતી...	,,	...	૬૦
ઇન્દ્રિય અંતઃકરણ જય...	,,	...	૬૩
ધર્મશાળાદિ કરાવવા...	,,	...	૬૮
નારીવર્ગના ધર્મો...	,,	...	૭૧
પાંચમા અધ્યાયે—			
દાનમાં ગ્રાહ્ય પદાર્થો...	૫	...	૧
અભક્ષ્ય અપેય પદાર્થો...	,,	...	૯
ઘાતના પાપના પાત્રો...	,,	...	૧૪
સ્વર્ગના અધિકારીઓ...	,,	...	૧૬
મોક્ષધર્મ માટે દાન...	,,	...	૨૫
વિપ્ર ક્ષત્ર વૈશ્ય સેવક કર્તવ્યો...	,,	...	૨૮
દાન ગ્રહણ યોગ્ય-છૂટછાટ...	,,	...	૩૫
શ્રાધ્ધમાં દેવા યોગ્ય...	,,	...	૩૮
નિમ્ન કોટિના કર્તવ્યો...	,,	...	૩૯
નારાયણ બલિ શ્રાધ્ધ કરવું...	,,	...	૪૦
ભગવાનના યોગે ઉધ્ધાર...	,,	...	૪૨
શ્રાધ્ધોના ફલ...	,,	...	૪૩
પ્રેતને આપવા યોગ્ય દુગ્ધાદિ...	,,	...	૪૮
નીલ વૃષ ઉત્સર્ગાદિ...	,,	...	૫૦
ગરૂડ પુરાણ ભાગવત એસારવું...	,,	...	૫૧
પ્રેતથી થાતી પીડાઓ...	,,	...	૫૨
સાદાઇથી શ્રાધ્ધ...	,,	...	૫૬
ભગવાનમાં શ્રધ્ધાવાળું શ્રાધ્ધ...	,,	...	૬૧
તૃષ્ણાવાળાઓનું પિત્રીપણું...	,,	...	૬૩

છઠ્ઠે અધ્યાયે—	— અધ્યાય—		શ્લોક
મૃત્યુના ચિન્હો, –અપશુકનો...	૬	...	૨
સ્વપ્નમાં મૃત્યુના ચિન્હો...	,,	...	૧૭
ભય ત્યાગ માટે સતકર્મ...	,,	...	૪૭
સાતમે અધ્યાયે—			
ધર્મદૃષ્ટિવાળો ન્યાય...	૭	...	૧
કોમળ દંડના પાત્રો...	,,	...	૭
કઠિન દંડના પાત્રો...	,,	...	૯
ન્યાયકર્તાઓ સતપાત્રો...	,,	...	૧૨
અપરાધીના ચિન્હો ચેષ્ટાઓ...	,,	...	૧૬
દંડના અપાત્રો...	,,	...	૨૪
હિતકારી દંડ પ્રાયશ્ચિત્ત...	,,	...	૨૯
પરિવર્તન યોગ્ય રીતિઓ...	,,	...	૩૫
કલિના પ્રભાવવડે વિપરીતતા...	,,	...	૩૮
પરમાત્માના આશ્રયરૂપ ધર્મવિધિ...	,,	...	૪૯
ધર્મને માટે, સોગન, શપથ,...	,,	...	૫૧
આઠમા અધ્યાયે—			
વારસાના હકદારો...	૮	...	૩
ઘણા પ્રકારે પુત્રપણું...	,,	...	૧૨
અનધિકારમાં અધિકાર વ્યવસ્થા...	,,	...	૧૯
સ્ત્રી આદિના જીવન સાધન રક્ષણ...	,,	...	૨૫
દંડમાં રાહત રાખવી...	,,	...	૩૦
જીવિકાઓ આપવાના પાત્રો...	,,	...	૩૧
ન આપવા યોગ્ય વસ્તુઓ...	,,	...	૩૭
મહેમાન અતિથિ વિગેરેના સતકાર ધર્મો...	,,	...	૩૮
શ્રાદ્ધના નિસ્તારો...	,,	...	૪૧
સુતકના—વિભાગ...	,,	...	૪૨
સુતક અને શુધ્ધિઓ...	,,	...	૫૧
ભગવાન યોગે—પવિત્રતા...	,,	...	૫૭
નવમે અધ્યાયે—			
પવિત્ર આહાર...	૯	...	૧
અપવિત્ર આહાર...	,,	...	૩

	અધ્યાય—		શ્લોક
આપત્કાલે રક્ષણ ધર્મ...	,,	...	૧૦
ભાગવત–આશ્રય ધર્મ...	,,	...	૧૪
તાત્કાલિક ધર્મ...	,,	...	૧૬
દુઃખ પડયે આશ્રય ધર્મ...	,,	...	૧૮
મોક્ષ ધર્મની ધારણાઓ...	,,	...	૨૩
ચાંદ્રાયણ વ્રત...	,,	...	૨૯
બ્રહ્મચર્ય વ્રત...	,,	...	૩૧
જપ, તપ, વ્રત...	,,	...	૩૪
અવિકાર, બુધ્ધિશુધ્ધિ, વ્રત...	,,	...	૩૭
પતિ–પત્ની સચારાં વ્રત ધર્મ...	,,	...	૪૪
ત્રણ ઋણ ઉતારવા, –વ્રત...	,,	...	૪૬
દશમે અધ્યાયે—			
બધી નિવૃત્તિઓ,- વ્રત...	૧૦	...	૧
સાધુ વૃત્તિ — વ્રત...	,,	...	૮
બંધન–નાશક સાધનો...	,,	...	૧૩
દેવોના કર્મ દ્રષ્ટાપણાં,...	,,	...	૨૦
પરમાત્માને રહેવાની સ્થળીઓ...	,,	...	૨૬
બ્રહ્મપ્રકાશની વ્યાપકતા...	,,	...	૩૧
શુદ્ધિના સહેલા ઉપાયો ..	,,	...	૩૮
ઘણા પ્રકારની શુધ્ધિઓ...	,,	...	૪૧
બહુશ્રુતને ધર્મ શાસનનો અધિકાર...	,,	...	૪૯
ભાગવત ધર્મમાં તમામ પ્રાયશ્ચિત્તો...	,,	...	૫૭
અગ્યારમે અધ્યાયે—			
આતતાયિ શત્રુ માટેના પ્રતીકારો...	૧૧	...	૧
પત્ની સંરક્ષણ ધર્મ...	,,	...	૮
નારીને કામકાજમાં પ્રવૃત્તિઓ...	,,	...	૧૨
રક્ષણકારક ભય...	,,	...	૧૯
સાધ્વી સતી નારીઓના સુખીપણા...	,,	...	૨૧
નારીઓના રાજસભાવમાં અસ્થિરતા...	,,	...	૨૫
બીજના ક્ષેત્રરૂપ સ્ત્રીની પાવનતા...	,,	...	૨૮
વિવાહિતોને આપત્કાલે ધર્મપાલન...	,,	...	૩૨
અતિ દુઃખ સ્થિતિમાં વિયોજન ધર્મ...	,,	...	૩૬

	અધ્યાય—		શ્લોક
ફરીથી દંપતીપણું યોગ્ય...	,,	...	૪૧
શીલવ્રતનું પાલન...	,,	...	૪૬
ધર્મધન-સાંચવણ્ય...	,,	...	૪૯
દશવિધ દ્રવ્ય...	,,	...	૫૨
બારમે અધ્યાયે—			
કલિમાં દાનધર્મ પ્રબલ છે...	૧૨	...	૧
કલિમાં કલેશ—બાહુલ્ય...	,,	...	૭
કલેશનાશક—સેવાદિક સરલ ઉપાયો...	,,	...	૧૬
અનુગ્રહ, ગુપ્તજપ વ્રત,...	,,	...	૧૭
પરિષતનું સ્વરૂપ...	,,	...	૨૦
ગુરૂ, સભા, દેવાલય વિગેરે ધર્મ શોધક...	,,	...	૨૨
પંચ ગવ્યાદિ પ્રાશન...	,,	...	૨૮
દીક્ષાગ્રહણ શુધ્ધિકૃત...	,,	...	૩૨
ભકિત, પ્રસન્નતા—ધર્મ,...	,,	...	૩૬
યુગોના વર્ષો...	,,	...	૪૦
સંકલ્પ, દષ્ટિ, સ્પર્શ, યોગ,—સૃષ્ટિઓ...	,,	...	૪૪
કલિને અંતે સ્થિતિઓ...	,,	...	૪૯
ભગવંત અવતાર થશે...	,,	...	૫૬
તેરમે અધ્યાયે—			
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભકિત-રક્ષણ...	૧૩	...	૧
ધર્મ સ્વરૂપ...	,,	...	૨
જ્ઞાન સ્વરૂપ...	,,	...	૪
આત્મા, ઇશ્વર સ્વરૂપ...	,,	...	૫
માયા સ્વરૂપ...	,,	...	૬
બ્રહ્મ સ્વરૂપ...	,,	...	૭
પરબ્રહ્મ સ્વરૂપ...	,,	...	૧૧
વૈરાગ્ય સ્વરૂપ...	,,	...	૧૩
ભકિત સ્વરૂપ...	,,	...	૧૪
ચાર પ્રત્યેક વિના વિરોધિ દોષ...	,,	...	૧૫
શ્વેતાયન આશીર્વાદ, કૃપાલુતા...	,,	...	૧૯
ચઉદમે અધ્યાયે—			
ચાર સાધનથી મોક્ષ...	૧૪	...	૧
સાધનોના સ્વરૂપ...	,,	...	૨
આશિષ...	,,	...	૧૮

શ્રી—શ્વેતાયન — સ્મૃતિઃ

ॐ परब्रह्मणे विश्वात्मनेऽन्तर्यामिणे नमः ।
अनादिश्रीकृष्णनारायणाय धर्ममूर्तये ॥१॥

ઓં પરબ્રહ્મ વિશ્વાત્મા અન્તર્યામી ધર્મમૂર્તિ એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમસ્કાર.

युगानां च प्रजानां च देशानां भिन्नता यतः ।
निसर्गाणां पृथक्तेति धर्माणां भिन्नता ततः ॥२॥

યુગોના ભેદથી, પ્રજાઓના ભેદથી, દેશોના ભેદથી, સ્વભાવોના પૃથક્પણાથી, તે તે સમૂહોના ધર્મો ભિન્ન છે, તેમજ વ્યક્તિઓના પણ ધર્મો ભિન્ન છે.

पुंसां स्त्रीणामर्भकाणां किशोराणां च युग्मिनाम् ।
यूनां नपुंसकानां च वृद्धानां रोगिणां पृथक् ॥३॥

પુરૂષોના, નારીઓના, બાલકોના, કિશોરોના, જોડલાના, યુવાનોના, નપુંસકોના, વૃદ્ધોના, રોગિઅશક્તોના ધર્મો પૃથક્ છે.

शिष्यता-गुरुताभेदात् शीतोष्णाऽऽर्तवभेदतः ।
प्रसंगभेदात् निम्नादिस्थितिभेदात् वृषाः पृथक् ॥४॥

શિષ્યતાના, ગુરૂપણાના, ટાઢ્ય, તડકા, વર્ષાઋતુઓના ભેદથી, મહામેળાઓ પ્રસંગોના ભેદથી, નીચા ઉંચા વૈભવોના ભેદથી પણ ધર્મો ભિન્ન છે.

निद्रा जागरणं पेयं भोजनं क्षालनं वृतिः ।
सर्वेषां देहयोग्येतत्सर्वं पाल्यं यथोचितम् ॥५॥

ઉંઘવું, જાગવું, પીવું, ખાવું, જળ વડે પ્રક્ષાલન શુદ્ધિ, વસ્ત્ર, ભીંત વિગેરેની આડશ, આવી દેહના યોગવાળી બાબતો જે આચારો, તે જેટલા જ્યાં ઉચિત હો તેટલા પાલવા.

आचाराश्च विचाराश्च क्रियाः पुण्यं परार्थिता ।
निर्विघ्नता प्रसादश्च सुखं सर्ववृषा इमे ॥६॥

દરેક માનવોના આચારો તથા વિચાર વડે પ્રાપ્ત કર્તવ્યો, તથા ઘણાં પ્રકારની ગૌણ-ક્રિયાઓ તથા પુણ્ય થાય તેવા સત્કર્મો તથા પરોપકારો તથા વિઘ્ન, દુઃખ, નડતરોના દૂરીકરણો તથા સુખશાન્તિ અનુકૂલતાઓ, આવા આવા તમામ ઇષ્ટ સંયોગો તે તમામનાં સમાન ધર્મો ગણાય છે.

केवलानां मनुष्याणां पशुपक्षिधनैर्जीविनाम् ।
वनस्पतिपराणां च तपोयज्ञशीलिनाम् ॥७॥

કેવલ માનવ વર્ગમાં જ આધારવાળા પશુધન, પક્ષીધનને આધારે જીવનવાળા, વનસ્પતિ પરાયણ નિર્વાહવાળા, તપ યજ્ઞશીલ વ્રત વિગેરેના અવલમ્બન પરાયણ નિર્વાહવાળા.

अस्थिराऽऽजीविकायुक्ताः ये देवाऽऽश्रयजीविनः ।
भृत्यत्वाद्युद्यमाधारास्तेषां धर्मास्तु ते पृथक् ॥८॥

અસ્થિર આજીવિકાવાળા, ભાગ્ય દેવતાના આધારે જીવનવાળા, નોકરી ચાકરી દાસતા પરાશ્રયતા, ફરતા ફરતા ઉદ્યમોવાળા, જે જે માનવો, તેમના ધર્મો પૃથક્ છે, એક જ પ્રણાલીએ ટકતા નથી.

यथापेक्षाः स्वीकृता ये सौष्ठवार्थं समीकृताः ।
उत्सर्गरूपास्ते धर्मा लौकिकार्थाः पृथङ् मताः ॥९॥

જરૂરત પૂરતા જ સ્વીકારાએલા, અનુકૂલતા માટે સમાનભાવે ગ્રહણ કરેલા, લોકમાં અમુક સમય માટે પ્રયોજનવાળા, પછીથી ન રાખવા યોગ્ય એવા ધર્મો તે પૃથક્ પૃથક્ જાણવા.

अपि क्वचित्पराधीना पेच्छिका द्राङ् निजीकृताः ।
निर्वाहकार्यसिद्ध्यर्थास्तेऽपि धर्माः पृथङ् मताः ॥१०॥

અને ક્યારેક પરને આધીન થઈને સ્વેચ્છાને આધીન થઇને તુરન્તમાં પોતાને ગમતી વાત રૂપે થયા એવા તથા નિર્વાહ માટેના કાર્ય સાધવા માટેના પ્રયોજન પૂરતા, એવા પણ ધર્મો, તે પૃથક્ પૃથક્ જાણવા.

आकस्मिका वृषा भिन्नाः स्नेहधर्माश्च रञ्जनाः ।
नाट्यधर्मा वेषधर्मा आपत्कालवृषाः पृथक् ॥११॥

અકસ્માતના ધર્મો જુદા છે, સ્નેહના ધર્મો જુદા છે, મનોરંજનના ધર્મો જુદા છે, નાટક ખેલ જાદુ મંત્રોના ધર્મો જુદા છે, વેષના સત્તાના ઉપાધિઓના ધર્મો જુદા છે, મહાઆપત્કાલના ધર્મો જુદા છે.

भयधर्मा बलधर्मा वृषाः प्रसह्यकारिणाम् ।
वृषा अशक्तिमान्याश्च प्रच्छन्नाश्च पृथक् पृथक् ॥१२॥

ભય સાથે સ્વીકૃત, બલ પ્રબલતા સાથે અપનાવેલા, બલાત્કાર જબરદસ્તી બલજબરીના ધર્મો જુદા છે, અશક્તિ અવસ્થાઓના ધર્મો જુદા છે, અને અદબ મર્યાદાના ધર્મો જુદા જુદા છે.

प्रकाशधर्मा वृन्दानां गुप्तधर्माश्च देहिनाम् ।
भावबोधकधर्माश्च छलधर्माः पृथक् मताः ॥१३॥

સમૂહોના કે એકલાના ખૂલતા ધર્મો જુદા છે, દેહધારીઓના છાનાં ધર્મો જુદા છે, ઈંગિત ધર્મો, હૃદયના જ્ઞાપક ધર્મો, અને છલના ધર્મો જુદા જ છે.

कृतिश्चेष्टा प्रकर्तव्यं शिक्षा वृध्यानुवर्तनम् ।
कुटुम्बानां चरित्राणि पारम्परिकवर्तनम् ॥१४॥

ઉદ્યમો, રચનાઓ, ગૂંથણ, વણતર, કેળવણી, ફરજ, શિક્ષણ, વૃદ્ધોનું અનુવર્તન, કુટુમ્બોના ચારિત્ર, પરમ્પરાઓમાં આવતા વર્તનો, એવા ધર્મો પૃથક્ છે.

वेषा भूषा अम्बराणि तिलकं केशधारणम् ।
अंकानि बाह्ययोग्यानि धर्मार्थानि पृथक् पृथक् ॥१५॥

દેશના જ્ઞાતિના વેષો આભૂષણો પહેરવાના વસ્ત્રો, તિલક ચન્દ્રક કાજલ દ્રવચન્દ્રન આદિ પરિચાયકો, કેશ રોમધારણ તથા અધારણ, શસ્ત્ર સાધન હાથ પગ મસ્તક વિગેરેના વિશેષતા બોધક ચિન્હો, ધર્મપ્રયોજનવાળા પરિવેષો વિગેરે ધર્મ રીતે ગણતા હોય તે પણ પૃથક્ પૃથક્ ધર્મો છે.

अयुग्मानां सतामाचार्याणां च भिषजां पृथक् ।
सूतकिस्नातकानां च परिव्राजकयोगिनाम् ॥१६॥

એકલા વ્યક્તિના, સાધુસન્તોના, આચાર્ય ગુરૂઓના, વૈદ્યમહાવૈદ્યોના, સૂતકમાં ઘેરાએલાઓના, અભ્યાસોમાં પ્રવિષ્ટ થએલાઓના, સન્યાસમાર્ગસ્થ વિરક્તોના તથા યોગિ યતિઓના ધર્મો પૃથક્ છે.

संहारिणां च विज्ञानां तेजस्विनां च दैविनाम् ।
वैमनस्यहतानां च सौमनस्यप्रशालिनाम् ॥१७॥

સંહાર ઘાત લાણી કૃષિ અરણ્ય બગીચા આદિના પાલકોના, અતિવિજ્ઞાનિવિદ્વાનોના, ઐશ્વર્યશાલિ તેજસ્વિઓના, ભાગ્યશાલી તથા દેવતા સાધકોના, વૈમનસ્ય પામેલા સહવાસિઓના અને સૌમનસ્ય થએલા વિવાસિઓના પણ ધર્મો જુદા જ છે.

धर्मा नम्रा उत्कटाश्च सात्त्विका राजसास्तथा ।
तामसा दण्डपात्राणामाततायिक्रियावताम् ॥१८॥

નમ્રતાભર્યા ધર્મો, કઠોરતાભર્યા ધર્મો, સાત્ત્વિકરીતિના, રાજસરીતિના, તામસરીતિના, દણ્ડપાત્રદેહિઓના અને આતતાયિ જેમ ખેડનારાઓના ધર્મો જુદા જ છે.

શુદ્ધિઃ પૂજા વૃદ્ધસેવા પરમેશસ્મૃતિઃ ક્ષમા ।
દાનં યોગ્યાર્પણં રક્ષા ધર્માઃ પુણ્યાઃ શુભંકરાઃ ॥૧૯॥

પ્રાતઃ દિવસે રાત્રે જલ આદિ વડે શરીર શુદ્ધિઃ, દેવતા ઈષ્ટદેવતા આદિના પૂજન સત્કાર, ગુરૂ માવતર વૃદ્ધ રોગી અનાથ અશકત ગરીબ વિગેરેની સેવા, પરમેશ્વરનું ધ્યાન સ્મરણ જપ નૈવેદ્યાર્પણ આદિ સત્કાર, અપરાધ ક્ષમા કરવા, ઉપયોગી દાન આપવા, યોગ્ય સમ્પત્તિ અર્પણ કરવી, આશ્રિતોની રક્ષા કરવી, આવા ધર્મો શુભકારક પુણ્યપ્રદ છે.

અદુઃખદાનં લોકાનાં સુખદાનં ચ દેહિનામ્ ।
અભયંકારિતા ચાઽપ્યક્લેશિતા વૃષ ઉત્તમઃ ॥૨૦॥

કોઇપણ લોકોને દુઃખી ન કરવા, દેહધારીઓને સુખી થાય તેમ કરવું, અભયદાન દેવું, કલેશ નજ કરવો, આ ઉત્તમ ધર્મો કહ્યા છે,

ઈશભક્તિર્મહાન્ ધર્મો દેવાનાં વન્દનાદિકમ્ ।
ગુરૂણાં સેવનં ધર્મશાસ્ત્રાદ્યાકર્ણનં પરમ્ ॥૨૧॥

ઈશ્વરભકિત મોટામાં મોટો ભાગવત ધર્મ છે, દેવ દેવીઓના વન્દન નમન પૂજનાદિ પણ મોટા ધર્મસમાન ધર્મ છે, ગુરૂવર્ગની સેવાઓ તથા ધર્મશાસ્ત્ર જ્ઞાનશાસ્ત્ર ભકિતશાસ્ત્રાદિના શ્રવણ મનન પણ મોટા ધર્મ સમાન ધર્મ છે.

સર્વાર્પણં પરો ધર્મ આત્માર્પણં ચ તત્સમઃ ।
સ્વકીયાઽર્પણમિત્યાદિર્વૃષો ભાગવતો હરૌ ॥૨૨॥

સર્વસ્વ અર્પણ શ્રીહરિમાં કરવું એ પરમ ભાગવત ધર્મ છે, પોતે જ સમર્પણ થવું તે પણ પરમ ભાગવત ધર્મ સમાન ધર્મ છે, પોતાનું ગણાતું અર્પણ કરવું તે પણ શ્રીહરિમાં અર્પણ એવો ભાગવત ધર્મ છે

વૃષો ભાગવતો મોક્ષપ્રદઃ કૃષ્ણપદામ્બુજે ।
રસદ્રવ્યગૃહક્ષેત્રપ્રદાનાદિર્હરૌ સ હિ ॥૨૩॥

ભાગવત ધર્મ શ્રીહરિકૃષ્ણભગવાનના ચરણોમાં વાસરૂપી મોક્ષ આપનારો છે, મધુરમિષ્ટ આદિ રસ દુગ્ધ આદિ રસ મધુ આદિ રસ, સુવર્ણ રજત આદિ દ્રવ્ય ધાન્ય શાકાદિ દ્રવ્ય, ભવન ગુફા ઝૂંપડી આદિ ગૃહ, વન ઉદ્યાન વીડી ક્ષેત્ર આદિ તથા સરોવર નદી તળાવ કૂપ આદિ જલ વિગેરેના ભગવાનને કે ભગવાનના ભકતને દાન દેવા વડે તે દાનરૂપી ભાગવત ધર્મ મોક્ષપ્રદ થાય છે.

ગોમહિષીપુત્રપુત્રીદાસદાસીસમર્પણમ્ ।
કણ્ઠીદીક્ષાદિદાનં સ વૃષો ભાગવતો હરૌ ॥૨૪॥

ગૌમાતા લેેસ અજા હાથી અશ્વ વિગેરેના દાન; પુત્ર પુત્રી દાસ દાસી પરીવારના ભગવાનમાં શરણાગતિ લેવા તરીકે દાન, કણ્ઠી માલા છબી દીક્ષા બ્રહ્મવિદ્યા આદિના ભગવાનમાં તથા ભાગવત સંત ભક્તોમાં આપવારૂપી દાન તે ભાગવત ધર્મ મોક્ષ આપનારો છે.

मन्दिरं चोपवीतं च वाटिका वेगि वाहनम् ।
यन्त्राणि विविधान्येवं हरौ भागवतो वृषः ॥२५॥

મંદિર બંધાવવા, ઉપવીતાદિમાનવ સંસ્કાર કરાવવા, વાડી બગીચાદિ રચાવવા, પાર્થિવ જલીય ગગનીય વાહનો આપવા, યન્ત્રો અગ્નિયન્ત્રો વિદ્યુત્યન્ત્રો વરાળયન્ત્રો ગેસયન્ત્રો, તેલયન્ત્રો આદિ આદિના ભગવાન લેખેના દાનો આપવા તે પણ ભાગવત ધર્મ મોક્ષ આપનારો છે.

शरीराणां व्यवहारा इन्द्रियाणां पृथग्विधाः ।
विषयाअर्पिताः कृष्णे सर्वे भागवता वृषाः ॥२६॥

સ્થૂલ સૂક્ષ્મ કારણદેહના વ્યવહારો, તથા ઇન્દ્રિયોના જુદા જુદા વિષયોમાં વ્યવહારો શ્રીકૃષ્ણનારાયણમાં અર્પણ થયા થકા તે ભાગવત ધર્મો મોક્ષ આપનારા થાય છે.

अन्तःकरणधर्माश्च ग्राह्या धार्या मताश्च ये ।
भोग्याश्च विषया: कृष्णेऽर्पिता भागवता वृषाः ॥२७॥

મન બુધ્ધિ ચિત્ત અહંકારના વ્યાપારો મનન બોધન ચિન્તન અહંમમત્વ તથા વૃત્તિ ગ્રાહ્ય વિષયો વૃત્તિધાર્ય વિષયો મતિમાં ઉતારેલા વિષયો, અને આત્મામાં ભોગ્ય એવા તે વિષયો આ બધા શ્રી કૃષ્ણનારાયણમાં અર્પણ કરાયા થકા તે ભાગવત ધર્મો મોક્ષ આપનારા થાય છે.

जडानां ज्ञानमर्थानां तत्त्वानां च चितामपि ।
चिच्चधर्माणां तथा ज्ञानं हरौ भागवतं तु तत् ॥२८॥

પૃથિવ્યાદિક પદાર્થોનું જ્ઞાન, આન્તરિક ચેતનોનું તથા તેના તત્ત્વો અને ગુણાદિકનું જ્ઞાન, તથા ચિચ્ચૈતન્યનું પરોક્ષ અપરોક્ષ પ્રાતિભ સર્વવિધ ધર્મમેઘજ્ઞાન, આર્વૃયકલ્પ સમાધિમાં વિજ્ઞાન, સાક્ષાત્કારરૂપ દિવ્યજ્ઞાન, તે બધાં શ્રીહરિમાં વિષયિ કર્યાં થકા તે ભાગવતજ્ઞાનો મોક્ષ આપનારાં થાય છે.

शास्त्रार्थचिन्तनं लीलाचरित्राणां प्रवेदनम् ।
वाचां पर्यवसानं श्रीहरौ भागवतो वृषः ॥२९॥

શાસ્ત્રોના અર્થોના ચિન્તવન, ભગવાનના લીલા ચરિત્રોનું પ્રબોધન, બધી વાણીમાં વાચાઓનું શ્રીહરિમાં પર્યવસાન, એ આદિ ભાગવત ધર્મ મોક્ષ આપનાર થાય છે.

कथा पारायणानि च प्रतिष्ठा देवतोत्सवाः ।
मखा वेदाभ्यः कृष्णेऽर्पिता भागवता वृषाः ॥३०॥

કથાઓ, પારાયણો, ગાયનો, કીર્તનો, દેવ પ્રતિષ્ઠાઓ, દેવોના મહોત્સવો, વિવિધ પ્રકારના યજ્ઞો, વેદાવલમ્બિકર્મો, શ્રીકૃષ્ણમાં સમર્પિત થયા થકા તે ભાગવત ધર્મો મોક્ષ આપનારાં થાય છે.

परेशाऽऽज्ञावचनानि सर्वाणि विधयोऽपि च ।
निषेधाश्च हरौ दत्ता भोगा भागवता हि ते ॥३१॥

પરમેશ્વર અને ઈશ્વરોના આજ્ઞા વચનો, સર્વે વિધિઓ અને નિષેધો, સંગ્રામો તથા ભોગ વિલાસો, શ્રીહરિમાં સમર્પિત કર્યા થકા તે ભાગવત ધર્મો થયા થકા મોક્ષ આપનારા થાય છે.

यत्प्रियं स्याद् भगवतः सतां चापि प्रियं हि यत् ।
तद् दत्तं च कृतं दिव्यं धर्मो भागवतो हि सः ॥३२॥

ભગવાનને જે પ્રિય લાગે, સંત પુરૂષોને જે પ્રિય લાગે, તે પ્રિય પ્રીતમને આપ્યું અને આચર્યું થકું દિવ્ય થાય છે માટે તે ભાગવત ધર્મ થકાને મોક્ષ આપનાર થાય છે.

प्रवृत्तिश्चापि निवृत्तिर्वर्तनं भगवत्प्रियम् ।
लौकिकं विपरीतं तद्धरौ भागवतो वृषः ॥३३॥

કોઈપણ પ્રવૃત્તિ, કે કોઈપણ નિવૃત્તિ, લૌકિક હોય કે લોકથી વિપરીત હોય, પણ ભગવાનને પ્રિય હોય તો તે એવું વર્તન તે ભગવાન શ્રીહરિમાં સમર્પ્યું થકું ભાગવત ધર્મ રૂપે મોક્ષ આપનાર છે.

जीवत्क्रियाश्च मृत्यूर्ध्वक्रियाऽप्याराधनामयी ।
कृष्णसम्बन्धवत्येषा वृषो भागवतो हि सः ॥३४॥

જીવન દશાની ક્રિયાઓ, તથા મૃત્યુ પછીની ક્રિયાઓ; તથા જે જે ભગવાનના સંબંધ વાળી અને ભગવાનની આરાધનાવાળી; ક્રિયાઓ તે તે સર્વે ભાગવત ધર્મ થઈ થકી મોક્ષની આપનારી છે.

यः कोऽपि मानवः पृथ्व्यां स्वेष्टदेवाऽवलम्बिनीः ।
क्रिया करोति ताश्चात्रार्पिता मोक्षप्रदास्तथा ॥३५॥

જે કોઈ માનવ પૃથ્વીમાં જે કોઈ સ્થળે નિજ ઈષ્ટદેવના અવલમ્બનવાળી કોઈપણ ક્રિયા કરે છે, તે તે ઈષ્ટદેવમાં અર્પણ થવાથી તે ભાગવતી ક્રિયા થઈને મોક્ષ આપનારી થાય છે.

વાસનાભોગસંસૃષ્ટા મમત્વૌઘવર્જિતાઃ ।
ક્રિયાઃ સંસૃતિદાસ્તાસ્ય બન્ધનાદિફલપ્રદાઃ ॥૩૬॥

વાસના વડે ભોગમાત્રના સમ્બન્ધવાળી, અને ભગવાનના યોગ વિનાની, અર્પણરૂપે રહેલી, સર્વે ક્રિયાઓ સંસાર આપનારી તથા બન્ધનાત્મક ફલ આપનારી થાય છે.

દિનચર્યા રાત્રિચર્યા સન્ધ્યાચર્યાઽર્ધવિશ્રમાઃ ।
સર્વાઃ કૃષ્ણાર્પણાદ્ ભાગવત્યો મુક્તિપ્રદા હિ તાઃ ॥૩૭॥

દિવસના કામકાજો રાત્રિના કામકાજો સન્ધ્યાઓના કામકાજો મધ્યે અર્ધવિશ્રાન્તિના કામકાજો, એ બધા શ્રીકૃષ્ણમાં સમર્પણ કરવાથી ભાગવત ધર્મો થયા થકા મુક્તિ આપનારા થાય છે.

યત્ર લક્ષ્યો ભવેત્ કૃષ્ણો શક્યોદ્દેશ્યકૃતિષ્વપિ ।
તત્સર્વં સ્યાત્ ભાગવતં મોક્ષદં તત્પ્રસાદતઃ ॥૩૮॥

જે જે થઇ શકે તેવા ઉદ્દેશેલા કામકાજોમાં જ્યાં જ્યાં જેમાં જેમાં અનાદિ શ્રીકૃષ્ણ-નારાયણ શ્રીહરિ લક્ષ્યમાં રાખેલા હોય તો તે તે કામકાજો ભાગવત ધર્મ થાય છે, તે વડે શ્રીહરિકૃષ્ણની પ્રસન્નતા થાય છે, તેથી તે મોક્ષ આપનારાં થાય છે.

કાર્યે ભાગવતે સર્વત્રાપિ કૃષ્ણે સ્મૃતેઽર્થિતે ।
દિવ્યંમોક્ષફલં તત્સ્યાત્ અન્ત્યજન્મકૃતં ભવેત્ ॥૩૯॥

જે જે ભાગવત કાર્ય કરાય તેમાં સર્વત્ર શ્રીકૃષ્ણ સંભાર્યા હોય અને પ્રસન્નતા માટે પ્રાર્થના કરાએલા હોય તો તે કાર્ય દિવ્ય ગણાય છે અને મોક્ષફળ આપનાર થાય છે, આપણું આ જન્મને છેલ્લો જન્મ કરનાર થાય છે.

સદા શુદ્ધં હરેઃ કાર્યં હરાવર્પણતો ભવેત્ ।
અશુદ્ધિર્માયિકી સર્વા શુદ્ધિરૂપા તતો ભવેત્ ॥૪૦॥

શ્રીહરિમાં સમર્પણ કરવા વડે, તે તે શ્રીહરિનું કાર્ય ગણાય છે માટે તે કાર્ય સદા શુદ્ધ છે, માયિકી તમામ અશુધ્ધિઓ ભગવાનનાં કાર્યમાં ગણાતી થકી શુધ્ધિ સ્વરૂપમાં પરિવર્તન પામે છે.

આજીવન પ્રકર્તવ્યાઃ સર્વૈર્ભાગવતા વૃષાઃ ।
મુખ્યો ધર્મો હ્યયં પ્રોક્તો ભવસાફલ્યકૃદ્ યતઃ ॥૪૧॥

સર્વ માનવોએ ભાગવત ધર્મો નિજ જીવનમાં આખું જીવન કરતા રહેવા; આ ભાગ-વતધર્મ મુખ્યધર્મ છે, કારણકે તે જન્મની સફલતા કરનારો છે.

लौकिका अपि ये क्षुद्राः क्षणार्थमुपजीवकाः ।
भवन्त्यलौकिका दिव्याःकृष्णार्पणविधानतः ॥४२॥

લોકમાં ઉપયોગી ક્ષુદ્ર આચારો ક્ષણિક કાર્યરૂપે દેખાતાં છતાં પણ, તે શ્રીકૃષ્ણનારાયણમાં સમર્પિત કરવાથી દિવ્ય અલૌકિક થઈ જાય છે.

सकामा अपि निष्कामा अफला अपि सत्फलाः ।
शाश्वतार्थाः प्रजायन्ते शाश्वतब्रह्मसर्गतः ॥४३॥

સકામ ઐહિક ફલ માટે આચરેલા, તથા અલ્પફલવાળા કે ફલરહિત એવા પણ વર્તનો તે શાશ્વતબ્રહ્મના સમ્બન્ધવાલા થવાથી નિષ્કામ સ્વરૂપમાં સત્યફલ આપવાના સ્વરૂપમાં અને શાશ્વત નિત્ય અવિનાશિ ફલ આપવાના સ્વરૂપમાં મોક્ષ અર્થ આપનારા થાય છે.

इत्येवं मनसि विचार्य नैजचर्या धार्या श्रीपतिपरमेश्वरे ह्यजस्रम् ।
धर्माणां फलमिह कृष्णलब्धिरन्ते मोक्षे स्यादितिविधिसार आद्य उक्तः ॥४४॥

આવી સમર્પણ આખતો હૃદયમાં વિચારીને પોતાની ચર્યાઓ શ્રીપતિ એવા પરમેશ્વરમાં કાયમ સમર્પિત કરતા ધારતા જવું. તે વડે અત્યારે અને અંતે પણ ધર્મોનું ફલ આંહી શ્રીકૃષ્ણનારાયણ એવા શ્રીહરિની પ્રાપ્તિ, અને મોક્ષમાં તે શ્રીહરિની પ્રાપ્તિ જરૂર થાય. આવો આ વિધિ વાકયોનો મહાન મુખ્ય સાર આદિ અધ્યાયમાં કહ્યો.

इति श्री श्वेतायनव्यासस्मृतौ भागवतधर्मात्मकः प्रथमोऽध्यायः ॥१॥

॥ द्वितीयोऽध्यायः ॥

धर्मो भागवतो नित्यो हरेर्मूर्तौ वसत्यतः ।
अर्पितस्तत्प्रसादेन यावत्कार्यप्रसाधकः ॥१॥

ભાગવત ધર્મ નિત્ય છે, શ્રી હરિની મૂર્તિમાં વસે છે, ભક્તોમાં મૂર્તિભેળો વસે છે, તે ભગવાન્‌માં અર્પણ કરાયો થકો ભગવાનની પ્રસન્નતા દ્વારા તમામ કર્તવ્યાર્થોના ફલોનો પૂર્ણ-પણે સાધક થાય છે.

भक्तवृन्दे वसत्येष मूर्तोऽमूर्तोऽपि चेच्छया ।
जीवसृष्टाश्वीशसृष्टौ ब्रह्मसृष्टयां विशेषतः ॥२॥

પોતાની ઇચ્છાવડે ભાગવતધર્મ સુમૂર્ત એવો થઈને જીવાત્માઓમાં ઈશ્વરાત્માઓમાં તથા બ્રહ્મમુકતાત્માઓમાં તો વિશેષ સ્વરૂપે કરીને વસે છે.

શ્રીહરેઃ શરણાગત્યા પ્રસાદેન હરેર્દ્રુતમ્ ।
શનૈર્ભક્તેચ્છયા સોઽપિ ફલમર્પયતિ પ્રભોઃ ॥૩॥

શ્રીહરિની શરણાગતિ ગ્રહણ કરવાથી ભકિતના અધિકારી ભકતને ભગવાનની પ્રસન્નતા વડે ભકતની ઇચ્છા મુજબ જલ્દી કે ધીરે રહીને ભગવાન પાસેથી પોતાના ફળને અપાવનાર થાય છે.

શરણાગતિસમ્પ્રાપ્ત્યા હરેરગ્રેઽધિકારિતા ।
સેવામગ્નસ્યેચ્છયા સ્યાદ્ધરેરિચ્છાનુયોગિતા ॥૪॥

શરણાગતિ પ્રાપ્તિ પછી શ્રીહરિની સમીપમાં રહેવાનો અધિકારી થાય છે, એવા અધિકારી સેવામગ્ન ભકતને સ્વેચ્છાનીલેળી ભગવાન એવા નિજ સ્વામીની ઇચ્છાનું એકમેક પણું થાય છે.

અત્ર ચાજીવનં સેવાં કુર્યાદ્વા ધામગો ભવેત્ ।
સતામાચારવાન્ સ્યાત્સઃ સર્વલોકોદ્ધૃતિક્ષમઃ ॥૫॥

આંહી ભકતો સાથે રહીને આખું જીવન ભગવાનની સેવા કરે અથવા ધામમાં જઇને સેવા કરે, સંતોના વર્તનવાળો થયો એવો એ ભકત તે સર્વ જગતનો ઉદ્ધાર કરવામાં સમર્થ થાય છે.

આત્મન્યસ્ય હરિશ્ચાસ્તે હૃદહંચિત્તમાનસે ।
ઇન્દ્રિયેષુ શરીરેષુ કૃત્યેષુ વર્તતે હરિઃ ॥૬॥

આવા ભકતના આત્મામાં શ્રીહરિ વિશેષપણે, રહે છે, તેના હૃદયમાં અહંકારમાં ચિત્તમાં અને માનસમાં શ્રીહરિ વિશેષપણે રહે છે, તેના ઇન્દ્રિયોમાં તેના શરીરોમાં તેના કામકાજોમાં શ્રીહરિ વિશેષપણે વરતે છે. સંતસ્વરૂપે શ્રીહરિ પોતે જ કર્તા પોષક અને હર્તા છે.

બ્રહ્મસભા બ્રહ્મકથાઃ સતાં બ્રહ્મોત્સવાઃ પ્રિયાઃ ।
બ્રહ્મયજ્ઞા બ્રહ્મવિધા બ્રહ્મ સેવ્યં તદાત્મકમ્ ॥૭॥

બ્રહ્મમયી ભાગવત સભા, બ્રહ્મમયી ભાગવત કથાઓ, બ્રહ્મમય મહોત્સવો, સન્તોની પ્રિય ક્રિયાઓ, બ્રહ્મમય દ્રવ્યયજ્ઞો, બ્રહ્મ વિધાઓ, અને તદાત્મક બ્રહ્મ એવા શ્રીહરિ પરબ્રહ્મને સદા સેવવા.

બ્રહ્મદૃષ્ટિઃ સદા રક્ષ્યા સહયોગિષુ દેહિષુ ।
બ્રહ્મવૃત્ત્યા વર્તિતવ્યં બ્રહ્મપ્રાપ્તિસ્તતો ભવેત્ ॥૮॥

સર્વેમાં બ્રહ્મદૃષ્ટિ રાખવી, સાથ સથવારા કુટુમ્બી મંડલ સહવાસી દેહધારીઓમાં પણ બ્રહ્મવૃત્તિ રાખવી, બ્રહ્મવૃત્તિ વડે સાવચેત એવા વર્તનવાળાને બ્રહ્મપ્રાપ્તિ જલ્દી થાય છે.

यावद्युक्तोपपन्नं तत् ग्राह्यं त्याज्यं ततोऽन्यथा ।
ग्राह्यग्रहकयुक्तात्मा ब्रह्मरूपो भवेत् भुवम् ॥१॥

બ્રહ્મવર્તનશીલ આત્માએ જેટલું યોગ્ય હોય તેટલું બ્રહ્માર્થ ગ્રહણ કરવું, પોતાને અયોગ્ય જણાય કે વિપરીત દેખાય તે દૂર રાખવું, ગ્રહણ કરનારો ગ્રાહ્યને યોગ્યતા પ્રમાણે સ્વીકારનારો આત્મા તે બ્રહ્મરૂપ થયો છે માટે બ્રહ્મની પેઠે તમામ ભૂમિકાઓને જીતનારો થાય છે.

विद्वान् भागवतो भक्तः साधुर्धर्मधरो मतः ।
साधुधर्मान् लोकधर्मान् धर्मांश्चिक्षेत ततोयुहुः ॥२॥

એક વિદ્વાન, સર્વસંકલ્પ, ભાગવત ભક્ત, ધર્મધારી સાધુ, તે ધર્મપ્રકરણમાં માન્ય થાય છે, માટે તેનાથી સંતધર્મો ત્યાગધર્મો અને લોકધર્મોને તથા સામાન્ય વિશેષ ધર્મોને ખૂબ જ શીખી લેવા.

कर्मतो मानवाः श्रेष्ठा मध्या निम्ना अधोजनाः ।
दैवयोगात् देवजना रक्षायोगाच्च मध्यमाः ॥११॥

સત ઉત્તમ કર્મો વડે માનવો શ્રેષ્ઠ ગણાય છે, મધ્યમ કર્મો વડે મધ્યસ્થાઃ ક્ષત્રિયો ગણાય છે, નિપજના કર્મો વડે નિમ્ન પણ વૈશ્ય ગણાય છે, હલકાં કર્મો વડે અધોજન ચોથા વર્ણ તરીકે ગણાય છે. દેવ અને દૈવી યોગો વડે દેવતાઈજનો થાય છે, રક્ષણ આશ્રય આપવા વડે માધ્યમ થાય છે.

कृषिव्यापारशीलाश्च निम्ना भवन्ति वै ततः ।
भृत्यतादिपराश्चाऽन्ये ततो न्यूनाश्रमाः परे ॥१२॥

ખેતીવાડી વ્યાપારશીલ માનવો નિમ્નસ્થિતિના ગણાય છે, અને ભૃત્યપણું દાસદાસીપણું હલકાં કાર્ય પરાયણપણું, એ બધું અધોવર્ગમાં ગણત્રી લાવે છે, તેમાં પણ વધારે અપવિત્રતામાં અવરાએલાજ હોય એવા માનવો તે છેલ્લી કોટિમાં ગણત્રી લ્યે છે.

सीमन्तसंस्कृतिर्जन्मसंस्कृतिर्नामसंस्कृतिः ।
अन्नप्राशनमेधाऽपि चूडासंस्कार इत्यपि ॥१३॥

ખોળો ભરવાનો સંસ્કાર, બાળક જન્મનો સંસ્કાર, નામ પાડવાનો સંસ્કાર, અન્ન અવડાવવાનો સંસ્કાર, ગર્ભ કેશ મુંડન સંસ્કાર કરાવવા.

उपवीतस्य कण्ठ्याश्च भूषायाश्च विवाहतः ।
संस्काराः शुद्धिदा मेधावर्धका गणिताः कृताः ॥१४॥

જનોઇ સૂત્ર કંઠી આભૂષણ વિવાહ આદિના જે સંસ્કાર કાર્યો, તે શુદ્ધિ કરનારા અને મેધાશક્તિ વધારનારા ગણેલા છે, માટે કરવા.

विद्याऽध्ययनमुत्कृष्टं कलाऽध्ययनमुत्तमम् ।
उद्योगाऽध्ययनं चर्याऽध्ययनं स्वं समाचरेत् ॥१५॥

આખું જીવન ઉપયોગી થતી રહે તેવી વિદ્યાનું ઉત્કૃષ્ટ અધ્યયન કરવું, જીવનનિર્વાહને ઉપયોગી થાય તેવી હાથ કલાઓ તથા બુદ્ધિકલાઓનું ઉત્તમ અધ્યયન કરવું, જેથી કુટુમ્બીજનોનો પણ નિર્વાહ થાય તેવા ઉદ્યોગો પણ શીખવા, તથા પોતાની શારીર ચર્યાઓના કાર્ય કુશળતાના અભ્યાસો કરવા, અને ભવિષ્યમાં જે જે સમૂહમાં રહેવાનું થવાનું હોય તેના તેના ઉપયોગી તમામ કાર્યો સ્વપરમ્પરાના કામકાજો પણ સારી રીતે શીખી લેવા.

गुरुः प्रशिक्षयेच्छिष्यान् स्वं चरित्रमतन्द्रितः ।
गृहगृहिकला बालान् शिक्षयेत् निर्वहेद् यतः ॥१६॥

ગુરૂદેવ માવતર વૃદ્ધ રાજા શિક્ષક સ્વામી વિગેરે ઉપદેશક વૃદ્ધોએ શિષ્ય પુત્ર બાલક પ્રજા શિષ્ય સેવક વિગેરે ઉપદેશ્ય વર્ગને પોતપોતાના આચાર વિચાર ઉપચારો આળસ ન રાખીને શીખવાડવા, અને જે વડે ઘર ગૃહસ્થાશ્રમ તથા ત્યાગાશ્રમમાં નિર્વાહ થાય તેવા કામો બાળકોને જરૂર શીખવાડવા.

शौचाऽऽचारान् पूतचर्या मर्यादाशिक्षणं शुभम् ।
दैवचर्याः शिक्षयेच्च निषिद्धान् बोधयेदपि ॥१७॥

શુદ્ધિના સદાચારો પવિત્રતાના આચારો, શુભ મર્યાદાઓની સ્થિતિઓ, દેવતાસમ્બન્ધી સત્કર્મો પણ શીખવાડવા, અને અઘટિત નિષિદ્ધ હોય તે ન આચરવાનો બોધ કરવો.

वृद्धाऽभिवन्दनं प्रातर्देवाऽभिवन्दनादिकम् ।
जपाद्यं च प्रकर्तव्यं तत उद्यमधारणम् ॥१८॥

વૃદ્ધોને પગે લાગીને, પ્રાતઃ દેવાદિકના પૂજન વન્દનાદિ કરીને, જપ નિયમ કરીને, શરીરપોષણ વિધિ લઈને, ઉદ્યમ માટે પ્રવૃત્ત થવુ.

आमध्यान्हमयं कार्यो मध्ये विश्रान्तिभोजनम् ।
ततो योग्यक्षणे कार्य आसायमुद्यमो हितः ॥१९॥

સવારથી બપોર સુધી ઉદ્યમ કરવો, મધ્યાન્હે ભોજન અને વિશ્રાંતિ લેવાં, બપોર પછી યોગ્યક્ષણમાં ઉદ્યમે ચઢવું સાયંકાલ સુધી હિત થાય તેવી રીતે ઉદ્યમ કરવો.

पशुपक्ष्याद्युद्यमश्चेत् पश्वादीनां तृणादनम् ।
तृप्तिदं कारयित्वैव योजनं साधनैः सुखम् ॥२०॥

જે ઉદ્યમમાં પશુપક્ષી આદિકનો ઉપયોગ હોય તેવા ઉદ્યમ માટે તે તે પશુપક્ષીઓને તૃણ નીરણ આદિઆદિક વડે તૃપ્ત કરવા, જલપાન કરાવવાં, પછી તેને યોગ્ય સાંતી વાહન આદિ સાધનોમાં જોડવા.

क्षुधिता नोद्यमं कुर्युर्मानवाः पशुपक्षिणः ।
दुग्धदा रसदाश्चापि न दद्युः वाञ्छितं फलम् ॥२१॥

ભૂખ્યા તરસ્યા માનવો પશુઓ પક્ષિઓ આદિક ફલદાયી ઉદ્યમ આપી શકતા નથી, દૂધ રસ આપનારાઓ પણ ભૂખ્યા તરસ્યાં તે તે ધાર્યા ફલો આપી શકતા નથી.

गृहस्य मानवा यद्वत् पाल्यास्ते पशवस्तथा ।
स्नेहेन दृश्याः पाल्याश्च रक्ष्या विघ्नाभियोगतः ॥२२॥

ઘરના માણસોની પેઠે જ પશુઓ વિગેરેને પાલવા સંભાળવાં, સ્નેહ વડે જોવા સાચવવા અને દુઃખપ્રદ વિઘ્નરૂપ પવન વૃષ્ટિ શીત તાપ મક્ષિકા ડાંસ કીટ વિગેરેથી તેમનું રક્ષણ કરવું.

स्त्रियो बालाश्च पशवो यत्र मानेन रक्षिताः ।
तत्र श्रियः समायान्ति तेषामात्मीयभावतः ॥२३॥

સ્ત્રી વર્ગ, બાલ વર્ગ, પશુપક્ષિ વર્ગ, જ્યાં માનપૂર્વક રક્ષણ કરતા હોય છે, ત્યાં લક્ષ્મીઓ શ્રિયો ઉપલે દોલતો વંશો વિગેરે તેઓના આત્માઓના શુભ ભાવો વડે તથા આશીષો અને રાજીપણા વડે સ્વયં આવે છે.

देवतानां मखे तृप्त्या वृष्टिर्वै पुष्कला भवेत् ।
कुटुम्बिपशुतृप्त्याद्यैः सस्यसमृद्धिप्रकर्षिता ॥२४॥

યજ્ઞમાં દેવોની તૃપ્તિઓ વડે પૂજન નૈવેદ્યાદિવડે પુષ્કલ વૃષ્ટિઓ થાય છે, અને કુટુંબી માનવો પશુઓ પક્ષીઓ આદિકની તૃપ્તિઓ વડે મોલમોલાત ધાન્ય અન્નકણ ઉપજ આપવામાં અતિ ઉત્કર્ષવાળા થાય છે.

यात्रालवतिथिपूज्यानां सत्कारैर्गृहदेवताः ।
भौतिक्यश्चापि हृष्यन्ति स्युस्ताः समृध्धिविवर्धिकाः ॥२५॥

યાત્રાળુઓ અતિથિઓ પૂજ્યજનો વિગેરેના સત્કારો વડે ગૃહદેવતાઓ દિવ્ય તથા ભૌતિક દેવતાઓ ખુશી ખુશી રહે છે, તેઓ સમૃદ્ધિ વધારનારી થાય છે.

गृहे कुटुम्बिनां क्लेशात् वैमनस्यान्मिथो गृहे ।
दह्यन्ते समृध्दयः सर्वा धनलाभो विलीयते ॥२६॥

જે ઘરમાં કુટુમ્બિઓમાં કલેશ હોય, તથા એક ઘરમાં બધાં નોખું નોખું ખેંચતા હોય મન મેળ ન હોય, તે ઘરની સમૃદ્ધિઓ દાઝી જાય છે, ધન વિગેરેની બરકતો લય પામતી જાય છે.

मृतानां जलदानादि दीपोऽन्नं चाम्बरं स्थलम् ।
दातव्यं तेन वै प्रेता न निघ्नन्ति गृहस्थितान् ॥२७॥

મરેલાના આત્માઓને સંભારીને જલ રેડવું પ્રદીપદાન દેવું, અન્નદાન દેવું, વસ્ત્ર ઓઢણું દેવું, ઘોર કબર સમાધિ એવાં રીવાજ પ્રમાણે સ્થળીઓ આપવી, તેથી તેઓ શાન્તિવાળા થાય છે, ઘરકુટુમ્બીઓને હણતા મારતા નડતા નથી.

संसारे भिक्षुकाः सर्वे राजा प्रजा निराश्रयाः ।
परेभ्यो धनमादाय चालयन्ति निजालयान् ॥२८॥

સંસારમાં પોતા પાસે જે ચીજ ન હોય, તેને મેળવવા રાજા પ્રજા એકલસૂડા માણસો વિગેરે સર્વે ભિક્ષુકો જ છે, બીજાથી તે તે ચીજો ધન કણ વિગેરે લઈને પોતાના સ્થાનોને ચલાવે છે.

देवा अपि तथा सर्वे भिक्षुका आशया हताः ।
मानितं वस्तु संलब्ध्वा कार्यं संसाधयन्ति ते ॥२९॥

સર્વે દેવતાઓ પણ માનતા બાધા આદિની ચીજો મેળવવા માટે આશા પાશો વડે પરાભૂત જ છે, માનતાની ચીજો મળે તોજ તેઓ શરણાગતોના કાર્યો સાધી દે છે.

अतो वाञ्छावतां वाञ्छा पूरणीया समर्पणैः ।
न योद्धव्यं परैस्तेषु क्षिप्त्वाऽर्घ्यं शान्तिमिच्छता ॥३०॥

માટે તૃષ્ણાવાળાઓને ઈષ્ટ આપીને પણ તેની તૃષ્ણા પૂરવી. એવા દેવ માનવ આદિ બારકા જનો સાથે કલેશ કજીઓ ન કરવા, શાન્તિ ઇચ્છનારે તેમનું ઈષ્ટ આપીને સુખે રહેવા શીખવું.

कालोऽयं विकरालोऽस्ति नाम्ना स्वाराज्यतन्त्रिणा ।
विकराला स्थितिः स्वस्य न स्याद् वृत्यं तथाऽन्वहम् ॥३१॥

સ્વારાજ્યમાં તન્ત્રિત એવા નામ વડે-સ્વતંત્રતા વડે, આ કાલ પણ વિકરાલતાને પામેલો છે, માટે તેમાં પોતાની વિકરાળ કફોડી સ્થિતિ ન થઈ જાય, તે રીતે કાયમ વર્તવા શીખવું.

सोढव्यमेव सर्वेषां हितं चिन्त्यं च देहिनाम् ।
हरेराश्रयमादृत्य शान्त्या वृत्यं तथाऽन्वहम् ॥३२॥

બીજાનું કઠોરપણું સહન કરવું, દેહધારિઓનું હિત ચિન્તવવું, શ્રીહરિના આશરામાં આદર કરીને શાન્તિ વરતે તેમ સદા રહેવા શીખવું.

जना. बाह्ये सुन्दराः स्याऽऽन्तरे मालिन्यसंभृताः ।
प्रायशोऽत्र युगे तेभ्यो रक्ष्यं नैजं कुटुम्बकम् ॥३३॥

આ યુગમાં બાહેરથી માણસો સૌમ્ય સુન્દર લાગે પણ અંતરમાં માલિન્ય કુડકપટ ભરેલા લાલચૂજ ઘણે ભાગે હોય છે, તેઓથી ચેતીને પોતે પોતાના કુટુંબનું રક્ષણ કરવું.

धनं धान्यं चार्जनीयं व्ययः कार्यो विचार्यच ।
आयो लेख्यो व्ययो लेख्य एवं द्रष्टा न दुःखभाक् ॥३४॥

ધન ધાન્યોના ઉપાર્જન ઉદ્યમો વડે કરવાં, ખર્ચ વિચારીને કરવો, આવક અને જાવક બન્નેનો હિસાબ રાખવો, આવી નજરવાળો દુઃખી થતો નથી.

पथ्यं पाच्यं हितं भक्ष्यं स्वीयसमृध्यनुसारतः ।
एवं कुटुम्बसम्पोष्टा रुग्णो दुःखी न जायते ॥३५॥

પથ્ય હિતકર અગ્નિ વડે પરિપકવ ભોજન નિજ સમૃદ્ધિને અનુસારે કરવું, આવી રીતે કુટુમ્બનું પોષણ કરનાર રોગી કે દુઃખી થતો નથી.

नीतिस्थो धर्मवान् कार्यमग्नः प्राप्नोति सत्फलम् ।
ईशस्तस्याऽस्ति धर्मात्मा पोष्टा दाता प्ररक्षकः ॥३६॥

ન્યાય નીતિમાં રહી ધર્મને પાલતો થકો કાર્યમાં ઉદ્યમી રહેનારો જન સારા ફલને મેળવે છે, તેનો ધર્મ પોતેજ ધર્મોત્મા એવા પ્રભુરૂપે પોષક દાતાર અને રક્ષક થાય છે.

परद्रोहस्य कर्तारं परः प्रापयते भयम् ।
परोपकारकर्तुस्तु परो वारयते भयम् ॥३७॥

પરના દ્રોહ કરનારને પર એવું તત્ત્વ ભય પમાડે છે, અને પરના ઉપકાર કરનારના ભયને પર એવું તત્ત્વ નિવારણ કરે છે.

तस्माद्धर्माः सदा रक्ष्याः सर्वेषां सुखदा जनैः ।
सात्त्विकाः सुखकर्तारो भवन्त्येव हितैषिणाम् ॥३८॥

માટે જનોએ સદા સર્વેને સુખ આપે એવા ધર્મો પાલવા. સાત્ત્વિક ધર્મો સુખ કરનારા છે, હિત કરનારને સુખદ થાય છે જ.

परात्मसुखकर्तारः सर्वे धर्मा हि सात्त्विकाः ।
सत्त्वप्रकर्षसंव्याप्ताः पालनीया हरीच्छया ॥३९॥

પરના આત્માઓને સુખ કરે એવા ધર્મો તે સાત્ત્વિક ગણવા, આવા સાત્ત્વિક ધર્મો સ્વ-પર સર્વેને સુખ કરનારા જ છે, માટે તેમાં શ્રીહરિની ઇચ્છા જોઈને શ્રીહરિની મરજીને અનુસંધાને તે પાળવા.

हरिस्त्वकस्मात् संरक्षेत् धर्मस्थं शरणाऽऽगतम् ।
सह तेन स्थितः स्वामी विघ्नान् वारयति प्रभुः ॥४०॥

ધર્મમાં રહેનારા શરણાગત ભકતને શ્રીહરિ પોતે જ અકસ્માતોના દુઃખોની ઝપટમાંથી બચાવે છે, તેવા ભકત સાથે જ સ્વામી રહે છે, તેવા સમર્થ પ્રભુ સર્વ વિઘ્નોને નિવારે છે.

भगवान् देवता दैवं धर्मो भागवतो वृषः ।
आशिषो महतां सेवा सतां संगश्च रक्षकाः ॥४१॥

ભગવાન, દેવતાઓ, ભાગ્ય, પુણ્ય, ભાગવત ધર્મ, આશીર્વાદો, મોટાની સેવા, સંતોનો સત્સંગ અને લોકચાહના એ બધાં, સમય સમયમાં આપત્તમાં રક્ષણ કરનારાં છે.

यज्ञानां देवताः पूजाकाण्डपूज्याश्च देवताः ।
अध्यात्मदेवताश्चापि रक्षन्ति स्वमुपासिताः ॥४२॥

યજ્ઞ યાગ હોમ હવન શ્રાદ્ધ વ્રત બલિ નૈવેદ્ય સેવા ભક્તિ ધુન્ય ભજન તથા પરોપકારો વડે સત્કાર પામેલા દેવો, તથા મહોત્સવોમાં, મહાપૂજાઓમાં, કથાપારાયણોમાં, તહેવારોમાં પાવન તિથિઓમાં, જયન્તીઓમાં, નિર્વાણદિનોમાં, કર્મકાણ્ડોમાં, ગૃહ, ગામ, સીમ, અરણ્યોમાં, પણ પૂજા પામેલા દેવતાઓ, તથા, ભૂત ભૌતિક ઇન્દ્રિય અન્તઃકરણઆત્મા યોગવિશેષ વડે સાધ્ય એવા દેવો, પણ, ઉપાસના કર્યા પ્રમાણે રક્ષા કરનારા છે.

राजानो गुरवः सन्तो जनकौ षष्ठीदेवता ।
विश्वावस्वादिगान्धर्वा रक्षन्त्यर्का उपासिताः ॥४३॥

સમર્થ રાજા, સમર્થ ગુરૂદેવ, ઐશ્વર્યશાલી સન્તજન, માવતર, છઠ્ઠી દેવી, વિશ્વાવસુઆદિ-ગન્ધર્વો એસર્વે ઉપાસના કરાયા થકા રક્ષા કરે છે.

दैवीवृक्षाधिदेवाश्च दीपा रक्षन्ति सत्कृताः ।
सन्ध्या मन्त्रा वैश्वदेवा धर्मवंशोद्भवाः सुराः ॥४४॥

તૂલસી આદિ દૈવીવૃક્ષોના અધિદેવતાઓ, ઘૃત વિગેરેના દેવાર્પિતદીવાઓ, સન્ધ્યા દેવો, મન્ત્ર દેવો, ધર્મના પુત્રો વિશ્વેદેવતાઓ, તથા લોકપાલો દિક્પાલો વિગેરે સત્કાર કર્યા થકા દેહધારીઓની રક્ષા કરે છે.

साधवो ब्रह्मशीला ये व्रतशीला हरिश्रिताः ।
योगिनो यतयः शुद्धा रक्षन्त्याश्रयगान् जनान् ॥४५॥

પરમાત્માને ભજનારા, શીલવ્રતવાળા, બ્રહ્મસમ્બન્ધવાળા, વ્રતતપસંયમ નિયમપાળનારા, શ્રીહરિના આશ્રયવાળા, ધારણા ધ્યાન સમાધિવાળા યોગિજનો, બ્રહ્મચારી યતિજનો, જ્ઞાનવિજ્ઞાન વડે શુદ્ધ તેજસ્વીજનો, મહાપુરૂષોવચનસિદ્ધો ઐશ્વર્યસિદ્ધો, તેઓ આશ્રયમાં આવેલા જનોનું રક્ષણ કરે છે.

प्रसादस्य फलं चास्ति प्रतिप्रसाद उत्तमः ।
प्रसादनीया आत्मानः पुण्यकृत्कर्मभिः शुभैः ॥४६॥

પ્રસન્નતા કરાવવાનું ફલ સામેથી પ્રસન્નતા આપનારૂં ઉત્તમ જ છે, માટે કોઈપણ આત્માઓને શુભ સત્કર્મો વડે પ્રસન્ન કરતા રહેવા.

प्रसन्नाः पशवः स्निग्धा रक्षन्ति स्वामिनं निजम् ।
धर्माद्या रक्षिता धर्मवन्तं रक्षन्त्यहर्निशम् ॥४७॥

ગો, મહિષી, અશ્વ, ઉષ્ટ્ર, હસ્તિ, શ્વાન, આદિક સુરક્ષિત પ્રસાદિત સ્નેહી પશુઓ પણ નિજ ગોવાળ સ્વામી માલિકનું રક્ષણ કરે છે, સુરક્ષિત ધર્મ વિગેરે પણ નિજ રક્ષકનું રાત્રિ-દિવસ રક્ષણ કર્યા કરે છે.

श्रीहरे शरणागत्या स्वामिना हरिणाऽविताः ।
पराभूयन्त ईत्या न सन्तः शुद्धहृदर्पकाः ॥४८॥

શ્રીહરિની શરણાગતિ વડે શ્રીહરિ એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણે સુરક્ષિત કરેલા, તથા શુદ્ધ હૃદયથી અર્પિત થએલા, તથા સન્ત સ્થિતિવાળા, એવા ભકતો, કોઇપણ અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રાજ્ય શત્રુઓ તથા વિઘ્નોથી પરાભૂત થતા જ નથી.

आत्माऽभिवन्दनं दैववन्दनं पितृवन्दनम् ।
गुर्वभिवन्दनं नित्यं कुर्यात् तीर्थाभिवन्दनम् ॥४९॥

નિત્ય, આત્માસાક્ષી અન્તર્યામીનું વન્દન કરવું, દેવો દેવેશ્વરો મહેશ્વરો તથા પરમેશ્વરનું વન્દન કરવું, માતા પિતા વૃદ્ધ જ્યેષ્ઠ શ્રેષ્ઠજનોનું વન્દન કરવું. ગુરૂ સદ્ગુરૂ શિક્ષક આચાર્ય અધ્યાપક તથા બોધદાતાનુ વન્દન કરવું, તથા તારનારા પવિત્ર તીર્થ મન્દિર અને યાત્રા-સ્થળોનું વન્દન કરવું, આવા પાંચ વન્દન તો નિત્ય કરવા.

मन्दिरं कारयेत्तत्र भक्तियोगान् प्रवर्तयेत् ।
प्रतिष्ठापयेत देवांश्च प्रेयःश्रेयःप्रदं चरेत् ॥૬૦॥

ભગવાનોના મન્દિરો ધર્મોલયો આશ્રમો મઠો સભા મંડપો કરાવવા, તેમાં ભક્તિઓ કરવાની ગોઠવણો કરાવીને ભક્તિઓ પ્રવર્તાવવી તથા દેવોની પ્રતિષ્ઠાઓ કરાવવી, તેમના પૂજાપાઠજીવિકાઓ બંધાવવી, તથા પોતાનું શ્રેયઃ થાય તેવા દિવ્ય આચાર વિચારો પાળતા પળાવતા રહેવા.

धर्मो भागवतश्चाऽयं पुंसां स्त्रीणां च मोक्षकृत् ।
सुखकृच्चाऽत्र योक्तव्यो हरौ सर्वार्थसाधके ॥૬૧॥

સર્વ નરનારી માનવ સમાજને મોક્ષ આપે એવો ભાગવત ધર્મ નિત્ય અનિત્ય એવો વિભિન્નરૂપે સ્વરૂપે કહ્યો, સર્વ અર્થ આપનાર શ્રીહરિ છે તેમાં સમર્પિત કરાતો થકો આ ભાગવત ધર્મ આલોક પરલોકમાં સુખ આપનારો થાય છે.

इति श्री श्वेताश्वतरव्यासस्मृतौ विशेषब्रह्मधर्मात्मको द्वितीयोऽध्यायः ॥ २ ॥

॥ तृतीयोऽध्यायः ॥

मोक्षधर्मा हिताः श्रेष्ठा आद्या जन्मफलोत्तमाः ।
सतां धर्मा हि भक्तानां प्रोक्ता आवश्यका यतः ॥૧॥

આત્મહિત કરનારા, જન્મનું ઉત્તમ ફલ આપનારા, માટે શ્રેષ્ઠ અને પ્રથમ નમ્બરના, સન્ત અને ભક્તોના ખાસ ખાસ આવશ્યક કરવાજ જોઇએ તે ધર્મો પ્રથમજ કહ્યા.

इदानीं लौकिका धर्मा व्यवहारपरायणाः ।
प्रोच्यन्ते देहिसंसृष्टाः सह्याश्चावश्यकास्त्विह ॥૨॥

હવે લૌકિક ધર્મો કે જે વ્યવહારપરક સ્વીકારાય છે અને દેહધારીઓને સહ્ય તથા આવશ્યક છે તે આંહી કહેવાય છે.

निषेकाद् द्वादशाहान्तास्ते मताः सप्रयोजनाः ।
विभिन्ना अपि कर्तव्याः सर्वेषां स्वप्रकारतः ॥૩॥

ગર્ભ માટે ઋતુદાનથી આરંભીને મરણબાદ બારમાના દ્વાદશાહ સુધીના અને શ્રાદ્ધાદિ વિગેરે પછીના પણ જે પ્રયોજનવાળા માનેલા છે, તે પણ નિજ દેશ કુલ આચાર વડે વિભિન્નરીતિના હોય છે, પણ સર્વને અવશ્ય કરવા પાળવાજ પડે છે.

संस्काराः षोडश प्रोक्ता, गर्भाधानादयो हि ते ।
गर्भाधानं, पुंसवनं, सीमन्तो, जातकर्म च ॥४॥
नामक्रिया निष्क्रमोऽन्नप्राशनं वपनक्रिया ।
कर्णवेधो व्रतादेशो वेदारम्भक्रियाविधिः ॥५॥
केशान्तः स्नानमुद्वाहो विवाहाग्निपरिग्रहः ।
त्रेताऽग्निसंग्रहश्चैव संस्काराः षोडश स्मृताः ॥६॥
नवैताः कर्णवेधान्ता मन्त्रवर्जं क्रिया स्त्रियाः ।
विवाहो मन्त्रतस्तस्याः शूद्रस्याऽमन्त्रतो दश ॥७॥

સોળ સંસ્કારો સ્વીકારાયા છે, ૧–ગર્ભાધાન, ૨–પુંસવન, ૩–સીમન્ત, ૪–જાતકર્મ, ૫–નામકર્મ, ૬–બાહેરનિષ્ક્રમણ, ૭–અન્નપ્રાશન, ૮–ચૌલ–કેશવપન, ૯–કર્ણવેધ, ૧૦–વ્રતાદેશ–જનોઈ, ૧૧–વેદારંભ, ૧૨–વેદસમાપ્તિ, ૧૩–વેદસમાવર્તન સ્નાન, ૧૪–વિવાહ, ૧૫–વિવાહાગ્નિ ગ્રહણ, ૧૬–ત્રેતાગ્નિ ગ્રહણમ્ અગ્નિહોત્રમ, અમાંથી યોગ્ય ચાલુ રહ્યા હોય તેટલાજ કરવાના. ૪/૫/૬ બાળકીને કર્ણવેધ સુધી નવ અને દસમો વિવાહ એટલા માન્ય છે, કન્યા કુમારના વિવાહ વેદમન્ત્રો વડે થાય, ચોથાવર્ણને પૌરાણીકશ્લોકો બોલીને વિવાહ થાય. આ જમાનામાં સીમન્ત, જન્મકર્મ, નામકરણ, અન્નપ્રાશન, કેશવપન, કર્ણવેધ, ભણતર આદેશ, કંઠી શરણાગતિ મંત્ર, ગુરૂમંત્ર, જનોઈ સૂત્ર, વિવાહ, આટલા ચાલૂ છે.

सुखेन शयन स्वप्नं सुखेन प्रतिबोधनम् ।
सुखेन मेलनं लोकैः, आचर्यो धर्म उत्तमः ॥८॥

સુખે નિદ્રા આવે, સ્વપ્નમાં પણ ભય ન દેખાય, સુખપૂર્વક ફફડાટ વિના જગાય, અને શાન્તિથી લોક ભેગું રહેવાય, એવા ધર્મો માનવે શીખવા.

वेदशास्त्रकलावृत्तिर्जीवनाध्ययनादिकाः ।
शिक्ष्या आजीविकार्थं विद्या चोभसुखार्थिनी ॥९॥

વેદો–વેદાંગો, શિક્ષા, કલ્પસૂત્ર, વ્યાકરણ, છન્દ પ્રબન્ધવત, જ્યોતિષ, વૈદ્યક, રેખાવિદ્યા, કાવ્ય, કથા, વ્યાખ્યાન, ગાયન. શાસ્ત્રો–ન્યાય, વૈશેષિક, વેદાન્ત, મીમાંસા, સાંખ્ય, યોગ, સાહિત્ય, દર્શનશાસ્ત્રો, ચોસઠ કળાઓ, લેખન, ગણન, વિભજન, વણાટ, શિલ્પ, ચિત્ર, યન્ત્રજ્ઞાન, સાંતિ ખેતી, બગીચા, રસોઇ, વેષ, કારીગરી કોતરણી, ગૂંથન, ભરતકામ, ઘડતરકામ, ચણતરકામ, આભૂષણકામ, વાસણકામ, લોહ કાષ્ઠ કપાસ રેશમ, રસ માવો મેંદો ગૂંદ જન્યચીજો, યન્ત્ર, રસાયન, શારીરજ્ઞાન, ભૂસ્તરજ્ઞાન, મોલ છોડ વૃક્ષ ઉછેર, પશુ રક્ષણ, બીજ રક્ષણ, બાદ્ય રક્ષણ પ્રદાન, આદિઆદિક શીખવી. વૃત્તિ–ઉદ્યમ કામકાજ આજીવિકાની સર, ભૃત્યતા સેવા વિગેરે શીખવા. જીવન–જીવવાનું સ્વાસ્થ્ય પરિશીલન, વિઘ્નોનું ભાન, રોગ પ્રતીકાર વિગેરે.

અધ્યયન–ભણતર દેશી વિદેશી પ્રવાસોમાં ઉપયોગી, રાજ્યમાં પ્રજામાં વિદ્યાશાળાઓમાં ઉપયોગી, વૈદ્યશાસ્ત્રોપયોગી, વાયુમંડલ જ્ઞાન, ભાષા જ્ઞાન વિગેરે. નિયમો કાયદાઓ, નીતિઓ રીવાજો, વિગેરે શીખવા. આજીવિકા માટે તો જે કાંઇ પણ શીખવું. આ લોકમાં ઉપયોગી તથા પરલોકમાં ઉપયોગી એવી વિદ્યાઓ સુખ કરનારી જરૂર શીખવી.

आद्यं वै पितृतो जन्म मातुर्जन्माऽर्भकस्य तु ।
यज्ञादिदीक्षया जन्म तृतीय समयेऽत्र हि ॥१०॥

પિતાનું બીજ ગર્ભાશયમાં જાય તે પિતાથી ધાતુરૂપે જન્મ એક, પછી નવ માસ બાદ બાળક થઈને માતાથી જન્મ બીજો, બાળકને જનોઇ કે કંઠી મંત્ર કે દીક્ષા, વેદ દીક્ષા, ત્યાગ દીક્ષા, વિવાહ દીક્ષા, એ પવિત્રતાનો જન્મ કે વ્યવહારૂં જન્મ, કે વિદ્યા માટે જન્મ, કે જનોઇ વડે જન્મ, કે ત્યાગિ દીક્ષા વડે જન્મ, આ બધા તૃતીય જન્મમાં ગણાય. આ ચાલૂ જમાનામાં તે પ્રમાણે છે.

माता, पिता, तथाऽऽचार्यो, दीक्षागुरुः, पिता मतः।
रक्षकश्चापि पितरो मान्याः सेव्या हरेर्धिया ॥११॥

મા બાપ, ભણાવનાર આચાર્ય માસ્તર, દીક્ષા મંત્ર જનોઇ આદિ આપનાર ગુરૂ, તથા રક્ષક પોષણ કરનાર, તેઓ પિતૃતુલ્યો પણ પિતૃ ગણાય છે, તેને શ્રી હરિની ભાવનાએ માનવા સેવવા.

मर्यादैषां रक्षणीया यथा चारुमता भवेत् ।
वार्धक्याऽशक्तिरोगादौ सेव्यास्ते भगवद्धिया ॥१२॥

એ વૃદ્ધ માવતરોની મર્યાદાઓ જેવી સારી મનાતી હોય તેવી રાખવી, વૃદ્ધપણામાં અશક્તિમાં રોગીપણામાં પરાધીનપણામાં તેઓમાં ભગવદ્ભાવના રાખીને સેવા કરવી.

जनन्याद्याः स्त्रियो मान्या अभिवन्द्या गुरुर्यथा ।
सेवा मर्यादया कार्या यथा धर्मस्य रक्षणम् ॥१३॥

માતા બ્હેન ભાભી ગુરૂપત્ની એ આદિ જે મોટાં નારી વર્ગ પૂજ્યવન્દ્ય કોટીના હોય તેમને માતા પિતા ગુરૂની પેઠે જ ધર્મ મર્યાદામાં રહીને માનવા સેવા વડે રાજી કરીને આશીર્વાદો લેવા.

लक्ष्म्याः सत्याश्च सावित्र्याः संज्ञायाश्चाशिषो यथा ।
तथा तासामाशिषो हि सदा रक्षन्ति सेवकान् ॥१४॥

વિષ્ણુપત્ની લક્ષ્મીજીના, શંભુપત્ની સતીના, બ્રહ્મપત્ની સાવિત્રીના, સૂર્યપત્ની સંજ્ઞાના, આશીર્વાદો સમાન પૂજ્ય ગુરવાણી નારીઓના આશીર્વાદો સેવા કરનારને ફળે છે.

हितकारं हीनलोकादपि शिक्ष्यं च निम्नतः ।
श्रेष्ठाच्छिक्ष्यं यथा तद्वत् कार्यं शुश्रूषणं ह्यपि ॥१५॥

પોતાથી નાના કોઈપણ રીતે હોય પણ તે પાંસે હિતકારી સદ્‌ગુણ હોય તે શીખી લેવો, શ્રેષ્ઠથી તો શીખવો જ, અને શીખવા માટે શુશ્રૂષા પણ કરવી.

अगृहस्थाश्रमो यावत् तावत् जीवनसाधनम् ।
शिक्ष्यं योग्यं ततः कुर्यात् विवाहादि यथामतम् ॥१६॥

ગૃહસ્થાશ્રમ પહેલાની સ્થિતિમાં એવું શીખવું જે આખા જીવન માટે ઉપયોગી થાય, એવા યોગ્ય સાધન શીખ્યા પછી જ વિવાહ કરવો, અથવા એકપણે જ રહેવું કે ત્યાગાશ્રમ લેવો.

साध्वाश्रमो गृहेऽपि स्यात् गार्हस्थ्ये साधुवर्तनात् ।
नियमात् साधुता श्लाघ्या वृत्तेः शान्तेः प्रसंजनात् ॥१७॥

કુટુમ્બીજીવનમાં સાથે રહ્યા થકા પણ સાધુતાનો આશ્રમ પાળી શકાય છે, ગૃહસ્થો સાથે કે ગૃહસ્થપણે પણ સાધુ વર્તને વરતાય તો તે સાધુપણું જ ગણાય, નિયમો પાળવા વડે સાધુતા વખણાય છે, ગૃહસ્થાશ્રમમાં પણ વૃત્તિની શાન્તિ થવાથી તેમાં પણ સાધુતા શ્લાઘ્ય છે.

स्त्री सती शीलयोगात्सा, साध्वी पत्युः प्रसादतः ।
गृहिण्यपि प्रसाध्वीनां धर्मेस्थित्या हरेः प्रिया ॥१८॥

નારી પણ શીલવ્રતવાળી ગૃહસ્થધર્મવાળી પણ સતીસમાન સાધ્વી જ છે, પતિની પ્રસન્નતા-પાત્ર હોવાથી સાધ્વી છે, તે પતિવ્રતા વ્રતવાળી છે. સાધ્વી સતીઓના ધર્મોમાં રહેવાથી તે ગૃહસ્થાશ્રમની સ્ત્રી પણ શ્રી હરિની પ્રસન્નતાપાત્ર પ્રિયા ગણાય છે.

युगलं साधुशीलं तत् साधुधर्मस्थितं मतम् ।
हरेर्गुरोर्हि कृपया वृषे भागवते स्थितम् ॥१९॥

નરનારી પરણેતર જોડલું સાધુવ્રતવાળું છે તે સાધુધર્મોમાં જ રહેલ છે, શ્રી હરિ તથા ગુરુની કૃપા વડે ગાર્હસ્થ્યધર્મ પાલતું થકું પણ તે આત્મામાંતૃપ્તિવાળું હોવાથી અધિક ભક્તિ વડે ભાગવતધર્મમાં જ રહેલું જાણવું.

अथ गार्हस्थ्यमन्विच्छन् भावभिन्नां कुमारिकाम् ।
सुप्राप्तयौवनां स्निग्धामुद्वहेत मनःप्रियाम् । ॥२०॥

कुमारिकाऽपि सद्रूपं युवानं हृदयंगमम् ।
सुसद्गुणं समवर्णक्रियाशीलगुणान्वितम् ॥२१॥
परीक्ष्य कुर्यात्सम्बन्धं वैवाहिकं सलाक्षिकम् ।
वृद्धाऽऽज्ञावचनाच्चापि धनवैभवगोचरम् ॥२२॥

ગૃહસ્થાશ્રમીથનાર, નિજમાં ભાવના ભરેલી સ્નેહ ભરેલી મનને ગમે તેવી યૌવન પ્રાપ્ત થએલી હોય તેવી કુમારીને પરણે. અને કુમારિકા પણ સુરૂપવાળો યુવાન હૃદયને ગમી જાય તેવો સારાસદ્ગુણોવાળો વર્ણ કામકાજ ઉદ્યમ કલા સ્વભાવ ગુણ હરેકમાં પોતાના જેવો જ કેવધારે જાણુકાર હોય તેવો યુવાન જોઇને પરણે. પરીક્ષા વધારે કરીને વિવાહનો સમ્બન્ધ કબૂલવો, તેમાં સાક્ષી રાખવા, વૃદ્ધોના આજ્ઞાવચનો પ્રમાણે તે સમ્બન્ધ કરવો, જે સમ્બન્ધ ઇચ્છતા બંને, તેમણે પોતાના ધન વૈભવ સમૃદ્ધિ ઉપજ ઉદ્યમ કલા રહેણી કહેણી સમુદાય વિગેરે એક પ્રકારના હળતા મળતાં બાળપણથી શિક્ષામાં શીખાએલાં હોય તેવાઓએ વૈવાહિક સંબંધ કરવો, જેથી એકજ શીલ વ્રત ધર્મ કલા કામકાજ વલણ ઉદ્યમ ભવન ભૂમિ વિગેરે બંનેને સુખીયા કરનારાં થાય છે.

देशे विदेशे सर्वत्र समः सर्गस्तु मानवः ।
विवाहस्तु समशीलगुणोद्यमक्रियादिभिः ॥२३॥

પૃથ્વીપર સર્વત્ર દેશવિદેશ પરદેશોમાં માનવ નરનારી સર્ગ એકજ પ્રકારનો છે, કોઈ-પણ નરનારીથી નર કે નારીની સૃષ્ટિ થાય છે માટે માનવ સર્ગ એકવિધજ છે. છતાં, સમાન ક્રિયા કલા ઉદ્યમ ગુણ સ્વરૂપ કામકાજ સ્વભાવ આદિ હળતાં મળતાંજ વિશેષ હોય તેમણે વિવાહિત થવું.

ब्राह्मो दैवस्तथैवाऽऽर्षः प्राजापत्यस्तथाऽऽसुरः ।
गान्धर्वो राक्षसश्चापि पैशाचो लग्नितोऽष्टधा ॥२४॥

ભણેલાને ઘેર બોલાવીને કન્યાદાન આપવું- તે બ્રાહ્મ વિવાહ-૧. યજ્ઞ કરીને તેમાં વર-રાજાને કન્યાદાન આપવું તે દૈવ વિવાહ-૨. વર પાસેથી બે ગૌમાતા લઇને તે બદલે કન્યાદાન આપવું તે આર્ષ વિવાહ-૩. બંને ગૃહિધર્મ પાલો એમ આશિષો આપીને કન્યાદાન આપવું તે પ્રાજાપત્ય વિવાહ-૪. વર તરફથી દ્રવ્ય લઇને બદલામાં કન્યાદાન આપવું તે આસુર વિવાહ-૫ વર અને કન્યા સ્વેચ્છાએ વિવાહિત થાય તે ગાંધર્વ વિવાહ-૬. કન્યાને પરાણે ઉપાડી જઇને વિવાહિત થવું તે રાક્ષસ વિવાહ-૭. ઉંઘમાં સુતેલી ઘેનવાળીનો સંભોગ કરી લેવો તે પૈશાચ વિવાહ-૮. આવા આઠ પ્રકારો વિવાહના છે, તેમાં પહેલા ચાર ઉત્તમ છે, પાંચમો, છઠો મધ્યમ છે, સાતમો કનિષ્ઠ અને આઠમો અધમ છે.

कालबन्धस्तु नवमो दशमोऽन्धरधारणम् ।
प्रच्छन्नयोगा बहवो व्यभिचारः स गण्यते ॥२५॥

અમુક સમય જોડલું રહેશું; પછી નહિ એ-કાલબંધ નવમો વિવાહ ગણાય. સાડલો ઓઢાડવો ઇત્યાદિ ઘરઘરણું તથા દેરવટું વાળવું વિગેરે દશમો વિવાહ ગણાય. તે સિવાય અગ્યારમાં નંબરમાં– ૧ રખડું, ૨ કુતી, ૩ કુટ્ટની, ૪ દાબનારી, સૈરન્ધ્રી, દાસી, નોકરાણી, ગણિકા, ૠતુમાં પીડાતી, ષણ્ઢી, ભિક્ષુકી, કાષાયવતી, નિરાધાર આદિકના છાના ભોગો, તે વ્યભિચારો ગણાય છે.

विवाहा लोकमान्या ये वर्गमान्या हि षड्विधाः ।
सप्तमो राजवर्गेषु बलिष्ठेष्वपि सम्मतः ॥२६॥

છ વિવાહો વર્ગોમાં માન્ય છે માટે લોકમાન્ય ગણાયા, સાતમો ક્ષત્રિયોમાં બલિષ્ઠોમાં સ્વીકારાયો છે, આઠમા, અગ્યારમાં વ્યભિચારો છે, દસમો ઘરઘરણું છે. પછી દેશરીતિ પ્રમાણે વ્યવહાર, અને વ્યવહાર પ્રમાણે માનિનતા હોય છે. આવી રીતિઓ પણ જોડલા તરીકે અપનાવાય છે.

विवाहितायाः पुत्रस्य शिष्यस्याऽप्यंकगस्य च ।
दायभाक्त्वं कीर्तितं यत् मतं न्यायविधानतः ॥२७॥

વિવાહિતોના ઔરસ પુત્ર, ગુરૂનો નિયમિત શિષ્ય, ખોળે બેસારેલ પુત્ર, ન્યાય વડે અધિકારી, જે જે ગણાય તે તે વારસાના અધિકારી જાણવા.

कुमारिका कुमारो वा दायभाक् समभावतः
बहुदेशेषु भवति यथान्यायं हि तन्मतम् ॥२८॥

પુત્ર કે પુત્રી માવતરની મિલ્કતના સમ ભાગીદાર જાણવા. ઘણા દેશોમાં એ પ્રથા છે. રાજ્ય કાયદો પ્રજા કાયદો જે હોય તે પ્રમાણે તે માનેલ છે.

ऋतुः स्त्रीणां दानयोग्यो रात्रयः षोडश स्मृताः ।
युग्मासु पुत्रदं बीजमयुग्मास्वर्भकीप्रदम् ॥२९॥

નારીના ઋતુઓની ગર્ભધારણ શક્તિ સોળ રાત્રિઓ સુધી રહે છે, રજસ્વલાપણાની ચાર રાત્રિઓ ગયા પછી સ્નાન; અને પાંચમી સાતમી નવમી અગ્યારમી તેરમી પંદરમી રાત્રિ ઋતુગર્ભદાનમાં લેવાય તો બાળકી જન્મે, છઠ્ઠી આઠમી દશમી બારમી ચૌદમી રાત્રિ ગર્ભ–ઋતુદાનમાં લેવાય તો દિકરો જન્મે. નારીને જમણે ભાગે ગર્ભાશયમાં દાન મળે તો પુત્ર જન્મે, ડાબે ભાગે દાન વડે પુત્રી જન્મે.

यत्र स्युः प्रमदा नित्यं सुखिन्यो मानदार्हणैः ।
तत्र लक्ष्म्यो निवसन्ति स्मृद्धयोऽह्रासवर्धनाः ॥३०॥

જ્યાં નારી વર્ગ સન્માન સત્કાર વેષ આભૂષણ ભોજન દાન આદિ વડે સુખી રહેતી હોય છે, ત્યાં ઘણી લક્ષ્મીઓ અને સમૃદ્ધિઓ વસે છે, જે વધે છે જ, તેના ઉણપ-હ્રાસ થતા જ નથી.

सन्तुष्टं युगलं यत्र सन्तुष्टा श्रीः मताऽत्र वै ।
सन्तुष्टा जामयश्चापि गृहं स्मृद्धं विवर्धते ॥३१॥

નર વડે નારી, અને નારી વડે નર, જ્યાં સન્તોષી સુખી છે, ત્યાં શ્રી પોતે સંતોષ પામીને રહે છે. જમાઈ અને પુત્રી જ્યાં સંતોષ પામે છે ત્યાં તે ઘર સમૃદ્ધિ ભરેલું વધે છે.

पापैः क्लेशितनिःश्वासैः दैवाऽवमाननादिभिः ।
अनाचारैस्तथा शोकैर्गृहं कुलं च नश्यति ॥३२॥

પાપકર્મો વડે, દુઃખિયાઓના નિઃશ્વાસાઓ વડે, દેવ ગુરૂ માવતર વૃદ્ધો આદિકના અપમાનો વડે, નાસ્તિકતાપૂર્વક દ્રોહ વડે, અનાચારો વડે, તથા કુટુમ્બના શોકો વડે, કુલ કુટુમ્બ અને ગૃહસમૃદ્ધિના નાશ થતા જાય છે.

पञ्चसूना जनानां वै चुल्ली पेषण्युपस्करः ।
कण्डनी जलकुम्भी च मार्जनीयास्तु ता मखैः ॥३३॥

માનવોને પાંચ સ્થલોમાં પાતકો અજાણ્યા પાપો પણ થતા હોય છે, ચુલ્લાના અગ્નિઓમાં, ઘણ્ટી દળાવતી વખતે, સાવરણી વાળતી વખતે, અનાજ ખાંડતી વખતે, પાણીના પાણીયારાઓ સ્થળે, તેનું નિવારણ અમુક દાનયજ્ઞો વડે થાય છે.

अग्नये देवताभ्यश्च भूतेभ्योऽतिथयेऽर्पणम् ।
पितृभ्यश्च हविष्याऽन्नं दद्यात् सूनानिवृत्तये ॥३४॥

અગ્નિ દેવને ઘી ચોખા રોટલી, દેવોને થાળ નૈવેદ્ય ભોજન, ભૂત જે ગૌ શ્વાન કીડિ મકોડી પક્ષિ વિગેરેને ખાણ દાણા ફોતરી રાંધેલ અન્ન લોટ વિગેરે, અતિથિને અન્ન જલ આદિ, પિતૃઓને જલતર્પણ શ્રાદ્ધાદિ, આવાં હવિષ્યાન્નો, ભગવત્પ્રસાદી અન્ન જલો, આપે તો પાંચો પાપો નિવૃત્ત થાય છે.

ऋषयः पितरो देवा भूतान्यतिथयो नृपः ।
आशासते गृहस्थेभ्यस्तेभ्यो देयं शमिच्छता ॥३५॥

ઋષિઓ, પિતૃઓ, દેવો, પશુ પક્ષી કીટ વૃક્ષવેલીઓ, અતિથિઓ, રાજા, અને કારીગર વર્ગ, અનાથ, અનાશ્રિત, અપંગ, ગૃહીતર માનવો, વિગેરે ગૃહાશ્રમિઓથી લોજ્યપેયની આશા રાખે છે માટે ગૃહસ્થે કમાઇને તેઓ સર્વેને આપવું, અને પોતે વાપરવું, તેથી શાંતિ સુખ, અવિઘ્ન અદુઃખ, સારાવાનાં સદા રહે છે.

काले श्राद्धं कारयेच्च क्रूराणां तृप्तिकारकम् ।
रोधकानां निवृत्यर्थं दद्यात्तेभ्यो यथोचितम् ॥३६॥

સમય સમય પ્રમાણે શ્રાદ્ધ, દુગ્ધપાક પૂરી શાક ઓદન ઘૃત મૂળ ફળ રસ વિગેરે વડે કરાવવાં, ક્રૂર તામસ આત્માઓને તૃપ્તિ કરાવવી, નિરોધકરનારાઓની નડતરો નિવારવા, જે માગે તે, તથા નાત જાત કુલ આચારવિચારને અનુસારે યોગ્ય, ઉચિત હોય તે, આપવું.

आसनं जलमन्नं च मिष्टां वाचमुदाहरेत् ।
आगन्तुकाय गृहवान् तं सत्कृत्य विसर्जयेत् ॥३७॥

આગન્તુકને આસન જલ અન્ન મધુપર્ક મીઠીવાણી સત્કારમાં યોજવી, અને કાંઇક આપીને હાથ જોડીને જતી વખતે નમન કરવું સ્વાગત આવજો એમ પણ કહેવું.

धर्मान्निभुक् गृही नैजं पुण्यं सर्वं व्यपोहति ।
प्रसादभुक् तोकमपि जनः पापं व्यपोहति ॥३८॥

ખેરીઆત ખાતાનાં અન્નભોજી ગૃહસ્થ પોતાના પુણ્યનો નાશક થાય છે, ભગવન્નૈવેદ્યનો સ્વલ્પપણ કણિકો જમનાર માનવ નિજ પાપોનો નાશ કરનારો થાય છે.

देवानृषीन्मानवाँश्च पितॄन् गृह्याश्च देवताः ।
भोजयित्वा प्रसादं तच्छेषमद्याद्गृही सदा ॥३९

દેવો, ઋષિઓ, પિતૃઓ, માનવો, ઘરના દેવો, બાળબચ્ચાઓને જમાડીને ગૃહસ્થે દેવોની શેષ અન્ન જળફળ રસચૂર્ણ ભોજન એવી હવિષ્ય પવિત્ર પ્રસાદી જમવી.

क्षुधितान् भोजयेच्छ्राध्धेऽनाथान् श्रितांश्च बालकान् ।
पवित्रान् धर्मदेवार्थान् सतो विद्यावतो द्विजान् ॥४०॥

શ્રાદ્ધમાં ભૂખ્યાઓને, અનાથોને, બાલક બાલિકાઓને, ધર્મ અને દેવોને ભજતાઓને પવિત્ર માનવોને, સંતો, વિદ્વાનો, અને દ્વિજોને જમાડવા.

मातामहं मातुलं च स्वस्रीयं श्वशुरं गुरुम् ।
जामातारं च दौहित्रं शिष्यान् बन्धूँश्च भोजयेत् ॥४१॥

નાનાને, મામાને, ભાણેજને, સાસરાને, ગુરૂને, જમાઇને, પુત્રીપુત્રને, કૂઇ મામામાશીના પુત્રો બંધુઓને, અને શિષ્યોને શ્રાદ્ધમાં જમાડવા.

पितरश्चोपतिष्ठन्त्यदृश्याः श्राद्धप्रभोजिषु ।
वायुवत्ते भुंजते स्म श्राध्धे पात्रानुसारतः ॥૪૨॥

વાયુની પેઠે અદૃશ્યપિત્રીઓ શ્રાદ્ધમાં જમનારાઓમાં હાજર થાય છે, પાત્ર પ્રમાણે પિત્રીઓ જમે છે.

स्त्रियः शुद्धयन्ति ऋतुना मेध्यास्ताः पावको यथा ।
ताभिर्भर्तृवचः पाल्यं स वै धर्मः स्त्रिया मतः ॥૪૩॥

રજસ્વલાપણા વડે નારીઓ શુદ્ધ થાય છે, અગ્નિની પેઠે નારીઓ મેધ્ય પાવન ગણવામાં આવેલ છે, તેમણે ભર્તારનું વચન પાળવું, તે સ્ત્રીઓનો ઉત્તમ ધર્મ છે.

ऋषिभ्यः पितरो जाताः पितृभ्यो देवमानवाः ।
देवेभ्यस्तु जगत्सर्वं चरं स्थाणु च लक्षशः ॥૪૪॥

સાતઋષિઓનાથી પિતૃઓ થયા છે, બ્રહ્માનો મનુ, મનુના ઋષિઓ, તેમાં વિરાટના પુત્રો સોમસદો, તે સાધ્યદેવોના પિત્રીઓ કહ્યા છે, મરીચિના પુત્રો અગ્નિષ્વાત્તાઓ, તે દેવતાઓના પિત્રીઓ કહ્યા છે, અત્રિના પુત્રો બર્હિષદો, તેઓ દૈત્ય દાનવ યક્ષ ગંધર્વ સર્પ રાક્ષસ ગરૂડ અને કિન્નરોના પિત્રીઓ કહ્યા છે, બ્રાહ્મણોના પિત્રીઓ– સોમપા નામના છે, ક્ષત્રિઓના પિત્રીઓ હવિર્ભુજ નામના છે, વૈશ્યોના પિત્રીઓ–આજ્યપા નામના છે, શૂદ્રોના પિત્રીઓ–સુકાલિન નામના છે, ભૃગુઋષિના પુત્રો સોમપા નામના પિત્રીઓ છે, અંગિરાના પુત્રો હવિષ્મન્ત નામના પિત્રીઓ છે, પુલસ્ત્યના પુત્રો, આજ્યપા નામના પિત્રીઓ છે, વસિષ્ઠના પુત્રો સુકાલિન નામના પિતૃઓ છે, પિતૃના પુત્રો દેવો અને માનવો છે, દેવો વડે સર્વ જગત સ્થિર અને ચર ઉપજ્યું છે.

मनुष्या मिष्टान्नभुजो देवास्तु रसभोजिनः ।
पितरो गन्धभोक्तारस्तृप्तिं यान्ति तदर्पणैः ॥૪૫॥

માનવો મિષ્ટાન્નો વડે તૃપ્ત થાય, દેવો તેના રસો વડે તૃપ્ત થાય, પિતૃઓ તેના સુગંધ વડે તૃપ્ત થાય છે, માટે રસોઇમાંથી તે બધાને ભોજ્ય મળે છે.

साक्षात्परोक्षाः पितरो भोजनीया महोत्सवे ।
यद्वाञ्च्छाशान्तिरत्र स्यात्तत्कार्यं वै प्रशस्यते ॥૪૬॥

સાક્ષાત્ માનવ સમૂહો, અને પરોક્ષ અદૃશ્ય સમૂહો, તે મહા ઉત્સવ આનંદમાં જમાડવા જેણે કરીને ઇચ્છાઓની શાંતિ થાય, તેણે કરી કાર્ય કર્યું તેની પ્રશંસા થાય.

अपराह्णश्च दर्भाश्च लिप्ता भूश्च तिलाः शुभाः ।
मृष्टाऽन्नानि द्विजाः पुण्याः श्राद्धकर्मसु सम्पदः ॥४७॥

મધ્યાન્હ પછીનેા સમય, દર્ભ, શુદ્ધ લીપેલી ભૂમિ, શુભ તલ, સુમિષ્ટ એવા અન્ન, પવિત્ર બ્રાહ્મણેા, દ્વિજો, સત્પાત્ર, આ બધા શ્રાદ્ધની સંપત્તિઓ છે.

पितृऋणं सुपुत्रेण गुरोःऋणं तु विद्यया ।
देवऋणं मखाद्यैश्चोत्तारयेत् मोक्षभाग्भवेत् ॥४८॥

પુત્ર થએ પિતૃ ઋણ ઉતરે, વિદ્યા ભણે તેા ગુરૂ ઋણ ઉતરે, યજ્ઞદાન પુણ્ય કરે તેા દેવ ઋણ ઉતરે, ઋણ ઉતરે તેા મેાક્ષભાગી થવાય.

अशुद्धं मांसमस्त्येव सुरा मद्यं तथा मतम् ।
न भुंजीत न वै पेयात् निजमोक्षपरायणः ॥४९॥

માંસ સુરા અને મદ્ય અશુધ્ધજ છે, તે ન ખાવાં ન પીવાં, તેા મેાક્ષ પરાયણ થવાય.

दुर्गन्धं मलमित्येतत् दुर्गन्धं शवमित्यपि ।
मलं शवं च मांसादि वर्ज्यं भक्ष्यं न सर्वथा ॥५०॥

મલ પેાતે જ દુર્ગન્ધિવાળું છે, શબ પણ દુર્ગન્ધિવાળું છે. મલ, શબ, અને માંસ આદિ સદા વર્જવાં, ન ખાવાં તથા ન પીવાં.

सुस्वभावात्तथा हीनं विकृतिव्याप्तमित्यपि ।
अन्नं रसो जलं चेति त्यक्तव्यं सर्वथा जनैः ॥५१॥

સુગંધિત સુપકવ સ્વભાવથી ઉતરી ગએલું વિકાર પામી ગએલું અન્ન જલ રસ પણ માનવેાએ તજી દેવાં.

अशुद्धप्राणिसंसृष्टं केशकचरदूषितम् ।
कीटव्याप्तं न योग्यं तत् त्यक्तव्यं सर्वथा जनैः ॥५२॥

કાગડા વિગેરે અશુધ્ધ પ્રાણીનું અડેલું, કેશ કચરાવાળું, કીડી વિગેરે જંતુ ચઢી ગએલું, તથા અયેાગ્ય જણાતું, એવું અન્ન જલ અને રસ વિગેરે તજી દેવાં.

उच्छिष्टं सूतकान्नं च चर्मपात्रादियोजितम् ।
रन्धितं दुष्टपात्रादौ नैव भक्ष्यं कदाचन ॥५३॥

કેાઇનું એઠું, સૂતકીનું અન્ન, ચામડાનું પાત્ર કે હાડકાનું પાત્ર અડેલું, તથા ભ્રષ્ટ-પાત્રમાં રાંધેલું હેાય, તેા તેવું અન્ન ન ખાવું.

દુગ્ધાદ્યાશ્ચ રસા વારિ ફલાદીનાં રસા ઘૃતમ્ ।
મધુ મિષ્ટં તથા પેયં પાતવ્યં ગાલિતં સદા ॥૫૪॥

દુધ, છાશ, દહીં, શેરડી વિગેરે રસો, જલ, ફલોનાં રસો, ઘી, માખણ, મધ, શરબત ગોળનું પાણી, આમ્બલવાણું, આદિક પીણાં વસ્ત્રાદિ વડે ગાળીને શુધ્ધ કરીને જ પીવાં.

પાત્રશુદ્ધિર્મૃદા ચાડ્ભિઃ કિરણૈરાતપેન ચ ।
વાયુના ચ યથાયોગ્યા તથા કાર્યા વિવેકિભિઃ ॥૫૫॥

પાત્રો વાસણોની શુધ્ધિ મૃત્તિકા રાખ વારિ વન્હિતડકો પવન વિગેરે વડે થાય છે, જેને જે યોગ્ય હોય તેવા વિવેક વડે શુધ્ધિઓ કરવી.

ક્ષાલનેન ભવેચ્છુધ્ધિર્ઘર્ષણેનાપિ ભસ્મના ।
માલિન્યસ્ય યથા યેન નાશઃ સ્યાચ્છુદ્ધિરિષ્યતે ॥૫૬॥

ધોવા વડે ઘંસી નાખવા વડે રાખ વડે વાળવા વડે જે રીતે મલિનતા નાશ પામે તે વડે તેવી શુધ્ધિ કરવી.

માર્જન્યા તુ સ્થલીશુધ્ધિશ્ચિક્કણસ્યોષ્ણવારિણા ।
રજોધુલ્યા ચૂર્પયુક્તયા ક્ષારેણાપિ ચ શોધનમ્ ॥૫૭॥

સાવરણી કાઢવા વડે ભુમિ શુધ્ધિ, ઉના જળ વડે ચિકકણ ભાગની શુધ્ધિ, રજ વડે, ધૂળ વડે, ક્ષાર વડે, તથા સૂપડા વડે, પણ શુધ્ધિ યથાયોગ્ય કરવી.

સેકાદુલ્લેખનાલ્લેપાત્ કાલાત્ દાહાચ્ચ વર્ષણાત્ ।
મૃત્સ્તરાદિનિવેશાચ્ચ તક્ષણાત્ શુદ્ધિરિષ્યતે ॥૫૮॥

જલ પ્રોક્ષણ વડે, ઉપર ઉપરથી કાઢી નાખવા વડે, ઉપર લિમ્પવા વડે, ઉપર અગ્નિ ફેરવવા વડે, વૃષ્ટિ વડે, લાંબા કાળ વડે, ઉપર થર ચોડવા વડે, છોલવા વડે, પણ શુધ્ધિ થાય છે.

જલં શુચિ તથા વિદ્યુદ્રશ્મિર્વાયુશ્ચ ભૂમિકા ।
સદા વૈ પાવનાસ્તત્રાઽશુચિભાગસ્ય નિર્હરાત્ ॥૫૯॥

જલ વિજળી અગ્નિ ગેસ કિરણ વાયુ ભુમિ એ સદા પાવન જ છે, તેમાં થએલાં અશુચિભાગને દૂર કરવા.

રજસાં દ્વ્યણુકાશ્ચાપિ ત્રસરેણવ ઇત્યપિ ।
વાયૂનાં ચાપિ વહ્નીનાં ભૂમીનાં શુચયો મતાઃ ॥૬૦॥

જ વાયુ અગ્નિ ભૂમિ આદિકના દ્વયણુક ત્રસરેણું, તેમને અનિવાર્ય હોવાથી, અશુચિતાનું નિવારણ કરવું જરૂરત નથી.

स्वल्पा जीवा मक्षिकाद्याः सांकर्यकारका हि ते ।
तथापि ते निवार्या न प्रसङ्गाऽशुचयोऽपि वै ॥६१॥

માખી મચ્છર કીડી કંસારી ચકલાં આદિ જન્તુઓ અશુધ્ધિઓ શુધ્ધિના સાંકર્ય કરનારાં છે, છતાં પરાણે અનિવાર્ય બનેલા અશુધ્ધ તેઓ પણ લોકમાં ગણુકારાતાં નથી. તેવી અશુદ્ધિઓ ધ્યાનમાં લેવાતી નથી.

मलानामुत्कराणां च नालानां पूतिगन्धिनाम् ।
विकृतानां शवादीनां मूत्राणां सङ्गताऽबलात् ॥६२॥

મલોના, ઉકરડાનાં, નાલિકાઓ ગટરોના, સડેલી ચીજોનાં, વિકૃતગૂમડાં વિગેરેના, પશુ-પક્ષિના સડેલ મડદાનાં, મૂત્રોનાં અપાનવાયુના દુર્ગન્ધો પરવશ થઇને સહન કરવા પડે છે, એ શુધ્ધ તો નથી જ.

अवश्यलाभसम्प्राप्ताः शुध्धयः सम्मता अपि ।
अशुद्धिः शुद्धिरित्येषा सूतकं चाऽप्यसूतकम् ॥६३॥

જ્યાં આવશ્યક લાભ જ ગણાયો હોય, એવી અશુધ્ધિઓ પણ શુધ્ધિ તરીકે અપનાવવી પડે છે, સૂતકોને પણ અસૂતક ગણવાં પડે છે, બાળક જન્મ સમય, છઠ્ઠીનો સમય, ગાયને વત્સ જન્મ સમય, તથા અકસ્માતના સમય, રણસંગ્રામના, દેશ વિપ્લવના, પ્રાણરક્ષણના, આતતાયિ અવસરો, બાળકનું શુધ્ધિપણું કરતાં માતૃવર્ગ, વૈદ્યરાજ, અપવિત્રગૃહ ગટરો, બાતર, એ આદિક પણ પરાણે શુધ્ધિની સહનતામાં આવકારવા પડે છે.

गोशाला मृगशाला च सदा मेध्या मखस्थली ।
देवस्थली गुरोः पादं सदा मेध्यो वनस्पतिः ॥६४॥

ગૌશાળા, મૃગખલી, યજ્ઞકુંડભૂમિ, દેવનિવાસ સ્થળી, ગુરૂચરણ, અને વનસ્પતિ ઉદ્ભિજ્જ બનિ, સદા પવિત્ર મેધ્યજ રહે છે.

मेध्या बुद्धिश्च हृदयं शास्त्रसम्परिशीलनम् ।
मेध्यमर्ज्यं हि विज्ञानं मोक्षे लोके च पुष्टिकृत् ॥६५॥

બુધ્ધિ જ્ઞાન, વિજ્ઞાન અને હૃદય તથા શાસ્ત્રોનું વાંચન એ સદા મેધ્ય છે, તે વડે પવિત્ર વિજ્ઞાન મેળવવું, જે વિજ્ઞાન લોકમાં અને મોક્ષમાં પુષ્ટિપ્રદ થાય છે.

होतव्या विषया देहे करणेष्वपि तत्क्रमात् ।
प्राणा बुद्धौ चेतने सा साक्षिणि स्वः परे च तत् ॥६६॥

વિષયો અને પદાર્થોને ભોજન પાનરૂપે દેહમાં હોમવાના હોય છે, પણ રૂપરસાદિ વિષયો ઇન્દ્રિયોમાં હોમવાના હોય છે, ઇન્દ્રિયોને રૂન્ધિને ક્રમથી અન્તઃકરણોમાં હોમવા, પ્રાણોને બુધ્ધિમાં હોમતા રહેવા, પ્રાણ અને બુધ્ધિને ચેતનમાં હોમતા રહેવા, ચેતનને સાક્ષિમાં હોમવો સાક્ષિ બ્રહ્મને પરબ્રહ્મમાં હોમતા રહેવું, આવો હવન તે સંતપુરૂષો, યોગિપુરૂષોનો છે, માટે ગાર્હસ્થ્યમાં પણ નરનારીઓએ સંતસતી રીતે હવન કરતા રહેવું, આમાં બધા હોમહવનો ચરિતાર્થ થાય છે જેથી, મોક્ષફળભાગી થવાય છે.

आयलाभाज्जनैः कार्या इष्टयो धनधान्यजाः ।
भूतेभ्यः संविभागश्च कर्तव्यः शान्तिमिच्छता ॥६७॥

આવકમાં ધન ધાન્ય રસ ઉપકરણ સાધન આદિ જે કાંઇ લાભો થાય, તે વડે યથાશકિત યાગ–દાન ઉત્સવોકરવા, નિજ આધારે રહેતા પ્રાણીઓને તેમને યોગ્ય ચીજોનો વિભાગ ભોજન-પાન સ્થળ રક્ષણ વિગેરે આપવા.

मलं मूत्रं ष्ठीवनादि कार्यं तदर्हसंस्थले ।
शुद्धिर्जलेन क्षारेण मृदा कार्या हि निर्मला ॥६८॥

મલમૂત્ર થૂંકવું આદિ તે તેના યોગ્ય સ્થલોમાં કરવું, જલોવડે સ્થલોની અને શરીરની શુદ્ધિઓ કરવી, ક્ષાર સાબૂ આદિવડે, મૃત્તિકાવડે, મલિનતા બિલકુલ ન રહે તેવી શુદ્ધિ કરવી.

विचित्तानां पशुनां च बलिनां श्रेष्ठदेहिनाम् ।
मार्गो देयो विनयेन गन्तव्यं शोभनं यथा ॥६९॥

ગાંડાઓ ક્રોધિ સંગ્રામીઓને તથા પશૂઓને ભારવાહીને બલિષ્ઠ અને ઉત્તમ માનવને માર્ગ આપીદેવો પોતે વિનયથી પડખે કે દૂર થઇ ચાલવું, જેમાં વિઘ્ન ન થાય અને શોભે તેમ કરવું.

संघस्य शववाहस्य सत्तावाहस्य रोगिणः ।
नारीणां रभूतानां पन्था देयो हितेच्छुना ॥७०॥

સંઘને સમાજને શબવાહીઓને અધિકારીઓને યોગિઓને અશકતોને નારીવર્ગને ક્રૂર પ્રાણીઓને પણ સ્વહિતેચ્છુ એ માર્ગ આપી દેવો.

भूतानां भवनं त्याज्यं विघ्नानां भूतलं तथा ।
प्राणघ्नं सर्वथा त्याज्यं दुःखदं चापि सर्वथा ॥७१॥

ભૂતપ્રેતોના રહેઠાણો તજવા, વિઘ્નોવાળાં નિવાસો ભૂમિકાઓ તજવા, પ્રાણ સન્દેહવાળા અવસર પ્રસંગો પ્રવાસો વાસોતજવા, અને દુઃખ કલેશ કાયમી જેનાથી થતા હોય તેને તજી પોતે સુરક્ષિત રહેવું.

एकाकी न प्रवासं वै कुर्यात् निशि कदाचन ।
भयस्थाने न गच्छेच्च शून्ये स्वपेन्न चैकलः ॥७२॥

ભય શંકિત પ્રવાસમાં એકલાન જવું રાત્રિએતો એકલા જવુંજ નહિં, ભયસ્થાનોમાં પ્રવેશવું નહિ, શૂન્ય સ્થળકે ઘરતેમાં એકલા સુવું નહિં.

गृहे लक्ष्मीं वैमनस्यं चरित्रं नापि वर्णयेत् ।
अधर्मव्याध्युपाध्युग्रे चिरं वस्तव्यमेव न ॥७३॥

સ્વઘરમાં સમ્પત્તિ ધન, ગૃહજનમાં અણબનાવ કલેશ, તથા સ્વભાવ ચરિત્ર, તેના બીજા પાંસે વર્ણન ન કરવાં, અધર્મ અન્યાય અનીતિવ્યાધિ અને ઉપાધિઓના અહા જેવા સ્થળોમાં વધારે વસવાટનકરવો તેમની ઝપટમાં ન અવાય તેમ ખસી નીકળવું.

यत्र न प्राणविश्वासस्तत्र वाहे न वाहने ।
उपविशेत् न सन्दिग्धे सविघ्ने च जले स्थले ॥७४॥

જયાં પ્રાણ રક્ષણમાં સન્દેહ જણાતો હોય તેવા વાહન ઉપરકે યન્ત્રમાં ન બેસવું, નહિં પહોંચાડી શકે તેવા સન્દિગ્ધ વાહનમાં, તથા વિઘ્નવાળા જળમાં તથા સ્થળમાં અકરમાતી જગ્યાઓમાં બેસવું ઉભવું પણ નહિં.

कंचिन्न ताडयेन्नैव तिरस्कुर्यात् क्रुधाऽपि वा ।
आगतां भीतिमाछिन्द्यान्नाधिकां शत्रुतां चरेत् ॥७५॥

કોઇને તાડન ન કરવું, કાઇનો તિરસ્કાર ન કરવો, ક્રોધકે માનકે સત્તાવડે પણ જેમાં શત્રુતા ઉપજે કે વધે તેમ નકરવું પણ આવેલા ભયને હઠાવવા પ્રયત્ન કરવો,

अद्वारेण न यातव्यं बाहुभ्यां न नदीं तरेत् ।
नोत्क्रामेद् वह्निभट्टयादिहिंस्रेनैवतु विश्वसेत् ॥७६॥

જયાં રસ્તાઓ અટકાવ્યા હોય, છિન્નહોય, બંધહોય, ત્યાં ચાલવું નહિં, અગ્નિની ભઠ્ઠીઓને કૂદીને ઉલ્લંઘવી નહિં, હિંસક પ્રાણીમાં વિશ્વાસ કરવો નહિં,

प्रसह्य भोगान् कुर्वन्ति परदारेषु कामुकाः ।
अनायुष्यं भवेत्तेषां दैवमानवकोपतः ॥७७॥

પરસ્ત્રીયો માં બલજબરીથી ભય આપીને સંભોગ કરનારાઓને ધર્મ દેવના તથા બીજા-વહ્નિ સૂર્ય આદિ સાક્ષિઓના અને માનવોના કોપથી તથા શાપથી આયુષ્ય કપાતું જાય છે.

नाऽऽत्मनि शोकमन्विच्छेत् कृतोद्यमोऽपि निष्फलः ।
पुनरुद्यममन्विच्छेद् व्यवसायः फलप्रदः ॥७८॥

ઉદ્યમ કરવા ઉપર ફળન દેખાય તો પણ આત્મામાં શોક કરવો નહિં, ફરીથી ઉદ્યમ કરવો, સારો વ્યવસાય જરૂર ફલ આપનારો થાય છે,

भद्रं ब्रूयात् प्रियं सत्यं, ब्रूयाद्धानिकरं न तत् ।
व्यर्थं शुष्कं न वै ब्रूयादाक्षेपाऽऽकं कलंकदम् ॥७९॥

સત્ય પ્રિય ભલુ બોલવું, તે પણ હાનિકારક જણાય તો નબોલવું નિરર્થક નીરસ આક્ષેપ કારક કે કલંક પ્રદ નજ બોલવું,

प्रक्षालिताभ्यां हस्ताभ्यां पुण्यं कार्यं समाचरेत् ।
शुद्धिमयं समस्तं च दैवं रासायनीभवम् ॥८०॥

હાથ ધોઇને જ પવિત્ર કામ કરવું, બધાં શુદ્ધિવાળાં કાર્યો દેવ સમ્બન્ધી કાર્યો, તથા રસોઇના તમામ કાર્યો, ધોએલા શુદ્ધ હાથ વડે કરવા.

तिरस्कुर्यान्न हीनान् वै प्रशस्तान्नाऽवतारयेत् ।
अयोग्यान्न न्यसेन्मूर्ध्नि निर्गुणान्नविवासयेत् ॥८१॥

હીન નિમ્ન માણસોને તિરસ્કારવાનહિં, પ્રકૃષ્ટ માણસોને ઉતારી પાડવા નહિં, અયોગ્ય ને મસ્તકે ઉંચા ચઢાવવા નહિં, નિર્ગુણ થોડી બુદ્ધિના માણસોને કાઢી મેલવાનહિં,

धर्मोऽपि दुःखदश्चेत्स्यात् लोककुष्टोऽप्यसत्कृतः ।
तं त्यक्त्वा लोकसम्मानं यथा स्याद्वर्तयेत् तथा ॥८२॥

આખીરાત્રિ ધુંન્ય ભજન મહોત્સવ એવા એવા રાત્રિધર્મ પણ જો પ્રજાલોકોને ન ગમતા હોય અને આવકારન પામતા હોયતો તેવા ઉપાધિ કારક ધાર્મિક આચારોને બંધ રાખવા અનેતેલોકને માન્ય થાય તેવા ધર્મદિન–મહોત્સવ આચરવા.

लोकेषु हृदये शास्त्रे सम्मतं कार्यमुत्तमम् ।
तादृशं चेन्न वै स्याद् यत् त्यक्तव्यं तत् सुखं भवेत् ॥८३॥

લોક હૃદય અને શાસ્ત્રમાં મળતી વાત હોય તે ઉત્તમ રીતે આચરવી, પણ તેવી વાત નહોય તો તે તજવી, અને સુખી થવું.

तिरस्कारान् प्रसहेत न प्रतीपं तिरश्चरेत् ।
क्षमां रक्षेत् साधुतां च स भवेद् विजयी भुवि ॥८४॥

બીજાએ કરેલા અપમાન તિરસ્કાર સહેવા, પણ વિપરીત થઇને સામા તિરસ્કાર ન કરવા ક્ષમા રાખવી સાધુતા નમ્રતા રાખવી, આવા આચારવાળો પૃથ્વીપર વિજયી થાય છે.

यद् दानं दीयते लोके प्राप्यते तत्पुनः पुनः ।
तस्मात्सर्वं प्रदातव्यं यथाशक्ति गवादिकम् ॥८५॥

લોકમાં જે દાન અપાયછે, તે દાનનું ફલ તે ચીજ ભવિષ્યમાં મળે છે માટે પોતાને જે જોઈએ તે યથાશક્તિ ગૌ ભેંસ અશ્વ હાથી વૃષભ ક્ષેત્ર વાટિકા બગીચા રસ અન્ન જળ અમ્બર આભૂષણ ભવન ઉપકરણ ધન સુવર્ણ રૂપું વાસણ વાહન કન્યાદાન જનોઈદાન શય્યાદાન ઔષધદાન જ્ઞાન દાન આદિક આપવા

प्राप्तं चेशेच्छया यत्स्वं तद्ग्राह्यं मानवादितः ।
स्वाऽऽत्मनिवेदनं चापि स्वात्मीयाऽर्पणमित्यपि ॥८६॥

ઇશ્વરેચ્છા વડે જે કાંઇ તેના મેળે પ્રાપ્ત થાય તે ગ્રહણ કરવું, માનવોથી આત્માર્પણ તથા આત્મીયાઽર્પણ જે કાંઇ અયાચિત પ્રાપ્ત થાય તે ગ્રહણ કરવું, દેવાર્પણ બુદ્ધિથી સ્વીકારવુ. તે સુખપ્રદ થાય છે.

एषा सामान्यतश्चर्या सुखदा नातिविस्तृता ।
श्वेतायनेन कथिता मया पाल्या जनैरियम् ॥८७॥

આ બધી સામાન્ય આચાર ચર્યા તે સુખકારક છે, અતિ વિસ્તાર નથી કર્યો, આ યુગ વિસ્તાર નથી માગતો, માટે જનોથી પળે તેટલી જ ચર્યા મેં શ્વેતાયન વ્યાસે કહી છે.

इति श्री श्वेतायनव्यासस्मृतौ विशेषब्रह्मधर्मात्मको मानवसामान्यधर्मात्मकस्तृतीयोऽध्यायः ॥३॥

॥ चतुर्थोऽध्यायः ॥

अथ पाटोत्सवे विप्राः पप्रच्छुः सन्त आदरात् ।
व्यासं श्वेतायनं धर्मान् विशेषानपि देहिनाम् ॥१॥

અથ પોટોત્સવના મહાન ઉત્સવમાં વિજ્ઞાની સંત વિપ્રોએ આદરથી શ્રીશ્વેતાયન વ્યાસને દેહધારિઓના વિશેષ ધર્મો પૂછ્યા.

विशेषं किं प्रदातव्यं व्रतं पाल्यं कथं जनैः ।
वत्सरे वर्तितव्यं च गुरौ देवे हरौ तथा ॥२॥

હે પ્રભો!, વિશેષપણે શું શું આપવું! વ્રત કેવું કેમ પાલવું, વર્ષમાં શું શું કરવું, ગુરૂમાં દેવમાં શ્રી હરિમાં પણ કયા વિધિથી રહેવું.

सन्तः शृण्वन्तु मे हार्दं यदत्र परिपृच्छ्यते ।
मनुष्याणां धर्ममूलं वेदो ब्रह्मा महर्षयः ॥३॥

હે સંત વિપ્રો તમોએ પૂછ્યું તેનું હાર્દ મારાથી સાંભળો, મનુની માનવ સૃષ્ટિમાં વેદો બ્રહ્મા અને મહર્ષિઓ ધર્મ નિયમના આયોજન કરનારા છે.

ईशेन रचिता पृथ्वी पाथो वह्निस्तथाऽनिलः ।
वनस्पतयः सफला गावो दुग्धाऽमृता रसाः ॥४॥

પરમેશ્વરે પૃથ્વી જળ વહ્નિ પવન તેના યોગમાં વનસ્પતિઓ સફળ સપત્ર સપુષ્પ એવા રચ્યાં, ગૌ આદિ દુગ્ધ અમૃતવાળા રચ્યાં, તથા મધુર આદિ રસો રચ્યા.

सर्वं दत्तं मनुष्येभ्यः स्त्रियो गावश्च वल्लयः ।
ऋतवो दिवसा रात्र्यो विश्रान्त्यर्थं सुखप्रदाः ॥५॥

પ્રભુએ બધું રચીને વિશ્રાંતિ માટે સુખપ્રદ રાત્રિઓ દિવસો ઋતુઓ વેલીઓ કંદમૂળો ફળો ગાય ભેંસો નારીઓ વિગેરે માનવવર્ગને માટે રચી આપ્યા.

तत्र तत्र पुनश्चापि रचिता ज्ञातयः पृथक् ।
ताश्च निजर्द्धिसम्पन्ना भवन्ति सुखिनो मिथः ॥६॥

તે તે દેહધારીઓને નિજ નિજ જ્ઞાતિઓની સૃષ્ટિઓ પૃથક પૃથક સર્જીને તેમાં તેને યોગ્ય સમૃદ્ધિઓ નર માદાઓ ભોજ્યપાનાદિ રચી આપ્યા, અને પરસ્પર સુખી થાય એવી રચના કરી. જેને બીજા કોઈ લઇ લુંટી ન જાય.

कृपा कृता महत्येषा खनिष्वपि पृथक् पृथक् ।
न हंसाःकोकिलां यान्ति न सिंहा गामिरां परः ॥७॥

પ્રભુએ એવી મોટી કૃપા કરી છે, કે બધી ખાણોમાં જુદું જુદું રચ્યું છે, હંસો કોકિલાને ન અડે, સિંહો ગાયને ન ભોગવે, વાણીને બીજી બીજી જાતિ ન સમજે.

तत्र तत्र विशेषा वै वृषास्तेषां पृथग्विधाः ।
पशुपक्षिप्रकीटानां कुटुम्बज्ञातिभोगिता ॥८॥

તેમાં તેમાં વિશેષતા તમામમાં તો એ કે પોત પોતાનાં ટોળામાં કુટુંબમાં વંશ વિસ્તાર વધે, હરિણ વાનર કબુતર મક્ષિકા કીટ મધમાખી ભ્રમર વિગેરેને નિજ વંશમાંજ વિલાસિતા વિગેરે છે. વૃક્ષ વેલીઓને પણ નિજમાંથી જ ઉપજ્યો ગોઠવી, બીજમાંથી વંશો ગોઠવ્યા.

मानवानां विभिन्ना वै सृष्टिर्धर्मार्थमादृता ।
विशेषतो ततो धर्मा धर्मार्थकाममोक्षदाः ॥९॥

માનવોની સૃષ્ટિ નાત જાત જુદા પણાવાળી તે ધર્મને માટે આદરવાળી કરી છે, તેથી દંપતી ધર્મો અદંપતી વિગેરે ધર્મ અર્થ કામ અને મોક્ષ માટે નિયમિત રચ્યાછે.

तान्प्रपाल्य परे लोके मोक्षगाः स्वर्गभागिनः ।
भवन्ति सर्ववर्गा वै वेदशास्त्रानुवर्तिनः ॥१०॥

માટે તે તેના ધર્મોને પાલે તો સ્વર્ગમાં અને મોક્ષમાં જઇ સુખી થાય, સર્વે વર્ગો વેદશાસ્ત્રની આમ્નામાં વરતીને પરલોકના ભાગી થાય છે.

नार्यः पतिव्रताः नैजं पतिं संसेव्य धर्मतः ।
पतिः पत्नीं सम्प्रसाद्य परलोकगतिर्भवेत् ॥११॥

નારી પતિવ્રતા ધર્મ વડે પતિને સેવીને, અને પતિ પત્નીને રાજીરાખીને પરલોકમાં સુખમયી ગતિવાળા થાય છે.

सर्वेषां पात्रता श्लाघ्या पात्रे सेवा सुखप्रदा ।
अपात्रे पतनात् सर्वं कृतं भवति विकृतम् ॥१२॥

તમામને પોતાની સ્થિતિની પાત્રતા પ્રશંસનીય છે, પાત્રમાંસેવા ઉપકાર દાન સાહાય્ય વિગેરે સુખદાયી થાય છે. અપાત્રમાં સેવાવિગેરે કરવાથી કરેલ પણ ન કરેલ હોય તેવી વિકૃતિને પકડે છે.

आत्मघातो न कर्तव्यः परात्महननं त्वपि ।
परांगच्छेदनं चापि देवार्थंहननं न च ॥१३॥

પોતાનો ઘાત કે બીજાના શરીરનો ઘાત ન કરવા, તથા દેવતાને માટે પણ કોઇનું હનન ન કરવું, તેમજ કોઈપણ દેહીના અંગછેદન ન કરવાં.

स्तेयं कुर्यान्न कुत्रापि द्यूतं नैवाऽऽचरेत् क्वचित् ।
कलंकं नैव दद्याच्च न निन्देत् सत्पथादिकम् ॥१४॥

કયાંઇપણ ચોરી નકરવી, જુગટું કયારેય રમવું નહિં, કોઇને કંલક ન દેવું, કોઇ સન્માર્ગ ને નિન્દવા નહિં.

देवस्थानेषु संविश्य दर्शनादि समाचरेत् ।
उत्कोचः कस्यचिन्नैव नेतव्यः कार्यकारिणा ॥१५॥

દેવમન્દિરોમાં જઈને દર્શન દંડવત નમન વિગેરે કરવાં, કોઇનું કામ કરવા માટે તેનાથી લાંચન લેવી.

कुसंगः सर्वथा त्याज्यः कापट्यपरवर्तिनाम् ।
क्लेशस्तु सर्वथा त्याज्यः क्लेशमूलानि चापिहि ॥१६॥

કપટિમાણસો ના બરાબ સંગન કરવા, કલેશ અને કલેશોના મૂલહેતુઓ પણ દૂરજ રાખવા.

नाऽवमान्या जनाः क्वापि कार्या सतां सुसंगतिः ।
दर्शनार्थं प्रगन्तव्यं उपहारपुरःसरम् ॥१७॥

જનોનું અપમાન ન કરવું સન્ત સંગતિ કરવી, દર્શનાર્થ જવું ત્યારે ભેટ લઇનેજ જવું.

भगवान् सेवनीयश्च पतिः सेव्यो गुरुस्तथा ।
भगवद्दर्शनं कार्यं साऽवधानतयाऽक्षतम् ॥१८॥

ભગવાન પતિ અને ગુરૂની સેવા કરવી, સાવધાનપણે અક્ષતપણે ભગવદ્દર્શન કરવું.

माला रक्ष्या जपार्थं वै शीलं रक्ष्यं सुखाप्तये ।
द्रव्यं रक्ष्यं प्रदानार्थं गृहं रक्ष्यं सुशान्तये ॥१९॥

જપ માટે માલા રાખવી, સુખી રહેવા શીલ વ્રતરાખવું, દાન અને વપરાશ માટે નાણું રાખવું, વિશ્રાન્તિમાટે ઘરબાર રાખવાં

सर्वं हर्यर्थमत्रस्यात् विरक्ताऽऽत्मनिवेदिनः ।
गुर्वर्पितं सदा सेव्यं स्वरूपं निजवैभवैः ॥२०॥

વિરકત આત્મનિવેદિભકતનાં તમામ કામકાજ ભગવાન વાસ્તેજ હોયછે, શ્રીહરિ શરણાગતિ મંડળ સન્તો ભકતોએ પોતાના વૈભવોવડે ગુરૂએ સમર્પિત એવા સ્વરૂપને સેવવું

वृद्धाय च प्रपूज्याय गुरवे हरये तथा ।
सम्मानः सम्प्रदातव्यो विनयोत्थानवाङ्मयैः ॥२१॥

વૃદ્ધ પૂજ્ય ગુરૂ શ્રીહરિકે રાજા વિગેરેને સન્માન આપવું, વિનયવડે ઉભાથઇને સારી-સ્વાગત વાણીવડે સન્માનવા.

सर्वदानैः प्रसेव्यो वै मूर्तिमान् श्रीहरिर्गुरुः ।
महतामपि सम्मानः कर्तव्यो न व्यतिक्रमः ॥२२॥

શ્રીહરિની મૂર્તિ ધારનારા ગુરૂદેવ સર્વેદાનો વડે સેવવા, મોટાઓના પણ સન્માન કરવા, સન્માનનો ભંગન કરવો.,

नियमाः सर्वदा पाल्याः कथानां करणं श्रुतिः ।
कीर्तनं च जपः पूजा स्तवनं च प्रदक्षिणम् ॥२३॥
दण्डवच्च प्रणामाश्च नैवेद्यंच फलार्पणम् ।
पुष्पाहारार्पणमारार्त्रिकं भक्तादिभोजनम् ॥२४॥

સદા આત્મકલ્યાણમાટે નિયમો પાળવા, તે–કથાકરવી સાંભળવી, કીર્તન કરવું, જપકરવો, પૂજાકરવી સ્તુતિબોલવી, પ્રદક્ષિણા કરવી, દંડવત પ્રણામ કરવા, નૈવેદ્ય ધરવું જલફલ અર્પવાં, પુષ્પહાર તુલસીપત્ર આરતી તથા ભક્ત સમૂહલોજનાદિ કરવા કરાવવા.

हरेर्मूर्तेः पूजनं च हरेश्चरणपूजनम् ।
हरेः कथाऽभ्यसनं च कर्तव्यं सर्वदा मुदा ॥२५॥

અનાદિ શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિનું પૂજન કરવું, તેમના ચરણકમલોનું પૂજનકરવું, તેમની ચિન્હકથાચરિત્રોનો અભ્યાસ કરવો, આબધૂં આનંદથી કરવું,

एकादश्याः शिवरात्र्या रामजन्मदिनस्य च ।
कृष्णजन्मदिनस्यापि श्वेतायनहरेस्तथा ॥२६॥
व्रतं सम्यक् प्रकर्तव्यं महोत्सवपुरोगमम् ।
यथायोग्यं प्रभोक्तव्यं फलाद्यं च पयस्तथा ॥२७॥

એકાદશી શિવરાત્રી રામજન્મદિન શ્રીકૃષ્ણજન્મદિન, શ્વેતાયનહરિ વ્યાસરૂપ દિન વિગેરેના વ્રત કરવાં તેમાં મહોત્સવો કરવા દુધ જલ ફલ હવિષ્યાન્ન યથાયોગ્ય ગ્રહણ કરવું.

अनादिश्रीकृष्णनारायणस्यापि प्रभोर्व्रतम् ।
आश्विनस्यकृष्णपक्षाऽष्टम्याः कर्तव्यमादरात् ॥२८॥

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા શ્રી બાલકૃષ્ણ પ્રભુનું વ્રત આશ્વિન કૃષ્ણાષ્ટમીમાં કરવું, ભગવાનને અન્નકૂટ ધરાવવા, ભક્તોએ પ્રસાદજમવા.,

तीर्थयात्राप्रकर्तव्या यथाशक्ति यथारुचि ।
शिवः सती गणेशोऽर्को विष्णुः पूज्या यथाश्रयम् ॥२९॥

શક્તિ અને રૂચિપ્રમાણે તીર્થયાત્રાઓ કરવી, શિવસતી ગણેશ સૂર્ય વિષ્ણુ એદેવોને આશ્રયપ્રમાણે પૂજવા,

प्रेतावेशक्षणे जप्यो मन्त्रो हनुमतो हरेः ।
नारायणस्य कवचं जपनीयं शमाऽवधिम् ॥३०॥

પ્રેતપિશાચડાકણી ભૂતોના વળગાડમાં હનુમન્મન્ત્ર તથા નારાયણ કવચ જપવા, વળગાડ જાય અને શાન્તિ થાય ત્યાં સુધી જપવા.

परब्रह्म सदा चास्ते ब्रह्मलोके स्वराट् प्रभुः ।
विशिष्टब्रह्माऽद्वैतः सः मायाजीवेश्वराऽन्वितः ॥३१॥

અનાદિ **શ્રીકૃષ્ણનારાયણ** શ્રી બાલકૃષ્ણપ્રભુ સોળવર્ષસમમૂર્તિ નિજબ્રહ્મલોકમાં સ્વરાટ પ્રભુ વ્યતિરેક સ્વતન્ત્ર મૂર્તિ વિરાજે છે તે શ્રીહરિ ઈશ્વરોમાં માયામાં અને જીવોમાં જડચેતન સર્વે માં કાયમ મળીને જ શરીરી એવા વિશિષ્ટ-યુકતજ રહયાછે, કોઇ પણ તત્ત્વમાં બ્રહ્મ તો છેજ અને બ્રહ્મમાં પરબ્રહ્મ રહયા છે, આવી રીતે તમામ સૃષ્ટિઓમાં જીવઇશ્વર અને માયામાં બ્રહ્મ અને બ્રહ્મમાં પરબ્રહ્મ એમ વિશિષ્ટ બ્રહ્માડદ્વૈત છે, આપણું શરીર માયા, માયામાં જીવ, જીવમાં બ્રહ્મસાક્ષી અને બ્રહ્મમાં પરબ્રહ્મ, એવી રીતે વૈરાજ શરીરમાં વૈરાજનારાયણ ઇશ્વર તેમાં બ્રહ્મ અને બ્રહ્મમાં પરબ્રહ્મ આમ-જડચેતન-માયાજીવ ઈશ્વર વિશિષ્ટબ્રહ્મ અને બ્રહ્મમાં પરબ્રહ્મ એકજ અદ્વૈત, રહયા છે, તે જડચેતન વિશિષ્ટ બ્રહ્માદ્વૈત અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ છે, સ્થૂલ સૂક્ષ્મ તમામમાં છે છે ને છે, અવા અનેક હોવા છતાં જોગા વિશેષણો સહિત વિશેષ્ય એકજ છે એમ વિશિષ્ટ બ્રહ્માદ્વૈત **એકમેવાડદ્વિતીયં બ્રહ્મ**, એ શ્રુતિએ કહેલ છે.

हरेर्वै शरणागत्या मोक्षो जीवेशयोर्भवेत् ।
भक्तिः प्रसन्नताहेतुर्ज्ञानं स्वरूपदर्शकम् ॥३२॥
अबन्धनं विरागेण मोक्षो धाम्नि हरेः पुरः ।
सेवा यथेष्टरूपैः सा प्रेमपूर्णरसान्विता ॥३३॥

શ્રીહરિની શરણાગતિ વડે જીવો અને ઇશ્વરો નો મોક્ષ થાય છે, ભકિત તે ભગવાનને રાજી કરવાનો હેતુ છે, જ્ઞાન તે ભગવાનના સ્વરૂપનું દર્શન કરાવવામાં હેતુ થાય છે, વૈરાગ્યવડે બંધનો તૂટે છે, ધામમાં શ્રીહરિના ચરણમાં નિવાસતે મોક્ષ છે, સેવા તે પ્રેમભરેલા રસ-ઝરણાવાળી, વિવિધ સ્વરૂપ રૂપ ધરી ધરીને ભગવાનને રાજી કરવા રૂપી ફળવાળી છે.

आत्मास्वश्चेतनश्चाऽस्ति सच्चिदानन्दसद्गुणी ।
अणुश्चहरिणा नैजं गृहं सम्मानितोऽन्तरे ॥३४॥
ज्ञानं ज्ञानी स्वय चान्त स्थितश्रीहरिसन्निभः ।
नित्ययोगात्सुसाकारो दृश्यो योगात्प्रकाशवान् ॥३५॥

परब्रह्म-ब्रह्मरूपो ज्ञानेच्छायत्नशान्तिमान् ।
धर्मादिभावनावांश्च सगुणोऽवस्थयाऽन्वितः ॥३६॥

આત્મા, પોતે ચેતન છે, જડને પ્રવર્તાવે તેવો છે, સત્સ્વરૂપ છે, ચિત્જ્ઞાન સ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, ચૈતન્ય જ્ઞાનવાન છે, આનંદ સુખવાન છે, નિત્ય તૃપ્તિ સંતોષ પ્રીતિ વિગેરે ગુણવાળો છે, તેની અંદર અણુમૂર્તિ સાકાર દિવ્યમૂર્તિ શ્રી હરિ નિજ ઘર માનીને વિરાજે છે, જ્ઞાન દ્રવ્ય વડે ભરેલો છે, જ્ઞાન સ્વરૂપ છે, અંદર વિરાજતા શ્રીહરિની મૂર્તિ સમ સારૂપ્ય મૂર્તિ માન એવો છે, સાકાર દિવ્ય શ્રી હરિના નિત્યયોગથી દિવ્ય સાકાર અને શ્રી હરિ જેવો યોગબળ વડે પ્રકાશવાન દર્શનીય સ્વરૂપ છે. પરબ્રહ્મ અને બ્રહ્મ સમાન રૂપ વાળો છે જ્ઞાન-ઇચ્છા પ્રયત્ન શાંતિ વાળો છે ધર્માદિ ભાવના વાળો છે, સગુણ છે, સુખાદિ અવસ્થાવાળો છે.

ऐश्वर्यसिद्धिमाँश्चास्ते ब्रह्मयोगच्च धामवत् ।
सेवको विद्यते स्वामिस्वरूपो नित्यसंस्थितः ॥३७॥

चेतनश्चैकतत्त्वात्मा भुंक्ते ब्रह्मगुणान् सदा ।
अत्र कर्मफलान्यत्ति धाम्नि प्राविर्भवद्गुणान् ॥३८॥

આત્મા, ઐશ્વર્ય અનેસિદ્ધિઓ વાળો છે, ધામમાં ધામની પેઠે ધામના ધામીના યોગથી સેવક છતાં સ્વામીના સ્વરૂપે સ્વરૂપવાન નિત્ય એક સ્વરૂપી સાકરના રસના નાળીએરની પેઠે એક ચેતન તત્વ જ્ઞાન દ્રવ્ય આત્મા છે, બ્રહ્મના ગુણોને ભોગવે છે, ધામમાં તેને બ્રહ્મ ગુણોનો પ્રાવિર્ભાવ થાય છે. આ સૃષ્ટિમાં તો કર્મફલોને પુણ્યાદિકને ભોગવે છે સુખાદિકને ભોગવે છે.

ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजांसि सर्वथा ।
आत्माऽयं हतपाप्मा चाविशोको विजरस्तथा ॥३९॥

विमृत्युरविजिघत्सोऽपिपासः सत्यकामन ।
सत्यसंकल्प इत्येव रूपेण स्वेन विद्यते ॥४०॥

સર્વ જ્ઞાનવાન, વિધારણાદિ શક્તિમાન, સર્વપ્રકારના બલવાન, અનંતૈશ્વર્યવાન, અખુટ વીર્યવાન, અતિ તેજવાન. સર્વરીતે આ આત્મા વર્તે છે. તેમાં માયા ચોંટેલી નથી અંધારારૂપી પાપ નથી, તેને શોક દુઃખ નથી, ગઢપણ વિકાર નથી, મરણ નાશ નથી, ભુખ કે તરસ નથી; સત્યકામનાવાળો છે, સત્ય સંકલ્પવાળો છે, ભગવાન સાથે નિજ સ્વરૂપે આવિર્ભૂત સાકાર મૂર્તિ છે.

ईश्वरास्तु विराडाद्याः प्रधानपुरुषान्तिमाः ।
ऐश्वर्यवन्तः सन्त्येवैश्वर्यघनाः सुमूर्तय ॥४१॥

सृष्टिसर्जनसामर्थ्या रक्षासंहारकारिणः ।
दिव्यास्ते भगवद्भक्ताप्ता हरेः सद्गुणशालिनः ॥४२॥

ઈશ્વરાત્માઓ હિરણ્યગર્ભ, વૈરાજપુરૂષ, મહાવિષ્ણુ, પ્રધાનપુરૂષ, ભૂમાપુરૂષ, મહાપુરૂષ, અનિરૂધ્ધ પ્રદ્યુમ્ન સંકર્ષણ આદિક સૃષ્ટિના નેતાઓ તે સચ્ચિદાનંદ છે, સાકાર છે, દિવ્ય છે, શુધ્ધ સત્ત્વમય મૂર્તિઓ છે ઐશ્વર્યધન સાકાર સદ્ગુણ સિદ્ધિવાળાઓ છે, અસંખ્ય શકિતઓ વાળા છે, સૃષ્ટિમાં સુકુટુમ્બીઓ છે. અને ધામમાં મોક્ષમાં ભગવત્સારૂપ્યમાં ભગવદ્ગુણોવાળા ભગવત્સ્વરૂપવાળા મુકતો છે, સેવા કરે છે, ભગવત્સ્વરૂપે સ્વરૂપાવિર્ભાવમાં નિષ્પન્ન છે.

जीवानां त्रिगुणी मायेश्वराणां सत्त्वधर्मिणी ।
तत्त्वरूपा जडा स्थूला चेतनेश्वरयोगिनी ॥४३॥

સત્ત્વ રજઃ તમ એવા ત્રણ ગુણોવાળી માયા તે જીવોના યોગવાળી છે, શુદ્ધ સત્ત્વધર્મ વાળી, તે ઈશ્વરોના યોગવાળી છે, માયા સ્વયં જડ તત્ત્વ છે રજોધના અંધકારધના છે, પણ ઈશ્વરોના આવેશવાળી હોવાથી જડચેતના છે ઈશ્વરોના યોગ વડે મહતત્ત્વ અહંકાર ચિત્ત મન શ્રોત્રત્વક ચક્ષુ રસના ઘ્રાણ વાક હાથ પગ પાયુ ઉપસ્થ શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ આકાશ અનિલ અનલ સલિલ અવનિ; રૂપે તત્ત્વાવસ્થામાં વર્તે છે, મૂળ માયાનો પતિ પુરૂષ છે, તે બન્ને પ્રકૃતિ પુરૂષ ગણાય છે, એકલો પુરૂષ, તે ભગવદિચ્છા વડે અને બ્રહ્મદ્વારા પ્રેરણા વડે તે મુકત માયાનો સ્વામી થઈને પ્રધાન પુરૂષો તથા મહતત્ત્વાદિકોને ઉપજાવે છે પ્રધાન પુરૂષો ઈશ્વરોની સૃષ્ટિઓને રચે છે, વૈરાજ પૂરૂષો બ્રહ્માદિકની સૃષ્ટિઓને રચે છે, જીવોમાં ઈશ્વરોમાં માયામાં મુકતોમાં તત્ત્વોમાં બ્રહ્મ સાક્ષી છે તે વ્યાપક છે, અને બ્રહ્મમમાં પરબ્રહ્મ રહ્યા છે, એક પરમાણુ પણ ખાલી નથી એવી રીતે મળેલાં તત્વો છે, તેમને વિશિષ્ટ તત્વો વર્ણવાય છે, તેમાં બ્રહ્મ છે અને બ્રહ્મમમાં પરબ્રહ્મ છે, આવા વિશિષ્ટ બ્રહ્મમાં અદ્વૈત એકજ બે નહીં એવા ભગવાન રહ્યા છે. મોક્ષમાં ધામમાં સર્વે બ્રહ્મમૂર્તિઓ મુકતો છે, અને માયા નિજ સ્વામીમાં લીન આત્મશકિત સૂક્ષ્મ રહી જાય છે. સૃષ્ટિ થાય ત્યારે વિષમ સ્વરૂપે બાહેર આવે છે અને સર્જન આદરે છે.

मुक्ता ब्रह्मस्वरूपाश्च परमात्मनिभाः सदा ।
सर्वथा षोडशवर्षा दिव्याः स्वामिस्वरूपिणः ॥४४॥
यथेष्टरूपधर्तारः सेवकाः श्रीहरेः पुरः ।
प्रत्यक्षदृष्टयः सर्वे सच्चिदानंदमूर्तयः ॥४५॥

મુકતજનો બ્રહ્મ સ્વરૂપછે, પરમેશ્વર એવા શ્રીહરિને સ્વરૂપે છે, સદા સોળ વર્ષના ભરપૂર ભરાવવાળા દિવ્ય તેજસ્વીઓ છે, નિજસ્વામિસમાન સુરૂપ સારૂપ્યવાળા છે ભગવાનની ઇચ્છાલેળી પોતાની ઈચ્છાવડે સેવક સેવિકાના અનેક સ્વરૂપ ધારીને સેવાકરનારા છે ભગવાન-

સુખે અને બ્રહ્મસુખે તથા નિજ આનન્દે સુખીયાછે. તે બધા તેજોઘન મૂર્તિઓ છે, બ્રહ્મસમાન ઐશ્વર્ય વાળા છે, સચ્ચિદાનન્દ છે, સર્વ પ્રત્યક્ષદર્શીઓ છે.

ब्रह्माऽक्षरं सदा द्वेधा चैकं सदपि चेच्छया ।
स्वामिसेवापरं साक्षात् हरेः सारूप्यवर्तनम् ॥४६॥

प्रकाशात्म द्वितीयं यत् धाम चाक्षरमुज्ज्वलम् ।
सर्वप्रकाशकं व्याप्तं व्यापकं तत्त्ववर्ति च ॥४७॥

चिदाकाशः स वै प्रोक्तो ब्रह्मलोको ह्यसीमकः ।
सर्वं ब्रह्मात्मकं तस्मात् भूम तत्त्वं प्रतिष्ठते ॥४८॥

सच्चिदानन्दचित्तत्त्वं सर्वाधारं समन्वितम् ।
प्रकाशघनमित्युक्तं प्रकाशः श्रीहरेर्हि सः ॥४९॥

બ્રહતત્ત્વ બે સ્વરૂપે કાયમી છે, પોતે એકજ બે સ્વરૂપે ભગવાનની ઇચ્છાવડે સેવા અને આધાર એમ બે માટે વર્તે છે, સ્વામીએવા શ્રીહરિની સેવામાં શ્રીહરિસમાન સુરૂપ સોળ વર્ષની મૂર્તિ વર્તે છે. અને તેનું બીજું સ્વરૂપ પ્રકાશ ધામ સર્વાધાર વ્યાપક છે, તે ઉજ્જવલ અક્ષર બ્રહ્મલોક છે સર્વને પ્રકાશિતકરે છે, સર્વત્ર વ્યાપક છે, ભગવાનના વ્યાપ્ય છે, બધા તત્ત્વોમાં વરતે છે, તે ચિદાકાશ દિવ્યાકાશ બ્રહ્માકાશ બ્રહ્મલોક અસીમ છે સર્વત્ર છે માટે સર્વે બ્રહ્મમાત્મક એમ વર્ણવાય છે, ભૂમ–તત્ત્વ તે છે સચ્ચિદાનન્દ ચેતન તત્ત્વ છે, સર્વનું આધાર છે, સર્વમાં અન્વિત છે, પ્રકાશઘન મૂર્તિ અને પ્રકાશઘન વ્યાપક એમ રહે છે, તે શ્રીહરિની મૂર્તિનું સમસ્તતેજ બ્રહ્મ અક્ષર ધામરૂપે અને સેવકસ્વરૂપે છે,

अनादिश्रीकृष्णनारायणः स्वामी पतिः प्रभुः ।
दिव्यमूर्तिः स्वयं साक्षादानन्दघन उत्तमः ॥५०॥

सर्वोपास्यः षोडशाब्दमूर्तिः प्राणपतिः सहि ।
सर्वावतारधर्ता सोऽवतार्यत्र च तत्र च ॥५१॥

भजनीयः पूजनीयो ध्यातव्यः सेव्य एव सः ।
सर्वात्माचाऽन्वयी साक्षात् स्वराट् चापि परेश्वरः ॥५२॥

प्रापणीयः परे धाम्न्यक्षरे मुक्तादिसेवितः ।
भूषावेषोपकरणैश्चिन्हैर्गुणादिशक्तिभिः ॥५३॥

ऐश्वर्यैश्चापि सामर्थ्यैः सर्वैः मुक्तैः प्रसादितः ।
पतिभावेन भगवान् रन्तव्यः स्त्रीनरादिभिः ॥५४॥

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન સર્વસ્વામી સર્વપતિ એવા પ્રભુ છે, સ્વયં મુકતોને અને ભકતોને પ્રત્યક્ષ એવા આનન્દઘન દિવ્યમૂર્તિછે, સર્વોપાસ્ય સોળવર્ષની મૂર્તિ છે, તે ઉત્તમ પ્રાણપતિ છે, તે સર્વ અવતારોનાધર્તા છે અવતારી ભગવાનછે, તે આંહી ભૂમંડળમાં અને ધામમાં પણ તે એકજ છે, ભજવા યોગ્ય પૂજવાયોગ્ય ધ્યાન કરવા યોગ્ય સેવવા યોગ્ય તે છે, તે સર્વાત્મા છે, સર્વેમાં અન્વયીતે છે, સ્વરાટ રાજાધિરાજ સાક્ષાત્ દર્શનીય છે, તે પરમેશ્વર અવતારી છે, અક્ષરધામમાં મુકતોએ સેવેલા છે, તે પરમાડક્ષરધામમાં આપણે પામવાયોગ્ય છે, તેમના આભૂષણો વેષો સાધનો ચિન્હો ગુણો ઐશ્વર્યો સામર્થ્યો શકિતઓ વિગેરે મૂર્તિમાન મુકત સ્વરૂપે થઇ શ્રીહરિને સેવેછે, મુકતો વડે તે સેવાએલા છે, ત્યાં મુકત મુકતાનિકાઓએ સેવેલા છે તેજ શ્રીહરિ ભગવાન આંહિ પણ છે, તે ભગવાન સર્વત્ર નર નારીઓએ પતિભાવે સખીભાવે સ્વામીભાવે સેવવા યોગ્ય સ્વતંત્ર પુરૂષોત્તમ છે,

स्वास्थ्ये धर्माः सुकुशला अस्वास्थ्ये रक्षणं यथा ।
स्वस्याऽन्येषां भवेत् यैश्च ते धर्मास्तत्र सत्कृताः ॥५५॥

સારી સ્થિતિમાં માણસ બધાધર્મો સાંચવી શકે, કફોડી સ્થિતિમાં તો જેવડે પોતાનું રક્ષણ થાય તે ધર્મોગણાય પોતાના અને પારકા સ્વાસ્થ્યો જે વડે સંચવાય તેઓને ધર્મો અપનાવી લેવાય.

स्वल्पव्ययेन निर्वाह्यं न कार्यं तु ऋणं वृथा ।
कामनाकारितं गर्ह्यं नाऽऽचर्यं हि विवेकिना ॥५६॥

સ્વલ્પ વ્યય વડે નભવું, પણ કરજ ન કરવું, કામનાઓના વેગમાં વિવેકિજને નિન્દ્ય કાર્ય ન આચરવું.

कुटुम्बिन्या समं क्वापि रहस्ये स्थेयमेव न ।
धनाऽन्नवारिसातत्यं तृणाद्यं रक्षयेत् तथा ॥५७॥

સ્વકુટુંબી નારીઓ સાથે એકાંતમાં ન રોકાવું, ધન અનાજ જલ બળતણ કડબ વિગેરે-નો જથ્થો રાખવો,

व्यवहारः प्रदानाऽऽदानयोः कार्यः सुसाक्षिकः ।
विवाहादिकसम्बन्धो द्रव्यं चेत्यादि तत्तथा ॥५८॥

દેવા લેવાના વ્યવહારો, તથા વિવાહાદિકના સંબંધવાળા સર્વે વ્યવહારો, દ્રવ્ય આદિ આદિ લેવડ દેવડમાં સાક્ષિ રાખીને કરવાં.

आयव्ययौ सदा लेख्यौ, कृष्णे देयं दशाऽधिकम् ।
व्रतोद्यापनकार्याणि कर्तव्यानि यथाक्षणे ॥૬૯॥

આવક જાવક લખવી, દશાંશથી ઉપરના ભાગ શ્રીકૃષ્ણ નારાયણ માટે વાપરવા. વ્રતોની ઉજવણીઓ સમય પ્રમાણે કરવી કરાવવી.

कर्मकारिजनेभ्यस्तु देयंनिर्णीतमेव यत् ।
उत्सवेषु यथाशक्ति देयं द्रव्यादिकं स्वकम् ॥૬૦॥

કામ કરનારાઓને મહેનતાણું કહ્યું હોય તે પ્રમાણે આપવું, મહોત્સવોમાં પોતાના ધન ધાન્ય વસ્ત્ર વાહનાદિક આપવાં.

सत्ताधीशैः प्रजाः पाल्याः पुत्रवच्च निजाश्रिताः ।
अनाधारैर्निजं रक्ष्यं जीवनं जीविकादिभिः ॥૬૧॥

સત્તાવાળાઓએ પ્રજાને, નિજાશ્રિત માનવાદિકને, પુત્રની પેઠે પાલવા, નિરાધારોએ પોતાનું જીવન રક્ષણ થાય તેમ જીવીકાઓ વડે વરતવું.

अनाथाभिश्च नारीभिर्जीवनं धर्मतो यथा ।
निर्वाहितं भवेत् वृत्यं तथा न निन्द्यकर्मणा ॥૬૨॥

અનાથ સ્ત્રીઓએ ધર્મથી જીવન નિર્વાહ કરવો, પણ નિંદ્ય કર્મ વડે નિર્વાહ ન કરવો.

द्रष्टव्यं न मनःक्षोमकरं चक्षुर्जयो हि सः ।
मन्तव्यं विपरीतं न विकृतं मानसो जयः ॥૬૩॥

न रस्यं रसयितव्यं रसनाया जयो हि सः ।
काम्यं न कामयितव्यं कामस्य विजयः स हि ॥૬૪॥

अन्ये जयास्तु सरला मोक्षभाजां सतां पुनः ।
यथाकथञ्चिन्निर्वाहः सर्वेन्द्रियजयो हि सः ॥૬૫॥

દેખ્યું પણ મનને ક્ષોભ ન કરે તો ચક્ષુનો જય જાણવો,
મનનમાં લીધું પણ વિપરીત વિકાર ન કરે તો માનસજય જાણવો.
રસદ્વાર ચાખ્યું પણ રસાલતા ન જણાણી તો રસના જીતિ જાણવી.
કામના સાંભરી પણ ભોગવૃતિ ન થઇ તો કામ જીત્યો જાણવો,

બીજા ઘ્રાણ સ્પર્શના વિજય તો સહેલા છે, તે તેમાં મોક્ષભાગી હોય તો તે આત્મા સંત જ હોય, નિર્વાહ પૂરતોજ વ્યવહાર હોય તો તે સર્વે ઇન્દ્રિયોનો જય જાણવો, ઉદાસ થઇ જાય તો જગત જીત્યું જાણવું.

निर्वासनश्च निःस्नेहो भक्तात्मा जयवान् भवेत् ।
मुक्तात्मा धामवास्यत्र हर्यर्थे सर्व सत्क्रियः ॥६६॥

વાસના રહિત, જગતમાં સ્નેહરહિત, ભગવાનમાં ભક્તિ પરાયણ, તે વિજય વાળો જ છે, તે નિર્બન્ધન છે મુકતાત્મા છે, આંહીજ ધામવાસી છે, શ્રીહરિને માટે જ સર્વ સત્ક્રિય છે.

अहन्तामता त्याज्या त्याज्या विषयवृत्तिता ।
त्याज्यं ग्राम्यसुखं ग्राह्यं सुखं श्रीहरिमूर्तिजम् ॥६७॥

ભક્ત જને અહંકાર મમકાર તજવા, વિષય તરીકે વસ્તુ વૃત્તિ તજવી, શારીર સુખ તજવું, શ્રીહરિનીમૂર્તિનું સુખ લેવું.

धर्मशाला मन्दिराणि स्वन्नसत्राणि कारयेत् ।
औषधानां व्यवस्थादि जलयोगान् तरुस्थलीः ॥६८॥

आश्रयान् कारयेत् दैवान् ज्ञानशालाः प्रकारयेत् ।
विद्यालयान् रचयेच्च ग्रन्थान् राजा धनिप्रजाः ॥६९॥

રાજા અને ધનવાળાઓએ ધર્મશાલાઓ મંદિરો સારાં અન્ન ક્ષેત્રો કરાવવાં, ઔષધની વ્યવસ્થાઓ, જલની વ્યવસ્થાઓ વૃક્ષોની છાયાંઓ વિશ્રાંતિના આશ્રયો, દેવપ્રતિષ્ઠાઓ, યજ્ઞ-શાલાઓ, ભણતરની પાઠશાલાઓ, વિદ્યાલયો અને ગ્રંથો રચાવવા.

गृहे गृहे गृहधर्मान् त्यागधर्मान् विरागवान् ।
साधुधर्मान् यतिः साधुः पालयेत्तु विशेषतः ॥७०॥

ગૃહી ઘરમાં રહીને ગૃહધર્મોને સાત્વિક રીતે પાળે વૈરાગ્યવાન ત્યાગધર્મોને પણ સાત્વિકરીતે પાળે યતિ સન્ત સાધુધર્મોને શાન્તિપ્રદ એવા પાળે, તેમાં તામસભાવ ન આવે એ વિશેષતા ઉપર ધ્યાન રાખવું,

सधवा पतिधर्मान् स्वान् विधवा तु हरेर्वषान् ।
विद्याधर्मान् कुमारी च पालयेत् तु विशेषतः ।।७१।।

पत्याज्ञाः पतिधर्मास्ते हर्याज्ञास्तु हरेर्वृषाः
गुर्वाज्ञाज्ञानसम्बन्धा विद्याधर्मा मता हि ते ॥७२॥

સધવા પોતાના પતિના લગતા ધર્મો પાળે, વિધવા તો ભગવાનના ધર્મો પાલે, કુમારિકા વિદ્યાના ધર્મો પાલે, તે તે વિશેષ પણે આસ ઉપયોગી હો તેવા પાળે, પતિની આજ્ઞાઓ તે પતિ ધર્મો ગણાય, શ્રીહરીની આજ્ઞાઓ તે શ્રીહરિના ધર્મો ગણાય, ગુરવાણીની આજ્ઞાઓ તે વિદ્યાધર્મો ગણાય, અને જ્ઞાન આપનારા ધર્મો તે સર્વ સમ્મત પણ ગણાય.

इति श्री श्वेतायनव्यासस्मृतौ मानवविशेषधर्मात्मकश्चतुर्थोऽध्यायः ॥४॥

॥ पंचमोऽध्यायः ॥

दत्तं दानेन वै ग्राह्यं भवेत् सर्वोपकारि यत् ।
अन्नं जलं च द्विदला शाकं भाजी घृतादिकम् ॥१॥
वेषवारं जीरकाद्यं ग्राह्यं रासायनीकृते ।
पात्राणि दुग्धदध्यादि तैलं क्षारं हरिद्रिका ॥२॥
शुण्ठी मरीचकं चार्द्रकादि कौथुमिकादिकम् ।
राजिका कन्दमूलाद्यं पत्रं पुष्पं फलादि च ॥३॥
ग्राह्यं दत्तं केनचित्तत् पावनं प्रोक्षणादिभिः ।
तक्रं च नवनीतादि मध्वाद्यं भोज्यसंगतम् ॥४॥

પવિત્ર ચીજો દાનમાં આપેલ લઇ લેવી, બધાને જમણમાં ઉપકારી થાય તે લેવાય, અન્નપિષ્ટ જલ તુવેર મગઅડદ શાક ભાજી ઘી મશાલો જીરૂ તજ લવિંગ મેથી રાઇ આદિ રસોઇ માટે ગ્રહણ કરવાં પાત્ર દુધ દહીં તેલ લવણ હળદર શૂંઠ મરચાં આદુ કોથમી રાઇ-કંદ મૂળ પાન પુષ્પ ફલ મોર છાશ માખણ મધ સાકર, ગોળ ખાંડ આદિક જે પાવન અને ભોજનમાં ઉપયુકત એવા પદાર્થો ગ્રહણ કરી લેવા, દાન આપે તો લેવાં, પ્રોક્ષણવડે પાવન ગણાય છે.

दीपो यानं गृहं धान्यं कणाः शय्याऽम्बराणि च ।
सुवर्णं भूमिका वेश्म रूप्य ताम्रादि कञ्चुकम् ॥५॥
कम्बलादि सुखट्वादि वृत्ती मार्जनिका घटाः
स्थाल्यो रक्षणपात्राणि कलशाश्चमसादि च ॥६॥
भूवारिवायुयानानि गौरजा महिषी करी ।
अश्वा वृषभाः कुसुला मञ्जुषा पेटिका कुशाः ॥७॥

धानागन्धाश्च मणयो भूषाऽऽच्छादनमौक्तिकाः ।
गृह्णीयात्पावनान्येतान्यात्मनः साधनानि यत् ॥८॥

દીપ, યાન, ઘર, ધાન્ય, કણ, શય્યા, અમ્બર, સુવર્ણ, ભૂમિ, ધરા, રૂપું, ત્રાંબુ, પિત્તળ, અંગરખી કડીયું, પાઘડી, કમ્બલ રજાઇ, પલંગ, ખૂરશી, ટેબલ, સાવરણી, ઘટ, થાળી તપેલી ડબરા વાટકા, કળશા, ચમચા, તાવેથી, ડવલા, ભૂમિયાન શકટ, જલયાન વહાણ, વાયુયાન વિમાન. ગૌ, બકરી ભેંસ, હાથી, અશ્વ , પેાઠિયેા કેાઠી, પેટીપટારેા દર્ભ, ધાણા, ગન્ધ સુગન્ધ, મણી મેાતી, આભૂષણ પછેડી સાડી ઓઢણાં, પારા, માળા, કંઠી આદિઆદિક જે પેાતાને સાધનેાની જરૂરત હેાય તેવા પાવન પદાર્થો જરૂર દાતાર પાંસેથી લેવા.

एवं जनतासापेक्षो जनताशीःपरायणः ।
जनतार्थसहायश्च जनः स्वर्गं प्रविन्दति ॥९॥

वृद्धानां सेवको नित्यं पशुपक्ष्यादिपोषकः ।
बालाऽनाथनिराशानां पोष्टा स्वर्गं प्रविन्दति ॥१०॥

संविभज्य प्रदाता यो मिष्टवाक् गृहरक्षकः ।
नार्याशीर्वादसंलब्धा न्यायी स्वर्गं प्रविन्दति ॥११॥

એવી રીતે જનતા સાથે સાપેક્ષજીવી, જનસમાજના આશીર્વાદ પરાયણ, જનતા માટે પ્રયેાજન અને સહાય લેનાર, માનવ જરૂર સ્વર્ગ મેળવે છે, નિત્ય વૃદ્ધોનેા સેવક, નિજ પશુ પક્ષીના પેાષણ કરનાર, બાળક અનાથ અનાશ્રિત નિરાશીનેા પેાષક આધારરૂપ, જરૂર સ્વર્ગ મેળવે છે, વિભાગ કરીને વાપરનાર આપનાર, મિષ્ટ બેાલનાર, ઘરનું રક્ષણ કરનાર, નારીવર્ગનાં આશીર્વાદ લેનાર, ન્યાયવાળેા, જરૂર સ્વર્ગને મેળવે છે.

अचौरोऽजिह्म आस्थावान् देवादौ धर्मवृत्तिमान् ।
सत्स्वधर्मावनस्थाता सुदारः स्वर्गमृच्छति ॥१२॥

लोककल्याणकृत् नम्रः सर्वाश्रयसुमानदः ।
निर्मानः सद्गुणाढ्यश्च ब्राह्मः स्वर्गं प्रविन्दति ॥१३॥

शालावाटीतडागादिनदीनदनलादिकृत् ।
ग्रामादीनामुपकर्ता रक्षकः स्वर्गमृच्छति ॥१४॥

सीमरक्षाकरो रुग्णदयावान् परदुःखहृत् ।
सर्वेषां स्वागते मग्नः सुश्रद्धः स्वर्गमृच्छति ॥१५॥

કુટિલતા ચૌર્યાદિરહિત, સંકુચિત વૃત્તિરહિત, દેવોની અદૃષ્ય તત્ત્વોની આસ્થાવાળો, ધર્મ તરફજ ઢાળવાળો, સાત્ત્વિક ધર્મોના રક્ષણપ્રરક, ઉદાર માનવ, તે સ્વર્ગમાં જાય છે. લોકોના કલ્યાણ કરનારો, વિનીત, સર્વેને આશ્રય આપનાર, સર્વેને આવકાર આપનાર, માન આપનાર, નિર્માની વૃત્તિવાળો, સારા સદ્ગુણોવાળો; બ્રહ્મ સંબંધવાળો, તે સ્વર્ગ મેળવે છે. ઉપકારક શાલાઓ કરાવનારો, વાડી ક્ષેત્ર બગીચા તળાવ નદી નદ નાલિકા રચાવનારો, નલ-જલ આપનારો, ગ્રામ નગરનો ઉપકારક, અને રક્ષક, તેવો માનવ સ્વર્ગને પામે છે, સીમ સીમાડો જમીનો ગૌચર બીડ ઘાર ઘાસસ્થળીઓનો રક્ષક, રોગી અને અપંગને દયાવડે આધારરૂપ પરદુઃખ હરનાર, બધાને સ્વાગત વડે પ્રસન્ન કરનારો, શ્રદ્ધાવાળો, એવો માનવ સ્વર્ગ મેળવે છે.

अनीर्ष्युरनसूयश्चाऽद्वेष्टा भङ्गीविरक्तिमान् ।
शुद्धदृष्टिः शुद्धहस्तः शुद्धपादः स्वराधिकृत् ॥१६॥

ઇર્ષ્યાદિ દોષરહિત, અસૂયાદિ રહિત, દ્વેષરહિત, ભાંગફોડમાં ન ભળે તેવો, આંખ્ય, હાથ, પગ, જેના અકર્મ નથી કરતા, એવો માનવ સ્વર્ગાધિકારી છે

यो नित्यमभियातानां विश्वास्योऽभयदः पुरः ।
अत्रासदोऽकम्पदश्चाऽऽश्वासनाऽर्हणमानदः ॥१७॥

इष्टकृत् न्यायदश्चाप्यभिगम्योऽशंकया सदा ।
प्रसन्नहृदयो ध्येये ध्यानदो निर्णयादिकृत् ॥१८॥

बहूनामभिमन्तव्ये मतदो न तिरस्करः
मतिदः समकक्षायां वर्तमानो महानपि ॥१९॥

तुष्टिकृत् चातिकर्तव्ये योऽस्ति साहाय्यदः शुचिः ।
निश्चित परिवृत्त्याऽपि बहुमान्यः स्वरेति हि ॥२०॥

નિત્ય પોતાની સમીપે આવનારાઓને વિશ્વાસ કરવા યોગ્ય, જેનાથી ભય ન ઉપજે તેવો; ત્રાસ ન ઉપજે તેવો, આશ્વાસન આપનારો, માન સત્કાર આપનારો, આવનારનું ઇષ્ટ કરી દેનારો, ન્યાય આપનારો, શંકારહિતપણે પાંસે જવા લાયક હોય તેવો, પ્રસન્ન હૃદયવાલો, ધ્યેયમાં ધ્યાન આપે તેવો, નિર્ણય લાવનારો, બહુજનોએ સંમત કરેલમાં ભળે તેવો, તિરસ્કાર ન કરે તેવો, મતિસૂઝ આપનારો, મોટો હોય પણ આવનારની સમકક્ષામાં વર્તનારો, મોટા કે ઉગ્ર કર્તવ્યમાં સંતોષ થાય તેવું ચીંધનારો, શુદ્ધ રીતે સહાય કરનારો, નકકી કરેલને પણ બહુમતે પરિવર્તન કરે તેવો શુદ્ધિવાળો; બહુમાન્ય માનવ તે જરૂર સ્વર્ગને પામે છે.

आपत्काले तु यो बन्धुर्निर्धने भ्रातृवत्कृतिः ।
पराभूते बलदश्च जीवनाद्युपकारकः ॥२१॥

महाव्यये प्रसंगादावुत्तमावसरेऽनुगः ।
मत्वा स्वीयं पूरकश्च विघ्नादीनां प्रशामकः ॥२२॥

बहुनां कटुवाचां यः सोढा दुर्मानसंपिबः ।
सर्वसहः सर्वरंजयिता सर्वात्मवर्तनः ॥२३॥

सर्वप्रसादपात्रं यो ब्रह्मदृष्टिपरायणः ।
देशानां विप्लवे प्रेतश्मशाने चैकलस्थितौ ॥२४॥

दुष्काले परकृद्बाधे त्यक्ते रिक्ते कुटुम्बिनि ।
स्वात्मवत् रक्षको यः स्यात् स स्वर्गमधिरोहति ॥२५॥

આપત્કાળમાં બંધુ તરીકે ઉપયોગી, નિર્ધનમાં ભાઈની સમાન વર્તનાર, પરાભૂતિમાં બલ દેનાર, જીવનમાં ઉપકારક, મોટા ખર્ચાળ પ્રસંગમય અવસરમાં અનુગામી, પોતાનું માનીને પૂરું કરનાર, વિઘ્નોનો ટાળનાર, ઘણાની કટુવાણીને સહન કરનાર, અપમાનને પીઈ જનાર, સર્વ સહનાર, સર્વને રાજી કરનાર, સર્વમાં નિજવત જોનાર, વર્તનાર, સર્વની પ્રસન્નતાનો પાત્ર, બ્રહ્મદૃષ્ટિ પરાયણ, દેશના ભંગાણમાં તથા પ્રેતોના સ્મશાનમાં તથા ભયસ્થલમાં, દુષ્કાળમાં, બીજાથી પીડાતા જનોમાં, તજેલ, લુંટેલ, કુટુંબિમાં, સ્વાત્મવત જે રક્ષણ કરનારો થાય છે તે માનવ સ્વર્ગમાં જનારો થાય છે.

स्वर्गे देवाश्च देव्यश्च पुण्यं नैजं प्रभुञ्जते ।
अत्र पुण्यधनो याति स्वर्गं पुण्यधनेन वै ॥२६॥

एते धर्मा विशेषा यश्चरत्येतान् हरावपि ।
स वै भागवतो भूत्वा ब्रह्मलोके महीयते ॥२७॥

સ્વર્ગમાં દેવો દેવીઓ પોતાના પુણ્યોને ભોગવે છે, આંહી જે પુણ્યધનવાળો હોય તે પુણ્યધન વડે સ્વર્ગમાં જાય છે, આ ધર્મો વિશેષપણે કહ્યા છે, તેને ભગવાનમાં અર્પીને આચરનાર તો ભાગવત ભકત થઈને બ્રહ્મલોકમાં આનંદ કરનારો મહાન મુકત થાય છે.

विप्रैरध्यापनीया वै वेदाः शास्त्राणि सर्वथा ।
वेदांगानि तथा राज्यकृतशास्त्राणि नित्यदा ॥२८॥

जीविका येन संरक्ष्या भवेत् केनापि कर्मणा ।
तत्तु युगानुसारेण कर्तव्यं क्षेममिच्छता ॥२९॥

देवास्तीर्थानि शास्त्राणि मन्दिराणि वृषास्तथा ।
रक्षणीयाः प्रसेव्याश्च विप्रैर्द्विजानुचारिभिः ॥३०॥

વિપ્રોએ વેદ શાસ્ત્રો વેદાંગો તથા રાજ્યશાસ્ત્રો ભણાવવા. જે કોઇ કામકાજ ઉદ્યમ વડે નિજ જીવિકા નિર્વાહ થાય તેવા કામકાજે યુગને અનુસારે નિજ ક્ષેમ રક્ષણ માટે કરવાં. દેવતાઓ તીર્થો શાસ્ત્રો મંદિરો ધર્મો દ્વિજોમાં હળીમળીને રક્ષણ કરવા અને સેવવા.

अपि क्षत्त्रैःप्रकर्तव्या रक्षा यज्ञाः प्रजाक्रिया. ।
मानवानां पशूनां च पक्षिणां प्राणधारिणाम् ॥३१॥

यज्ञोया देवता प्रोक्ताः शरण्याः क्षत्त्रिया मताः ।
दानीश्वरा विशः प्रोक्तास्तदन्ये सेवका मताः ॥३२॥

भिक्षुकाः साधवः प्रोक्ता लुण्टकाश्चौरजातय. ।
उदारा ईश्वराः प्रोक्ताः प्रमदाः क्षितयो मताः ॥३३॥

षण्ढा व्यंगा विचित्ताश्च विवासाः पशवो मताः ।
सर्वेषां प्राणयात्राऽस्ति वैश्याधारा विशः प्रियाः ॥३४॥

ક્ષત્રિયોએ પ્રજાઓના કામકાજ ઉદ્યમો નિભાવવા સાંચવવા અને વધારવા, યજ્ઞો કરાવવા અને નિભાવવા કામકાજમાં પ્રજાને ટેકા આપવા, માનવ પશુ પક્ષી પ્રાણધારી કીટ પતંગ વિગેરેની રક્ષાઓ કરવી, શરણાગતની રક્ષા કરવી, યજ્ઞો વડે રાજી થાય તે દેવો કહેવાય, શરણાગતની રક્ષા કરનારા ક્ષત્રિયો ગણાય, અન્નધનના દાનેશ્વરો વૈશ્યો ગણાય, કામકાજ મજૂરી કરનારા સેવકો ભૃત્યો ગણાય, ભિક્ષુકો બધા સંત સાધુઓ ગણાય, લુંટે આંચકે તે ચોરજાતિ કહેવાય, ઉદારતા રાખે તે ઇશ્વરો ગણાય, પ્રમદાઓ તમામ ભૂમિક્ષેત્ર ગણાય, ષંઢ વ્યંગ ગાંડા રખડુઓ બધા પશુઓ ગણાય, સર્વેની પ્રાણયાત્રા વૈશ્યને આધારે છે માટે વૈશ્યવર્ગ તમામનો પ્રાણવર્ગ છે.

सेवा दास्य भृत्यता च शिष्यता चोपकारिता ।
दिवावेतनिका कर्ममूल्यं भारादिवाहिता ॥३५॥

अनुष्ठानं सीमरक्षा नगर्युत्करहारिता ।
एवं भवन्ति दासानां कर्माणि निम्नवर्गिणाम् ॥३६॥

निजकर्मप्रसक्तानां परमेशमनोवताम् ।
न्यायंजुषां भवेत् स्वर्गे धर्मबुद्धयाऽनुकर्मिणाम् ॥३७॥

भक्त्या सतां भगवतस्तीर्थानां सेवनेन च ।
दीक्षां भागवतीं लब्ध्वा यान्ति ते ब्रह्म शाश्वतम् ॥३८॥

સેવા, દાસતા, ભૃત્યતા, શિષ્યતા, ઉપકારિતા, દિવસેમજુરિતા, કર્મકારિતા, ભારવાહિતા, અનુષ્ઠાનવત્તા, સીમરક્ષિતા, નગરીસાફસુફીમત્તા, આવી રીતે ગરીબવર્ગને નોકરી માયલાં કર્મો હોય છે. તેઓ પોતાના કર્મ કરતા રહે, પરમેશ્વર બુદ્ધિ વડે નિભાવ કરે, ન્યાયનીતિ વડે વરતે, ધર્મબુદ્ધિ વડે અનુચરપણું સાંચવે, તો તેઓ સ્વર્ગગામિ થાય છે. અને તેઓ ભકિત વડે ભગવાન તથા સંતની સેવા કરે, ભાગવતી દીક્ષા લ્યે, તો જરૂર સનાતન બ્રહ્મને પામે છે.

पशूनां शवहारा ये श्मशानादिप्ररक्षिणः ।
चर्मोपानद्विधातारो मलकचरहारका. ॥३९॥

ढक्काविपञ्चीमुरजाऽऽनकभेर्यादिवादकाः ।
तन्त्रीझर्झरडिन्डिमगोमुखादिप्रवादकाः ॥४०॥

गालप्रवादका नृत्यहास्यविलासतालिनः ।
भ्रुकुंसाः प्रमदावेषा भाण्डा भवायना नटाः ॥४१॥

कांस्यमृदंगतुम्बुराऽऽवादकाः शस्त्रखेलका ।
कुतूहलपरा लोका नीत्या स्वर्गाधिरोहिणः ॥४२॥

પશુઓના શબ લઈ જનારા, સ્મશાનભૂમિના રક્ષક, ચામડાના સાધનો બનાવનારા, કચરા મલ હરનારા (૩૯) ડમરુ વિપંચી મુરજ ઢોલનગારૂં વગાડનારા, તંત્રી ઝાંઝ મોટા ઢોલ ઝીંગલ વગાડનારા, ગાલ સાથળ બાહુ વગાડનારા, નૃત્ય હાસ્ય વિલાસ તાલ કરનારા, નેણ ઉછાલનારા, નારી વેષ ધારનારા ભાંડભવાયા નટ, તથા કાંસીયા ઢોલકાં મયુર તંબુરા આદિ વગાડનારા, શસ્ત્રો વડે ખેલ કરનારા તથા દેખાડનારા, કૌતુક રચનારા, આવા લોકો પણ નીતિ ધર્મવાલા હોય તો, સ્વર્ગમાં જનારા છે.

अपि लोके दुराचारा भजन्ते परमेश्वरम् ।
अनन्यभाजस्ते सन्तो भूत्वा ब्रह्म प्रयान्ति ते ॥४३॥

मलिना मलिनाचारा मद्भक्ता मत्समर्पणाः ।
मद्योगात्ते हि मां यान्त्यनादिकृष्णनरायणम् ॥४४॥

अन्तिमं मानवं जन्म मत्प्राप्त्यर्थं मया कृतम् ।
मदाश्रया मद्भक्ता ये केऽपि यान्ति ममाऽक्षरम् ॥४५॥

नार्योनरा मयि स्निग्धा मम सर्वस्वदायिन.।
मम प्रसादभाजस्ते मां प्रयान्ति मदक्षरे ॥४६॥
अहमुद्धारकृच्चास्मि जानन्त्येवं मदाश्रयम् ।
कृत्वा समर्प्य सर्वं स्वं प्रयान्त्येते मदक्षरम् ॥४७॥
गायका वादकाः शीलाऽरक्षका गृहिणोऽपरे ।
अपि मां मोक्षद मत्वाऽऽश्रित्य मां यान्ति मत्पदम् ॥४८॥
अनादिश्रीकृष्णनारायणः श्वेतायनोऽस्म्यहम् ।
मां भजित्वा प्रसाद्याऽत्र यान्ति मद्धाम मत्पराः ॥४९॥
अहमुद्धारकर्ताऽस्मि शास्त्रज्ञानप्रदोऽस्मि च ।
विना साधनसम्पत्त्योद्धारकृच्चाऽस्मि मच्छ्रयात् ॥५०॥

લોકમાં દુરાચારી હોય છે, તે જો મને પરમેશ્વરને ભજે તો, અનન્ય ભજનારાઓને સન્ત ગણાય છે અને બ્રહ્મધામને પામે છે, મલિન રહેતા હોય, આચારોમાં પણ મલિન હોય, પણ જો મારા ભકત થાય અને મારામાં બધું અર્પણ કરનારા થાય તો મારાયોગ સંયોગથી તેઓ પણ મારા ધામમાં મને અનાદિ શ્રીકૃષ્ણનારાયણને પામે છે, આ માનવ જન્મ તે સંસારમાં અંતિમ છે, તે મારી પ્રાપ્તિને માટે મેં રચ્યો છે, તેમાં મારા આશ્રયવાળા થાય એવા મારા ભકત કોઈપણ હોય તો પણ મારા અક્ષરધામને પામે છે, નારી કે નર મારામાં સ્નેહલગ્નિત થઈને મારામાં સર્વસ્વ સમર્પિત કરનારા થાય તો; મારી પ્રસન્નતાના પાત્ર થયા થકા તે મારા અક્ષરધામમાં મને પામે છે. (૪૬) જે માણસો મને ઉદ્ધાર કરનારા જાણે છે, અને મારો આશ્રય કરે છે, તથા મારામાં સર્વાર્પણરીતે વરતે છે તો તે મારા અક્ષરધામને પામે છે, ગાનારા, વગાડનારા, શીલવ્રત નહિં પાળનારા, એવા બીજાઓ પણ જો મને ઓળખીને મારો આશ્રયકરે તથા મને મોક્ષ આપનારા સમજે તો તે ગૃહસ્થ મારા ધામને પામે છે, હું શ્વેતાયન વ્યાસ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છું, તો મને ભજીને પ્રસન્નકરીને આંહીં મત્પરાયણ થાય તે મારા ધામમાં જાય છે, હું શાસ્ત્ર દ્વારા જ્ઞાન આપનારો છું તથા સર્વેનો ઉદ્ધાર કરનારો છું, મારા આશ્રયવિના બીજા સાધન સમ્પત્તિ ન હોય તો પણ મારા આશ્રયથી જ હું શરણાગતનો ઉદ્ધાર કરનાર છું.

इत्येतत्परमं हार्दं मया मत्कथितं स्फुटम् ।
स्फुटहार्दैर्मम भक्तैः पाल्यं गन्तव्यमाच्युतम् ॥५१॥

આ મેં મારૂં હાર્દ સ્પષ્ટ કહ્યું, આવા હાર્દવાળા થએલા મારાભકતોએ મારૂં હાર્દ પાળીને મારા અચ્યુત પદમાં જવું.

इति श्री श्वेतायनव्यासस्मृतौ मानवोद्धारकः पंचमोऽध्यायः ॥५॥

॥ षष्ठोऽध्यायः ॥

न भोक्तव्यान्यमेध्यानि दुर्गन्धीनि तु पावनैः ।
मले साक्षात्प्रजातानि मानवैस्तत्प्रवेदिभिः ॥१॥

मदमूर्छोत्पादकानि खादितव्यानि नैव हि ।
धातुरक्तभेदकानि नैव लेह्यानि वै क्वचित् ॥२॥

પવિત્ર માનવે અમેધ્ય દુર્ગન્ધી એવા કન્દ કે પીણાં વિગેરે ખાવા પીવા નહિં મળના સડામાંજ સાક્ષાત થએલા કન્દમૂળાદિ ખાવા નહિં, મદ ગાંડાઇ અને મૂર્છા લાવે તેવા તથા ધાતુ અને લોહીને ફાડી બગાડી નાખે તેવા ચાંટણ નાસ્તા વિગેરે લેવા નહિં.

न क्षीरमाविकं चौष्ट्रं पेयं चैकशफं तथा ।
स्त्रीक्षीरं च मृगादीनां गवयानां न सर्वथा ॥३॥

करिणीनां न पातव्यं शूकराणां तथा न वै ।
शुनां मार्जारकाणां च वानराणां च नापि वै ॥४॥

ઘેટીનું દૂધ ઉંટડીનું દૂધ એકડાબલાવાળા પ્રાણી ગર્દભી આદિકનું દુધ નારીનું દૂધ, મૃગ, સેમર, રોજ, હાથણી ભૂંડણ વિગેરેના દૂધ ન પીવા ન ખાવા તેના દહિં વિગેરે પણ ન ખાવા શ્વાન માર્જાર વાનર આદિજાતના દૂધ ન ખાવા ન પીવાં.

न करोति वधक्लेशान् प्राणिनां बन्धनानि च ।
हितकृत् सतु सर्वेषां सुखी भवति नित्यशः ॥५॥

अनुमन्ता विशसिता निहन्ता क्रयविक्रयी ।
संस्कर्ता चोपहर्ता च खादकश्चेति घातकाः ॥६॥

घातकानां महत्पापं प्राणिप्राणवियोजनात् ।
स्वप्राणानां वियोगे यद् दुःखं तत् तस्य तत्फलम् ॥७॥

જે માનવ પશુઓના વધના કલેશો નથી ઉપજાવતો તથા પ્રાણીઓને બંધનમાં નથી રૂંધતો, તે સર્વેનો હિતકારી છે અને નિત્ય સુખી રહે છે, આજ્ઞા આપનાર, કાપનાર, પ્રાણ લેનાર, વેચાતું લેનાર અને વેચનાર, રાંધનાર, પીરસનાર, અને ખાનાર, એ બધા મારનારા ગણાય છે, તેવા ઘાતકીઓને મોટું હત્યાનું પાપ લાગે છે, કારણ કે તેમાં પ્રાણીના પ્રાણને છુટા પડાય છે, અને પોતાને કોઈ પ્રાણ છુટા પાડે ત્યારે જે દુઃખ તડફોડા અને શાપ નીકળે છે, તેવાજ પ્રાણીના પણ દુઃખ તડફોડા અને શાપ નીકળે છે. માટે ન ખાવું.

अमांसभक्षी नित्यं यो हविष्याशी च पावनः ।
कन्दमूलफलाहारी दैवधृक् स्वर्गमृच्छति ।।८।।

જે અશુદ્ધિ માંસ આદિ નથી જ ખાતો, ઘી દુધ ધઉં ચોખા વિગેરે દેવની પ્રસાદીને જ ખાય છે, નિત્ય કંદ મૂળ ફળ આહારવાલો પાવન છે, તથા દેવતાનો ધરક પૂજક છે, તે સ્વર્ગમાં જાય છે.

गौः सवत्साप्रदातव्या क्षीरिणी सत्त्वशालिनी ।
सुस्वभावा, तया दाता स्वर्गमाप्नोति चोत्तमम् ।।९।।

ગૌમાતા વત્સ સહિતા આપવી, જાજા દુધવાળી સત્વ સ્વભાવા, શાંત સ્વભાવા સોઝી ગાયનું દાન આપવું, તેણે કરીને દાતા ઉત્તમ સ્વર્ગને પામે છે.

महिषीदानकर्ताऽपि कन्यादाताऽपि वित्तदः ।
भवनादिप्रदाता च स्वर्गं याति निरामयम् ।।१०।।

ભેંસ કન્યા વિત્ત ભવન અને ગૃહ સામગ્રીના દાન આપનાર નિરામય એવા સ્વર્ગમાં જાય છે.

ज्ञानदो ब्रह्मदीक्षादो वस्त्रदः कम्बलप्रदः ।
सम्प्रदायप्रदाता च स्वर्गं याति निरामयम् ।।११।।

ग्रामदोऽरण्यदाता चाऽखातदो भूमिसस्यदः ।
अकृषिक्षेत्रदाता च स्वर्गं याति निरामयम् ।।१२।।

उद्यानदः फलिपुष्पितरुदस्तृणभूमिदः ।
ससस्यक्षेत्रदाता च स्वर्गं याति निरामयम् ।।१३।।

गार्हस्थ्यधर्मिदाता च मध्यतत्त्वप्रदस्तथा ।
गुप्तदानप्रदाता च स्वर्गं याति निरामयम् ।।१४।।

येन तृप्तिर्भवानां शीघ्रं स्यात् विधिना हृदि ।
तेन दानेन वै सर्वः स्वर्गं याति निरामयम् ।।१५।।

જ્ઞાનદાન દેનાર પરમેશ્વર સમ્બન્ધવાળી દીક્ષા આપનાર, વસ્ત્રઆપનાર, કમ્બલ આપનાર, શાશ્વત સ્વર્ગમાં બ્રહ્મલોકમાં જાય છે, ગામ આપનાર, અરણ્ય આપનાર, અખાત સરોવર આપનાર, મોલાતવાળી ભૂમિ આપનાર, ખેડય વિનાની બીડભૂમિ આપનાર તે નિરામય સ્વર્ગમાં જાય છે, બાગ ઉદ્યાન બગીચા આપનાર, ફલ પુષ્પઆદિના ઋતુનાપ્રદાતા, ઘાંસવાળી સ્થલી દાતા, તૈયાર લાણી પડે એવા ક્ષેત્રદાતા, શાશ્વત સ્વર્ગમાં જાય છે.

ગૃહસ્થ ધર્મી થવામાં બધી ચીજોનો દેનાર, તથા મધ્યની ચીજોના આપનાર, તથા ગુપ્ત દાન દેનાર શાશ્વત સ્વર્ગમાં જાય છે, માનવોને જે વડે તુરન્ત તૃપ્તિ મળે એવા રસ કસ પાન ભોગ્યના દાન આપનાર, હૃદયમાં શાન્તિવળે એવી ચીજ પ્રદાતા, તેવા સુખકારી દાનોવડે જરૂર શાશ્વત ધામ રૂપી સ્વર્ગમાં જાય છે.

दानं महाव्रतं चास्ति सर्वदानं प्रशस्यते ।
व्रती वै भगवत्प्राप्तिं लभते साधुसेवकः ॥१६॥

દાન એ બહુ મોટું વ્રત છે, સર્વ કાંઇ આપી દેવું તે તો ત્રિલોકીમાં વખણાય છે, આવા વ્રતવાળો ભગવાનની પ્રાપ્તિ મેળવે છે, અને સાધુજનોનો સેવક થઇને બ્રહ્મલોકને પામે છે.

पुत्रदात्री स्वामिदात्री कन्यादात्री निजार्पिणी ।
सर्वदात्री हरिं प्राप्य ब्रह्मलोके महीयते ॥१७॥

दुःखिनो दुःखसंशान्तिर्येन दानेन वै भवेत् ।
तृष्णाप्रशान्तये दान तद् दातव्यं विवेकतः ॥१८॥

आसनानि तथा भूम्याच्छादनानि महान्ति च ।
आकाशोल्लोचपार्श्वीयाऽऽवृतिमण्डपगेन्दुकाः ॥१९॥

पटगृहाणि दीर्घाणि दातव्यानि सदःकृते ।
श्रान्तसंवाहनं देवाऽर्चनं रुग्णप्रसेवनम् ॥२०॥

यः करोति गुरोर्वस्त्रक्षालनं याति च दिवम् ।
कारयत्याश्रयान् मार्गे यात्राप्रवासयायिनाम् ॥२१॥

देवतानां गुरूणां च मातापित्रोः श्रितस्य च ।
पुण्यं देयं व्रतादीनां सद्गत्यर्थं च मुक्तये ॥२२॥

પુત્રદાન દેનારી, કન્યાદાન કરનારી, પોતાનું દાન કરનારી, સર્વપ્રકારના દાન આપનારી, શ્રીહરિને પામીને બ્રહ્મલોકમાં સુખી થાય છે. જે દાન વડે દુઃખીઓના દુઃખ મટી જાય, અને સુખી થાય તેવાં દાન લેનારની તૃષ્ણાનિવૃત્તિ માટે વિવેકથી આપવા. આસન, ભૂમિના પથરણા ગલીચાઓ, મોટા બૂગણો, આકાશના ઉલ્લેચો, પડખાના પટ આવરણો દિવાલો, મણ્ડપ તમ્બૂઓ ગાદલાં વિગેરે આપવા, લાંબી રાવટીઓ ડેરીઓ સભાના ઢાંકણ દીર્ઘ તાકાઓ, દાનમાં આપવા, થાકેલાને દાબવા, દેવોના પૂજન કરાવવા, રોગીની સેવાઓ કરવી કરાવવી ગુરૂના વસ્ત્રો ધોવા, ઠામ ઉટકવા, માર્ગમાં યાત્રાળુઓ અને પ્રવાસિઓને માટે વિશ્રાન્તિ ગૃહો કરાવવા આવા ધર્મપુણ્યપ્રદ કાર્ય કરાવનારને સ્વર્ગ મળે છે.

દેવ ગુરૂ, માતા પિતા, આશ્રિત કુટુમ્બ પશુ આદિકને સદ્ગતિ માટે વ્રતોનાં પુણ્યનું દાન આપવું, પણ પોતાને ભોગવવા માટે પુણ્ય મોક્ષમાં આડું આવતું હોય તો તે ઇષ્ટદેવને અર્પણ કરી દેવું અને મોક્ષમાં જવું, પુણ્ય ભોગવવા કયાંઈ રોકાવું નહિ.

दानेभ्यः सर्वतः श्रेष्ठं दानं ब्रह्ममयं यतः ।
तद्दत्वा ब्रह्मलोकं सः प्रयात्येतेन जन्मना ॥२३॥

સર્વ દાનોમાં શ્રેષ્ઠ ભગવાન એળખી એળખાવીને ભગવાન આપવા, આ દાન અતિ ઉત્તમ છે, બ્રહ્મદાન જ્ઞાન વડે આપવું, આવો બ્રહ્મદાતા આ માનવના એક જ જન્મ વડે બ્રહ્મલોકને પામે છે,

पत्राणां चापि पुष्पाणां फलानां वारिणां तथा ।
काष्ठानां छागलानां च प्रदाता स्वर्गमृच्छति ॥२४॥
लवणानां मार्जनीनां भ्राष्ट्राणां सर्वकाण्डिनाम् ।
वंशानां दीर्घकाण्डानामिक्षूणां काचसन्मृदाम् ॥२५॥
केतकानां च रज्जूनां कार्पासानां कुशित्वचाम् ।
कौशेयानां प्रदाताऽपि स्वर्गं याति निरामयम् ॥२६॥

પાંદડાં, પુષ્પ, ફળ, જલ, કાષ્ઠ, છાણાં, આદિ દાનમાં આપનાર પણ સ્વર્ગને પામે છે. મીઠું, સાવરણી, ઠામવાસણ, કડબ પૂળા, સાંઠીયું, બોયાં, સાંઠાવાંસબરૂ શેરડી કુંવળ ઢુંસા બરી તલસરા, કાચપાત્ર મૃત્પાત્ર આદિના દાન આપનાર પણ સ્વર્ગમાં જાય છે (૨૫) કાંકરી રેતી ચુનો આદીના દાન આપનાર પણ સ્વર્ગમાં જાય છે, કેતકી તેના દંડા, દોરડાં, નાડા, સીંચણીયાં, દોરી, રાંઢવાં કપાસ, રૂ, પૂણી, દોરા, ભીંડી, શણ, રેશમ, હીરાગળ, વડછાલ, વલ્કલ, તજ, જાવંત્રી આદિકના દાન આપનાર પણ શાશ્વત સ્વર્ગને પામે છે,

दानं ग्राह्यं देवतार्थेऽतिथ्यर्थं च गुरोः कृते ।
भृत्यार्थं गवार्थं प्रत्याख्येयं न तत् क्वचित् ॥२७॥

દેહપૂજાર્થે, અતિથિ સન્ત માટે, નોકરચાકર અનાથ માટે, ગૌ હાથી કબુતર આદિક માટે, દાન ગ્રહણ કરી લેવું, તે પાછું ન વાળવું, નિષેધ કરવો નહિ.

मानवेभ्यस्तदुक्तानि देवपितृभ्य उच्यते ।
श्राद्धं देयं त्वपराह्णे पितृभ्योऽन्नं जलं फलम् ॥२८॥
यावत्सामग्रिकायोगे पुण्यसंक्रमणक्षणे ।
दैवे महोत्सवे नैजरुचौ सत्यां सुतोद्भवे ॥२९॥

भाद्रे पित्राख्यपक्षे च परलोकगतेस्तिथौ ।
तीर्थे पवित्रसल्लाभे नारायणबलिं चरेत् ॥३०॥

यज्ञेऽमायां ग्रहणेऽपि प्रेतमुक्त्यर्थमाचरेत् ।
पिशाचोपद्रवे तस्य गत्यर्थं बलिमर्पयेत् ॥३१॥

માનવો માટે દાન વિગેરે કહ્યા, દેવો અને પિતૃઓને માટે શ્રાધ્ધ દાન, નૈવેદ્યદાનાદિ કહ્યા છે. બપોર પછી પિતૃઓને શ્રાદ્ધમાં અન્ન જલ ફલ રસ આદિ આપવા. બધી શ્રાદ્ધસામગ્રીઓ હાજર હોય તો પુણ્યકાળમાં સૂર્ય સંક્રાન્તિઓમાં, દૈવી મહોત્સવોમાં, પુત્ર જન્મદિનમાં, પોતાને રૂચિ થાય ત્યારે પણ શ્રાધ્ધો કરાવવા. ભાદરવાના પિતૃ પક્ષમાં, સ્વર્ગવાસીની મરણતિથિમાં તીર્થમાં, પવિત્રલાભ વિપ્રસન્ત મળે ત્યારે, નારાયણબલિ મહાશ્રાધ્ધ પણ કરાવવું, યજ્ઞ યાગમાં, અમાસમાં, સૂર્યચન્દ્રના ગ્રહણમાં, પ્રેતની મુકિત માટે પણ શ્રાધ્ધ કરાવવું. ભૂતપિશાચના ઉપદ્રવોમાં, તેની સદ્ગતિ માટે શ્રાદ્ધ નારાયણબલિ શ્રાધ્ધ કરાવવું,

श्राद्धान्यन्यानि कार्याणि तैस्तृप्ताः श्राद्धदेवताः ।
आयुः प्रजां धनं विद्यां स्वर्गराज्यं ददत्यपि ॥३२॥

જેટલી શકિત હોય તે પ્રમાણે સર્વે શ્રાદ્ધો કરાવવાં, તે વડે તૃપ્ત થએલા પિતૃઓ, આયુષ્ય, પરીવાર, ધન, વિદ્યા, સ્વર્ગ, રાજ્ય, આદિ આપે છે.

आरोग्यं वसुरुद्राद्या धन्वन्तर्यश्विनीसुतः ।
गणेशाः कार्तिकेयाश्च हनूमन्तश्च विष्णवः ॥३३॥

कुलदेवाः कुलदेव्यो मातरो योगिनीगणः ।
वसन्ताद्याश्च ऋतवः कामदेवा रतीश्वराः ॥३४॥

श्रवणाः पितरश्चार्यमाद्या वह्निगणास्तथा ।
ईशानाद्या दिशांपालाः सिद्धयो निधयस्तथा ॥३५॥

मनवो मरुतो नद्यो बालखिल्या नदास्तथा ।
मेघा विद्युदृयक्षदेवा साध्या विश्वेचदेवताः ॥३६॥

नागाश्च लोकपालाश्च भूताः प्रेताः परेतकाः ।
श्राद्धतृप्ता ददत्येते स्वेष्टार्थान् श्राद्धकारिणे ॥३७॥

વસુદેવતાઓ રુદ્રદેવો, ધન્વન્તરિ, અશ્વિનીકુમારો, ગણેશો, કાર્તિકસ્વામી, હનુમાન્ વિષ્ણુ, કુલદેવો, કુલદેવીઓ, માતૃકાઓ, જોગણીઓ, વસન્ત આદિ ઋતુઓ, કામદેવો, રતિપતિઓ, શ્રવણદેવો, અર્યમા આદિ પિતરો, વહ્નિગણો, ઇશાન આદિ દિક્પાળો, સિધ્ધિઓ, નિધિઓ,

મનુઓ, મરૂત્ દેવો, નદીઓ, વાલખિલ્યો, નદો, મેઘો, વિદ્યુતો, યક્ષો, સાધ્યદેવો, વિશ્વેદેવો, નાગદેવો, લોકપાલો, ભૂતો, પ્રેતો પરેતક, આ તમામને નૈવેદ્ય આપ્યાં હોય, તે શ્રધ્ધાએ આપેલા જમીને તૃપ્ત થઇને શ્રાધ્ધ કરનારાઓને તેના તેના ઈષ્ટ પદાર્થો આપનારાઓ થાય છે. દાતારને ત્યાં સ્મૃધ્ધઓ અખૂટ રહે છે,

मानवैर्मरणे पश्चात् वृक्षे दुग्धं जलं घटे ।
देयं प्रेतस्य तृप्त्यर्थं द्वादशाहेऽन्नभोजनम् ॥३-।।
मध्ये मध्ये च दानानि प्रदद्यात् श्राद्धकर्मसु ।
शय्यापात्राम्बरवेषान् दद्यात् पूर्वं प्रियंतु यत् ॥.९॥
अविवाहिततृप्त्यर्थं नीलवत्साद्विपूजनम् ।
वृषोत्सर्गं प्रकुर्याच्च पुच्छवार्यभिषेचनम् ॥४०॥

માનવ બાલયુવા વૃદ્ધ વિવાહિત અવિવાહિત વિગેરેનુ મરણ થયે તેની પાછળ વૃક્ષમાં દુધહાણ્ડી જળહાણ્ડી ટાંગવી, તેને તૃપ્તિ થવા તે અપાય છે. બારમે દિવસે દહાડામાં અન્નાદિ ભોજન આપવા. (૩૮) વચ્ચેના દિવસોમાં શ્રાદ્ધોમાં વિપ્રહાથે યોગ્ય દાનો, શ્રાદ્ધો અપાવવા, શય્યા, પાત્ર, વસ્ત્રો વેષ, મોજડી, આદિ અપાવવા. અવિવાહિતને માટે વાછડા વાછડીના નીલ પરણાવવા, લાલ રંગના ધોળાં ટપકાંવાળા વત્સને નીલવત્સ કહેલ છે. તેને વિધિ પ્રમાણે પૂજવા, પુચ્છે પાણી રેડવા, આવાનું આપવું અને આશીષ લીધા પછી, કર્મ પુરૂં થયે, છોડી મેલવા.

गारुडं वाचयेत् पश्चात्पुराणं प्रेतशान्तये ।
भागवतंपुराणं च सप्ताहं वाचयेत्तथा ॥४१॥

ગરૂડ પુરાણ બેસારવું, તે વડે જ્ઞાન દ્વારા પ્રેતને શાન્તિ થાય છે, અને પ્રેતને આપવાનું તે દ્વારા જાણવા મળે છે, અપાતું જાય છે, તથા પ્રેતનું શરીર બંધાય તે પણ જાણવા મળે છે. ભાગવત પુરાણ સપ્તાહ વંચાવવું, તેણે કરીને પ્રેતનો મોક્ષ થાય છે. ધુન્ય ભજન કીર્તન ભોજન પાન કરાવવા.

प्रेतैः कृता प्रपीडा तु क्षेत्रे सस्यकणक्षयः ।
पञ्च दश वा वर्षाणि जायन्ते धान्यविप्लवाः ॥४२॥
पश्चात्तु दश वर्षाणि गोमहिषीवृषादिषु ।
पश्वादिहानिर्भवति ततोऽब्देषु दशस्वपि ॥४३॥
गर्भहानिर्बालहानिः क्षयः कुटुम्बिदेहिनाम् ।
ततश्चान्तिमदशके निर्वंशो जायते शनैः ॥४४॥

इत्येवं प्रेतपीडा वै श्राध्धे मुक्त्या निवर्तते ।
तस्माद्देयानि शक्त्या वै सर्वश्राद्धानि भावतः ॥४५॥

પ્રથમ પ્રથમ પ્રેતાત્માઓ ક્ષેત્ર વાડી ઉદ્યાન વિગેરેની ઉપજમાં હાનિ કરવા માંડે છે, એક દશકા પછી બીજા દશકામાં ગાય ભેંસ બળદ આદિ પ્રાણીઓની હાનિ કરવા લાગે છે, પછી ત્રીજા દશકામાં ગર્ભ અર્ભક બાળ કિશોર આદિ નાના વર્ગની ક્ષીણુતા કરવા માંડે છે, અને ચોથા દશકામાં સાવ નિર્વંશ કરી નાખે છે. તેની પીડા મટાડવા માટે પ્રેતોને શ્રાધ્ધ આપી મોક્ષમાં મોકલવા.

अपि शक्तिर्भवेच्चेन्न, तदा कलशवारिणा ।
कदल्यास्तु फलेनापि बदरेण कुशेन च ॥४६॥
ओदनेन दलैः पत्रः शाकैः पुष्पैः तदाचरेत् ।
व्योम्नि तालीं वादयित्वा फलं दत्वा दलं च वा ॥४७॥
तीर्थे जलस्थले दैवमन्दिरे वा गृहेऽपि वा ।
नाम्ना ददेत्तु तत्सूक्ष्मं वदेत् शक्तिं निजां तथा ॥४८॥
प्रेतास्तृप्तिं प्रयान्त्वेतैर्वारिपत्रादिभिः पराम् ।
अक्षमोऽस्मि क्षमस्वात्र दाने क्षान्ता भवन्तु मे ॥४९॥
इति कृत्वा ददेत् तत्र पात्राय च गवे तृणान् ।
इत्येवं श्राद्धकृत् क्वापि विनाशं नैव गच्छति ॥५०॥

જો શક્તિ ન હોય તો, તીર્થનો જળકળશ ભરીને જળમાં જળ રેડવું, આ જળ વડે, તથા કદલી ફળ વડે બોર વડે, દર્ભ વડે, ભાત વડે, પાંદડા વડે, પાંખડી વડે, શાકભાજી વડે, પુષ્પ વડે, પણ શ્રાધ્ધ કરવું. આકાશમાં હાથ ઉંચા કરીને તાલી વગાડીને ફળ દળ આપીને શ્રાધ્ધ કરવું. (૪૭) તીર્થમાં જલમાં સ્થળમાં દેવમંદિરમાં પવિત્ર ઘરમાં પણ પ્રેતના નામ લઇને પોતાની થોડી શક્તિ છે એમ બોલીને સૂક્ષ્મ થોડું પણ શ્રાધ્ધ આપવું, એવા જળપત્ર દળ પુષ્પ આદિ વડે પ્રેતો તૃપ્તિ પામે છે, હું અસમર્થ છું. છતાં આવા સાદા જળ પત્રાદિ અર્પવામાં સમર્થ છું તમો મારા ઉપર ક્ષમાવાળા હો. તે વખતે પૂર્વજોના નામ લઇને કહેવું કે પિતામહાદિ, આમ બોલીને કોઇ સત્પાત્રને કહેવું કે ફળ જળ વિગેરે આપવાં, ગોમાતાને ઘાંસ આપવું. આ પ્રમાણે શ્રાધ્ધ કરનાર કયારેય વિનાશને પામતો નથી.

अनादिश्रीकृष्णनारायणे कृष्णे हरौ प्रभौ ।
श्रद्धा कार्या रामचन्द्रे सर्वस्वामिनरायणे ॥५१॥

ब्रह्मणि श्रीपतौ शक्तिपतौ भक्तपतौ सदा ।
श्रद्धा कार्या महेशे श्रीविष्णौ वेधसि चेश्वरे ॥५२॥

देवाः सर्वेऽपि पितरो गुरवो भिक्षुकास्तथा ।
लोके तृष्णाकृताः सर्वे पितरः पितृवन्मताः ॥५३॥

दातव्यं श्रद्धया तेभ्यः स्वाशीर्वादप्रदं तु यत् ।
तृप्तिदं च भवेत् दातुः सुखदं स्वर्गदं फलम् ॥५४॥

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણ શ્રીહરિ શ્રીપ્રભુ શ્રીરામ શ્રીસ્વામી શ્રીનારાયણ શ્રીપતિ શક્તિપતિ ભક્તિપતિ પરબ્રહ્મ તથા બ્રહ્મમાં વ્યાપકમાં શ્રદ્ધા રાખીને આપવું, શ્રીશંભુમાં શ્રીવિષ્ણુમાં શ્રીબ્રહ્મામાં, શ્રીઇશ્વરોમાં શ્રદ્ધાવડે આપવું. (૫૨) દેવતાઓ ગુરૂવર્ગો ભિક્ષુકવર્ગો બધા પિતૃઓ સમાન છે, જે જે તૃષ્ણાવાળા તે તે આ લોકમાં પિતૃઓની સમાન પિતૃઓ છે, તેઓને આપવું, એવું આપવું કે જે વડે આશીર્વાદો મળે, તથા તેઓને સારી તૃપ્તિ આપે, અને તૃપ્તિ પછીના આશીર્વાદો તે સ્વર્ગમાં દાતારને સુખ આપનારા થાય જ છે. સર્વ દાનનું ફલ સુખ શાન્તિ છે,

इतिश्रीश्वेतायनीयव्यासस्मृतौ सर्वोद्धारक षष्ठोध्याय ॥६॥

॥ सप्तमोऽध्यायः ॥

अथ नैजं परं पुण्यं भुक्त्वा मानवविग्रहे ।
आत्मा परेतको याति मृतिं याति शवोऽसुतः ॥१॥

આત્મા માનવશરીરમાં પોતાના તમામ પુણ્યાદિને ભોગવીને શરીરથી રવાના થાય ત્યારે પ્રેત થયેા ગણાય છે, અને પ્રાણથી વિયેાગ પામેલ શબ મૃત્યુપાત્ર થયું કહેવાય છે.

मृत्युचिन्हानि दृश्यन्ते स्वप्ने जाग्रति वा मुहुः ।
यानि साक्षात्प्रजायन्ते कालामन्त्रणवन्ति हि ॥२॥

જાગ્રતમાં કે સ્વપ્નમાં વારંવાર મૃત્યુનો ચિન્હેા સાક્ષાત્કાળનું આમન્ત્રણ કરનારા દેખાય છે (૨)

समीपे कृष्णसर्पस्य वामे मार्गति गतिस्तथा ।
मृत्योर्भयं दर्शयति मस्तके काकवेशनम् ॥ ॥

घूकस्योपरि चाकाशे चिबर्या स्थिरता क्षणम् ।
शब्दनं चागमगतिर्मृत्युं ज्ञापयतीक्षणम् ॥३॥

शृगालेन तिरस्कारो दन्तदर्शनपूर्वकः
आभिमुख्ये कृतश्चापि मृत्युभीतिकरः स हि ॥४॥

कपोतस्योत्तमांगेषु पतनं गमनं द्रुतम् ।
सद्यः तन्मरणस्याऽऽसूचकं भवति प्रथम् ॥५॥

સમીપેજ કૃષ્ણસર્પ ડાબીકોર જાય, એમ માર્ગમાં આડો ઉતરે તે, તથા માથા ઉપર કાગડો બેસીને ઉડી જાય, તે મૃત્યુનો ભય જણાવનાર છે.

ઘુડ અને ચીબરી આકાશમાં માથા ઉપર ક્ષણમાત્ર સ્થિર થઇને બોલીને આવવાની દિશામાં પાછા જાય તે, તથા તેનું એવું અકસ્માત દર્શન થાય તે, મૃત્યુનો ભય જણાવે છે. શિયાળ સામે આવીને દાંત દેખાડીને તિરસ્કાર કરે, વડસકું ભરતી અથવા છેટેથી જ પાછી જાય, તો તે મૃત્યુનો ભય જણાવનાર છે. હોલો માથા ઉપર કે ખંભે પડીને ભાગી જાય કે માથે મોભારે એવે સ્થળે બેસીને બોલે તે મૃત્યુભયનું સૂચક છે.

भीयावटी स्वयं पार्श्वे समागत्य तथोपरि ।
शब्दं पुनः पुनः कृत्वा याति चक्रं च भीतिदम् ॥६॥

ફીયાવડી પોતે પડખામાં અને ઉપરિભાગે અવકાશમાં નજીકમાં આવીને વારમવાર શબ્દ કરીને ચક્રાવો નાખતી રાતે અંધારે ઉડતી જાય તે મૃત્યુભય આપનાર છે.

उग्रस्तपस्विशापश्च याम्यदूतस्य दर्शनम् ।
छायारूपं तमोरूपं मृत्योर्भयकरं द्रुतम् ॥७॥
वामांगानां स्फुरणानि मुहुर्नाडीप्रकर्षणम् ।
शीफस्तीव्रः पादयोश्च करयोर्मुखभागयोः ॥८॥

અતિ આકરો તપસ્વીનો શાપ, યમદૂતોનું સાક્ષાત દર્શન, યમદૂતની છાયાં, કે અંધારામાં આકાર દેખાવ, કે ઘર ઉપર ઉતરવું એવું જોવાય, તે મૃત્યુનો ભયકરનાર છે. નરને શરીરના ડાબા અંગો, નારીને શરીરના જમણા અંગો, વારમવાર ફરકવામાંડી પડે, પગ હાથ ની ગળાની અને નાક કાનની નાડીયો ખેંચાવા માંડે કે ઠરડાઇ જવા લાગે, ધનુર્વા ઉપડી જાય તો, તથા હાથ પગ મુખભાગોમાં જલ્દી સોજાઓ થાય એને માટે એની સ્થિતિ મૃત્યુની સૂચક છે.

दृष्टिक्षयस्तारकाणां दर्शनं परितो यदा ।
सच्छिद्रा वृक्षवल्ल्यादिच्छाया संदृश्यते यदा ॥९॥
निजच्छायास्वरूपस्याऽदर्शनं पृष्ठपादयोः ।
भूमावयोजनाऽवाप्तिश्चाऽर्धपादस्थितिर्भुवि ॥१०॥

हृदयस्य गतिश्चाति तीव्रा मन्दाऽति वा मुहुः ।
स्वेदोद्भवस्तथा चोष्णज्वालोद्भवो विमृत्युदः ॥११॥

શરીરને અડખે પડખે જોવામાં દૃષ્ટિ ટૂંકી થતી જાય, અડખે પડખે ઉડતા તારાઓ દેખાય, વૃક્ષ વેલીઓની છાયા સચ્છિદ્રા વચ્ચે વચ્ચે પીળી કાળી દેખાય, પોતાની છાયા ન જ દેખાય, પગની પાછળની એડીઓ ભૂમિને ન અડે, તથા ધૂળમાં અર્ધાં પગલાંજ પડે, કૈફસાની ગતિ અતિ ઝડપવાળી, કાં અતિ મન્દતા વાળી ઉપરા ઉપર જણાય, તથા વારમવાર રેબઝેબ પરસેવાઓ, ઉની વરાળો, તમસ, અન્ધારાઓ આવે, તે મૃત્યુના ચિન્હો છે.

भूतप्रेतपिशाचानां दर्शनं तमसि द्रुतम् ।
अरण्ये जायमानं वा शीघ्रं मृत्युकरं भवेत् ॥१ ॥

અરણ્યમાં ભૂત પ્રેત પિશાચ પિશાચણી ચૂડેલના અંધારે દર્શન થાય તો તે જલ્દી મૃત્યુ ઉપજાવનાર છે.

अधैर्यं कम्पनं त्रासो भयं प्राणनिशोषकृत् ।
युद्धं क्षोभश्च नैर्बल्यं शक्तिह्रासः क्षणान्तरे ॥१३॥

धृतिः कालस्वरूपेण कृता केनापि मूर्छना ।
शून्यावस्थाऽपि शीघ्रं सा मृत्युभीतिप्रदा मता ॥१४॥

અધીરતા કંપારો ધ્રૂજારો ત્રાસ, પ્રાણનો ફફડાટ, કૈફસાનો ધડધડાટ, શક્તિઓનો લય, બલરહિતતા, શરીરના અવયવોના ખળભળાટ મારામારીનો ખળભળાવ, કાલરૂપધારી કોઈની વડઝ મૂર્છાનો આવેશ, શૂનકારની આપત્તિ, આ બધાં ઉતાવળીયાં ઉપડે, તો મૃત્યુભય દેનારા છે.

शस्त्रं मृत्युग्रहं प्रोक्तं विषं मृत्युगृहं तथा ।
त्रिदोषः साहसं वैरं मृत्युशय्यानिभा मताः ॥१५॥

શસ્ત્રો મૃત્યુના ભવનો છે, ઝેર મૃત્યુનું ઘર છે ત્રિદોષ સાહસ કર્મ અને વૈર તે મરણની શય્યાની સોઢ જેવાં છે.

अथ स्वप्ने निशीथान्ते पश्येदजरथं तु खे ।
दक्षिणां दिशमालक्ष्य यान्तं मृत्युभयं ततः ॥१६॥

पुच्छं प्रति मुखं कृत्वा गर्दभारोहणं चरेत् ।
उष्ट्रस्याऽऽरोहणं कृत्वा दक्षिणां प्रति संचरेत् ॥१७॥

गोमायुं पुरतः कृत्वा ऋक्षं सिंहं च वानरम् ।
मकरं वाहनं कृत्वा बिडालं ग्राम्यशूकरम् ॥१८॥

महिषं च शवं कृत्वा वाहनं दक्षिणां चरेत् ।
तस्य मृत्युभयं शीघ्रं भवतीति विलोकितुः ॥१९॥

સ્વપ્નમાં રાત્રિને છેડે ઊકરાના રથમાં આકાશમાં દક્ષિણ દિશા તરફ જાય, તેને મૃત્યુભય આવે છે,. ગર્દભ ઉપર અવળે મોઢે બેસીને ઊંટ ઉપર અવળે મોઢે બેસીને દક્ષિણ દિશામાં જાય, શિયાળને રીંછને સિંહને વાનરાને મગરને બીલાડાને ગામલુંડને પાડાને શબને વાહન કરીનેકે આગળ આગળ હાંકીને કે પૂછ પકડીને દક્ષિણ દિશા તરફ જનારને તથા તેવું જોનારને જલ્દી મૃત્યુભય આવે છે.

नग्नां नारीं विलोक्याऽपि रक्तवस्त्रां प्रभुज्य च ।
कराभ्यां तां समाश्लिष्य चितां वीक्ष्य ज्वलत्प्रभाम् ॥२०॥

भैरवं यमदूतं च स्वप्ने वीक्ष्य तु डाकिनीम् ।
राक्षसीं सर्पिणीं गर्तां रिक्तां भुवि निजं शवम् ॥२१॥

युद्धं वीक्ष्य प्रघातं च कालपूरुषमुत्कटम् ।
पुच्छं जले महिष्याश्च धृत्वा मध्ये प्रमुञ्चति ॥२२॥

स्रोतसा ह्रियते मुण्डाञ्जनान्पश्यति वै मुहुः ।
प्रेतवाहाँश्च मांसादान् गृध्रादीनधिरोहति ॥२३॥

शत्रुभिश्चाभिभूतं स्वं पृष्ठगैरभिमन्यते ।
वृक्षात्पातोऽग्निपातश्च वाहनात् मृत्युभीस्ततः ॥२४॥

નગ્ના નારી દેખાય, લાલ વસ્ત્રવાળીનો ભોગ કરાય, બથમાં ભેટાય, સળગેલી ચિતા દેખાય, ભૈરવ ભૂત યમદૂત ડાકિની રાક્ષસી સર્પિણી, ખાલી કબર, પોતાનું શબ, મારામારી, મરણ સ્થિતિ, કાલો પુરૂષ ઉગ્ર દેખાય, ભેંશનું પુચ્છ પકડીને નદી તરે, વચ્ચે મુકાઇ જવાય, પુરમાં તણાય, મુણ્ડીયા દેખાય, પ્રેતના વાહનો દેખાય, શબ લઇને જતા દેખાય, માંસ ખાનાર પક્ષી ગીધ ગરજા બાજ ઉપર બેસીને જાય, શત્રુઓ વડે ઘેરાય, પાછળથી ઝપટાય, વૃક્ષ ભીંત પર્વત ભવન ઉપરથી પડે, અગ્નિમાં પડે, વાહનથી પડે, આવા સ્વપ્ના, મૃત્યુ ભયના સૂચક છે.

स्वप्ने मृतास्तु दृश्यन्ते मार्गे बाटेऽभियायिनः ।
क्वयानादिप्रश्नवाचस्ते कदाचिद्भयप्रदाः ॥२५॥

वारिधारा मुखे पात्रात् पतिता लीयते द्रुतम् ।
मुखे क्षिप्तोऽपि कवलो लयं यायादभक्षितः ॥२६॥

एवं यदि भवेत् पितृकृतं तज्ज्ञायते द्रुतम् ।
तस्य पितृभयं स्वप्ने दृष्टं फलभयप्रदम् ॥२७॥

स्वप्ने मारयितुं चेयुः पितरः शत्रवस्तथा ।
मारयन्ति तथा व्यग्रास्तदा मृत्युभयं मतम् ॥२८॥

સ્વપ્નમાં પૂર્વે મરેલા બાહેર માર્ગમાં વાટમાં જતાં સામા મળે અને કયા જાઓ છો કેમ છે ?, એવું પૂછે, તે હવે પછી ભય કરનારા છે. જલ પીવા મુખમાં ધાર કરી તે હોઠને અડયા વિના જ ગૂમ થઈ જાય, આ બાબત અદૃશ્ય પિતૃઓ દ્વારા થાય છે, તેનું ફલ ભયવાળું પિતૃદ્વારા ભય આવનારૂં હોય છે. સ્વપ્નમાં મારવા માટે મરેલા તથા શત્રુઓ આવતા દેખાય તો કે મારી નાખે તો મૃત્યુનો ભય આવનારો જાણવો.

अधस्तान्मर्दनं पाते कस्यचित् स्वस्य चेद्भवेत् ।
प्राणानां संशयः स्वप्ने भवेच्चेत् मृत्युदं ततः ॥२९॥

ज्वलिते भवने पृथ्व्यां यदि गर्ते प्रवेशनम् ।
स्वप्ने स्यात् बोध्यमेतद्वै मृत्योर्भयस्य नायकम् ॥३०॥

સ્વપ્નમાં કોઇ પડતા મકાન વૃક્ષ કિલ્લા આદિમાં પડતી વખતે દબાઇ જવાય કે પ્રાણનો નાશ થાય તેવો યોગ સ્વપ્નમાં દેખાય તો મૃત્યુ ભય આવવાનો છે એમ જાણવું. સળગતા ઘરમાં પૃથવીના ખાડાઓમાં કે ચિરાડમાં પડી જવાય તો મૃત્યુ ભય આવવાનો જાણવો.

सेतोः पातो भवनाद्वा वृक्षात्पातस्तथाविधः ।
व्योमयानात्प्रपातश्च स्वप्ने मृत्युभयप्रदाः ॥३१॥

स्वप्ने नित्यं गृहाद् यानं बहिर्वाहनयन्त्रिणा ।
शकटेन तथा सर्वसामग्रीसहितं तथा ॥३२॥

विवासो वा दृश्यते चेदन्यत्र यावदर्थयुक् ।
मृत्युभयं समायाद्वै शनैर्देहान्तरालये ॥३३॥

भ्रमणं दुःखदं स्यात् चेत् अरण्ये पर्वते रणे ।
अशक्ता च दशा रुग्णा मृत्युभीतिकरी हि सा ॥३४॥

કોઇ પૂલ ઉપરથી પડાય, બંગલા ઉપરથી પડાય, વૃક્ષથી પડાય સ્વપ્નમાં વિમાનથી પડાય તો મૃત્યુ ભય જાણવો. દરરોજ સ્વપ્નમાં ઘરેથી સરસામાન સહિત ગાડા વડે રેલ વડે બીજે રહેવા જવાય તો જન્માન્તર માટે મરણભય આવશે એમ જાણવું. અન્ય દેશમાં નિવાસ માટે જવાય, બધા ઉચાપા સાથે જવાય, તો દેહાન્તર મળે તેવો મૃત્યુ ભય આવે એમ જાણવું. (૩૩) અરણ્યમાં વનમાં રણમાં પર્વતમાં બીણમાં ક્યાંઈ રખડપાટમાં ચઢી જવાય તો તથા રોગી દશા ખાટલાવશ પરવશ અશક્તિવાળી સ્વપ્નમાં સ્થિતિ જણાય તો મૃત્યુભય થશે એમ જાણવું.

तत्काले भगवद्भक्तिः सर्वभीतिनिवारिणी ।
यज्ञाद्याः पुण्यधर्माश्च तत्तद्भीतिनिवारकाः ॥३५॥

તેવા સમયમાં તેને ભયના નિવારણ માટે કરેલી ભગવદ્ભક્તિ તથા યજ્ઞ મહોત્સવાદિ પુણ્ય ધર્મો વિગેરે તે તે ભયના નિરોધક થાય છે.

स्वप्ने चूर्णं कज्जलं च द्रवं लिप्त्वा प्रहर्षति ।
तस्य मृत्युभयं स्वस्य नासिकाकर्णकर्तनात् ॥३६॥

સ્વપ્નમાં પોતાના મુખમાં ચૂનો કાજળ મેશ ડામર ચોપડીને નાચે તો, તથા નાક કાન કપાવીને આનન્દ માને તો તેને મૃત્યુ ભય આવે.

अरण्ये दावमध्यस्थं स्वं प्रपश्यति चावृतम् ।
व्याघ्रसिंहादिहिंस्रैश्च मण्डलेनाऽऽवृतं तथा ॥३७॥
मांसं स्वीयं प्रखादन्तं विद्युद्वज्रं च पश्यति ।
कर्णनादाऽश्रवणं च जिव्हाहृस्वत्वसंभवः ॥३८॥
स्वप्ने वा वृक्णतां स्वस्य खञ्जतां कटिभग्नताम् ।
वाहनादेर्भग्नतां च पश्यतो मृत्युसाध्वसः ॥३९॥

અરણ્યમાં પોતાને દાવો મધ્યે ઘેરાએલો જુએ, વાઘ સિંહ દીપડા નારડા આદિ ક્રૂર પ્રાણીના મંડળમાં અવરાએલો જુએ, પોતાના માંસને ખાતો જુએ, વીજળીના વજ્રને પડતું જુએ, કાનનો નાદ ન સાંભળે, જિભનું ટુંકાપણું જણાય ગોટા વળવા લાગે, સ્વપ્નમાં પોતાને ઠુંઠો લંગડો કડય ભાંગલો દેખે, પોતાના વાહનને ભાંગતું પડતું જુએ, તેને મૃત્યનો ભય છે એમ જાણવું.

फेरुराजगृहस्यापि चिताया दर्शनं तथा ।
शवोत्थानसमालोको मृत्युभीतिप्रदा हि ते ॥४०॥

कारागारे निरोधश्च पादयोर्लैगुडधृतिः
हस्तयोश्च गले पाशो मृत्युभीतिकरा हि ते ॥४१॥

शरीरे जडता यद्वत्पाषाणतरुयष्टिषु ।
तथा दृश्येत चेत्तत्र मृत्युभीतिर्भवेत्खलु ॥४२॥

સ્વપ્નમાં સ્મશાનનું દર્શન, ચિતાનું દર્શન, શબ ઉભું થયું એવું દર્શન, તે મૃત્યુનો ભય આપનારા છે, કોઇ જેલખાનામાં પડવું, પગમાં બેડી પડવી, હાથમાં હાથકડી પડવી, ગલામાં ફાંસો પડવો, એ દેખાવ મૃત્યુના ભય લાવનારાં છે. શરીરનું સજ્જડપણું લાકડા કે પાણા કે લાકડી જેવું થઈ જવું, એવું દેખાય તો મૃત્યુનો ભય આવનાર જાણવો.

पक्षघातः शिरश्छेदो गृहे गोमायुसंचरः ।
गृध्रस्य गृहमध्ये वै प्रवेशो मृत्युबोधकाः ॥४३॥

સ્વાપ્નમાં પક્ષઘાત થવો, મસ્તક કપાવું, ઘરમાં શિયાળીઆનો પ્રવેશ થવો, તે મૃત્યુના સૂચક છે,

स्वप्ने गर्भस्य सम्पातो स्त्रियाः वेतालभोग्यता ।
गगनात् ग्रहपातश्च उल्कापातश्च दृश्यते ॥४४॥

रक्तवर्षा धूलिकाधूसरत्वं व्योम्नि लोक्यते ।
पूरेण वहनं चापि मृत्युभीतिकराणि हि ॥४५॥

સ્વાપ્નમાં ગર્ભપાત થવો, વેતાલ સ્ત્રીને ભોગવે તેવો દેખાવ, ગગનથી ગ્રહોનું પડવું ઉલ્કાપાતો દેખાવા, તારા મંડળ ખરતું દેખાય, રૂધિર વર્ષા થાય, ધૂલનો વરસાદ આકાશમાં ફેલાય, પૂરમાં તણાઇ જવાનો દેખાવ થાય, આ બધાં મૃત્યુ ભયના કરનારા છે.

निजकल्याणकृत् कार्यं भयं ज्ञात्वा करोति यः ।
भगवद्भक्तिसम्पन्नः स याति ब्रह्म चाऽक्षरम् ॥४६॥

दिवारात्रावनादिश्रीकृष्णनारायणार्पणम् ।
कुर्वन् तन्मयभक्तः स्यात्तस्य मोक्षः परा गतिः ॥४७॥

જે મૃત્યુભયને ઓળખીને પોતાના કલ્યાણ કારી કામ કરે છે ભગવાનની ભકિત સમ્પન્ન થઇને સર્વાર્પણ કરે છે તે અક્ષરધામને પામે છે દિવસે રાત્રિએ સર્વથા અનાદિ શ્રી કૃષ્ણનારાયણ ભગવાનને અર્પણ થઇને તન્મય થએલો ભકત થાય તો તેનો ભય ટળે છે અને પરમગતિ રૂપ મોક્ષ થાય છે.

इतिश्रीश्वैतायनीयव्यासस्मृतौ मृत्युभयदोषसर्गकथननामा सप्तमोध्यायः ॥७॥

॥ अष्टमोऽध्यायः ॥

ग्राह्यो न्यायो विदः श्रेष्ठात् प्रसिद्धान्नीतिकोविदात् ।
विलोडनकरात् शुष्कान्न्यायो ग्राह्यो न कुत्रचित् ॥१॥

नियमन्यायवेत्ता यो देशकालर्द्धिवित्तथा ।
अवस्थाया व्यवस्थाया वेत्ता न्यायप्रदो मतः ॥२॥

प्रजानां सर्वधर्मान् यो जानात्यनुभवेन च ।
चारेण सभया व्यक्त्या स वै न्यायप्रदो मतः ॥३॥

नारीणां च नराणां च व्यवहारान् प्रवेत्ति यः ।
स्थितीः प्रच्छन्नभावाँश्च दयारक्षायशःपरः ॥४॥

अनिष्टं न भवेद् येन तं न्यायं चानुयोजयन् ।
करोति धर्मदृष्ट्या वै न्यायं न्यायप्रदो मतः ॥५॥

શ્રેષ્ઠ વિદ્વાન્ પ્રસિદ્ધ નીતિજ્ઞાણુકાર બહુશ્રુત કહેવા એવા માણસથી ન્યાયગ્રહણ કરવો કોલીયાથી સુકા ક્રૂર માણસથી, કયાંઇ પણ ન્યાય ન લેવો. કાયદા અને ન્યાયની રીતિનો જાણકાર, દેશકાળ સમય સ્મૃધ્ધિ મિલકતનો જાણકાર, અવસ્થા સ્થિતિ અને વ્યવસ્થાનો જાણકારહોય તેને ન્યાયપ્રદ સ્વીકારેલો છે. બધી પ્રજાના બધા ધર્મોને આન્તરિક રીતરીવાજોને જે સાક્ષાત્ અને અનુભવ વડે જાણતો હોય, તથા છુપા માણસો વડે સભાઓ સમિતિઓ અને વ્યક્તિદ્વારા પણ જાણી રાખતો હોય, તે પોતે ન્યાય આપનાર માનેલો છે, નારીઓના તથા નરોના વ્યવહારોનો પૂર્ણ અભ્યાસી હોય, તેની સ્થિતિઓનો જાણકાર હોય, ગુપ્તવાતોનો પણ સમઝણ વાળો હોય, દયાવાળો રક્ષાપરાયણ અને યશ સંચવાય તેવા વલણનો હોય, તથા જે ન્યાયવડે આગલાનું અનિષ્ટ ન થતું હોય, તેવો ન્યાય પ્રયોજીને ધર્મ દૃષ્ટિ તથા લોક દૃષ્ટિ અને કુલ દૃષ્ટિ તથા વ્યકિત દૃષ્ટિ મુખ્ય રાખીને ન્યાય કરે તેવો ન્યાય આપનાર ઉત્તમ માનેલો છે.

शत्रून् मित्राणि संगृह्य तज्ज्ञान् सम्मान्य मन्त्रकृत् ।
सर्वं ज्ञात्वा ततो दद्यात् न्यायं शिक्ष्ये विचारयन् ॥६॥

कन्यायां कोमलो न्यायः कुमारेऽपि सुखाशयः ।
अनाथे विपतिकायां रुग्णे निराश्रये मृदुः ॥७॥

निर्धने भिक्षुके भक्ते पवित्रे च विरागिणि ।
साधौ वशंवदे शिष्ये बध्वां वृध्धे तु सात्त्विकः ॥८॥

क्रूरे क्लेशकरे तीक्ष्णे लुण्टके सर्वदुःखदे ।
गर्विष्ठे हिंसके चौरे शीलहीने च निन्दके ॥९॥

द्रोग्धरि बलिनि सर्वनाशध्यातरि विवृषे ।
परसम्पद्विनाशोद्यिकर्तरि प्राणिनाशके ॥१०॥

दाहके गरदेऽसत्ये छलयन्त्रप्रवर्तके ।
दण्डो योज्योऽतिकठिनः प्रजाधर्माऽवनाय वै ॥११॥

શત્રુ અને મિત્રને લેગા લઈને તથા તેવા પક્ષોના જાણકારને માન આપીને મન્ત્રણા કરનાર, તથા બધું આદ્યન્ત ધ્યાનમાં લઈને, તે ઉપર વિચાર કરીને શિક્ષ્ય વર્ગમાં ન્યાય આપવો, કન્યા વર્ગમાં કોમળ ન્યાય યોજવો, કુમારવર્ગમાં સુખ આશય ભરેલો ન્યાય યોજવો, અનાથ અપતિક નારી રોગી નિરાશ્રિત ઇત્યાદિકમાં મૃદુ, હળવો ન્યાય પ્રેરવો, નિર્ધન, ભિક્ષુક, ભકત, પવિત્ર વિરાગી, સાધુ, વશવર્તી, શિષ્ય, ચાકર, બહુવર્ગ, વૃદ્ધ, ઇત્યાદિકમાં સાત્ત્વિક ન્યાય શાન્તિપ્રદ ન્યાય યોજવો. ક્રૂર, ક્લેશકર્તા, તીખો, આકરો, લુંટારો, બધાને દુઃખ કર્તા, ગર્વભરેલો, હિંસક, ચોર, શીલ રહિત, નિન્દક, દ્રોહી, બલજબરીવાળો, બધાના નાશને ધ્યાનમાં રાખતો, ધર્મહીન, પરસમ્પતને ખેદાન મેદાન કરવાના સ્વભાવવાળો પ્રાણિનો નાશક, અગ્નિદેનારો, ઝેર દેનારો, અસત્ય, છલ ટૂચકા ગોઠવનાર, આવા માનવોમાં દણ્ડ અને ન્યાય અતિ કઠિન વાપરવો, તો પ્રજાધર્મનું રક્ષણ થાય.

बहुश्रुता बहुविधा भवेयुर्दण्डनायकाः ।
साधुस्वभावाः सरला भगवद्धचानचक्षुषः ॥१२॥

अप्रधृष्या अलुब्धाश्च प्रजासौख्यसुमार्गिणः ।
प्रधानाः स्युः प्रजाराज्ये सर्वकार्योन्नतिदृशः ॥१३॥

सर्वं दत्त्वाऽपि सर्वस्मै हितकार्यपरायणाः
लोकन्यायप्रजान्यायधर्मन्यायपराः क्षमाः । १४॥

नीतिशास्त्रकृताभ्यासाः लोभतृष्णाविवर्जिताः ।
सन्तुष्टा ज्ञानसम्पत्त्या सत्तया न्यायदा मताः ॥१५॥

બહુકાયદા સાંભળ્યા હોય, બહુવિદ્યાઓના જાણકાર હોય, તે દણ્ડ દેવાના અધિકારી બને છે. સાધુસ્વભાવવાળા હોય, સરલસ્વભાવના હોય, ભગવાનને આગળ રાખીને ન્યાય જોનારા હોય, સર્વે કાર્યોની ઉન્નતિમાં નજરવાળા પાછા ન પડે તેવા, લાંચ ન ખાય, સર્વ કાર્યોની ઉન્નતિની દૃષ્ટિવાળા હોય, તે પ્રજારાજ્યમાં પ્રધાન થવા યોગ્ય છે, બધાને બધું આપીને પણ

પ્રજાના હિત કાર્યોમાં તત્પર હોય, લોકરીતિ, પ્રજારીતિ, ધર્મરીતિના ન્યાયપરાયણ ક્ષમાવાળા, તથા નીતિશાસ્ત્રોના પૂરા અભ્યાસવાળા, લોભ તૃષ્ણારહિત હોય, સન્તોષી હોય, જ્ઞાન સમ્પત્તિ અને સાચી રીતે ન્યાય આપે એવા ન્યાયકર્તાઓ જાણવા.

अपराधिजनस्यैताः बोध्या विकृतयः खलु ।
इतस्ततः प्रयात्येव नैकस्थानेऽवतिष्ठते ॥१६॥
जिव्हाग्रेणौष्ठयोः प्रान्तौ परिलेढि पुनः पुनः ।
ललाटे स्वेदजनन मुखे कृष्णा विवर्णता ॥१७॥
पाण्डुता वा भवत्येव स्खलद्गद्गद्वाग् भवेत् ।
असम्बद्धं वदत्येव नोदाहरति चोत्तरम् ॥१८॥
चक्षुर्न योजयत्येषो हयन्यनेत्रेण वै स्थिरम् ।
ओष्ठयोश्चापि संकोचो वेपथुः पादयोरपि ॥१९॥
ग्रामात् लुप्तो भवेद्वापि भीरुः स्यान्मुखपाततः ।
एवं बोध्यो दोषवाँश्च योज्यो न्यायस्तदर्थकः ॥२०॥

અપરાધી જનની આવી વિકૃતિઓ થાય છે, આમતેમ આંટામારતો ભાગતો ફરે, એક ઠેકાણે ન ટકે, વારમવાર જિભવડે હોઠના ખુણાઓ ચાંટે, લલાટમાં પરસેવો આવીજાય, મુખ કાળું ફીક્કું કે વિવર્ણ થઇ જાય ભાંગતી તુટતી બેડોળવાણી બોલે સમ્બન્ધ વિનાનું જેમ તેમ રાળે, ઉત્તર ન આપે, બીજાની આંખ સાથે પોતાની આંખને ન જોડે; હોઠ સુકાવા લાગે, પગ હાથ માથામાં કમ્પારો ધ્રુજારો થઇ જાય, ગામમાંથી ગુમ થઈ જાય, ભયભીત જણાય, મુખ પડી ગએલું થાય, આવી રીતે દોષવાળો ઓળખાય, પછી તેને માટે ન્યાય યોજવો.

भूमेः खननमंगुल्या पादस्य कुरुते तदा ।
करांगुल्या खर्जनादि मस्तके चरलेऽपि च ॥२१॥
धनदानं कूटसाक्ष्यं रचयत्यपि यत्नतः ।
धाष्ट्यं दर्शयते श्मश्रुप्रान्तं धत्ते करेण च ॥२२॥
गर्वं दर्शयते वाण्यां तत्र दोषो भवेत् खलु ।
मनः सन्देहमायाति साक्षिणा योजितं तदा ॥२३॥

પગની આંગળી વડે ભૂમિખેતરે, હાથની આંગળીવડે માથું ખંજોળે, બીજાને છાનું ધનદાન દે અને કૂટ સાક્ષિપણું રચે, મૂછમાં હાથ નાખીને અક્કડપણું દાખવે, બોલવામાં

ગર્વ દેખાડે, ત્યાં દોષિત પણું હોય. અન્તર્યામિ સાક્ષિએ પ્રેયું એવું મન તેવા માણસમાં દોષનો સંશય ઉપજાવે છે, પછી દોષ કળાઈ આવે છે.

साधुं पतिव्रतां साध्वीं विरक्तं वृद्धतां गतम् ।
मातरं पितरं त्यक्त्वा गुरुं स्वाचार्यमर्भकम् ॥२४॥

अपांगं रोगिणं चापि गर्भिणीं राजमातरम् ।
नवोढां कन्यकां बालां बालं दशाब्दकाऽवरम् ॥२५॥

सर्वस्वार्पणकर्तारं धर्मार्थं मस्तकप्रदम् ।
योगिनं तापसमैश्वर्याढ्यं चमत्कृतिप्रथम् ॥२६॥

राजानं पूज्यवर्गं च भिक्षुकं वेदवेदिनम् ।
पूजकं देवतानां च दण्डोऽधिक्षेप उत्तमः ॥२७॥

त्वंकारञ्च, न सम्मानं, गच्छ, मा कुरु तत् पुनः, ।
इत्येवं पञ्चमध्येऽपि शिक्षणं दण्ड उच्यते ॥२८॥

સાધુ, પતિવ્રતા, સાધ્વી, વિરકત, વૃદ્ધાતિવૃદ્ધ, માતા, પિતા, ગુરૂ, સ્વઆચાર્ય, નાનો બાળ, અપંગ, રોગી, ગર્ભિણી, રાજ માતા, તાજી પરણેલ નારી, કન્યા, બાલકી, કિશોરબાલક, દશવર્ષથી નીચેનો માનવ, સર્વસ્વ અર્પણ કરનાર, ધર્માર્થ મસ્તક આપનાર, યોગાભ્યાસી, તપસ્વી ઐશ્વર્યશાલી, પ્રખ્યાત ચમત્કારી, રાજા, અતિપૂજ્યવર્ગ, ભિક્ષુક, વેદશાસ્ત્રજ્ઞ વિદ્વાન, દેવ પૂજારી, આવા આવા માનવને ઠપકો આપવો, તુંકારાથી બોલાવવો, સન્માન ન કરવું, જા હવે આમ ન કરીશ એમ પંચમધ્યે કહીને જવા દેવો, આવા શિક્ષણને દણ્ડ ગણવામાં આવે છે.

धनदण्डो यदि योग्यस्तेषां कार्यो न देहजः ।
समाजोक्तं भवेत्प्रायश्चित्तं दण्डस्तदर्थितम् ॥२९॥

धर्मदण्डस्तु शिष्याणां पुनर्धर्मे नियोजनम् ।
उपदेशेन कर्तव्यं दण्डस्तत्र तदैच्छिकः ॥३०॥

आश्रिता अपि धर्मान्न पालयन्त्यवधानतः ।
ते बोध्या धर्मयोगार्थं सावधाना यथा पुनः ॥३१॥

साम दण्डस्तु सर्वेषु दामदण्डस्ततोऽवरः
भेदो बुध्धेरथाऽऽस्तिक्यं ततो दण्डस्तु देहजः ॥३२॥

इत्येतत् हितकृल्लोके योक्तव्यं शिक्षणं क्रमात् ।
दोषक्लेशोऽथ दण्डादिक्लेशश्चोभौ तु दुःसहौ ॥३३॥

स्वाराज्यं च कलिं वीक्ष्य स्वातन्त्र्यं मुक्तचर्यताम् ।
क्लेशह्रासो यथा वै स्यात् योक्तव्या तादृशी गतिः ॥३४॥

જેને ધન દણ્ડ યોગ્ય હોયતો તેને દેહ દણ્ડ ન કરવો, સમાજે કહેલ પ્રાયશ્ચિત્ત કે જે રોષિત માનવમાંગે તેવો દણ્ડ તેને માટે જાણવો, શિષ્ય વર્ગમાં સામ્પ્રદાયિક ધર્મદણ્ડ હોય છે તે ફરીથી ધર્મપાળવામાં જોડવાનો હોય છે તે ઉપદેશવડે કરવો, અને તે ભૂલ કરનારની મરજી પ્રમાણે દંડ કરવો આશ્રિત જનો પણ સાવધાન થઈને ધર્મપાલન કરતા ન હોય. તેમને સાવધાન થવા ફરીથી ધર્મયોગ ફળ પળાવવું સર્વમાનવોમાં ઉપદેશ સમઝાવટ તે મિષ્ટદણ્ડ જ છે; તે ઘણું પરિવર્તન લાવે છે, તે ન લાગૂ પડે ત્યાં દામનો દણ્ડ વપરાય, પણ બુધ્ધિમાં સારી ઘડય બેસારવી આસ્તિકતા માનિનતા ઉતારવી તે જ્ઞાનલેદ્દી દણ્ડ ગણાય છે, સમઝાવટ થી જગતને જીતાય છે, તે ન થઈ શકે ત્યાં દેહજ દંડ પ્રયોગવા પડે છે અતિ અનાડી માનવો દેહજ દંડથી કુણાં થાય છે, લોકમાં હિત કરવા માટે ક્રમ દંડો માયલાં શિક્ષણો છે તે પણ કરવા પડે છે, દોષ અપરાધના કલેશ તો હોયજ અને દણ્ડનો આકરો કલેશ પડે તો અતિ દુઃસહ થઇ પડે તે કરતાં સ્વારાજય કલિયુગ ઘણાં પ્રકારની સ્વતંત્રતા અને ઘણી છુટ છાટયો ને વિચારીને, કલેશ ઘટે તેમ તેવી રીતિના પ્રયોગ કરવા.

रीतीनां मानवानां च नियमानां नवं नवम् ।
विधानं क्रियते लोकैर्धर्मस्याऽपि बिवर्तनम् ॥३५॥

अधर्मो धर्मतां याति चाऽन्यायो न्यायरूपणम् ।
रीतयः परिवर्तन्ते दुर्घटा घटनार्थिकाः ॥३६॥

शास्त्रे धर्मो दृढः प्रोक्तो व्यवहारे स निर्बलः ।
भवत्यशुद्धं शुद्धं च मानचैर्यन्त्रवश्यतः ॥३७॥

सरलं नालिकावारि शुद्धं शुद्धो नलस्तथा ।
वाहनानि संकराणि मतान्यसंकराणि हि ॥३८॥

अशुद्धा मानवाः शुद्धाः सर्वं शुद्धं ततस्ततः ।
अभक्ष्यं सर्वथा भक्ष्यम् अशुद्धं पेयमुज्ज्वलम् ॥३९॥

संसारो निरयश्चेति निरयत्वं लय मतम् ।
अघोरमार्गो घोरात्मा कलेः कल्यनया कृतः ॥४०॥

માનવો અને તેની રીતિઓનું તેમના નિયમોનું નવું નવું વિધાન ઘડાતું જાય છે, લોક વડે ધર્મોનું પણ પરિવર્તન કરાતું જાય છે, અધર્મ મનાતો હતો તે ધર્મરૂપે મનાવા લાગ્યો, અન્યાય હતો તે ન્યાયનું રૂપ લેવા લાગ્યો, દુર્ઘટ રીતિઓ પણ સુઘટતામાં પરિવર્તિત થવા લાગી, શાસ્ત્રોમાં દૃઢ કહેલા ધર્મો પણ વ્યવહાર આગળ તે અદૃઢ અને નિર્બલ થઈ પડયા અશુદ્ધ વસ્તુ શુદ્ધ થઈ વપરાવા લાગી, માનવોએ યન્ત્રોનાં ઉપયોગો વડે બધું સ્વીકૃતિમાં અપનાવા માંડયું નળનું જલ ઘરમાં હાજરી આપે કલ્પનલ ધાર્યું કામ આપે માટે તે શુદ્ધ, નલપણ શુદ્ધ, ભલે અશુધ્ધિની વચ્ચે પડયો હોય સેળભેળ સાંકર્ય કરનારા મોટાં લાંબા યંત્ર વાહનો પણ નિઃશંક અસંકરતામાં મનાતા થયાં અશુધ્ધિ વાળો માનવપણ શુધ્ધતામાં જ રહેલ સમઝાવા લાગ્યો, તેથી ઠેર ઠેર અશુદ્ધ તે શુદ્ધ કલ્પના વિષય થઇ પડયું અભક્ષ્ય વસ્તુ ગુણ આપનારી જણાણી થકી ભક્ષ્યમાં ગણાતી થઇ અશુદ્ધ પીણું લાભકારક હોવાથી ઉજ્જવલ ચોકખુ ગણાવા લાગ્યું, સંસાર જ નરકમય છે પણ તેનું નારકિપણું લીન થવા લાગ્યું, શુદ્ધસ્વર્ગની કિમ્મતમાં ગણાવા લાગ્યું ઘોરરૂપ એવો માર્ગ પણ કલિના યોગ વડે કલ્પનાઓમાં પેસીને અઘોર–નિષ્પાપ ઘડાવા માંડયો.

દૃઢેષુ ધર્મમાર્ગેષુ કલ્પન્તાધર્મ આહિતઃ ।
નૈજં બલં ત્રિગુણં ચૈકાંશં ધર્મબલં વ્યધાત્ ॥૪૧॥

દૃઢ ધર્મ માર્ગોમાં કલ્પના ધર્મ ઘુસી ગયો, તે પોતાનું પોણોસો ટકા બલ વધારીને ધર્મબલને પચીસ ટકામાં ભગાડવા માંડયો.

અબલા પ્રબલા જાતા સમાનગૃહસત્તથા ।
નરો નિષ્ઠુરતાં પ્રાપ્તો હત્યાસ્વપિ ન પશ્ચપાદ્ ॥૪૨॥

લુપ્તારાજ્યં સુસમ્પન્નં સર્વત્ર પ્રતિમાનવમ્ ।
પ્રાણગ્લહોઽપિ સર્વત્ર સન્દિગ્ધં પ્રાણરક્ષણમ્ ॥૪૩॥

વિશ્વાસો નાસ્તિ કુત્રાપિ કસ્યાઽપિ દ્રુતકર્મસુ ।
વાગ્વન્ધો નિષ્ફલો વ્યાપ્તો લેખબન્ધોઽર્ધનિષ્ફલઃ ॥૪૪॥

ઉન્મત્તમત્તવ્યસનિબાલભીતાઽઽર્તવિક્ષતઃ
વ્યવહારો વિનષ્ટઃ સ્યાત્ વીક્ષ્ય યોગ્યે સ ચાર્પયેત્ ॥૪૫॥

અબલા અશુદ્ધિ એવી નારી જો પ્રબળ સત્તાધારી થાય તો પુરૂષસમાન, ઘરસત્તાવડે, નિજ ડહાપણ વડે, હત્યામાં પણ પાછો પગ ન રાખે અને નર નિષ્ઠુર થાય તો હત્યાઓ કરવામાં પાછો પગ ન રાખે, નિષ્ઠુર નર પણ તેમજ હત્યા કરનારો થાય છે, લાંચ રૂશ્વત બધી ક્રિયાઓમાં માણસે માણસે પગકરી ગઇ છે; તે સમ્પત્તિમાં ગણાવા લાગી છે પ્રાણનું જુટહું

સર્વત્ર ખેલાવા લાગ્યું છે, પ્રાણ રક્ષા પણ સન્દેહમાં પડેલી થવા લાગી છે કોઇનામાં વિશ્વાસ નામક નીતિધર્મ, તે ઉતાવળીઆ કામોમાં તો કોઇને પણ રહ્યો નથી. વાણીથી સત્ય ક્રિયાફળ, તે નિષ્ફળતામાં ઉતરી પડેલું છે અને લિખિત સસાક્ષિક બન્ધન તે પણ અર્ધ નિષ્ફલભાવને ભજવનાર થવા લાગ્યું છે ગાંડો, ગર્વવાલો, વ્યસનવાળો, મૂર્ખમાળ, ભય પામેલો, દુખી અને રોગી, તેમાં ક્ષત પામેલો વ્યવહાર નાશજ પામશે એમ જાણવું. માટે વ્યવહાર જોઈ પરીક્ષા કરીને યોગ્ય સાચા માણસને સોંપવો

सत्यं चेत् स्याद्असत्यं वै धर्मश्चाऽधर्मतामियात् ।
रक्षको भक्षकः स्यात् चेत् न्यायश्चान्यायरूपभाग् ॥४६॥

नीतिश्चाऽनीतिसदृशी मध्ये विवरवत् दृढे ।
प्राप्यं पुण्यं कथं तत्र षण्ढे बीजमिव व्रते ॥४७।

साक्ष्यसाक्षी भवेद्यत्र त्राता मारयिता भवेत् ।
जननी मारयित्री स्यात् सुरश्चाऽप्यसुरो भवेत् ॥४८॥

राजा जारो गृहे यस्य तस्य को रक्षको भवेत् ।
अतश्चेशं सदाधारं मत्वाऽवन्तं वृषं चरेत् ॥४९॥

સત્ય જો અસત્યનું રૂપ લઈ લે, ધર્મ અધર્મના રૂપને પામે, જે રક્ષક હોય તે ભક્ષક થઈ જાય, ન્યાય તે અન્યાયના રૂપને ભજે, નીતિ તે અનીતિ સમાન થાય, નકારમાં પોલં-પોલ હોય, તો ત્યાં પુણ્ય કયાંથી મળે, ષણ્ઢમાં બીજ ન હોય, તેવા વ્રતમાં પુણ્યજ ન હોય સાક્ષી જ્યાં અસાક્ષી અવળો થાય, બચાવનારજ મારનારો થાય, જનનીજ મારનારી થાય, દેવ તે અસુર થઇને ઉભો રહે, જે ઘરમાં વ્યભિચાર કરે, તેનું રક્ષણ કરનાર કોણ કયાંથી લાવવો માટે સત્ય આધારે એવો નહિં બદલતો ઇશ્વર સાચો રક્ષક સમઝીને ધર્મને પાળવો.

एवं चेत् कुरुते प्रार्थ्यं सर्वं तत् फलदं भवेत् ।
सर्वकर्तारमात्मानं परं मत्वा विधिं चरेत् ॥५०॥

આવી રીતે અંતર્યામીને સાથે રાખીને મર્યાદાઓ પાળે તો તેનું પ્રાર્થ્ય સર્વ પદાર્થ ફલદ થાય છે, સર્વ કર્તાહર્તા પરમાત્માને સમઝીને સર્વ નીતિ કાર્યો કરવાં.

असत्ये सत्यतावादे सत्यतानिर्णयाय तु ।
शपथास्तत्र योक्तव्या असत्येऽनिष्टकारकाः ॥५१॥

असत्यकथने मे स्याच्चक्षुःस्फोटोऽथ कुष्ठकः ।
पुत्रो मे मरणं यायात् यद्यसत्यं वदाम्यहम् ॥५२॥

यद्यसत्यं वदाम्यत्र विद्युत्पातो भवेन्मम ।
यद्यसत्यं वदाम्यत्र सर्वपुण्यक्षयो मम ॥૫૩॥

स्पृशेत्पुत्रस्य दाराणां शिरो देवस्य पादयोः ।
पितुःपादं गुरोःपादं स्पृष्ट्वा शपथमुच्चरेत् ॥૫૪॥

युगन्धर्यास्तण्डुलानां कणान् धृत्वा समुच्चरेत् ।
मनःप्रकल्पितां संख्यां वीक्ष्य दोषं विनिर्वदेत् ॥૫૫॥

पत्राक्षराणां पुटकान् देवाऽग्रे क्षिप्य चादहेत् ।
यद्यसत्यं प्रकरोमि मम मोक्षो भवेन्न वै ॥૫૬॥

અસત્ય સત્યના વિવેક માટે દોષશંકાગ્રસ્ત માનવ સત્યતા માટે શપથમાં ઉતરે છે. અસત્ય કરતો બોલતો હોઉં તો મારૂં અનિષ્ટ થાય, હું બોટું બોલતો હોઉં તો મારી આંખ્યો ફુટે, મેં જોયું હોય તો પણ મારી આંખ્યો ફુટે, કોઢ થાય, જો હું બોટું બોલતો હોઉં તો મારો દિકરો મરી જાય, જો હું બોટું બોલતો હોઉં તો મારા ઉપર વિજળી પડે, જો બોટું બોલતો હોઉં તો મારૂં પુણ્ય ધોવાઇ જાય, આવું આવું બોલીને પુત્રને માથે વહુને માથે હાથ મેલે, દેવની મૂર્તિના પગમાં હાથ મેલે, બાપના પગે, ગુરૂના પગે હાથઅડાડીને સમ ખાય, જારના દાણા ચોખાના દાણા હાથમાં લઇને એકી બેકી સાત સંખ્યા આદિ કલ્પીને સમ ખાય, અને દોષને ગોતે, કાગળમાં લખીને ચીઠી દેવ આગળ ફેંકીને ઉપાડે, જો હું અસત્ય બોલું તો મારૂં કલ્યાણ ન થાય.

આ કલિમાં માનવોમાં અસત્ય તો હોય છે, જેથી દૈવી દિવ્ય પ્રયોગો સમાન ભાર ત્રાજવે તોળાવું, ઘડા સાથે ત્રાજવે તોળાવું, પાણીમાં ડુબી રહેવું, તીર પકડીને બીજ આવે ત્યાં સુધી અગ્નિ ગોળો ઉપાડવો, વિગેરે કરાતાં જ નથી, (યાજ્ઞવલ્કયમિતાક્ષરામાં કહ્યા છે).

युगे चात्र प्रकुर्वन्ति धर्मपुस्तकधारणम् ।
शपथांस्तत्र गृह्णन्ति फलं दैवपरायणम् ॥૫૭॥

આ કલિમાં અસત્ય મટાડવા ધર્મ પુસ્તક ઉપડાવાય છે, શપથ બવરાવાય છે. પણ ફલ તો દેવના હાથમાં છે, તુરત ફલ દેખાતું નથી, ડખો મટવા પૂરતું થાય છે.

धार्यते शपथार्थं वा स्कन्धयोर्जपमालिका ।
कोचयन्ति हृद्गण्डादावपरे शस्त्रमुत्सवे ॥૫૮॥

કોઇ સ્થલે શપથ માટે ખંભા ઉપર ગળા ઉપર જપમાલા ઉપડાવે છે, કોઇ જ્ઞાતિ સારા ઉત્સવમાં અણિદાર શસ્ત્ર ગાલમાં હૃદયમાં હુલાવે છે, સત્યતા દેખાડવા માટે કરાય છે.

मानवो यदि देवः स्यात् सत्यता देवसदृशी ।
नाऽपेक्षते निजार्थे वै साक्षिणं शपथादिकम् ॥५९॥

માનવ પોતે દેવતુલ્ય થાય તો તેમાં દેવો જેવી જ સત્યતા વસે છે, તેને પોતા માટે શપથ કે સાક્ષિની જરૂરત બીજાને દેખાડવી પડતીજ નથી.

स एवेश्वरवल्लोके कर्ता स्यात् पावको हि सः ।
तथा भागवतैर्धर्मैः पावको देववत् भवेत् ॥६०॥

તેવો માનવ પોતેજ ઈશ્વર જેવો કર્તાહર્તા પાવન કરનારો થાય છે, અને ભાગવત ધર્મો વડે પાવન કરણુતા દેવો જેવી ઉદ્ઘલવે છે.

इति श्री श्वैतायनीयव्यासस्मृतौ न्यायशिक्षाप्रयोगनामाऽष्टमोऽध्यायः ॥८॥

॥ नवमोऽध्यायः ॥

विभज्याऽपि च भोक्तव्यं वृद्धस्वोपार्जितं कुले ।
विभागकर्ता निःश्वासैर्लिप्यते न कदाचन ॥१॥

आशीर्भिःपूज्यते तस्य पुण्यं विवर्धतेऽनिशम् ।
उद्यमेनोपलब्धौ स्वं सन्तोषं मानयेन्मुखी ॥२॥

युगेऽस्मिन् समभागाः स्युः पुत्रा पुत्र्यश्च सर्वथा ।
मातरः पितरो नैजजीविकां च स्नुषादिकाः ॥३॥

पृथक् कुर्युः स्वनिर्वाहोपयोगिनीं सुखाय वै ।
स्त्रीधनेषु न भागोऽस्ति केषांचित् भूषणादिषु ॥४॥

નિજકુલમાં વૃદ્ધોની ઉપાર્જિત મિલ્કતમાં વિભાગ પાડીને નિજ ભાગનું ભોગવવું, એમ કરવાથી વિભાગ કરનારને કોઈ નિઃશ્વાસો આપતા નથી, સારા આશીર્વાદો મળે છે, અને પુણ્યવૃદ્ધિ પામે છે. મુખ્ય માણસે પોતાના નવા ઉદ્યમોમાં જે મળે તેમાં વધારે સંતોષ માનવો આયુગ એવો છે કે– પિતાની સયારી મિલ્કતમાં પુત્રો પુત્રીઓ સરખા ભાગીદાર થાય, માતાઓ પિતાઓ તથા મૃત પતિની પત્નીઓએ પોતાના સુખ માટે પોતાના પુત્રાદિ માટે પોતાના નિર્વાહને ઉપયોગી જીવિકાઓ જૂદી કરી લેવી, નારીઓને માબાપ સાસુ સાસરા ભાઇ વિગેરે તરફથી ધરેણાં કે ધન મિલ્કત મળ્યાં હોય તો તે તેના આગવાં છે, તેમાં કોઇનો ભાગ નથી, તેમના વારસદારોનો તે ભાગ થાય.

न्यूनाधिकसमर्थानां विभागा अपि तद्विधाः ।
पित्रा कार्याः यथा योग्यं किञ्चिद् देयमनिच्छवे ॥५॥

तत्पुत्राणां ततो दायजिघृक्षा तत्र नो भवेत् ।
न्यूनाऽधिकविभागास्तु पित्रा धर्म्याः कृताः स्मृताः ॥६॥

पित्रोस्तु मृतयोरूर्ध्वं पुत्राः कुर्युः समानतः ।
मैत्रं चौद्वाहिकं स्वोपार्जितं न स्यात्तु दायभाक् ॥७॥

क्षेत्रादि समभागं स्यात् गृहं गोमहिषादिकम् ।
पुत्रपुत्रादिवैषम्ये दायस्तु सम एव वै ॥८॥

समर्थो धनवान् ज्येष्ठो नेच्छेद् दायं स्वभाग्यगः ।
विभागोत्तरमुत्पन्नः सुतश्चेत् पितृदायभाक् ॥९॥

पितुर्भागस्याऽधिकारी नाऽन्ये तत्राऽधिकारिणः ।
पितुरूर्ध्वं विभागेषु माता स्यात् समभागिनी ॥१०॥

કોઈ કમાવામાં પછાત હોય, કોઇ મધ્યમ, અને કોઇ વધારે હોય તો દાય ભાગના વિભાગો સંપ સલાહથી તે પ્રમાણે કરી શકાય, જે સમર્થ હોય તે ભાગ ન લ્યે તો પણ પિતાએ કાંઇક ભાગ તરીકે આપવું, જેથી તેના પુત્રોને દાયભાગ લેવાની મરજી કે તેવું ટોણું મારવાનું ન રહે, પિતાએ થોડા મધ્યમ અને વધારે એવા વિભાગ કરીને પુત્રોને આપ્યા હોય તો તે ધર્મથી માન્ય ગણવા, માવતરના સ્વર્ગવાસ પછી પુત્રોએ સમાનપણે વિભાગ કરી લેવો, મિત્રથી, વિવાહથી અને નિજ મહેનતનું સ્વતંત્ર મળેલ હોય તેમાં ભાગ ન પાડવો, ખેતરવાડી ગાયું ભેંશું ઉંટ અશ્વ વિગેરેમાં સરખા ભાગ કરવા, પુત્રના પુત્રો થોડા જાજા હોય તો પણ પુત્રોનો દાયભાગ સરખો જ થાય, જો મોટોભાઇ સમર્થ હોય કમાતો—
હોય તો તેણે પોતાના ભાગ્ય ઉપર આધાર રાખી કમાવું, દાયભાગ ન લેવો, ભાઇએ ભાગ પાડયા પછી નવા પત્નીને પુત્ર જન્મે તો, તે હવે પછી પિતાની મિલકતનો અધિકારી થાય, જૂના ભાઈ ભાગોમાં નહિં, તેમ જૂનાઓનો તે નવામાં ભાગ પણ નહિં, પિતાના મરણ પછી ભાઇએ ભાગ થતા હોય તો એક ભાગ માતાનો પણ ન્યાયી છે, પછી તેની સેવા કરનાર દિકરો દિકરી જે હોય તેને તે મળે, સેવક કોઇ ન હોય તો પુત્રો સંપથી વહેંચી લ્યે, અથવા તેની પાછળ ધર્મકાર્યમાં વાપરે.

धर्मकार्ये व्ययः कार्यः पुत्रैर्मातुर्मृतेरनु ।
प्रच्छन्नं चोपलब्धं स्यादधिकं तत्तु दायभाक् ॥११॥

परक्षेत्रे कृतः पुत्रः, धर्मपत्न्यां स औरसः ।
पुत्रिकापुत्र एवांकस्थितो, वा पुत्रिका, स्वयम् ॥१२॥
निजक्षेत्रे देवरेणोत्पादितः क्षेत्रजः सुतः ।
पुनर्भवां तु समुत्पन्नः पौनर्भवः सुतः स हि ॥१३॥
दत्तकः स्वीकृतः पुत्रः पितृभ्यामर्पितो भवेत् ।
विक्रीतस्तु क्रीतपुत्रः कृत्रिमः शिष्यसंज्ञकः ॥१४॥
सुतः सोऽयं हि सुतवत् दायभाक् स भवत्यपि ।
गर्भिण्यां परिणीतायां जातः सोऽपि च दायभाग् ॥१५॥
त्यक्तो मात्रा गृहीतुः स पुत्रो भवति दायभाग् ।
सर्वे ते पिण्डदाः सन्ति पूर्वः पूर्वः समुत्तमः ॥१६॥
दासीपुत्रोऽपि पुत्रः स्यात् दायभाक् स विनेतरात् ।
पूर्वाऽभावेऽधिकारी स्यात् दायस्यार्थे परः परः ॥१७॥
भिन्नोदरा सवर्णोत्थाः भ्रातरः सेवकास्तथा ।
शिष्या वा दायभाजस्तु भवन्त्याजीवनाऽर्पिताः ॥१८॥

માતાજીના દેહાન્ત પછી પુત્રોએ માતાજીની મિલ્કત ધર્મકાર્યમાં વાપરવી, અને મરણ પછી કોઇ છાની મિલ્કત ઘણી મળી આવે તો વારસા પ્રમાણે વહેંચવી, પરક્ષેત્રમાં સંપથી આજ્ઞાથી ઉપજાવેલ પુત્ર કૃતપુત્ર ગણાય છે, પોતાની પત્નીમાં પોતે ઉપજાવેલ પુત્ર તે ઔરસ પુત્ર ગણાય છે, પુત્રીનો પુત્ર ખોળે લેવાય તો અંકપુત્ર ગણાય છે, પુત્રી પોતે ખોળે બેસાડાય તો તે પુત્રપણી ગણાય છે, પોતાની પત્નીમાં દેવર દ્વારા ઉપજે તે ક્ષેત્રજ પુત્ર ગણાય છે, ઘરઘણામાં જન્મ પામે તે પૌનર્ભવ પુત્ર ગણાય છે, માવતરે આપેલો દીધેલો તે દત્તકપુત્ર ગણાયછે, વેચાથી લીધેલો ક્રીતપુત્ર ગણાય છે—
અને બીજાનો છોકરો કૃત્રિમ તરીકે રાખ્યો તે શિષ્યપુત્ર ગણાય છે, આ દિકરાઓ પરણેતરના દિકરા જેવાજ માનીને દાયભાગના અધિકારીઓ જાણવા. ગર્ભિણીને પરણ્યા પછી જન્મે તે પણ દાયભાગી ગણાય છે. કન્યામાં જન્મે તે કાનીન ગણાય, પણ માતાએ તજી દીધેલ જેણે ગ્રહણ કરી લીધો તેનો તે દાયભાગી ગણાય છે. આ બધા પુત્રો પિણ્ડદાનના અધિકારી છે, પૂર્વ પૂર્વ શ્રેષ્ઠ છે, દાસીથી થએલ પુત્ર પણ પુત્ર છે તે દાયભાગનો અધિકારી થાય, જો બીજા કોઇ પુત્ર તરીકે ન હોયતો, અને હોયતો રાજિપાથી આપેલા પૂરતો અધિકારી ગણાય, પૂર્વના ન હોયતો ઉત્તર ઉત્તરને દાયભાગમાં અધિકારી ગણવામાં આવે, જાજી સ્ત્રિઓના પુત્રો સવર્ણાઓના પુત્રો ભાઇઓ ગણાય, તેવીજ રીતે ઘણાં શિષ્યો સેવકો ગુરૂભાઇઓ ગણાય, તેઓ આજીવન સમર્પિત હોયતો દાયભાગના અધિકારી છે.

नास्ति कोऽप्यधिकारी चेत्पञ्चमान्यस्ततो हि यः ।
स भवेदधिकारी वा धर्मभ्राप्यधिकारवान् ॥१९॥

राज्यं वाऽप्यधिकारि स्याद् देवो वाऽस्याऽधिकारवान् ।
यद्वा दानं भवेत्तस्य विद्यौषधाश्रमादिषु ॥२०॥

वानप्रस्थे यतौ वाऽपि ब्रह्मचारिनिवेशने ।
आचार्यो वा सुशिष्यश्च धर्मभ्राताऽपि दायभाग् ॥२१॥

सतीर्थ्यास्तु गुरोः शिष्या दायभाजोऽगृहाश्रमे ।
दायभागैस्तु भरणं ह्यनाथानां चरेद् बुधः ॥२२॥

बालानां योषितां चापि साध्वीनां तद्गृहात्मनाम् ।
नार्यास्तु निधने भर्ता तद्धनस्याऽसुतेऽग्रभाग् ॥२३॥

कन्याया मरणे,द्रव्यं येन दत्तं तु तस्य तत् ।
व्ययं विवाहपूर्वं तं परिशोध्य ततो नयेत् ॥२४॥

જેની પાછળ કોઇ વારસદાર ન હોય તો પંચમણીને માન્યકરે તે તેનો વારસદાર ગણાય. તેવો અધિકારી લઈને પણ ધર્મનામના પુણ્યને અધિકારિ ગણીને વાપરે. રાજ્ય પણ અધિકારી ગણાય, દેવ મંદિર આશ્રમ પણ અધિકારી ગણાય, તેનું દાન વિદ્યામાં ઔષધ વિગેરેમાં આપે. વાનપ્રસ્થ યતિ કે બ્રહ્મચારી સ્થિતિમાં હોય, તે જ્યાં રહેતા હોય, ત્યાં આચાર્ય તથા સુશિષ્યો, અથવા ધર્મભાઇ, તેનો દાયભાગી ગણાય. અગૃહી ગુરૂના દ્રાવ્યાદિકના સતીર્થ્ય શિષ્યો અધિકારી છે, દાયભાગવડે ડાહ્યામાણસે અનાથોનું ભરણ કરવું. બાલકો, નારીઓ સાધ્વીઓ ઘરના માણસો વિગેરેનું પોષણ કરવું. પત્નીના મરણ બાદ પતિ અધિકારી છે જો પુત્ર ન હોય તો. પણ પુત્ર પુત્રી હોય તો તે પુત્ર પુત્રીને આપવું. વાગદાન બાદ કન્યા મરણ પામે તો તેનું ધન જેણે આપ્યું તેને મળે, પણ કન્યાના વાગ્દાન પછી જે ખર્ચ થયો હોય તે વાળીને પછી લેનારે લેવું.

जीवन्त्यास्तुस्त्रिया द्रव्यं ग्रहीतव्यं न केनचित् ।
जीविकार्थं हि तद्रक्ष्यं सुतपत्याद्यभावतः ॥२५॥

तृणशालानिवसितुः ग्राह्यं किमपि नैव यत् ।
तथा सर्वस्यलोकस्य जीविकासाधनानि वै ॥२६॥

न ग्राह्याणि तानि नीत्वा विवासो दण्ड एव हि ।
वासे वा धन दण्डः स्यात् न क्षेत्रास्यन्दनादिकः ॥२७॥

जीविकोद्योग एतेषां न नाश्यो दण्डरूपतः ।
उद्यमो न निरोध्योऽपि धीमता दण्डकारिणा ॥२८॥

शिक्षकाणां पुस्तकादि न हर्तव्यं कदाचन ।
यन्त्रिणां यन्त्रहरणं न कर्तव्यं हि धीमता ॥२९॥

पुनरुत्पादयेत् चान्यत् दद्याद् दण्डं तथा हरेत् ।
विनाशो न कुटुम्बस्य यथा स्यात् शिक्षयेत्तथा ॥३०॥

જીવતી નિરાધાર નારીનું ધન કોઈએ લઈ લેવું નહિં, તેને પુત્ર કે પતિ નથી માટે તેનું નાણું કે જીવન જીવિકા માટે રાખવું, ખડની ઝુંપડીમાં રહેનારનું કાંઇ પણ ન લેવું, સર્વે માનવોના જેજે જીવિકાઓના સાધનો હોય હથિયાર સાંતી વિગેરે તે ન લઇ લેવા. તે લીધા વિના વધારે વાંક હોય તો બીજે કાઢી મેલવા, તે દણ્ડ ગણાય. અને રહેવું હોય તો ધન દણ્ડ લેવાય, ખેતર વાડી ગાડાં વિગેરે ન લઇ લેવાં. જીવિકાવાળાંઓની જીવિકાઓ ઉદ્યોગો નાશ ન કરવા. ઉદ્યમ રોકવા નહિં, દંડકરનાર બુધ્ધિવાળે સર્વસ્વ નાશના દંડ ન દેવા, શિક્ષક વિદ્યાર્થી વિગેરેના પુસ્તક ન હરી લેવાં, યન્ત્રવાળાઓના યન્ત્ર ન હરી લેવાં, ફરીથી પાછો પગ ભેર થઇ શકે તે પ્રમાણે દણ્ડ કરવો, ચીજ લેવી, તેના કુટુમ્બના નાશનો સમય ન આવે તેવી શિક્ષા કરવી,

स्वोयभावनया रक्षेत् स्वं यथा स्मृद्धिभिस्तथा ।
गृहवाट्युद्यानभूमिक्षेत्राद्याजीविकास्वपि ॥३१॥

दत्त्वाऽनाथनिराधाराऽबलाभ्यो जीविकां प्रताम् ।
रक्षेत् दयावशः सर्वान् धर्म एषः शुभावहः ॥३२॥

निपानोद्यानभवनाऽऽरामाऽऽश्रमतरुस्थलीम् ।
निर्वाहार्थं प्रदद्याद्वै बालाऽनाथाऽबलाश्रियै ॥३३॥

कूपं क्षेत्रं सरो भूमिं सेतुं कृष्टां तथाऽऽपणम् ।
दद्यान्निर्वाहद सम्यक् यानं वाहनगोवृषान् ॥३४॥

देवागारं तु भक्ताय दीक्षिताय द्विजात्मने ।
कारुवर्गाय नगरे ग्रामे देयाऽधिजीविका ॥३५॥

नदीतीरं सरस्तीरं सामुद्रं तीरमित्यपि ।
दद्यात् सस्यतृणादिभ्यो जीविकार्थं तु निम्नने ॥३६॥

પોતાની સ્મૃધ્ધિઓ વડે પોતાની રક્ષાની માફક સ્વીય ભાવના વડે સ્વમાનવ કુટુમ્બની રક્ષાઓ કરવી. ઘર મકાન, વાડી, ઉદ્યાન, પડતરભૂમિ, ક્ષેત્ર, આદિક જીવિકાઓમાં પણ રહેમ

રાખી ને આપવું, અનાથ નિરાધાર અબલા અપંગ વિગેરે નિજકુંટુમ્બીઓને તેમજ સામાન્ય જનતાને પૂરતી જીવિકા આપવી, દયા રાખીને સર્વેની રક્ષા કરવી, એ ધર્મ શુભ કરનારો છે, જલપાણી પીયાવાઓ, ફલફૂલ બગીચાઓ, ભવનો, આરામ સ્થળ, આશ્રમ, વૃક્ષ સ્થળીઓ, બાળ અનાથ અબળાને સુખ માટે નિર્વાહરૂપે આપવી, કુવા, ખેતર, તળાવ, ભૂમિ, ઉંચાણુ ધારૂં બેડેલ ભાગ, દુકાન, રથ, વાહન ગૌ બળદ આદિ નિર્વાહ માટે ઉપયોગી થાય તેવા આપવા. ભકત હોય તેવા દીક્ષિત દ્વિજને દેવમંદિર પૂજા આપવા, કારીગર વર્ગને નગરમાં ગામમાં આજીવિકાનો અધિકાર માપું વિગેરે આપવા., નદી કાંઠા, સરોવર કાંઠા, સમુદ્ર કાંઠા, કે જેમાંથી કાંઇ ઉપજ મળી આવે તેવા બીડ મૈાલ બડવાળીજમીનો કાષ્ઠ બળતણ વિગેરે વાળી સ્થળીઓ જીવિકા માટે અનાધાર નાના વર્ગોને આપવી.

सर्वस्वं चापि देय स्यात् विना पत्नीं निजं सुतम् ।
जीवनं जीविकां चापि ऋते वै मातरं गरम् ॥३७॥

સર્વસ્વદાનમાં પણ પત્ની, પોતે, પુત્ર, જીવન, જીવિકા, માતા, અને વિષ, આ દાનો તો નજ આપવા.

महोत्सवादावायातान् पूर्णे शर्वान् विसर्जयेत् ।
पूजासम्मानसत्कारैर्मुख्यो दानप्रसादकैः ॥३८॥

कर्मिभ्यः सेवकेभ्यश्च कर्मानुरूपवेतनम् ।
दद्यान्मुख्यः सर्ववेत्ता पारितोषिकमित्यपि ॥३९॥

द्रष्टृ—नेतृ—व्यवहर्तृधर्मकार्यविधायिनः ।
समितिश्चार्ऽर्पयेद्योग्याः धनसम्मानजीविकाः ॥४०॥

મહોત્સવોમાં ઉપસ્થિત થએલા સર્વેને મહોત્સવપૂર્ણ થયે, પૂજા સન્માન સત્કાર દાન પ્રસાદિ વિગેરે વડે રાજી કરીને મુખ્ય પ્રમુખે તેને તેને વળાવવા. કામકાજ કરનારાઓને તથા સ્વયં સેવકોને તેના તેના કામકાજોના પ્રયાસોને અનુસારે મહેનતાણું પારિતોષિક ઈનામ એવી એવી ચીજો મુખ્ય પ્રમુખે સર્વદ્રષ્ટાએ સભામાં અથવા સમાજમાં આપવી. દ્રષ્ટાઓ ચોકીઆતો નેતાઓ વ્યવહાર કરનારાઓ ધર્માર્થ કામ કરનારાઓને મુખ્ય સમિતિ યોગ્ય ધન સન્માન અને જીવિકાઓ વિગેરે પણ આપવી.

जीवनस्यान्त आगच्छेत् मरणं स्यान्न जीविका ।
तत्राऽस्ति सर्वथा सा तु देया रक्ष्या च वा कुले ॥४१॥

ऊनत्रिवर्षं निखनेद्बालम् ऊर्ध्वं तु निर्दहेत् ।
ऊर्ध्वं यज्ञोपवीतात्तु सर्वं स्यादौर्ध्वदैहिकम् ॥४२॥

जलदानं प्रकर्तव्यं प्रेतात्मनः प्रशान्तये ।
अदन्तोत्पत्तिबालस्य गतस्य सद्य एव तु ॥४३॥

स्नानेनाऽशुचिता गच्छेदत ऊर्ध्वं, गतस्य तु ।
आचूडामुण्डनात्पूर्वं दिवसैक्यस्य सूतकम् ॥४४॥

पूर्वं तूपनयस्य स्यादूदिनत्रयस्य सूतकम् ।
उपनयोत्तरस्य स्यात् दशरात्रं हि सूतकम् ॥४५॥

अहस्त्वदत्तकन्यासु सुतकं तत्र सम्मतम् ।
विवाहितायास्तु मृतौ पितुस्त्रिदिनसूतकम्
बन्धूनामेकदिवसं सूतकं शुचिता ततः ॥४६॥

જીવનનેા અંત આવે ત્યારે આજીવિકાઓ પડી રહે છે. તે આજીવિકાઓ કુલમાં દેવી અને રક્ષણ કરવી. ત્રણ વર્ષથી નાના બાળકના શબને જમીનમાં દટાય, તેથી ઉપરનાને લૌકિક અગ્નિ વડે દાહ થાય, જનેાઈ આપ્યા પછીનાને બધું'ય ઔર્ધ્વદૈહિક કર્મ કરાય, જલદાન દુધ દાન અપાય, પાણી ઢેાળ કરાય, તે વડે પ્રેતાત્માને શાન્તિ થાય છે. દાન્ત ન ઉગ્યા હેાય તેવા ગત બાળકને માટે દાટયા પછી સ્નાન કરીને શુદ્ધિ થાય, તેથી ઉપરનાને ગત થએલને ગર્ભકેશ ઉતરાવવા સુધીમાં એક દિવસનું સૂતક રખાય, જનેાઇ આપવા સુધીના ગત થએલાને ત્રણ દિવસનું સૂતક રખાય, જનેાઇ પછીનાને માટે દશ રાત્રિ સૂતક રખાય, દાંત ન આવેલી કન્યા ગત થાય તેા તેનું એક દિવસ સૂતક રખાય, વિવાહિતા, પિતાને ઘેર ગત થાય તેા પિતાને ત્રણ દિવસ સૂતક રખાય, બીજા બન્ધુઓને એક દિવસ રખાય.

त्यागिनां मरणे तारासूतकं दर्शनात् लयात् ।
मातापित्रोर्मरणे तु स्नानमात्रं यतेः गुरोः ॥४७॥

पूर्वेण शुद्धिरूर्ध्वस्य साजात्ये जनने मृतौ ।
यज्ञदीक्षादानदीक्षायात्रोद्वाहरणादिषु ॥४८॥

सूतकं देशभंगे न स्नानमात्रं तु सम्मतम् ।
स्वस्थकाले सूतकानि नाऽऽपत्काले कदाचन ॥४९॥

जन्मनो दशरात्रं स्यात्, एकषट्दशमेषु न ।
एषा रीतिर्मानवानां देशभेदात्तु भिन्नता ॥५०॥

ત્યાગિ વર્ગના મરણમાં સાંજે તારા દર્શન સુધી સવારે તારા દર્શન સુધી સૂતક મનાય છે. માતા પિતા ના મરણમાં ત્યાગિ વર્ગે સ્નાન કરવું. ગુરૂના મરણમાં યતિયે સ્નાન કરવું.

પહેલા સૂતકમાં બીજું સૂતક ભેળવીને શુધ્ધિ, જન્મમાં જન્મનું મરણમાં મરણનું એમ, શુદ્ધિ કરી લેવી. યજ્ઞમાં દાનમાં યાત્રામાં વિવાહમાં રણસંગ્રામમાં દેશભંગમાં સૂતક ન લાગે, પણ જળ મળે ત્યારે સ્નાન માત્ર કરવું શાન્તિ સ્થિતિમાં સૂતક છે કટોકટી સ્થિતિમાં નથી, જન્મ સૂતક બધાને દશરાત્રિ પાળવું, પહેલે છઠે દશમે દિવસે દાન દેવા માટે સૂતક નડતું નથી. આ-રીતિઓ માનવો અને દેશના ભેદથી ભિન્ન ભિન્ન પણ છે.

नाऽशौचं भूमिपानां वै सद्यःशौचं तु युज्यते ।
अशौचानां यथा शुद्धिस्तयाऽशौचं निवर्त्यते ॥५१॥

कर्माऽग्निर्मृत्तिका वारि तपो ज्ञानं मनोऽनिलः ।
कालश्चोपोषणं पश्चात्तापः सन्न्यास आर्तिता ॥५२॥

प्रायश्चित्तं जपः सत्यं दण्डो योगः प्रशोधकाः ।
स्त्रियः शुद्धा वरयोगात् सर्वं शुद्धयत्यवभृथात् ॥५३॥

आभिषेकजलाच्छुद्धिः प्रसादाऽशनतोऽपि च ।
तीर्थयोगात्तथा शुद्धिरपावित्र्यविशोधनात् ।५४॥

રાજાને કે રાજાનું સૂતક મનાતું નથી, સ્નાન માત્રની જરૂરત ખરી, બીજો ગાદીએ આવે તે તેને દાહ આપે, માટે આ બાબત છે અશુધ્ધિઓની જે પ્રકારે શુધ્ધિ થાય તે પ્રકારે અશુદ્ધિ નિવૃત્તિ પામે છે. ક્રિયા, અગ્નિ, મૃત્તિકા જળ, તપસ્યા, જ્ઞાન વિજ્ઞાન, મન. પવન, સમય, ઉપવાસ પશ્ચાત્તાપ, સન્યાસ, રોગિતા, પ્રાયશ્ચિત્ત, જપ, સત્યવ્રત, દણ્ડ, યોગાભ્યાસ, આ આચાર તત્વો શુદ્ધિ કરનારા છે. વરરાજાના યોગવડે નારીની શુદ્ધિ થાય છે. યજ્ઞાન્તે અવ ભૃથસ્નાનવડે તમામ શુદ્ધિઓ થાય છે. પાટોત્સવોના અભિષેકોના જળાડમૃતો વડે તથા, દેવ-પ્રસાદ જમવા વડે તથા તીર્થો કરવા વડે, તથા અપવિત્રતાને કાઢવા વડે તમામ શુદ્ધિઓ થાય છે.

देहात्मभिन्नतातत्त्वज्ञानिनोऽशौचमेव न ।
अहम्ममताऽऽशौचं तन्नास्ति यत्र सदा शुचिः ॥५५॥

यत्पादरजसा पूताः सदा भवन्ति देहिनः ।
तस्य योगेऽशुद्धयो न भवन्त्यात्मविशुद्धितः ॥५६॥

पापं निष्पापतां याति सर्वं पुण्यं यतो भवेत् ।
तथाविधस्य कृष्णस्य योगाच्छुद्धयन्त्यशुद्धयः ॥५७॥

अशुद्धो नैव कृष्णस्य देहो देहांश इत्यपि ।
सर्वतत्त्वानि शुद्धानि श्रीहरेर्मूर्तिभाञ्जि वै ॥५८॥

अनादिश्रीकृष्णनारायणः शश्वत्सुपावनः ।
कृष्णः समुपयोक्तव्यो यथा भक्तिस्तथाऽऽदरात् ॥५९॥
पिता माता हरिर्बन्धुर्भ्राता पुत्रः पतिः प्रियः ।
भोक्ता भोग्यो हि भगवान् मोक्षानन्दप्रदः शुचिः ।।६०॥

દેહ અને આત્માને ભિન્ન ગણી તેને અનુસારે સ્થિતિવાળા જ્ઞાનીને (દત્તાત્રેયની પેઠે) અશુધ્ધિ જ હોતી નથી. અહન્તા અને મમતા એ બે મોટી અશુદ્ધિઓ છે, તે જ્યાં નથી ત્યાં તેને સદા શુધ્ધિજ છે. જેની ચરણ રજો વડે માનવો દેહધારીઓ સદા પવિત્રજ થાય છે. તેવા આત્માની શુધ્ધિવાળા દૈવી માનવોના યોગમાં સત્સંગમાં અશુધ્ધિઓ રહેતી જ નથી તેવાને શરણે જઈને સેવાવડે પૂર્વના પાપ પણ નિષ્પાપ પુણ્યરૂપ થઇ જાય છે, તેવા શ્રીકૃષ્ણના યોગવડે અશુધ્ધિઓ બધી શુધ્ધિ સ્વરૂપ ને ધારણ કરે છે. શ્રી કૃષ્ણનો દેહ કે દેહના ભાગો અવયવો એકેય પણ અશુધ્ધ નથી. તેના સર્વે તત્ત્વો શુધ્ધજ છે, શ્રીહરિની મૂર્તિમાં ભાગીદાર તત્ત્વો સદા શુધ્ધ વર્તે છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પરમાત્મા માનવરૂપમાં પણ સદા પાવન છે, જેટલી જેવી ભક્તિ હોય તે પ્રમાણે ભકત જને આદર સત્કાર વડે તે શ્રીકૃષ્ણને સેવવામાં ઉપયોગી થવું, તેજ શ્રીકૃષ્ણ પિતા, માતા, હરિ, બન્ધુ, ભ્રાતા, પુત્ર, પતિ, પ્રિયમિત્ર, ભોકતા, ભોગ્ય, મોક્ષ અને આનંદ આપનારા ભગવાન સદા પવિત્ર જ છે.

तद्धाम तस्यमुक्ताश्च तत्सन्तः पावनास्ततः ।
सत्संगेन प्रसेव्यास्ते मोक्षः प्राप्यः सुसेवया ॥६१॥
सर्वा अशुद्धिर्लोकानां विगता तत्पुरो भवेत् ।
मायाऽप्यमाया भवति भगवद्ग्रहणात् खलु ॥६२॥

તે ભગવાનનું ધામ તેના મુકતો તેના સન્ત સાધુઓ સાધ્વીઓ સદા તેના સમ્બન્ધવડે પાવન નિર્ગુણ છે માટે તે સર્વે સત્સંગ વડે સેવવા, સેવા વડે મોક્ષ મેળવવો, તેમની આગળથી તમામ લોકોની જગતની અશુદ્ધિઓ ભાગી જાય છે. માયા પણ ભગવાન ગ્રહણ કરે તો નક્કી અમાયા એટલે બ્રહ્મ થઇ જાય છે.

इति श्री श्वैतायनीयव्यासस्मृतौ अशौचनामा नवमोऽध्यायः ॥९॥

॥ दशमोऽध्यायः ॥

मानवा गोधूमभक्ष्या ओदनाशनतत्पराः ।
शाकपत्रफलाहाराः पावनाः कुलतः स्मृताः ॥१॥

रसाहाराः पयःपानाः कन्दमूलदलाऽशिनः ।
हविष्याऽन्नपरा मुद्गमाषसूपादिनः शुभाः ॥२॥

મનુષ્યો ઘઉં જાર બાજરા જમનારા, ભાત તલ કઠોળ જમનારા, શાક પાંદડા પાંખડી ભાજી ફલફૂલ જમનારા , એ સર્વે કુટુંબ કુલ પરમ્પરાએ પાવન ગણ્યા છે. ખાંડ સાકર ગોળ મધ વિગેરે રસો જમનારા, દૂધ દહીં ઘી માખણ વિગેરે જમનારા, સાત્વિક કન્દ મૂળ દલ વિગેરે જમનારા, યજ્ઞના પવિત્ર કણ સાંબો રાજગરો સાબૂદાણા આદિ જમનારા, મગ અડદ ચણા મઠ દાળ વિગેરે જમનારા, હવિષ્યાન્ન જમનારા, એ સર્વે પાવન શુભ ગણ્યા છે.

यचेतेऽशुद्धिभोक्तारो निषिद्धाऽऽहारतत्पराः ।
पशुपक्षिजलजन्त्वाहाराः स्युर्मलिनास्तदा ॥३॥

જો તે પાવન માનવો પણ અશુધ્ધિ અપવિત્રતાવાળી ચીજો ખાવા લાગે, નિષિદ્ધાહાર કરવા લાગે, પશુપક્ષી જલજન્તુ રકત ચરબી અંડા આદિ જેવઆહાર વડે તેના તે મલિનપણામાં વર્તતા થઇ જાય છે.

दुर्गन्धभोजिनो गृध्रास्तत्समाः शवभोजिनः ।
जायन्ते मानवा लोके कंकगृध्रादिपंक्तयः ॥४॥

आत्मनां पतनं तेषां संसारे तिर्यगादिवत् ।
चतुरशीतिलक्षाणां चक्रेष्वेवाऽभिवर्तनम् ॥५॥

दुःखबहुले संसारे पुनस्ते पुरुदुःखिनः ।
वध्या भक्ष्याश्च जायन्ते तेषां याम्या क्षितिस्त्विह ॥६॥

मानवाः सूतकेऽभक्ष्ये वर्णे धर्मे च नास्तिकाः ।
रीतौ दैवे सम्प्रदाये नियमे दीक्षिते यतौ ॥७॥

स्वर्गे मोक्षे परे लोके कर्मकाण्डे मखेऽशुचौ ।
मर्यादायां छन्नवेषे स्पर्शे पापे च नास्तिकाः ॥८॥

ततस्तेषां निजदोषात् आवागमनमस्ति यत् ।
तेषां तु कल्पितो धर्म आर्षो नास्ति न शास्त्रकृत् ॥९॥

ગીધ ગરજા દુર્ગન્ધિ ચીજ ખાનારા છે. શબ ખાનારા છે, માટે શબ ભોજી બધાં કાગડા ગીધડાની પંકિતના માનવો લોકમાં વધતા જાય છે. સંસારમાં તેઓનું પોતાનું પશુ પક્ષિ પેઠે આત્મપતન જ થયા કરે છે, તેઓનું ચોરાશી લાખના ચકાવામાં ભ્રમણ થયા કરે છે. સંસારમાં દુઃખ બહુજ છે, તેમાં વધારે દુઃખી થાય છે તેજ પાછા ઘાત્ય અને ભક્ષ્ય

થાય છે. તેઓને આ પૃથ્વીજ યમપુરી ભૂમિ છે, આ યુગમાં માનવો સૂતકમાં અભક્ષ્યમાં, વર્ણ ધર્મમાં નાસ્તિક છે, રીત રીવાજમાં દેવતાઓમાં, ભાગ્યમાં, સમ્પ્રદાયમાં, નિયમમાં, દીક્ષામાં યતિ-મુનિમાં સ્વર્ગમાં મોક્ષમાં પરલોકમાં, કર્મકાંડમાં, યજ્ઞમાં, અશુધ્ધિમાં, મર્યાદામાં, ઢાંકવાની અદણ માં, અડવામાં પાપમાં પણ નાસ્તિકતાવાળા છે. માટે તેઓના પોતાના દોષો વડે તેઓને જન્મ મરણમાં આવવું જવું થયાજ કરે છે. તેઓને રહેણી કહેણી કલ્પિત ધર્મવાળી અનુકૂલ રહે છે, આર્ષ ધર્મ કે શાસ્ત્રીય ધર્મ તેમને ફાવતોજ નથી.

जीविकापत्सु सर्वासु प्रजापत्सु च सर्वथा ।
युद्धापत्सु विप्लवानामापत्स्वपि वृषादयः ॥१०॥

यथा स्वप्राणरक्षा स्यात् तथा वृत्यं वृषो हि सः ।
प्रसह्य वर्तनं तत्र पाल्यं भवति दैवतः ॥११॥

तदा यत्र समाजे स्यात् बलात्स्वीयप्रवेशनं ।
तद्रीत्या वर्तन धर्मः स्त्रिया नरस्य सर्वथा ॥१२॥

अपहाराः प्रजायन्ते मानवानां बलैधितैः ।
समाजकुलजात्यादिप्रवेशात् तद्वृषः स्वकः ॥१३॥

ईश्वरस्तत्र हृदये स्मर्तव्यः स्वेष्टलब्धये ।
हृदि वृषस्तदा तत्र श्रीहरेः शरणागतिः ॥१४॥

बहिस्तु बाह्यलोकानां यथा तन्मयता वृषः ।
प्रारब्धं स्वं तथा मत्वा वर्तितव्यं हरिश्रये ॥१५॥

જીવિકાની સર્વઆપત્તિઓમાં, તથા પ્રજાઓની રાજની સર્વઆપત્તિઓમાં, તથા યુધ્ધની આપત્તિઓમાં, તથા દેશભંગાણ ની ગ્રામ ભંગાણની આપત્તિઓમાં ધર્મ રીતિ વિચારો આચારો, તે બધાં જે રીતે નિજ પ્રાણરક્ષા થાય તેવું વર્તન ગ્રહણ કરીને વરતવું તે ધર્મ ગણાય. ભાગ્ય વશાત્ તેવે સમયે બલજબરીના વર્તનો પાલવાં પડે છે. તેથી તેવે સમયે તે સમાજમાં પોતાને પરાણે ખેંચી જાય છે, અને તે સમાજ પોતાની રીતિ પ્રમાણે નર નારીઓને વર્તાવે છે, તેથી તેવો તે ધર્મ વરતવો જોઈએ. બલિષ્ઠો દ્વારા માનવોનાં અપહરણો થાય છે, ત્યાં તેના સમાજ કુલ જ્ઞાતિમાં પેસવું પડે છે. તેથી તેનો ધર્મ તે નિજ ધર્મપણે વરતવો પડે છે, તેવે સમયે તો પોતાના ધારેલ ઈષ્ટની પ્રાપ્તિ માટે હૃદયમાં પોતાના પરમેશ્વરને સંભારવા જોઈએ. તે વખતે હૃદયમાં શ્રીહરિ શરણાગતિજ ધર્મ છે, અને બાહોર તો બાહ્ય લોકોમાં તન્મય ભળી જવું તે ધર્મ છે, તેવું પોતાનું પ્રારબ્ધ કે કાંઈ પણ દેશકાળ નું વિષમ પણું આવ્યું માનીને શ્રીહરિની શરણાગતિ રૂપી આશ્રયમાં હૃદય વડે વરતવું.

बलिष्ठानां निर्बलेषु जायन्तेऽनेकविप्लवाः ।
तत्र स्युः कल्पिता धर्मा हार्दाः सत्याः हरिश्रयाः ॥१६॥

आपत्कालेऽन्नहरणं क्षुधावारणकृत् यथा ।
तावन्न दोषरूपं तत् जलं बस्त्रं तथा मतम् ॥१७॥

આપત્કાલમાં બલિષ્ઠજનો નિર્બલોમાં અનેક વિપ્લવો ઉપજાવે છે. તે વખતે કલ્પિત ધર્મો આચરવા પડે છે. હૃદયમાં તો શ્રીહરિનો આશ્રય તે સત્ય ધર્મ છે.. આપત્કાલમાં અન્ન જલ ભૂખ તરસ માટે તેટલા પૂરતુ ઉપાડી જવામાં દોષ નથી.

दुःखे चापत्तिसमये साधुवृत्तिं समाश्रयेत् ।
मानाऽवमानयोस्तुल्यां वृत्तिं संभिक्षयाऽऽचरेत् ॥१८॥

कण्टकैस्तुदनं नैव चन्दनैर्नापि तोषणम् ।
एव वर्तेत वृत्तीनां निरोधे स्थाप्य जीवनम् ॥१९॥

सर्वप्राणिहिते स्थित्वा यात्रां देहस्य वर्तयन् ।
दमं शमं पालयँश्च राग द्वेषमभावयन् ॥२०॥

विचारयन् गतीः क्लेशान् शुभाऽशुभविपर्ययान् ।
धारणाध्यानयोगेन वर्तयेदात्मसंस्थितः ॥२१॥

यथा मोक्षो भवेत् स्वस्य तथाऽऽत्मानं विचिन्तयेत् ।
साक्षिणं परमात्मान चिन्तयेन्मोक्षदायिनम् ॥२२॥

આપત્તિવાળા દુઃખભર્યા સમયમાં સાધુતાવૃત્તિ રાખવી. માન અપમાનમાં તુલ્ય વૃત્તિ રાખીને ભિક્ષાવડે નિર્વાહ કરવો, કાંટા વડે પીડા ન માને ચંદનવડે સંતોષ ન માને એવી રીતે વૃત્તિઓને નિરોધમાં રાખીને જીવનને વરતાવે. બધા પ્રાણીઓના હિતમાં રહે, દેહયાત્રાને ચલાવ્યે રાખે, ઈન્દ્રિયદમન તથા આન્તર શમન ને પાલે રાગ દ્વેષને ન ઉગવા દે, સંસારની ગતિઓને કલેશમય વિચારે, સારા નરસા પરિણામોને જુએ, ધારણા ધ્યાનનો યોગ વધારે, અને ચેતનમાં આત્મસ્થિતિ તદાત્મકપણે રાખે, જે રીતે પોતાનો મોક્ષ થાય એવી રીતે પોતે આત્માને ચિન્તવન આપે, અને સાક્ષી બ્રહ્મ તથા પરબ્રહ્મ પરમાત્મા જે મોક્ષ આપનારા છે તેને સંભાર્યા કરે, આવી સ્થિતિએ આપત્કાલે વરતે.

आत्मन्यवस्थितो मोक्षप्रदाता परमेश्वरः ।
आत्मा प्रकाशभूश्चाऽस्ति सुप्रकाशः स्थितो हृदि ॥२३॥

असंख्यानि किरणानि तस्य ज्ञानात्मकान्यपि ।
शरीरेषु प्रसरन्ति तेष्वेकं तु सुषुम्णया ॥२४॥
ब्रह्मरन्ध्रं प्रभित्वाऽर्करश्मिं सम्पाद्य चोर्ध्वगम् ।
ब्रह्मलोकेन सम्बद्धं तेनात्मा याति धाम तत् ॥२५॥
रश्मिशतैर्देवलोकान् भूम्यादीन् मृदुरश्मिभिः ।
सत्त्वशीलो ध्यानशीलो भक्तात्मा धारयेत्प्रभुम् ॥२६॥
ध्यात्वा तं परमात्मानममृतत्वाय कल्पते ।
सतः प्रसाद्य सेवाभिर्ब्रह्मभूयाय कल्पते ॥२७॥
चान्द्रायणेन चाऽघानां सर्वेषां शुद्धिरिष्यते ।
भक्त्या प्रसेवया यायान्मोक्षं शरणमागतः ॥२८॥

આત્મામાં મોક્ષપ્રદાતા પરમેશ્વર રહયા છે, પ્રકાશ ભરેલો આત્મા પ્રકાશ ફેલાવતો થકો હૃદયમાં રહયો છે તેના જ્ઞાન પ્રકાશાત્મક અસંખ્ય કિરણો શરીરોમાં પ્રસરે છે, તેમાંથી એક કિરણ સુષુમ્ણાદ્વારા બ્રહ્મરન્ધ્રમાં જઇને ત્યાંથી સૂર્ય રશ્મિમાં ભળીને ઉર્ધ્વગતું થકું બ્રહ્મલોક સાથે સમ્બન્ધ પામે છે, તેણે કરીને આત્મા બ્રહ્મ ધામને પામે છે, બીજા સો કિરણો વડે દેવ લોકોમાં જવાય છે, કોમળ કિરણો વડે પૃથિવી આદિકમાં જવાય છે. શુદ્ધસત્ત્વશાલી, ધ્યાન શાલી ભકતાત્મા, પ્રભુમૂર્તિને ધારીને ધ્યાન કરીને અમૃતપદમાં જાય છે. સેવાવડે સન્તને રાજીકરીને બ્રહ્મરૂપ થવાય છે, ચાન્દ્રાયણ વ્રતવડે સર્વ પાપોની શુધ્ધિ થાય છે. ભકિત અને સેવાવડે શરણાગતજીવ મોક્ષનેજ પામે છે,

मध्यस्थूलं कृशमध्यं चत्वारिंशच्छतद्वयम् ।
कवलानुपभुञ्जीत मासेनैतद्व्रतं परम् ॥२९॥

ચાન્દ્રાયણ કોઇપણ માસમાં કરાય, ૧ કૃશમધ્યં પિપીલિકા ચાન્દ્રાયણ અને મધ્યસ્થૂલં જવ ચાન્દ્રાયણ કહેવાય. પૂનમના ૧૫ કવળ, વદ ૧–,૧૪ એમ એક એક ઓછો કરવો, અમાસનો ઉપવાસ આવે, અને પડવેથી એક એક વધારવો તે પુનમના ૧૫ થાય, તે વ્રત પૂર્ણ પિપીલિકા ચાન્દ્રાયણ ગણાય.। મધ્યસ્થૂલ–શુદ પડવાથી ૧ કવલ, એમ પૂનમનાં ૧૫ થાય, પછી વદ પડવાથી ૧૪ એમ ઘટે અમાસે ઉપવાસ થાય એ જવ ચાન્દ્રાયણ ગણાય. ૩૦ દિવસોનું, કે એકત્રીશ દિવસોનું ચાન્દ્રાયણ થાય. કાર્તિકમાં આશ્વિન પુનમથી કાર્તિક પુનમ સુધી થાય. ચાન્દ્રાયણમાં ૨૪૦ કોળીયા લેવાય, દરરોજ આઠ કોળીયાથી પણ મહિને ૨૪૦ કવળ થાય તે યતિ ચાન્દ્રાયણ કહેવાય, સવારે ચાર અને સાંજે ચાર કવલ લેવાય તેને શિશુ- ચાન્દ્રાયણ કહેવાય, આપ્રમાણે ચાન્દ્રાયણ સર્વના પાપનાશક છે. ૧૨૦ કોળીયા લેવા જોઇએ, બે પક્ષના એટલે એક મહિનામાં

૨૪૦ કવળ થાય, વધે નહિં ઘટે નહિં, અને એક ઉપવાસ, તે પહેલે, અથવા મધ્યે અથવા છેડે, કરવો, ૩૧ દિવસોની અંદરમાં આવવો જોઇએ, આ ચાન્દ્રાયણ વ્રત ગણાય. પડવાનો ચન્દ્રમા ન દેખાય માટે ન દેખાય તે દિવસ ઉપવાસ આવે એવો નિયમ અનુકૂલ નથી. અથવા–થોડા જાજા ગમે તેટલા કવળ સાથે જમો; અને વચ્ચે ઇચ્છા પ્રમાણે બબે ત્રણ ઉપવાસ કરો. તો પણ ૩૧ દિવસોમાં એક ઉપવાસ અને ૨૪૦ કવળ તે નિયમ બરાબર થાય, ઉલ્લંઘન ન થાય, તે અનુકૂલ ચાન્દ્રાયણ ગણાય છે. એમ પણ થાય. આ ઉત્તમવ્રત સર્વ પાપનાશક દોષનાશક શુધ્ધિ પ્રદ છે, ભક્તિ સહિત કરાય તો મોક્ષફલ આપે એવું ગણાય છે. ૩૨ દિવસો હોય તો છેવટે કે મધ્યે એક ઉપવાસ વધારે કરી લેવો. ૩૦ દિવસો હોય તો છેવટના જેટલા કવળ બચી જતા હોય તે ૩૦ મેં દિવસે લેવા, અથવા તજી દેવા અથવા ગૌમાતાને ખવરાવી દેવા. એકાદશીઓ બે ફલાહારના કવળો વડે વ્રતમાં લેવી. અથવા આખું ચાન્દ્રાયણવ્રત ફલાહારના તેના તે કહેલા ક્રમિક કવળો વડે કરવું. ગરમી થાય તો સાકરનું પાણી, છાશ, ઘોળવું લઈ શકાય.

औषधं च फलं वारि पत्रं दुग्धं रसस्तथा ।
देवप्रसादकणिका गुरोर्वचनमित्यपि ॥३०॥

अव्रतघ्नानि चैतानि, प्राणरक्षाकराणि चेत् ।
ब्रह्मकूर्चव्रतं चापि प्रायश्चित्तं महत् स्मृतम् ॥३१॥

खदिरस्य पलाशस्योदुम्बरस्य कुशस्य च ।
तुलस्याश्च दलानां सलबणानां तु वह्निना ॥३२॥

वारि प्रस्थप्रमाणं तूत्फाणनीयं विशेषतः ।
अर्धं यावत भवेत्पश्चात् पातव्यं शीतमेव तत् ॥३३॥

यद्वा स्यात दशरूप्यधृक् पातव्यं पापशुद्धये ।
ब्रह्मणे चार्पयित्वा तत् व्रतं श्रेष्ठतमं मतम् ॥३४॥

इन्द्रियाणां दमः सर्वव्रतानां व्रतमुत्तमम् ।
भक्तिर्मालाजपश्चापि सर्वदोषविशुद्धये ॥३५॥

ચાલુ વ્રતમાં, ઔષધ, ફલ, જળ, પાંદડું, દુધ, સાકર ખાંડ મધ રસ, દેવ પ્રસાદિકણિકા, ગુરૂવચન વિપ્રવચન; છાશ ઘોળવું લઇ શકાય એ વ્રતનો ભંગકરનારાં નથી. પ્રાણની કે મૂર્છાની રક્ષા માટે છે. એક બ્રહ્મકૂર્ચવ્રત પણ શ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત છે. બેર, આખરો, ઉંબરો તેનાં પાન, દાભડો, તૂલસી, જરાક મીઠું, આટલાં શેર પાણીમાં ઉકાળવાં, તે અર્ધો કે પા, પાણી ભાગરહે, તે કાઢો દરરોજ એકવાર કે બે વાર પીવો, સાત દિવસ, પીવો, ઉદરને જોખમ જેવુ જણાયતો પાંચ દિવસ, કે ત્રણ દિવસ પીવો. જરા જરા સતપ હોય તેવો પીવો, આ શરીર તથા ઇન્દ્રિયોની

શુધ્ધિમાટે ભારે ઉત્તમ વ્રત છે. બ્રહ્મા૫ર્ણ કરીને પીવાથી આત્મામાં મલિનતા હોય તો તે પણ ટળી જાય છે સર્વેઈન્દ્રયોને તેના વિષયો ન આપવા એ દમનવ્રત પણ સર્વ વ્રતોમાં ઉત્તમ છે. ભકિત કરવી, માળા ફેરવવી, જપ કરવો, તે સર્વે દોષોનું શોધક વ્રત છે.

एकभुक्तं भवेत् नित्यं तद्व्रतं स्यादुपोषणम् ।
सायं प्रातः प्राणरक्षा दुग्धधार्यादिभिर्मता ॥३६॥

अविकारो व्रतं श्रेष्ठं विकारो व्रतघातकृत् ।
निर्विकारी सदा साधुर्भक्तश्चेन्मुक्त एव सः ॥३७॥

मूर्तिं विना मनो यस्य नाऽन्यत्राऽत्यतिधावति ।
शान्तिश्चित्ते विरामश्च धियि मुक्तः स उच्यते ॥३८॥

निष्ठा ब्रह्मणि यस्याऽस्ति परमेशे समर्पणम् ।
सज्जते नेन्द्रियाऽर्थादौ शुद्धप्रज्ञः स उच्यते ॥३९॥

प्रज्ञाशुद्धौ परब्रह्म चान्तःस्थं भासते ततः ।
समीपे दर्शनं तस्य मोक्षभाग् भक्त एव सः ॥४०॥

એકટાણું હોજી સદા ઉપવાસી છે. બારેય માસ એક ટાણું ભોજનવ્રત પાળવું, સાયંકાળ પ્રાતઃકાળ પ્રાણરક્ષણ માટે દુગ્ધજળ કાઢો વિગેરે લેવાય. વિકારન થવો તે શીલવ્રત જબરૂં છે. વિકાર વ્રતઘાતક છે, નિર્વિકાર રહે તેને સાધુતા દૃઢ જાણવી, તે સાધુ ભગવાનનો ભકત હોય તો મુકતજ છે. ભગવાનની મૂર્તિ વિના અન્યત્ર જેનું મન અતિ અતિ ન દોડતું હોય, ચિત્તમાં શાન્તિ હોય, બુધ્ધિમાં સમઝણમાં વિરામ હોય, તે મુકતજ છે. જેને બ્રહ્મમા સ્થિતિ હોય, પરમાત્મામાં સર્વ સમર્પણપણું હોય, ઇન્દ્રિયો અને વિષયોમાં ન ભળતો હોય તે શુધ્ધપ્રજ્ઞ ગણાય છે પ્રજ્ઞ શુધ્ધિ થયેસતે અન્તઃકરણમાં જીવમાં રહેલા પરબ્રહ્મ દેખાવા લાગે છે. અને આગળ અડખે પડખે હરતા ફરતા દર્શન આપતા રહે છે, આવો ભકત તે મોક્ષમાં વર્તે છે, એમ જાણવું.

यस्य नास्तीश्वरभक्तिर्न व्रतं न वृषक्रियाः ।
तस्य त्ववश्यमेव स्यादशुचित्वं सदा कुले ॥४१॥

सपिण्डाः सप्तपुरुषाः दशाहाऽऽशौचमाप्नुयुः ।
शावमेतत्, ततऊर्ध्वं सप्ताहाऽशोचमाप्नुयुः ॥४२॥

ऽयहमेकाऽहमित्येतत् शास्त्ररीत्याऽऽवृतं भवेत् ।
मनोग्लानिर्यत्रतत्राऽऽशौचमस्ति न चेतरे ॥४३॥

જેને પરમેશ્વરની ભકિત નથી વ્રત નથી ધર્મક્રિયા નથી, તેને ઘરમાં કુટુમ્બમાં અશુધ્ધિ પણું અવશ્ય હોય છેજ. સાતપેઢીના સપિણ્ડોને દશ દિવસની મરણ અશુદ્ધિ લાગે, સાત ઉપરના ને તો સાત દિવસેની અશુધ્ધિ લાગે, ત્રણ દિવસની લાગે, અને દૂરદૂર હોયતો એક દિવસની અશુધ્ધિ લાગે, આ બાબતો મનુ આદિકે ઘણી વર્ણવેલ છે, તે આદરણીય હોય છે. મનની મલિનતા અપસોસ હોય તો તે અશુધ્ધિજ છે જો મનમલિન નહોયતો તેવામાં અશુધ્ધતા પણ નથી.

पत्न्या पतिना भ्रात्राद्यैर्मनः कार्यं तु निर्मलम् ।
धर्मभक्तियुतं ज्ञानि ततोऽशुद्धिर्न तिष्ठति ॥४४॥

भर्तृधर्मा हि यावन्तो नार्या धर्मा मता यतः ।
सत्कर्मसु युगलस्याऽन्वयो भवति सर्वथा ॥४५॥

नारी नरो साधुचर्याऽऽचारैःस्यातां सुमोक्षिणौ ।
अधीत्यर्षिऋणं पुत्रानुत्पाद्य पितृकृद्दणम् ।
मखैर्देवऋणं दत्वा भक्त्या ब्रह्मऋणं तरेत् ॥४६॥

लोकाशिषः शुभा लब्ध्वा य याति मुक्तिलब्धये ।
तस्य तेजोमयो लोकः स्याच्छुभो ब्रह्मयोगिनः ॥४७॥

પત્ની પતિ ભાઈઓ બન્ધુઓ વિગેરેએ મન નિર્મળ રાખવું, રાગ દ્વેષ બે દોષ ટાળવા તો કામ ક્રોધ લોભ મોહ માન એ દોષો ટળે, અને મદ મત્સર આશા તૃષ્ણા અહંકાર ઈર્ષ્યા એવી અશુધ્ધિઓ ટળી જાય, અને ધર્મ ભકિત તથા જ્ઞાન વાળાપણું થાય, સહેજે વૈરાગ્ય નિર્લેપતા અલોલુપતા જળકમળવત અસંગિતા વરતે, અશુધ્ધિ ન રહેવા પામે. ભર્તારના બધા ધર્મોમાં નારીના ધર્મો સમાય છે, સત્કર્મોમાં યુગલને સાથે પણું નિયમિત છે, એટલે, બન્નેમાંથી એકે કરેલાને ભાગ મળે છે, જેથી નર નારીએ સારા કર્મ આચારો વડે મોક્ષભાગી થવાય તેમ કરવું. વિદ્યાભ્યાસવડે ઋષિઋણ ઉતરે, પુત્ર થવા વડે પિતૃઋણ ઉતરે, યજ્ઞદાન પરોપકાર ધર્મો વડે દેવઋણ ઉતરે, અને ભકિત વડે બ્રહ્મઋણ ઉતરે, તેથી સંસારને તરી જવાય છે, લોકોની શુભ આશિષો મેળવીને મુકિત માટે જવા તૈયારી રાખવી, તેવા માનવો બ્રહ્મયોગિગણાય છે, તેને માટે તેજોમય બ્રહ્મલોક તૈયાર હોય છે.

इतिश्रीश्वैतायनीयव्यासस्मृतौ कलुषितशुद्धिव्रततामा दशमोध्यायः ॥१०॥

॥ अग्यारमोऽध्यायः ॥

सर्वं कृत्वा च निर्वर्त्य निवृत्तिं चाप्नुयाज्जनः ।
भक्ष्यभोज्यानि लेह्यानि चोष्याण्यपि शनैस्त्यजन् ॥१॥
इष्टान्यप्यत्यनिष्टानि कृत्वा मनो निवर्तयेत् ।
दृश्यस्पृश्यसमास्वाद्यघ्रातव्यश्रावकाण्यपि ॥२॥
शनैः समुत्सृजेत् ग्राह्यं गम्यंभोग्यं च वाच्यकम् ।
अम्बराणि प्रपेयानि सर्वाऽऽहारान् परित्यजेत् ॥३॥
यावदर्थं देहयात्रानिर्वाहार्थं समाप्नुयात् ।
देहाहन्त्वममत्वे तु बीजे धर्मविवर्जिते ॥४॥
तुषशून्ये तण्डुले च यथा तद्वत् तु निर्वहेत् ।
समाजेऽपि तरूद्याने गोव्रजे इव संमिलेत् ॥५॥
अभयं सर्वभूतेभ्यो दद्यान्मानवपुंगवः ।
स्वयं ब्रह्ममयःस्याद्वै कालात्तस्य भयं न हि ॥६॥
चर्याऽपि निर्भया यस्य वर्तनं ब्रह्मसंभृतम् ।
आचारो ब्रह्मरूपश्च शाश्वतस्य भयं कुतः ॥७॥

માણસે બધા કાર્યો પતાવ્યા પછી નિવૃત્તિ લેવી. ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય, એવા બધી પ્રકારના ખાવા પીવા ચુસવાની ચીજોને ધીરે ધીરે ઓછી કરવી, ઇષ્ટને અનિષ્ટ કરતી જવી, મનપાછું વાળતું જવું, દૃશ્ય સ્પૃશ્ય આસ્વાદ્ય સુંઘવા યોગ્ય સાંભળવા યોગ્ય, પણ ધીરે ધીરે ઓછા કરવાં, ગ્રાહ્ય ગમ્ય ભોગ્ય વાચ્ય આદિ ઓછાં કરવાં, વસ્ત્રવેષ પાન વિગેરેમાંથી આદર ઓછો કરવો. જરૂરત પુરતું જ દેહ નિભાવવા માટે ગ્રહણ કરવું, દેહના અંહંકાર મમકાર તો ફોતરાં છાલ ખોબળા વિનાના બીજેવાં ચોખા જેવા કરીને નિર્વાહ લઇ લેવો, માનવ સમાજમાં પણ તરૂસમાજકે ગોસમાજમાં હોય તેમ મળતું રાખે, સર્વ ભૂત પ્રાણિ માત્રને અભયદાન દેનારો માનવ તે બ્રહ્મરૂપ થયો છે તેને કાલનો ભય નથી. જેની દિનચર્યા તથા રાત્રિચર્યા તથા વરતન બ્રહ્મભરેલું છે, જેના આચારો વિચારો બ્રહ્મરૂપ થયા છે. તેને શાશ્વત આત્માને કોનાથી ભય હોય !, નજ હોય

सर्वत्र समताबुद्धिर्भिक्षासमान्नभोजनः ।
जीवने मरणेऽलग्नो मुक्तोऽत्र भुवि मूर्तिमान् ॥८॥

दृष्ट्या विहरणं यस्य गालितोदकपातकृत् ।
वाण्यां मौनंधारयन् स मनःपावित्र्यवान् मुनिः ॥९॥

कस्यचिच्छृण्वतान्नैव नावमानमतिर्भवेत् ।
वैरं देहनिमित्तं न कुर्वन् वर्तेत साधुवत् ॥११॥

न क्रोधं न तथाऽऽक्रोशं नोत्पाताहितमानसम् ।
नाऽन्यव्यक्तिप्रतीक्षां व कुर्यात् साधुव्रतस्थितः ॥११॥

मात्राऽसंगरसाऽसक्तः पूजासत्कारनिस्तृषः ।
आवागमनसम्बोद्धा जनः साधुप्रकीर्तिमान् ॥१२॥

સર્વેમાં સમ ભાવના, ભિક્ષા સમાન અન્નવડે તૃપ્તિ, જીવનમાં તથા મરણમાં ધ્યાન રહિત, આવા વ્યકિત મૂર્તિમાન મુકત આંહી છે. દૃષ્ટિદ્વારા ફરવાપણું ચાલવાપણું પવિત્ર જેને છે, ગાળેલા પવિત્ર જળનું પાન કરે છે, વાણીમાં મૌન ભાવને સાંચવે છે, અને માનસ સદા નિર્મળછે તે મુનિજન ગણાય છે. કોઈના બોલવા તરફ કાન ન માંડે, અપમાનને ગણકારે નહિ, દેહને નિમિત્તે કોઈ વૈર ન ઉપજાવે, એમ સન્તસ્થિતિએ વરતનાર સન્ત છે, ક્રોધ કે વઢવેડ ન કરે, કોઇ ઉત્પાતમાં મન ન લગાડે, કોઈની ગરજમાં ન પડે, સાધુ શીલ વ્રતમાં વરતે, તે સન્ત મુકત છે, શબ્દ સ્પર્શાદિ પંચ વિષયની માત્રાઓના રસની આસકિત રહિત રહે, પૂજાકે સત્કાર ની તૃષ્ણા ન રાખે, જન્મ મરણનું અનુસન્ધાન જાણવા પૂરતું રાખે, એવો જન તે સાધુકીર્તિ વાળો સન્ત મુકત જ છે.

जीवे ब्रह्मपरब्रह्मयोगेनेक्षेत मुक्तताम् ।
जले कतकयोगेन शुद्धिर्निर्मलतां यथा ॥१३॥

बुद्धौ हरिं स्मरेन्नित्यं मूर्तिमिन्द्रियवृत्तिषु ।
विषयेष्वन्तरात्मानं वीक्ष्य यायाद्धि मुक्तताम् ॥१४॥

ब्रह्मात्मदर्शनव्यापृतस्य बन्धो विशीर्यते ।
ततःसाक्षाद् ब्रह्मलब्ध्या ब्रह्माऽऽप्नोति परेऽक्षरे ॥१५॥

द्वन्द्वोऽपि द्वन्द्वमुक्तात्मा ब्रह्माऽऽत्मा समपद्यते ।
ब्रह्माऽहमिति बुद्ध्वा स्वः परंब्रह्माऽधितिष्ठति ॥१६॥

साधुर्नेता ब्रह्मभावो जगत् स्याद् ब्रह्मभावनम् ।
ब्रह्मन्यसती कुर्वन् स प्रजाः ब्रह्मस्वरूपिणीः ॥१७॥

स्वयं यायाद् ब्रह्मलोकं नयन् ब्राह्मीः प्रजाः सह ।
समर्थो मारको यत्र जनस्तस्मात् पलायते ॥१८॥

सर्वे शूरा असमर्थे विज्ञायैतन्न तं तुदेत् ।
अमायो नित्यमुत्सेधस्थानो वर्तेत योगतः ॥१९॥

બુધ્ધિમાં નિત્ય શ્રીહરિને સંભારે, ઇન્દ્રિયોની વૃત્તિઓમાં શ્રીહરિની મૂર્તિને વસાવે, વિષયોમાં અન્તરાત્માને જોયા કરે તો મુકતતાને પામેછે. બ્રહ્મને આત્મા અને આત્માને બ્રહ્મ એમ દર્શન કરવાની આતુરતાવાળાના બન્ધનો નિવૃત્ત થાય છે, અને તેથી સાક્ષાત બ્રહ્મની પ્રાપ્તિવડે, પર એવા અક્ષરધામમાં બ્રહ્મને પામે છે. સુખદુઃખ રૂપી દ્વન્દ્વ હતા, પણ તેનાથી મુકત એવો આત્મા બ્રહ્મરૂપજ બને છે. તેથી તે હું બ્રહ્મ છું એમ પોતાનો સાક્ષાત્કાર કરીને પોતે પરબ્રહ્મને પામે છે. સાધુ એવાં નેતારૂપ આત્મા બ્રહ્મભાવે વર્તે છે, ત્યારે જગતને પણ બ્રહ્મભાવપણામાં દેખે છે. પ્રજાને બ્રહ્મસ્વરૂપિણી કરતો થકો બ્રહ્મવ્યસની થાય છે, તે પોતેજ બ્રહ્મપ્રજાને સાથે લઈને બ્રહ્મલોકમાં જાય છે, લોકોમાં રીત છે કે મારનાર સમર્થ હોયતો મારખાનાર ભાગે છે, એટલે અસમર્થમાં બધા શૂરવીર બને છે, આ સમઝીને અસમર્થને દુઃખન દેવું. માયા તજે તે યોગબળવડે ઉંચે સ્થાને વરતે છે.

मायावी मन्यते स्वं न कश्चित्पश्यति चाम्बरे ।
किन्तु देवाःप्रपश्यन्ति स्वान्तरात्मा पुमान् परः ॥२०॥

यत्र यद् यद् भवत्येव कार्यं दैवं च लौकिकम् ।
तत्र तत्र स्थितः कश्चिन्नियामकः स पश्यति ॥२१॥

भिन्नव्यक्त्योर्हृदन्तःस्थो मिथोऽभिप्रायवेदकः ।
द्वयोर्वेत्ति यथा तद्वत् सर्वेषां वेत्ति सर्वगः ॥२२॥

जडानां वेत्तृता नास्ति चेतनानां तु सा मता ।
यद्यत्तं तद्द्वयोर्ज्ञातृ सर्वेषां वेत्तृ चास्ति तत् । २३॥

एकमेवाऽद्वितीयं तद् ब्रह्म पश्यति चान्तरम् ।
व्यापकत्वाच्चसर्वत्र सर्वं पश्यति तत्स्थितम् ॥२४॥

ज्ञातृ वेत्तृ प्रपश्यन् यः साक्षि नैजप्रकाशकम् ।
तद्योगात्पश्य एवाऽयं सर्वद्रष्टा प्रमुच्यते ॥२५॥

મયાવી માનવ એમ સમઝે છે. મને અન્તરિક્ષસ્થ કોઈ દેખતો નથી, પણ દિવ્ય ચક્ષુવાળા દેવો તેને દેખે છે, અને અન્તરાત્મા એવા પરમ પુરૂષ ભગવાન તો દેખે છે જ.

જે જે ઠેકાણે જે જે લૌકિકકે દેવી કાર્યો થાય છે, તે તે ઠેકાણે તેના તેના નિયામક એવા પરમપુરૂષ કોઈ જરૂર તેને દેખે છે. ભિન્ન ભિન્ન વ્યકિતઓના હૃદયમાં રહેલા અભિપ્રાયો ને જે બેકારથી સમઝીને બન્ને ને સમઝાવે છે. તે જ તેવીજ રીતે તમામમાં રહીને તમામને સમઝાવે છે, અને તમામનું આન્તરિક જાણે છે. જડમાં વેત્તૃતા નથી, ચેતનોને વેત્તૃતા છે, માટે તે બે ચેતનોમાં જ્ઞાતૃ જે વ્યાપ્ત છે, તે બધામાં વ્યાપ્ત એકજ જ્ઞાતૃ છે તે બધાનું વેત્તૃ છે. એકજ છે, બે નથી, અદ્વિતીયજ છે, બધામાં છે તે તે એકજ છે બીજા તો તેને રહેવા ના સ્થાનરૂપ છે, તો તે તેનો જાણકાર છે, બધાનો જાણકાર હોય તે વ્યાપકહોય વ્યાપક એકજ જ્ઞાતા હોઇ શકે, બીજા તો અવ્યાપક જ્ઞેય જ હોઇ શકે, તે બ્રહ્મ બધું દેખે છે, અન્તરમાં તેમાં તેમાં રહીને સર્વમાં સર્વેપણાને દેખે છે, તે સર્વાત્મક હોયતે સર્વને દેખે. માટે તે બ્રહ્મ જ્ઞાતૃ છે. સામાન્યરીતે ઉપરછળું પણ જ્ઞાતૃ છે, અને અન્દરમાં પ્રત્યેક અણુ અણુનું પણ વિશેષ પણે જ્ઞ તૃ છે જેથી બધામાં રહીને બધું દેખે છે પ્રયોજન, ફળ, સ્વરૂપ, પરિવર્તન, નવાં રૂપ સ્વરૂપ, ગુણ, ક્રિયા, સ્વભાવ, ધર્મ, વિકાર, સ્થિરતા, વિલય, કારણુતા, કાર્યતા, સંસર્ગ, નિમિત્ત, સહકારિ, તમામનું જાણકાર વ્યાપક વેત્તૃ બ્રહ્મ છે, માટે તે દેખવામાં પોતાની આંખ વાળું છે, પોતે આંખ્ય છે, સૂર્ય ચન્દ્ર દુનિયાનીઆંખો છે, તેમ આ જીવને પ્રકાશકતે શાશ્વત સૂર્ય ચન્દ્ર સ્વરૂપ છે, સ્વ પ્રકાશ છે, પરપ્રકાશક છે, આવા બ્રહ્મને જે જોનારો થાય, તેની દીધેલી આંખ્યો વડે તેને જોનારો થાય, તો તેના યોગથી જોનારો, આ, જોવા લાયક પણ, આ, બન્ને એકમેક થઈને સર્વદ્રષ્ટા જગદ્દ્રષ્ટા દિવ્યદ્રષ્ટા બની જાય છે, અને મોક્ષને અનુભવે છે.

तेजस्तत्त्वे महातत्त्वे सूर्ये चन्द्रे ग्रहादिषु ।
नक्षत्रेषु तारकासु विद्युत्सु दीपवह्निषु ॥२६॥

विस्फुल्लिंगेषु सर्वेषु चक्षुष्षु किरणेषु च ।
तदंशेषु च सूक्ष्मेषु प्रभासु परमाणुषु ॥२७॥

स्वच्छतायां चोज्ज्वलेषु धातुष्वपि जलेषु च ।
मौक्तिकेष्वच्छतारेषु स्वच्छेषु प्रस्तरेषु च ॥२८॥

जलेषु करकास्वच्छकाचेषु दर्पणेषु च ।
श्वेतचिक्कणपाषाणेष्वपि मधुषु वारिषु ॥२९॥

रसेषु रसपात्रेषु रासायनिकपट्टिषु ।
यत्राऽस्ति तेजसश्चांशस्तत्र तत्राऽस्ति सर्वतः ॥३०॥

प्रतिबिम्बग्रहशक्तिर्निसर्गो ब्रह्मणो ह्ययम् ।
अम्बरे चान्धतमसि वायौ वारिणि पार्थिवे ॥३१॥

सर्वत्र तेजसो व्याप्तिस्तेजःसु प्रतिबिम्बनम् ।
पदार्थानां भवत्येव तत्तद्ग्राहकता ततः ॥३२॥

ज्ञातृत्वं ग्राहकत्वंच स्वभावस्तेजसो मतः ।
लोके ह्यलोके यत्तेजस्तद्वै ब्रह्म व्यवस्थितम् ॥३३॥

सच्चिदानन्दरूपं तज्ज्ञातृ ब्रह्म सदा मतम् ।
शाश्वतं तत्तु सर्वात्म तदात्मा परमेश्वरः ॥३४॥

स हि ज्ञाताऽस्ति सर्वेषां साक्षात् द्रष्टा परःप्रभुः ।
तस्य तेजो ब्रह्म चापि साक्षाद् द्रष्टृ ततो मतम् ॥३५॥

तद्व्याप्तं तस्य तेजोभिर्व्याप्तं चेदं चराऽचरम् ।
आत्माऽपीश्वरपुरुषस्तथाऽन्येऽपि स्वभावतः ॥३६॥

द्रष्टारस्तच्चक्षुषां वै लाभात्तत् चेत् जनो ह्ययम् ।
विजानीयात् ब्रह्मभूतो ब्रह्मभूयाय कल्पते ॥३७॥

મહાતત્ત્વ એવા તેજસ્તત્ત્વમાં પ્રતિબિમ્બ પકડવાનો સ્વભાવ છે, તેમજ સૂર્ય, ચન્દ્ર, ગ્રહો, નક્ષત્રો, તારાઓ, વિજળીઓ, પ્રદીપો વહ્નિ અગ્નિઓ તિખારાઓ, આંખ્યો, કિરણો, તે બધાના સૂક્ષ્માંશો, પ્રભારૂપ અંજવાળાઓ, પરમાણુ દ્વયણુકો, સ્વચ્છ ચમકીલાપણું, ઉજળાપણું, સોનું રૂપું વિગેરે તમામ ધાતું પદાર્થો, તમામ જલો, ભૌતિક ચળકતા પદાર્થો, સ્વચ્છ તાણેલાં તારો, સ્વચ્છ ચિરોડી, ચકમક પાષાણો, કરા બરફ વિગેરે જળો, ચોકખા કાચ, આભલાં, ધોળા ચિકણું આરસ ચિરોડી પતરી વિગેરે પાષાણમાં, તથા મધ સાકર વિગેરે રસોમાં, વાદળ ઝાકળ વિગેરે આછા જળોમાં, ઝાંઝવાના જળ કિરણોમાં, રાસાયનનાં બનેલા કચકડા વિગેરે ઓખાઓમાં રાસાયનિક પટ્ટીઓમાં, જેમાં જેમાં તેજના અંશો છે, ત્યાં ત્યા સર્વત્ર ચારે કોરથી "૩૦" પ્રતિબિમ્બો ગ્રહણ કરવાની શકિત સ્વાભાવિક જ છે, તે શકિત બ્રહ્મની છે, બ્રહ્મમાં આ બધું જગત્ દેખાય છે, આકાશમાં અન્ધારામાં વાયુમાં જલોમાં પૃથ્વીના સ્વચ્છ ભાગો ભીંતું બાર કડપલી પતરી રેતી વિગેરેમાં તેજ વ્યાપેલું જયાં સર્વેમાં હીરામોતી પારા છીપની શંખિયા દાંત વિગેરેમાં તેજ ભાગમાં પ્રતિબિમ્બો પડે છે. તે તેજના યોગ વડે જ તેમાં તેમાં ભીન્ન પદાર્થો ના આકારોની ગ્રાહકતા રૂપ પ્રતિબિમ્બ થાય છે ગ્રાહકપણું છે આત્મામાં ત્યાં જ્ઞાતત્વ પણ છે, તે દિવ્ય તેજોનો સ્વભાવછે, આવુ લોક અલોકમાં સર્વત્ર ગ્રાહકતા અને જ્ઞાતૃતા તે શાશ્વત તેજ એવા બ્રહ્મની છે, તેથી બ્રહ્મ તેજ સર્વત્ર રહેલ છે, તે બ્રહ્મ તેજ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તેમાં ચિદબ્રહ્મ તે સદા જ્ઞાતૃ છે, પ્રતિબિમ્બને જાણે છે સાક્ષાત્કરે છે, તે બ્રહ્મ તેજ શાશ્વત સર્વાત્મક છે, તેના આત્મા તે પરમાત્મા છે, બ્રહ્મના આત્મા પરબ્રહ્મ છે તે પરમાત્મા છે, તે બ્રહ્મસહિત

સર્વેના જ્ઞાતા છે, તે પરમપ્રભુ સર્વના સાક્ષાત દ્રષ્ટા છે, ભગવાન અને ભગવાનનું તેજ બન્ને સાક્ષાદ દ્રષ્ટા છે, તે બ્રહ્મ જે અક્ષર બ્રહ્મ તેજ તે સર્વત્ર વ્યાપ્ત છે, તેનામાં મુક્તિ સ્થાનો, અને સૃષ્ટિઓ છે, માટે સર્વમાં તે બ્રહ્મ છે, આછા પાતળું તે બ્રહ્મ તેજ રૂપે છે, ચર અચર જડ ચેતન તમામાં છે, મુક્તોમાં ઈશ્વરોમાં આત્માઓમાં માયામાં સત્ત્વમાં જે બ્રહ્મ છે, તે તેજ છે, તે તેજ દ્રષ્ટા છે, સ્વભાવેજ તે આંખ્ય રૂપે છે, આંખ્યોમાં બ્રહ્મ તેજ છે, માનમાં બ્રહ્મ તેજ છે, જીવાત્મામાં બ્રહ્મ તેજ છે, આવો બ્રહ્મદર્શી સર્વદર્શી બ્રહ્મને સમજે બ્રહ્મરૂપ પોતાને સમજે તો બ્રહ્મમાં એકમેક થયો થકો બ્રહ્મની આંખ્યે બધું દેખે, તે બ્રહ્મ થયો પરબ્રહ્મ સમાન થયો. બ્રહ્મ સ્થિતિના મોક્ષમાંજ છે.

युगेऽत्र शुद्धिर्भवति यूनां च युवतीदृशाम् ।
भगवन्नामजापेन क्षणेनाऽऽर्तवशालिना ॥३८॥

उद्वाहस्य राज्यनीत्याऽष्टादशोत्तरनिर्णयात् ।
युगोऽयं निर्बलश्चाऽस्ति तपोव्रतकृतेऽक्षमः ॥३९॥

भक्त्या शुद्धिस्तीर्थयानात् गुरुद्वारादिदर्शनात् ।
सतां प्रसेवया शुध्धिस्तथावैकोपवासतः ॥४०॥

शतमालाऽऽवर्तनेन प्रसाद्यप्यानतस्तथा ।
चतुरन्हां फलाहारात् तीर्थवारिनिषेवणात् ॥४१॥

मन्दिरस्य रज्जोलेपात् सद्यःशुध्धिर्मता मम ।
महापूजाकरणाच्च पापशुध्धिर्मता परा ॥४२॥

मन्दिरसेवाकरणात् मार्जनात् पात्रमंजनात् ।
कणशुध्धिविधानाच्च शुध्धिर्भवति सर्वथा ॥४३॥

लेपनात्पुष्पमालानां गुम्फनात् चन्दनार्पणात् ।
वेषभूषार्पणाच्च नैवेद्यादिप्रबन्धनात् ॥४४॥

जलयन्त्रादिदानाच्च पुष्पवाटीविधापनात् ।
फलकन्दार्पणाच्च वेषवारसमर्पणात् ॥४५॥

आरनालार्पणाच्च पर्पटादिसमर्पणात् ।
घृततैलार्पणाच्च शाकपत्रादिसाधनात् ॥४६॥

कुमाराश्च कुमार्यश्च सद्यः शुध्यन्ति सेवनात् ।
पूर्वे युगेषु ये दोषाः कलौ नश्यन्ति भक्तितः ॥४७॥

ब्रह्ममुक्ता भवन्त्येते भक्ताः सुरोत्तमा अपि ।
पूज्या मान्याःसदा सन्तो भवन्त्येते गृहेऽपि वै ॥४८॥

આ કલિયુંગમાં યુવાનો અને યુવતી અવસ્થાવાળાઓને ભગવાનના નામ કીર્તન જળ વડે શુધ્ધિ થાય છે. ઋતુમતી પણાની અશુધ્ધિ સ્નાન તેમજ ૧ ઉપવાસ વડે તથા નામ-જપના નિયમિત સમય વડે તદ્દન શુધ્ધિ થાય છે, રાજ્યના કાયદા મુજબ વિવાહ અઢાર વર્ષ પછી નિર્ણીત કરાયેલ હોવાથી તે તે અશુધ્ધિ દૂર કરવા માટે તપ વ્રત ચાંદ્રાયણાદિકને માટે આ યુગ માનવસમાજ અક્ષમ અને નિર્બલ છે, તેને ભક્તિવડે તીર્થમાં જઇ ન્હાઈ લેવા વડે ગુરૂદ્વારે દેવ દર્શનાદિ વડે, સંતોની સેવા વડે, એક ઉપવાસ વડે શુદ્ધિ પૂરી માનેલી છે, સો માલા ફેરવવા વડે, પ્રસાદિ અભિષેકના જળ પાન વડે, ચાર દિવસોમાં પૂરતા ફલાહાર વડે, તીર્થના જલના ચાર દિવસ ઉપયોગ વડે, મંદિરની રજ વાળીને શરીરમાં ચોળવા વડે, મેં શ્વેતાયન વ્યાસે તત્કાળ શુધ્ધિ માનેલી છે; મહાપૂજાઓ કરાવવા વડે ઉત્તમ એવી પાપશુધ્ધિ થાય છે, મંદિરની સેવા કરવા વડે, સાવરણી કાઢવી ગાર કરવી ચુનો દેવરાવવો, ઠામ વાસણ ઉટકવા, દાણા સાફ સૂફ કરવા વડે માનવને સર્વ પ્રકારે શુદ્ધિ થાય છે. પાણી ગોરમટી લીપવા પુષ્પહાર ગુથવા વડે, ઠાકોરજીને ચંદન કેસર અર્પણ કરવા વડે, વેષ શણગાર આભૂષણો અર્પણ કરવા વડે, નૈવેદ્ય દુધ કોરા થાળ પૂરી વિગેરેના પ્રબંધો બાંધી દેવા વડે, તથા જળના કુવારા જળની સગવડના નળ, મશીન આપવા વડે, તથા ફુલવાડી બગીચા કરાવી દેવા વડે, ફળકંદ પત્ર આદિ અર્પણ વડે, જીરૂ રાઇ મેથી મરચાં હળદર મીઠું વિગેરે મશાલા અર્પણ કરવા વડે, ભાતભાતના અથાણાંઓ અર્પણ કરવા વડે, પાપડ વડી મઠિયાં મગજ આદિ અર્પણ કરવા વડે, ઘૃત તેલ ગોળ સાકર આદિ અર્પણ કરવા વડે, શાક ભાજી આદિ આપવા વડે, કુમાર અને કુમારીઓ યુવાવસ્થામાં આવી આવી સેવાઓ વડે તત્કાલ શુદ્ધિવાળાં થાય છે, પૂર્વકાલમાં યુગોમાં જે દોષો કહેવાયા છે, તે કલિકાળમાં સેવાભક્તિ વડે નાશ પામે છે, સેવા ભક્તિવાળા નરનારીઓ ભક્તો છે માટે દેવતાઓ કરતાં પણ ઉત્તમ દેવતાઓ સમાન છે, અને બ્રહ્મરૂપે માનવા વડે બ્રહ્મમુકતો ગણાય છે, એ સર્વે ઘરમાં રહ્યા છે, તો પણ સંત જ છે પૂજ્ય છે માન્ય છે આદરણીય છે, આ મારો શ્વેતાયન વ્યાસનો મત છે

न्यायं राज्यं समाजं च बलं व्यक्तिगतं धनम् ।
उत्साहं क्षमतां वीक्ष्य दिशेत् धर्मं धर्मं बहुश्रुतः ॥४९॥

देशं कुलं साधनं च योग्यतां मानवीं स्थितिम् ।
स्वातंत्र्यं पारतन्त्र्यादि कालं वीक्ष्य दिशेद् वृषम् ॥५०॥

व्यवसायं तथोद्योग धनाऽऽयं तनुकृद् व्ययः ।
ग्रामं च नगरं वायुमानं वीक्ष्य दिशेत् वृषम् ।५१॥

बालानां शिक्षको यद्वत् प्रजानां पालकस्तथा ।
नेता लोकसमाजस्य गुरुर्वीक्ष्य दिशेद् वृषम् ॥५२॥
किंक्रियश्च किमाचारः किंधनः किंगृहो ह्ययम् ।
किमाहारःकियत्स्मृध्यश्चेति वीक्ष्य वृषं दिशेत् ॥५३॥
अत्यनिष्टे युगे चाऽत्र यथा स्यात् सरलं ऋजु ।
इष्टं प्रपालनं शान्तिस्तथा धर्मं दिशेद् बुधः ॥५४॥
व्यासदेवेन वै तस्मात् भक्तिः पापविशोधिनी ।
वर्णिता सुखदा मोक्षप्रदा श्रीहरिणाऽन्विता ॥५५॥
सा सर्वथा दण्डरूपा नीतिरूपा विशोधिनी ।
उभयत्र हेतुरूपा तां दिशेत् पापनुत्तये ॥५६॥

ચાલૂ જમાનાના ન્યાયને, રાજ્યને, સમાજને, વ્યક્તિને બળને, ધનને, ઉત્સાહને, ખમવા પણાને, જોઈને બહુશ્રૃત ડાહ્યો માણસ ધર્મવર્તન આપે, દેશ, કુલ, સાધન, યોગ્યતા, માનવની સ્થિતિ સ્વાતંત્ર્ય, પારતંત્ર્ય, સ્વભાવ, રીતિ, અને સમય, જોઈને ધર્મવર્તન આપે, વેપાર, ઉદ્યોગ, ધંધો, ધનની આવક, શરીરની ચાલુ અવસ્થા, સ્થિતિ, સ્વાસ્થ્ય, ગામ, નગર, વાયુહવાની અનુકૂલતા આદિ, જોઈને ધર્મવર્તન આપે, તથા નિશાળમાં બાળકોનો શિક્ષક જેમ સાદાઈથી શિક્ષણ શિક્ષા દંડ આપે છે, તથા પ્રજાનો પાલન કરનારો પાલ્ય ધ્યેનમાં રાખીને ધર્મવર્તન શિક્ષણ આપે છે, તથા લોકસમાજનો નેતા, તથા ગુરૂઓ સમાજમાં મળે તેવું ધર્મવર્તન આપે છે, તે પ્રમાણે જોઈને ધર્મ વર્તન આપવું. પર કેવી ક્રિયા કરે છે? કેવો આચાર વિચાર છે?, કેવું ધન છે?, કેવાં ઘરબાર છે?, કેવા ભોજન પાન છે?, કેવી સમૃદ્ધિ છે?, કેવું વલણ છે?, તે પ્રમાણે જોઈને ધર્મવર્તન આપવું, આ કલિયુગ અતિ અનિષ્ટની હાજરી આપનારો છે, તેમાં માનવોને સરલ પડે વિખવાદ કલેશ ન થાય, ઈષ્ટ વસ્તુ પાર પાડી શકે, પાલી શકે, શાંતિ મેળવી શકે, તે પ્રમાણે ડાહ્યા માણસે ધર્મવર્તન–બતાવવું, શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ ભગવાને સર્વથી અધિક ભક્તિ પાપસંશોધિકા વધારે વર્ણવી છે, શ્રી હરિના સંબંધવાળી તેવી ભક્તિ સુખ દેનારી અને મોક્ષ દેનારી થાય છે એમ વર્ણવેલી છે, તેવી ભક્તિ આ જમાનામાં સર્વરીતે દંડરૂપે, નીતિ રૂપે, શુધ્ધિરૂપે, આ લોક પરલોકમાં સુખી રહેવા જવાના સાધન રૂપે વર્ણવી છે, માટે પાપ નાશ કરવા અને મોક્ષ લેવા તેવી ભક્તિવાળું ધર્મવર્તન આપવું.

प्रायश्चित्तानि सर्वाणि सन्ति भागवते वृषे ।
कलौ भक्तिः समादेश्या स्वाराज्येऽत्र विशोधतः ।।५७।
धर्मार्थं चापि देशार्थं परोपकृतिसिद्धये ।
धर्मो भागवतो देयः श्वेतायनो ब्रवीम्यहम् ॥५८॥

દૂષિતાનાં યત્રશાન્તિર્ભવેત્ તં વૃષમાદિશેત્ ।
ક્રૂરાણામપિ તં દણ્ડંકુર્યાત્ ક્રૌર્યં ન ચાઽઽચરેત્ ॥૫૯॥

દણ્ડાઃ સર્વે શોધકા વૈ પ્રાણદણ્ડસ્તુ નોચિતઃ ।
માનવત્વં પાવનત્વં યથા સ્યાત્ દણ્ડ ઉત્તમઃ ॥૬૦॥

ક્રોધદ્વેષદન્તકાટ્યકરો દણ્ડો ન ઉત્તમઃ ।
પાપનાશશ્ચાત્મશાન્તિર્ભવેત્ દણ્ડઃ સ મે મતઃ ॥૬૧॥

ભાગવત ધર્મમાં બધાં પ્રાયશ્ચિત્તો સમાઈ જાય છે. કલિયુગમાં પણ સ્વારાજ્ય યુગમાં વિશેષ પણે ભકિત બતાવવી, ધર્મકાર્ય માટે, દેશ હિતકર કાર્યો માટે પરોપકારોની મદદો માટે ભાગવત ધર્મ રૂપે ધર્મવર્તન દણ્ડ વધારે ધ્યાન પર લેવો, એમ હું શ્વેતાયન વ્યાસ ભલામણ કરૂ છું. દોષિત માનવોને પણ જે દણ્ડ પાળવામાં શાન્તિ થતી જાય તેવો ધર્મ–વર્તન દણ્ડ આપવો ક્રૂર માનવો ને પણ એવો દણ્ડ આપવો કે જે ભવિષ્યમાં ક્રૂરતા ન આચરે. બધા દણ્ડ સંશોધક છે, તો પણ પ્રાણ દણ્ડ તો ન જ આપવો. માનવપણું અને પાવનપણું બન્ને વરતે તેવો દણ્ડ ઉત્તમ છે. ક્રોધથી દ્વેષથી દાંત કટાકટી કરે એવો દણ્ડ ઉત્તમ નથી, પાપનો નાશ થાય અને આત્મામાં શાન્તિ થાય એવો દણ્ડ ઉત્તમ છે. એમ હું શ્વેતાયન વ્યાસ માનુ છું ભકિત થાય તેવો દણ્ડ અપાય.

ઇતિશ્રીશ્વૈતાયનીયવ્યાસસ્મૃતૌ બ્રહ્મભક્ત્યાચારશુદ્ધિનામૈકાદશોઽધ્યાયઃ ॥૧૧॥

॥ દ્વાદશોઽધ્યાયઃ ॥

સર્વેભ્ય આતતાયિભ્યઃ શીઘ્રં રક્ષ્યં નિજં વપુઃ ।
પરિત્રાણે પરાન્ નિઘ્નન્ ન દણ્ડાઽર્હો ભવેજ્જનઃ ॥૧॥

યઃકોઽપિ વૈ ભવેદ્ દેવો માનવો નૃપ ઉત્તમઃ ।
પૂજ્યોઽપિ સન્નાતતાયી હન્તવ્યો નિજરક્ષણે ॥૨॥

અગ્નિદો ગરદશ્ચાપિ ધનહર્તા સહેતિકઃ ।
દારવાટીપ્રહર્તા ચ તે ભવન્ત્યાતતાયિનઃ ॥૩॥

શાપાર્થમુધ્ધૃતકરો મન્ત્રેણ હનને સ્થિતઃ ।
સર્વહર્તા રન્ધ્રદૃક્ ચ તે ભવન્ત્યાતતાયિનઃ ॥૪॥

હન્તુમાયાત્પ્રહન્તવ્યઃ આતતાયિજનો હિ સઃ ।
સ્વપ્રાણરક્ષણં કાર્યમુપાયૈસ્તત્ક્ષણોચિતૈઃ ॥૫॥

પ્રાણથી મારી નાખવા ઝપટે તે આતતાયી શત્રુ ગણાય છે, તેનાથી તો હાજર તે હથિયારવડે પોતાના શરીરનું રક્ષણ કરવું, પોતે રક્ષણ કરવા માટે ઝપટતા શત્રુને મારી નાખનાર દંડનો પાત્ર મનાતો નથી. દેવ માનવ રાજા કે શ્રેષ્ઠ માનવ પૂજ્ય જનો હોય, પણ તે આતતાયી શત્રુ તરીકે આવી ચઢે તો પોતાના રક્ષણ માટે તેને મારી પણ નાખવો જોઇએ. અગ્નિ લગાડનાર, ઝેરદેનાર, ધન લૂંટનાર, શસ્ત્રવડે મારવા દોડનાર, પત્ની વાડી વિગેરે નો હરનાર, એ આતતાયી શત્રુઓ ગણાય છે, જલ અંજળી ભરેલ હાથ ઉંચો કરી શાપ આપવાને તૈયાર, મન્ત્ર નાખીને મારનાર, સર્વસ્વ લૂંટનાર, છિદ્રાન્વેષી, તે આતતાયી શત્રુઓ છે, હણવા આવે તેને હણવો, તે આતતાયી જ છે, તે ટાણાંના હાજર હથિયારો વડે ઉપાયો વડે નિજ પ્રાણ બચાવવો.

कूपे क्षेप्ता चोर्ध्वभागात् पातयिताऽभिपाशद: ।
पुत्रपत्न्यादिहन्ता च द्राक् हन्तव्य: सुहेतिभि: ॥६॥
कुलस्य च कुटुम्बस्य स्त्रीणां प्रधर्षकश्च य: ।
प्रसह्य स्त्रीप्रभोक्ताऽऽततायी हन्तव्य एव स: ॥७॥

કૂવામાં ફેંકી દેનાર, ઉંચેથી પાડનાર, દોરડે બાંધનાર, પુત્ર પત્ની પુત્રી આદિને મારનાર, એવાને તો શસ્ત્રો વડે જલ્દી ઠાર કરવો, કુલના કુટુમ્બના અને સ્ત્રીઓના દબાવનારા પકડનારા, પરાણે સ્ત્રીલોકતા, આતતાયીજ છે, તે તો ઠાર કરવા લાયક જ છે.

यथा देहस्तथा पत्नी रक्ष्या सर्वोपसर्गत: ।
धर्मप्रजार्थं पत्न्यस्ति धर्मायाऽन्या न कल्पते ।८॥
धर्मरक्षार्थमेवाऽस्ति भार्यारक्षणमुत्तमम् ।
जायाया रक्षणे वंशो धर्म आत्मा कुलं तथा ॥९॥
गर्भ: पुत्रो यशो द्रव्यं स्मृद्धिरन्नं जलं तथा ।
देवार्चनं जीवनं च रक्ष्यन्ते स्त्रीप्ररक्षत: ॥१०॥
पृथिव्यां यत्रकुत्रापि स्वर्गे महर्षिमण्डले ।
सुतलादिषु लोकेषु जाया रक्षन्ति यत्नत: ॥११॥

જેવો પોતાનો દેહ તેવીજ પોતાની પત્ની સર્વ પ્રકારના કુપ્રસંગોથી સુરક્ષિત રાખવી, પત્ની ધાર્મિક પ્રજા અને ધર્મ માટે છે, પત્ની વિના અન્યા સ્ત્રી ગૃહીધર્મ માટે ઉપયોગી નથી, ધર્મ રક્ષામાં ઉપયોગી પત્નીનું રક્ષણ કારણ છે, પત્નીના રક્ષણ વડે વંશનું, ધર્મનું, આત્મા-નિજનું, કુલનું, સ્વગર્ભનું, પુત્રનું, યશનું, દ્રવ્યનું, સમૃદ્ધિઓનું, અન્નનું, જળનું, દેવપૂજનનું, અને ગૃહિ જીવનનું રક્ષણ તે પત્નીના સંરક્ષણ વડે છે, પૃથિવીમાં સ્વર્ગમાં ઋષિલોકમાં પિતૃલોકમાં, અતલ સુતલાદિ પાતાલોમાં, સર્વ સૃષ્ટિઓના લોક લોકાંતરમાં, જનવર્ગે યત્નપૂર્વક નિજ પત્નીઓનાં તથા સ્ત્રીવર્ગના રક્ષણ કરાય છે.

प्रसह्य रक्षणं नैव कर्तुं शक्यं तु योषिताम् ।
किन्तु कार्ये नियुक्ताः स्युः स्वयं रक्ष्या भवन्ति ताः ॥१२॥

धनं तदात्मसात्कुर्यात् व्यये चाऽऽये नियोजयेत् ।
स्नाने शुद्धौ क्षालने च वस्तूनां क्रयणे तथा ॥१३॥

आन्धसिकक्रियायां च जलस्याऽऽहरणे गृहे ।
मार्जने च गृहपात्राम्बरगेन्दुकरक्षणे ॥१४॥

भक्तिकीर्तनदेवाऽऽर्चासामग्रीकल्पनादिषु ।
कणशुद्धौ पुष्पमालारचनायां स्वलंकृतौ ॥१५॥

कार्यभारे योजयेच्च स्वतःस्यू रक्षितास्ततः ।
व्रतगोवत्सरक्षायां दोहनादौ तथेन्धने ॥१६॥

तक्रदध्यादिकार्येषु शय्यासनविमोडने ।
इत्येव चिन्तन तासाम् भवेत् संरक्षकं सुखम् ॥१७॥

નારીવર્ગને બળજબરીથી દબાવીને શીલવ્રત વિગેરેમાં તેઓ સુરક્ષિત રાખી શકાતી નથી, પણ કામકાજોમાં લગાડી દીધેલ હોય તો તે અવલંબને પોતેજ સુરક્ષિત રહી શકે છે, ઘરમાં ધન તેમને રક્ષા કરવા સોંપી દેવું, ખર્ચમાં અને આવકમાં નજર રાખવા સોંપવું, ન્હાવું ન્હવરાવવું, ઘરની ચોકખાઈ કપડાની ચોકખાઇ રખાવવાનું ભળાવી દેવું મેલા કપડાં વિગેરે ધોવરાવવાનું કે ધોવાનું સોંપવું, ચીજોનું બજારમાંથી લેવું ખરીદવું સોંપવું, રસોઇનું કામકાજ તેમને જ માથે રાખવું, જળ ભરવાનું, ઘર વાળવા લીંપવા વિગેરેનું તથા વાસણ ઉટકવાનું વસ્ત્રો ગાદલાં ગોદડાં રજાઇ ઓછાડ ઓશિકાં વિગેરેનું સુરક્ષણ રાખવાનું તેમને સોંપવું, સવાર સાંજે ગણેશજી શંભુ નારાયણ લક્ષ્મીજી આદિકની ભક્તિ કીર્તન નૈવેદ્ય જળ ધરવાનું તથા તે માટે ચીજ સામગ્રી ગોઠવવાનું તેમને સોંપવું. દાણા સમા કરવાનું, કુલમાળા પરોવવાનું, રૂમાલ ગૂંથવાનું, અલંકાર શણગાર શોભા કરવાનું તેમને સોંપવું, કામકાજના ભાર તેમને સોંપવાથી તેમાંને તેમાં તેમનો વખત વીતે અને પોતેજ પોતાની મેળે ઘરમાં સુરક્ષિત રહી શકે છે, વ્રત કરવામાં ગૌ વાછડાંની સંભાળ રાખવામાં, ગૌને દોહવામાં, દૂધ દહીં કરવામાં; બળતણ છાણાં કાષ્ઠ રાડાં મેળવવામાં, છાસ વલોવવામાં, દહીંથી માખણ મેળવવામાં, શય્યા આસન સંજોરો પાગરણ વિગેરેના સંકેલવાના કામકાજમાં તેમને સોંપણી કરાય, આવી ચિંતા એક પછી બીજું કામકાજ તેમાં મન લાગેલું રહેવાથી સુખ સાથે નારીઓનાં સ્વયં રક્ષણ થયા જ કરે છે.

स्वात्मानं स्वात्मना यास्तु रक्षेयुः स्युःसुरक्षिताः ।
कथं भोग्या भवेमाऽन्यमानवस्येति सघृणाः ॥१८॥
नैजं देहं च धर्मं च रक्षेयुर्निम्नताऽरुचेः ।
याम्यदण्डभयाद्गर्भभयाद् लोकतिरस्कृतेः ॥१९॥
उद्वाहस्य विघाताच्च सभयाः स्युः सुरक्षिताः ।
निष्कासनभयाच्चापि मृत्योर्भयाच्च वै तथा ॥२०॥

જે સ્ત્રીઓ પોતે પોતાને રક્ષામાં રાખે તે સ્વયં સુરક્ષિત રહે છે. સ્ત્રીને – બીજા માનવની ભોગ્ય હું શું કામ થાઉં ! નજ થાઉં, આવી ભોગ્યતા બાબતની અભડાવાની જે ઘૃણા હોય તો, તથા પોતાની નીચે પતિત થવાની અરૂચિ હોય તોજ, નિજ દેહને અને ધર્મને રક્ષણ કરી શકે છે. પોતાના ગુપ્તભાગને દેખાડવાની અતિ લજ્જાવાળી હોયતે તથા યમપુરીના દંડના ભયવાળી હોય તથા સગર્ભા થઇ જવાના ભયવાળી હોયતો તથા લોકાપવાદ તિરસ્કારથી અતિ ડરતી હોયતો તથા ખરાબ થવાથી વિવાહ ભાંગી પડશે એમ નજરવાળી હોયતો, તથા કાઢી મેલશે એવા ભયવાળી હોયતો તથા ધણી સમ્બન્ધી કોઇ મારી નાખશે એવા ભયવાળી હોયતો નારી વર્ગ પોતાની મેળે ભયમાંને ભયમાંજ શીલ વ્રતમાં સુરક્ષિત રહી શકે છે.

सतीस्त्रीणां च साध्वीनां शीलरक्षणपुण्यतः ।
धनधान्यात्मजस्मृद्धियानवाहनजीविकाः ॥२१॥
भोगा भूषाऽम्बरशृंगारादिसामग्रिकाः सदा ।
उपतिष्ठेयुरह्रासाः कुले शान्तिर्वसेत्तथा ॥२२॥
रूपसौन्दर्यपुष्ट्याऽऽद्यपेयरस्यघृतादिकाः ।
शाकपत्रगरिष्टाद्याः तिष्ठन्ते सुखहेतवः ॥२३॥
मिष्टमध्वादिसत्कारा मधुपर्कादयः शुभाः ।
अतिथीनां प्रजायन्ते यत्र शीलपराः स्त्रियः ॥२४॥
युवत्युद्वाहरहिता कामज्वरार्दिता ह्यति ।
पार्श्वस्थं सुरहस्यस्थं नरं जाड्यात् प्रसेवते ॥२५॥

સતી સાધ્વી શીલ રક્ષણના પુણ્યવાલી નારીઓના પ્રતાપે ઘરમાં, ધન ધાન્ય પુત્રપુત્રી સમૃદ્ધિ યાન વાહન જીવિકાઓ, ભોગ આભૂષણ દિવ્ય વસ્ત્રોશ્રૃંગાર સામગ્રીઓ, જે ખૂટેજ નહિ તેવી સદા વસે છે, અને કુલ કુટુમ્બમાં ઘણી શાન્તિ વરતે છે ધર્મવાલી સ્ત્રીના ઘરમાં અને તે સ્ત્રીમાંસુરૂપતા, સુન્દરતા, પુષ્ટિ, અન, પાન, રસદારચીજો, ઘૃત માખણ, ગુંદ્ર, શાક ભાજી મિઠી ચીજો રસભરેલી ચીજો, સતી નારીઓનાં ભવનમાં કાયમી સુખકારી રહે છે ખૂટતાંજ નથી

"૨૩" પકવાન્ન સાકર ખાંડ ગોળ મધ વિગેરે વડે સત્કારો, આવેલાને જમાડવા શરબત પાવા મધુપર્ક આપવા વિગેરે શુભ કાયમી સત્કારો થાય છે. જ્યાં શીલવ્રત વાળી સ્ત્રીઓ છે ત્યાં અતિથિઓના સત્કારો ઉપર કહેયા પ્રમાણેજ થાય છે· જે યુવતી નારીનો વિવાહ ન થયો હોય તો કયારેક યૌવનના બળવડે કામદેવના જ્વર વડે પીડિત થઈ થકી તે કોઈ વખત પાસે એકાન્તમાં રહેલા થોડા એવા પરિચિત નરને નારી પોતે પોતાની જડતાવડે સેવવાનું વર્તન આપનાવી લ્યે છે.

तस्माद् रक्ष्याः सदा नार्यो यथा न व्यभिचारिताम् ।
गच्छेयुः परसंगेन सत्यस्तास्तु श्रियो मताः ॥२६॥

स्त्रियः सत्कारधर्मिण्यो भवन्त्यागन्तुकेषु यत् ।
तस्मात्ताः कमलाः प्रोक्ताः कुलसन्तानपोषिकाः ॥२७॥

नारी क्षेत्रं पुंसि बीजं बीजं योषिति चोप्यते ।
यथा बीजं तथा वंशो बीजलक्षणसंवृतः ॥२८॥

भूमावुप्तानि बीजानि भिन्नांकुरकराणि हि ।
बीजस्वभावः पुत्रः स्यात् बीजं शुद्धं ततो वपेत् ॥२९॥

तस्माद्वै स्वामिना शुद्धं वप्तव्यं बीजमुत्तमम् ।
असंकीर्णं निजक्षेत्रे सत्या गर्भाशये निजम् ॥३०॥

માટે નર વર્ગે નારીવર્ગને પર પ્રસંગવડે વ્યભિચારિપણાને ન પામે તે રીતે રક્ષણમાં રાખવી. એવી સતીઓ એજ શ્રીવર્ગ છે. સ્ત્રીઓને ઘરે આગન્તુક મેમાન આવે તો સત્કાર ધર્મ સાચવવોજ પડે, સત્કાર ધર્મવાલી કમળાઓ ગણાય છે, તેજ કુલ અને સન્તાનની પોષણ કારિણીઓ છે નારી ક્ષેત્ર ભૂમિ છે, બીજ પુરૂષમાં રહે છે, પુરૂષ બીજને નારીમાં વાવે છે, જેવું બીજ તેવો વંશ ઉપજે છે, બીજના લક્ષણો વંશમાં વિસ્તાર પામે છે. ભૂમિમાં વિજાતીય બીજો વાવ્યાં હોય તે પોત પોતાના સજાતીય અંકુરો ઉપજાવે છે, બીજમાં સ્વભાવહોય તેવા સ્વભાવનો પુત્ર થાય છે, માટે જ ચોકખું બીજ વાવવું, સ્વામી એવા પતિદેવે ઉત્તમ બીજ તે, અસાંકર્ય પાળેલ પોતાની સતીના શુધ્ધ ક્ષેત્રમાં ગર્ભાશયમાં વાવવું "૩૦"

विवाहितानां नारीणामापत्काला अनिष्टदाः ।
भवन्त्येतान् प्रवदामि व्यवहारान् सुखप्रदान् ॥३१॥

पतिर्धनादिकार्यार्थं प्रोषितः परभूमिषु ।
प्रतीक्ष्यः स स्त्रिया पत्न्या धर्मस्वामी यतो हि सः ॥३२॥

दुःखेन प्रगतः क्लेशात्, गृहं त्यक्त्वा गता तथा ।
उभयोः क्लेशनाशार्थं साम योज्यं, वियोजनम् ॥३३॥

आजीवनमसंवासः सम्बन्धस्य वियोजनम् ।
पञ्चद्वारा प्रकर्तव्यं सलेखं सुखकृत् तयोः ॥३४॥

रुग्णत्वादौ तु न त्याज्यं युगलत्वं कदाचन ।
वैवाहिकं प्रपाल्यं तत् द्वाभ्यां मिथः स्वरादिदम् ॥३५॥

વિવાહિત નારીઓને આપત્કાલ અનિષ્ટ કરનારા થાય છે, તે સમયમાં પણ સુખદ વ્યવહારો કહું છું, પતિદેવ ધન આદિ કમાણી માટે પર રાજ્ય પરદેશમાં ગએલ હોય, તેની પરણેલી પત્નીએ આવવાની રાહ જોવી, કારણકે તે ગૃહિધર્મ વડે સ્વામી પતિ છે, સ્વામી, ગૃહ કલેશથી ચાલ્યો ગએલ હોય, કે પત્ની ગૃહકલેશથી ચાલી ગઈ હોય, તો તે બન્નેના કલેશો દૂર થાય તેવી સમઝાવટ કરવી કરાવવી, અથવા તો તદ્દન છુટાછેડા કરવા કરાવવા, આખા જીવનમાં સંવાસ કે સંયોગનો પ્રસંગ તજાવાય, અને તેવો સંબંધ છોડાવાય, કાગળમાં લેખ લખીને છુટાછેડાની સંમતિ સુખપ્રદા કરવી કરાવવી, રોગ વડે, પીડાતા હોય તો સેવા કરવી સહન કરવું એક બીજાનો ત્યાગ ન કરવો, યુગલપણું સાચવવું, વિવાહકારિત દંપતીપણું બનેએ નિભાવવું, તે સ્વર્ગ આદિ પરલોકનું આપનારૂં છે.

सम्बन्धो धर्मतः पाल्यः, किन्तु प्राणान्तदुःखकृत् ।
तर्हि वियोजनं युक्तं, जीवन्धर्मो भवेत्पुनः ॥३६॥

नपुंसकस्य षण्ढाया युक्तं, वियोजनं मुखम् ।
यद्वा पत्नी द्वितीया स्यात्, षण्ढे नाऽन्या गतिस्त्विति ॥३७॥

गुप्ता गत्तिस्तु भवति देवरस्याऽनुसेवनम् ।
आनुकूल्यं भवेत्तर्हि न स्यात् क्लेशो विवाहकृत् ॥३८॥

उभयोः पक्षयोः स्याच्चेदानुमत्यं सुखाय तत् ।
नो चेत्, सदा वियोगोऽत्र श्रेयस्कर इतीरितः ॥३९॥

साहसं नैव कर्तव्यं वियोगार्थं विचार्य यत् ।
यत्र क्वाप्युचिते स्थाने योजनं सम्मतो वृषः ॥४०॥

દાંપત્ય સંબંધ ધર્મથી છે માટે આજીવન પાળવો, પણ પ્રાણત્યાગ કરવા જેવું દુઃખ દેનારો થાય તો, તે કરતાં છુટાછેડા સારા ગણાય, છુટાછેડા કરીને જીવશે તો જરૂર કલ્યાણાર્થ ધર્મ વિશેષ પાળશે, નપુંસક કે નપુંસકીનો અનપુંસક કે અનપુંસકીનો પરસ્પર સંબંધ તે

ધાતુવાળા નર કે રજોવાળી નારીને દુઃખદાયી જ છે, માટે તેવા કજોડલાને તો છુટાછેડા લેવા સુખદાયી છે, અથવા સધાતુક પુરૂષે બીજી પત્ની કરાય તો નપુંસકીને પાળવી તે ધર્મ છે, પણ પુરૂષ નપુંસક હોય તેને ઠેકાણે બીજો પતિ તો નજ થઇ શકે, ત્યાં છુટાછેડા યોગ્ય છે, ગુપ્ત રીતિ કરી શકાય, પણ તે ધર્મવિરોધી ન હોય તો કરાય, જેમ કે દેવર અવિવાહિત હોય તો સગા મોટા નપુંસક ભાઇની પત્ની દેવરને સેવે, પણ તે બંનેના માવતરો અને નપુંસક પતિ સંપીને ધર્મની રીતે અમારી આજ્ઞાઓથી પતિપત્ની પણે વરતો એમ જો ગતિ કરે તો અનુકૂલતા હોય તો, અને વિવાહિતપણાનો કલેશ શમી જતો હોય તો બંનેના પક્ષના માનવોમાં જો અનુમતિ મલતી હોય તો દેવરની પત્ની થવામાં ધર્મ–પતિધર્મ જ પળાય છે તે સુખદ થાય છે, તેમ અનુકૂલ ન પડે તો છુટાછેડા સારા ગણાય, પછી શ્રેયસ્કર કાર્ય થાય. પણ છુટાછેડાનું સાહસ ન કરવું, વિચારીને યોગ્યમાં દંપતીપણું તે ધર્મ ગણેલ છે.

गुप्ताङ्गे धातुरोगः स्यात् रोगिणी वा भवेत् सती ।
तर्हि पाल्या पालनीयो यदि धर्मो ह्यवेक्ष्यते ॥४१॥
नो चेत्, भोगविलासार्थं दाम्पत्य रचयेत् पुनः ।
मृत्यौ सति तु दाम्पत्यं द्वितीयं कल्पितं सुखम् ॥४२॥
वन्ध्यात्वेऽपि सुतार्थं स्याद् द्वितीया धर्मचारिणी ।
क्लेशे सति परित्याज्या, कुलसम्मतितो वृषः ॥४३॥
नार्या पतिर्द्वितीयोऽपि कर्तव्यस्त्यागितोत्तरम् ।
नारी तिष्ठेत् ऋतुमती, यावदृच्छेद् वृषात् पतिम् ॥४४॥
यद्वा स्वयंवरं कुर्यात वृषार्थं सत्वरं सती ।
पुमानपि तथा कुर्यात् नोद्वाहः स्यात् कुटुम्बितः ॥४५॥

ગુપ્ત અંગોમાં ધાતુ કે રજો ભાગનો બગાડ થએલ રોગ હોય, તો નરનારીએ પરણેતર ગૃહિધર્મ સાચવવા તે ધર્મ નિભાવવો. ન નિભાવી શકાય તો ભોગવિલાસ માટે ફરીથી દંપતીપણું નવું કરવું, બેમાંથી એકનું મૃત્યુ થયે, ફરીથી દામ્પત્ય કરાય તે સુખમાટે થાય છે, નારી વન્ધ્યા જ રહેતી હોયતો બીજીનારી પુત્રમાટે કરવી, તેમાં ધર્મ સંચવાય, કલેશ ઉપજે તો સુખ થાય તે પ્રમાણે ત્યાગ પણ કરાય, તેમાં કુલ સમ્મતિ લેવી, તે ધર્મ છે. નારીએ પણ પોતે તજાયા પછી બીજો પતિ કરવો. નારી કે કન્યા ઋતુધર્મ વાળી લાંબો કાળ રહે અને ધર્મથીજ પતિને ઇચ્છે, ઉતાવળ ન કરે, પણ નીરાશા જ થતી હોયતો તેણે સ્વયંવર પધ્ધતિથી પતિ ધર્મ-રક્ષણ માટે સ્વીકારી લેવો, તેમાં સતી ધર્મ સુરક્ષિત રહી શકે. પુરૂષ પણ લાંબે કાલે નીરાશ થયો હોય તો, કુટુમ્બિજનો તેના વિવાહ ન કરાવતા હોય તો, સ્વયંવરિણી પદ્ધતિથી યોગ્ય પત્ની કરી લે.

दाम्पत्यं रक्षणीयं चाऽऽमरणान्तं वृषो हि सः ।
दम्पतीभ्यां रक्षणीयो धर्मार्थकाममोक्षकृत् ॥४६॥

अदम्पती तु साधुः स्यात् साध्वी स्यात् शीलरक्षिका ।
शीलेन स्याज्जितं सर्वं शीलं श्रेष्ठो वृषो मतः ॥४७॥

शीलं वै साधुसम्पत्तिर्ब्रह्मव्रतं जयप्रदम् ।
यत्र न कामसंभोगाः क्लेशास्तन्मूलजा न हि ॥४८॥

धर्मो धनं धनं विद्या धनं शीलं महत्तमम् ।
धनं जाठरसामग्रीः धनं भागवतो वृषः ॥४९॥

एतद्धनेन धनिनां पुत्रो धनं तु तारकम् ।
शिष्योऽपि तारकं द्रव्यं हरेर्भक्तिर्महद्धनम् ॥५०॥
अत्र भागो न केषाञ्चित् धनैरेतैर्जयो दिवः ।
ब्रह्मलोकस्य विजयोबुधस्तानि सदाऽर्जयेत् ॥५१॥

દમ્પતીપણું સર્વ પ્રયત્નો વડે રક્ષિતરાખવું, એ આમરણાન્ત ઉત્તમ ધર્મ છે, દમ્પતીઓને ધર્મ અર્થ કામ અને મોક્ષ આપે એવો દામ્પત્ય ધર્મ છે. દમ્પતી ન હોય એકલા હોય તેણે તો સાધુધર્મ સાધ્વીધર્મ શીલવ્રત રક્ષક એવાં વ્રત પાળવાં, શીલવ્રત વડે બધું જિતાય છે તે શ્રેષ્ઠ ધર્મ છે, શીલવ્રત સન્તોની સમ્પત્તિ છે, બ્રહ્મવ્રત તે શીલવ્રત છે અને જયપ્રદ છે, જે શીલવતમાં કામનાઓ ભોગો કે તેનાથી જન્ય કલેશો થતા નથી. ધર્મ ધન વિદ્યા ધન છે શીલવ્રત મોટું ધન છે, જઠરાગ્નિ અને ભોજનપાન તે પણ ધન છે, ભાગવત ધર્મ મહાન ધર્મ છે, આવાધનો વડે જે ધની છે, તેને પુત્ર-ધન તારનાર છે તથા શિષ્ય-ધન તારનાર છે, તે કરતાંય શ્રીહરિની ભક્તિ તો મહામોટું ધન છે, આવાધનોમાં કોઈનોભાગ નથી, આવાધનો વડે સ્વર્ગજીતાય છે, બ્રહ્મલોક પણ જીતાય છે, માટે ડાહ્યાજને આવાધનો મેળવવા.

अर्ज्यं दशविधं द्रव्यं विद्या शिल्पं कृषिर्भृतिः ।
गोरक्षा वणिजः सेवा भैक्ष्यं धैर्यं कुसीदकम् ॥५२॥
धर्म्यं सप्तविधं द्रव्यं दायो लाभो जयः क्रयः ।
प्रयोगः कर्मयोगश्च सत्प्रतिग्रह इत्यपि ॥५३॥
एभिर्जीवेत् धर्मशीलो भिक्षाऽऽपत्तौ शुभा मता ।
सर्वेऽपि भिक्षुकाः सन्ति परद्रव्याभिलाषुकाः ॥५४॥

દશ પ્રકારે ધન દ્રવ્ય મેળવવું તે ધર્મ છે, વિદ્યા વડે, શિલ્પકળા વડે, ખેતી વડે, નોકરી વડે, ગોપશુરક્ષણ વડે, વ્યાપાર વડે, ચાકરી વડે, ભિક્ષા વડે, શૂરવીરતા કે ધૈર્ય વડે, વ્યાજવટા વડે,

મળે તે મેળવવા યત્ન કરાય, સાત પ્રકારે મળે તે પણ ધર્મભરેલું છે, વારસમાં મળે, નફો મળે, જીતીને મળે. અરીદ્દી વેચાણે આદિવડે મળે, લેવડ દેવડના વ્યાજથી મળે, કામકાજ ધંધાવડે મળે, ખેતી વડે મળે, સારામાણસે મેળવેલમાંથી આપે એ ધાર્મિકિ છે, ધર્મશીલ માનવ આવા ઉપજીવકો વડે જીવે, આપત્તિમાં ભિક્ષા ઉત્તમ છે. રાજા પ્રજા તમામ બીજાપાસેથી નાણું ઇચ્છે છે, માટે અદલાબદલાની સત્તાની, કામકરી ને લેવાની, એવી એવી ભિક્ષુકતા તમામમાં છે.

इतिश्रीश्वैतायनीयव्यासस्मृतौ स्त्रीरक्षणनामा द्वादशोऽध्यायः ॥१२॥

॥ त्रयोदशोऽध्यायः ॥

कलौ दानं मुख्यधर्मो दानाच्छुद्धिर्भवत्यति ।
कलौ वर्णा हि सर्वेऽपि बाहूद्यमपरायणाः ॥१॥

भिक्षा न रोचते तेषां भृत्यताऽपि न रोचते ।
अनुद्यमलभे नास्ति रुचिर्वै यावतां कलौ ॥२॥

अपि भिक्षावृषा विप्राः साधवश्चाऽप्यनाश्रयाः ।
अनाथा अपि भिक्षां न रोचयन्तिकलौ जनाः ॥३॥

न तपो न वने वासं न सन्न्यासे गुरोःकुले ।
न सत्रेऽनुद्यमलाभं रोचयन्ति कलौ जनाः ॥४॥

न पूजयाऽध्ययनेन तथाऽध्यापनकर्मणा ।
माधुकरीं पिष्टवृत्तिं रोचयन्ति कलौ नहि ॥५॥

अपि विप्रबटुः साधुश्चाऽनाथो मार्गकेतनः ।
भिक्षां रोचयति नैव तिरस्कारपदं यतः ॥६॥

કલિયુગમાં દાન મુખ્ય ધર્મ છે, દાન વડે ધન અન્ન ઉપજની શુદ્ધિ થાય છે, વિકારોની શુદ્ધિ થાય છે. કલિમાં સર્વે વર્ણો જાત મહેનતને વધારે માને છે, તેઓને ભિક્ષા, માગવું, તે રૂચતું નથી, ચાકર થવું પણ રૂચતું નથી, કલિમાં તમામ માનવોને, મફતનું ખાવામાં અકર્મિપણે મેળવવામાં રૂચિ હોતી નથી, વિપ્રોનો ભિક્ષાધર્મ છે તે પણ તેમને સારો લાગતો નથી, સાધુઓ તથા આધાર મઠ વિનાના માણસો તથા અનાથો બાવાઓને પણ ભિક્ષા માગવી સારી લાગતી નથી. તેમ તેઓને તપ કે વનવાસમાં કે સન્ન્યાસમાં કે ગુરૂકુલમાં નિરોધમાં રહેવું ગમતું નથી, તથા અન્ન ક્ષેત્રોમાં પણ મફતીયા ઉદ્યમવિનાના લાભ રૂચતા નથી. દેવ પૂજાવડે પૂજારી પણે કે ભણવાવડે કે ભણાવવા વડે કે માધુકરી ભિક્ષાની વૃત્તિ વડે કે લોટ

માગવા વડે જીવન બિલકુલ ગમતું નથી. વિપ્રબાલક હોય કે સાધુ હોય કે અનાથ હોય કે રસ્તામાં પડખે પડયો રખડતો હોય તો પણ માગવું લિખવું તેને ગમતું જ નથી, કારણકે તેમાં તિરસ્કારો બહુ રહયા છે.

स्नुषयाऽपि प्रदत्तोऽन्नरोटकोऽपि न रोचते ।
कुटुम्बेनाऽऽत्मजेनाऽपि दत्तमन्नं न रोचते ॥७॥

युगोऽयं तादृशश्चाऽस्ति मिथः क्लेशो गृहे गृहे ।
अन्नार्थं च जलार्थं च वस्त्रार्थं भूषणकृते ॥८॥

भूम्यर्थं गृहवासार्थं लुञ्चार्थं कार्यसिद्धये ।
निजध्येयफलार्थं मिथः क्लेशो गृहे गृहे ॥९॥

कन्यार्थं सुतविद्यार्थं प्रोद्यमार्थं व्ययकृते ।
स्वातन्त्र्यार्थं च सत्तार्थं कलौ क्लेशा गृहे गृहे ॥१०॥

रोगिणां स्वल्पसत्त्वानां मनःक्लेशा गृहे गृहे ।
धनार्जने महाक्लेशाः रक्षणेऽपि जने जने ॥११॥

પુત્રવધૂએ હેતથી આપેલો અન્નરોટલો પણ કલિમાં રૂચતો નથી, કુટુમ્બ કે પુત્રે આપેલ અન્ન રૂચતું નથી, આકલિકાલ એવોજ છે જેમાં ઘરે ઘરે અન્દર અન્દરમાં કલેશ, અન્ન, જલ, વસ્ત્ર, આભૂષણ, ભૂમિ, ભાડાવડે નિવાસ, લાંચ રૂશ્વત, કાર્યસિદ્ધિ કરવા, પોતાનું ધાર્યું કરાવવા, તેવું ફલ લેવા, પરસ્પર ઘરે ઘરે ઘરમાંજ કલેશ, કન્યા માટેના કલેશો, પુત્ર માટે, તેને ભણાવવા માટેના કલેશો, ઉદ્યમ મળવા માટે કલેશો, ખર્ચ બહુ થાય તેના કલેશો, સ્વતંત્ર છુટ છાટનાં રખડવાનાં બોલવાનાં અમર્યાદાનાં કલેશો, અપમાનનાં તથા સત્તા માટેનાં કલેશો, તો કલિકાલમાં માણસે માણસે વ્યાપેલાં છે. રોગનાં કલેશો, નિર્બલતા ક્ષીણતાનાં કલેશો અશકિતઓના એકસીડંટ અકસ્માતના કલેશો, મનના કલેશો, તત્ત્વ પ્રકોપના, ધન મેળવવાના, તેના રક્ષણના પણ માણસે માણસે મહા કલેશો કલિમાં છે.

दृष्टिक्लेशाः श्रावणोत्थाः कामक्लेशा अनर्थदाः ।
छलकापट्यचौर्यादिक्लेशा घातपरास्तथा ॥१२॥

भयक्लेशा महाक्लेशा अवग्रहकृतास्तथा ।
ताडनादिकृताः क्लेशा मिथः सर्वप्रजास्विति ॥१३॥

एतेषां नाशनार्थं वै दण्डास्तेऽन्यायगर्भिणः ।
कुतः कलौ भवेच्छुद्धिः सुखं सदृजुदेहिनाम् ॥१४॥

दानं द्रव्यगवाऽज्ञादिवस्तुभूमिकृतं सुखम् ।
सरलं सर्वदानात्म दण्डकार्यं भवेदृऋजु ॥१५॥

सेवादण्डोऽपि सरलो महापूजनमित्यपि ।
गुर्वंगुष्ठजलस्यापि पानं दोषनिवारकम् ॥१६॥

દેખવા વડે ઘણા કલેશો છે, સાંભળવા વડે ઘણા ઉદ્વેગો થાય છે, કામના વડે ઘણી ઝંખનાઓ થાય છે, તે વડે અનર્થો આવે છે, છેતરપિણ્ડી, કપટ, ચોરી, ધોખો દેવો, અપહરણ કરવું, આદિક ઘણાઘણા કલેશો ઘાત કરનારા પણ નીવડે છે, ભયના કલેશો દેશાન્તરમાં ભાગવું પડે, દુકાળ પડવાથી કુટુમ્બ વિખુંટું પડી જાય, વેચાઈ જાય તેવા કલેશો, તથા તાડન મારપીટ વિગેરેના કલેશો, સર્વે પ્રજામાં આ કલેશો ઘેર ઘેર છે. એ કલેશો શમાવવા માટે જે જે દણ્ડ પ્રયોગો થાય તેમાં પણ ઓળખાણના અન્યાયો ધનાર્પણના અન્યાયો ભળામણના અન્યાયો અન્દરમાં છાનાં થતા જ હોય છે, તો પછી કલિયુગમાં ક્યાંથી શુધ્ધિ થાય, દેહધારિઓને સરલ રીતે સુખી કેમ થવાય, આ બાબત સરલ તો દાન જેવી કલિમાં કોઇ નથી, દ્રવ્ય ઠાલવવું, ગૌ ભેંસ અશ્વ બકરી પટારા કબાટ તિજોરી, પલંગ ગાલીચા વાહન ભૂમિ આદિ અપાય તો ધાર્યું સુખ મેળવાય, માટે દણ્ડકાર્ય સર્વ પ્રકારના દાન સ્વરૂપે સરલ અટપટું ન પડે તે પ્રમાણે ઉપયોગી શુધ્ધિકરનારૂં માનેલું છે, દાનશકિત ન હોયતો દેહવડે સેવા શકિત વાપરવી, દેવના મહાપૂજન કરવા, કરાવવા, ગુરૂદેવના ચરણામૃત અંગુઠાના જળના પાન કરવા, આ પાવન સત્કર્મ તે પણ સર્વ ભૂલોના પાપના નિવારક છે.

अनुग्रहो महत् पुण्यं सर्वदोषनिवारकम् ।
दुर्बलेऽनुग्रहः कार्यो जपदण्डोऽपिवै वृषः ॥१७॥

कृतपापस्य दोषस्य प्रच्छन्नस्य तु वै स्वयम् ।
कुर्याज्ज्ञापादिकं शान्त्यै छन्नो धर्मः स सम्मतः ॥१८॥

विदुषे विनिवेद्यैव तेनोक्तं धर्ममाचरेत् ।
तत् स्यात् संशोधकं स्वल्पमपि सद्गुरुदेशितम् ॥१९॥

अविज्ञानां सहस्राणां परिषन्नहि गण्यते ।
विज्ञानिनस्तु धर्माणामेकस्यापि मता हि सा ॥२०॥

पञ्च त्रयोवा परिषत् प्रोक्ता धर्मधियो विदः ।
आत्मविद्यो ब्रह्मनिष्ठो दिव्यदृक् एक एव सा ॥२१॥

किल्बिषाणि समस्तानि गुर्वग्नौ निक्षिपेज्जनः ।
गुरुर्वह्निः स्वयं धमाता पापानां ज्वालकः प्रभुः ॥२२॥

गुरुः साधुर्महाविद्वान् ब्रूयात् क्रीडार्थमित्यपि ।
धर्म एव स वाग्रूपःफलति शुद्धिनायकः ॥२३॥

देवतायतने राजा प्रायश्चित्तं प्रवर्तयेत् ।
दोषी धर्मं जपेत् कुर्यात् गायत्रीं नाम शुद्धिकृत ॥२४॥

गवां सतां च पितृऋणां देवतानां समर्हणम् ।
महत् संशोधकं प्रायश्चित्तं चेश्वरसम्मतम् ॥२५॥

મોટા પુરૂષનો અનુગ્રહ તે મોટું પુણ્ય છે, સર્વે દોષોનું નિવારક છે, દુર્બલમાં અનુગ્રહ કરવો, તેને જપ કરવાનું પ્રાયશ્ચિત તે ધર્મ છે, પાપ છાનું થયું બાહેર ન પડેલ હોય, તે દોષનું નિવારણ કરવા પોતેજ પ્રાયશ્ચિત્ત કરી લે, જપ જપી લેવા, તેથી પાપની શાંતિ થાય છે તે ધર્મ છે, એક વિદ્વાન સાત્વિકને પૂછીને કહે તેમ કરી લેવું તે પણ ધર્મ માનેલ છે, તે પાપનો સંશોધક છે, સદ્‌ગુરૂએ થોડું એવું બતાવ્યું હોય તે પણ, મહાપાતક નાશક જાણવું, અજાણ માનવો હજારો લેગા થાય તે વિચારસભા ન ગણાય, ધર્મોનો બહુ જાણકાર એકજ વિદ્વાન પણ સભા ગણાય છે, પાંચ કે ત્રણ ધર્મ જાણકાર વિદ્વાનો પણ સભા ગણાય છે, આત્મવેત્તા બ્રહ્મનિષ્ઠ દિવ્ય દૃષ્ટિવાળો એક જ સંત પણ સભા ગણાય.. ॥ ૨૧ ॥ માણસે પોતાના સમસ્ત કિલ્બિષો ગુરૂદેવ રૂપ અગ્નિમાં હોમવાં, ગુરૂ પોતે જ અગ્નિ છે તે પાપોના બાળનાર છે, ધર્મી નાખનારા પ્રભુ સમર્થ છે, ગુરૂ સંત મહાવિદ્વાન માનવ કાંઇક બોલરૂપમાં બોલી જાય તો પણ તે તેની વાણીરૂપી ધર્મ છે, શુદ્ધિઓનો કરનાર છે, સુખ શાંતિ ફળ આપનારો છે, રાજા દેવાલયમાં પણ દેવસભીપે પ્રાયશ્ચિત અપાવે, દોષિત હોય તે જપ કરે ધાર્મિક વ્રત કરે ગાયત્રી જપે ૐ એવા નામ જપે, તે શુદ્ધિ કરનારાં છે, ગૌમાતાની સેવા સંતની સેવા પિતૃ ભાવતર વૃદ્ધોની સેવા દેવતાઓના પૂજા એ પ્રાયશ્ચિત્ત ભારે શુધ્ધિ કરનાર છે, પરમેશ્વરનું માનેલ છે.

व्रतेनोपोषणेनापि स्नानसन्ध्यार्चनवृषैः ।
जपदानदयाहोमैः शुद्धयन्तिगुरुवाक्यतः ॥२६॥

मनस्तापो भवत्येषः प्रायश्चित्तमयो वृषः ।
तेन शुद्धिर्मता जीवे देहे चोपोषणं मतम् ॥२७॥

पञ्चगव्यानि शुद्धानि शोधकानि च गौरिव ।
मूत्रमेकपलं तत्रांऽगुष्ठार्धं स्वल्पगोमयम् ॥२८॥

दुग्धं सप्तपलं तत्र दधि त्रिपलमाददेत् ।
घृतमेकपलं चैकपलं दर्भोदकं ददेत् ॥२९॥

सम्मिश्र्य गालयित्वा तत्पञ्चगव्यं पिबेत् जपन् ।
गायत्र्याश्चेशनाम्नां च जपेन सह तत् ग्रसेत् ॥३०॥

होमास्तस्य प्रकर्तव्यास्ततस्तत्पानमाचरेत् ।
एवं शुद्धिर्भवत्येव लोकानां पाशवर्तिनाम् ॥३१॥

ફલાહાર, એકટાણું, આદિવ્રત વડે, ચાંદ્રાયણ, કૃચ્છ્રાદિ વડે, ઉપવાસ વડે, તીર્થસ્નાન, ભગવદ્ધ્યાન, સંધ્યા ગાયત્રી જપ, દેવપૂજન, આદિ વડે, પુણ્ય કરવા વડે, પાપો ઠેલાય છે ધોવાય છે ભાગે છે અને બળે છે, જપ, દાન, હોમહવન, અને ગુરૂની આજ્ઞાઓ પાળવા વડે પાપો નાશ પામે છે, માનવ શુદ્ધ થાય છે, માનસ પશ્ચાત્તાપ તે પણ પ્રાયશ્ચિત ધર્મ પાપશોધક છે, મનસ્તાપ વડે અંતઃકરણ આત્માની શુદ્ધિ થાય છે, અને ઉપવાસો વડે શરીરની શુદ્ધિ થાય છે, પંચગવ્ય પ્રાશન કરવા વડે ગૌદાનથી જેવી શુદ્ધિ થાય તેવીજ શુધ્ધિ થાય છે, એક પળી ગોમૂત્ર, અંગુઠાના ટેરવાં જેટલું ગોછાણ, સાત પળી દૂધ, ત્રણ પળી દહિં, એક પળી ઘી, તથા એક પળી ડાભડાનું પાણી, પળી એટલે ચાર રૂપિયા ભાર, વધારે પડતું જણાય તો બધું અર્ધું કરી નાખવું. તે બધાંને ભેળવીને આછે વસ્ત્રે ગાળીને જરા સતપ કરીને ઠંડુ એવું અગ્નિમાં થોડુ હોમીને, પછી ગાયત્રી જપ સાથે કે ભગવાનના નામના જપ સાથે પીવું, હોમ વડે દેવપ્રસાદી ગણાય તે પીવું, પાપના બંધન વળગેલા માનવ આ બ્રહ્મકૂર્ચ પીએ તો પવિત્ર થાય છે, એક દિવસ, પાંચ દિવસ, સાત દિવસ, રૂચિ પ્રમાણે, સદવા પ્રમાણે પીવાય.

यानि तानि च पापानि महान्ति च लघून्यपि ।
साधुदीक्षासमादानात् भस्मीभवन्ति सर्वशः ॥३२॥

साध्वीदीक्षाग्रहणाच्च नारीणां दोषशोधनम् ।
मायानाशकरी त्वेषा धाममुक्तिप्रदा च सा ॥३३॥

तत्र भक्तिर्हरेः सम्यक् सेवा चरणयोः प्रदा ।
संसारः पापमेवाऽस्ति तत्राऽविद्या तु पापिनी ॥३४॥

माया सा नाशनीया वै भक्त्या च दीक्षयाऽपिच ।
परो भागवतो धर्मः पालनीयः प्रसादकृत् ॥३५॥

गुरोर्भगवतो भक्तिः सेवा मूर्तिमती कृपा ।
प्रसन्नताप्रदा साक्षात् प्रसंगात् ब्रह्मरूपिणी ॥३६॥

मदर्पणं मदासक्तिर्मयि सर्वक्रियाऽर्पणम् ।
मम मूर्तिमती सेवा चिदचित्स्वामिन सदा ॥३७॥

सत्या माता पिता सँश्च बन्धुः सन् भगिनी सती ।
पतिः सन् सर्वलोकानां मत्सेवा शुध्धिमुक्तिदा ॥३८॥

कलेर्ह्रासः कलौह्रासः सर्वह्रासो मदाश्रयात् ।
मम धर्मस्य न ह्रासो मम धर्मान् श्रयेज्जनः ॥३९॥

જે તે કાંઇ મોટાં કે નાના પાતકો તે, સાધુ દીક્ષા લેવા વડે સર્વ પ્રકારે ભસ્મી ભૂત થાય છે. નારી પણ સાધ્વી દીક્ષા લે તો તેના સર્વ દોષોની શુધ્ધિ થઇ જાય છે. દીક્ષા માયા ટાળનારી છે ધામમાં મુકિત આપનારી છે. તે દીક્ષામાં શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભકિત તથા સેવા તે શ્રીહરિના ચરણ યુગલમાં વાસ આપનારી છે. સંસારજ પાપાત્મક છે. તેમાં અવિધા તે પાપણી છે, તે માયા કે અવિદ્યાને ભકિત અને સેવા વડે ટાળવી, ભગવાનની પ્રસન્નતા થાય તેને ગમતો હોય તેવો સેવા ધર્મ જે ભાગવત ધર્મ તે પાળવો "૩૫" ગુરૂ દેવ રૂપી ભગવાનની ભકિત સેવા કૃપા મૂર્તિમાન કરવાં તે પ્રસન્નતા આપનારાં છે, ભગવાન સન્તનો સાક્ષાત સત્સંગતે બ્રહ્મરૂપ બનાવનારો છે. મારામાં અર્પો, મારામાં આસકિત રાખો, મારામાં સર્વ ક્રિયાઓ કરો અને સમર્પો, જડ ચેતનનો સ્વામી એવા મારામાં સાક્ષાત્ મૂર્તિમતી સેવાઓ કરો, હું સાચી માતા છું સત્ય પિતા છું, સાચો ભાઈ છું, સાચી બ્હેન છું, સર્વે લોકોનો સત્યપતિ છું, મારી સેવા તે શુધ્ધિ અને મુકિત આપનારી છે, રૂકિમણીની પેઠે સેવો, આ જગત તો નાશમાં ઓરાતું જાય છે, કલિનો પણ હ્રાસ છે, કલિમાં બધાનો હ્રાસ છે, મારા આશ્રયમાં કાલ માયા કર્મોનો પાપોનો હ્રાસ છે, મારા આશ્રય વડે સૃષ્ટિ મેલાઈ જશે, મારો ભાગવત ધર્મ હ્રાસ નથી પામતો, માટે માનવ મારા ભાગવત ધર્મને સેવે.

एकं द्वे त्रीणि चत्वारि सहस्राणि चतुर्युगे ।
सन्धिषु द्विचतुःषडष्टान्यब्दानि भवन्ति वै ॥४०॥
द्वादशाऽब्दसहस्राणि तानि, भवेत् चतुष्किका ।
कल्येकं द्वापरद्वे त्रेतात्रीणि कृच्चतुर्विधा ॥४१॥
सत्यत्रेतासन्धिगानि द्वे शतेऽब्दानि वै तथा ।
त्रेताद्वापरसन्ध्यब्दचतुःशतानि त्रै तथा ॥४२॥
द्वापरतिष्यसन्ध्यब्दानि षट्शतानि व तथा ।
तिष्यकृत्सन्धिगाऽब्दानि भवन्त्यष्टशतानि हि ॥४३॥
तानि चतुष्किका प्राच्यकालज्ञैर्निश्चिता सती ।
तत्र ह्रासा भवन्त्येव कृते संकल्पसृष्टिषु ॥४४॥
त्रेतायां दृष्टिसृष्टौ च द्वापरे स्पर्शसृष्टिके ।
कलौ मैथुनसृष्टौ च ह्रासाश्चतुःखनिष्वपि ॥४५॥

भवन्त्यतः, सृष्टयस्ताःक्षीणा भवन्ति सर्वशः ।
संकल्पसृष्टयःस्वप्ने मन्त्रे क्रियादिवर्तने ॥४६॥

दृष्टिसृष्टिःपपीतादिवृक्षेष्वस्ति कलावपि ।
डाकिनीदृष्टिसृष्टयादि कलावस्ति हि दुःखदा ॥४७॥

स्पर्शसृष्टिर्विकारादावशोकाश्च फलन्त्यपि ।
मैथुनी चास्ति संव्याप्ता ह्रासास्तत्र भवन्त्यपि ॥४८॥

એક હજાર, બે હજાર, ત્રણ હજાર, ચાર હજાર, વર્ષો ચાર યુગોનાં છે. યુગોની સન્ધિઓના બસો ચારસો છસો અને આઠસો ગણાય છે. તે બધાં મળી બાર હજાર વર્ષો ચાર યુગોનાં એક ચોકડી તરીકે ગણાય છે, કલિના એક હજાર, દ્વાપરના બે હજાર, ત્રેતાયુગના ત્રણ હજાર, સત્યુગના ચાર હજાર આવરદા વર્ષો છે, સત્યુગ અને ત્રેતા વચ્ચે સાંધાના વર્ષો બસો છે. ત્રેતાયુગ અને દ્વાપરની સન્ધિના વર્ષો ચાર સો છે. દ્વાપર યુગ અને કલિની સન્ધિના વર્ષો છસો છે. કલિયુગ અને સતયુગની સન્ધિના વર્ષો આઠસો છે. બધાં મળી બાર હજાર ચાર યુગની ચોકડીમાં ગણાય છે. પ્રાચીન પ્રક્રિયા એ પ્રમાણે નિર્ણીત ચાલી આવે છે (મનુસ્મૃતિ, ભાગવત, મહાભારત, માં) તેમાં ઘંસારા થતાજ આવે છે. આદિ સત્યુગમાં સંકલ્પ સૃષ્ટિ હતી, ત્રેતામાં દૃષ્ટિ સૃષ્ટિ હતી, દ્વાપરમાં સ્પર્શ સૃષ્ટિ હતી, કલિમાં મૈથુન સૃષ્ટિ થઈ. તેમાં પણ હ્રાસ–ઘંસારા તો આવેજ છે, તેથી સૃષ્ટિ તત્ત્વો-ને ક્ષીણતા લાગુ પડે છે, હાલમાં સંકલ્પ સૃષ્ટિઓ સ્વપ્નામાં સમગ્ર જગતમાં છે, મન્ત્રોવડે તથા ક્રિયાઓમાં માનસસૃષ્ટિઓ છે, મનવડે સંકલ્પ થાય પછી બાહેર ક્રિયાઓ થાય, એ બધી સંકલ્પ સૃષ્ટિ છે. દૃષ્ટિ સૃષ્ટિ દેખવા વડે પોપૈયાં નરને દેખીને પોપૈયાંનારી વર્ગ ફળે છે, ડાકણ નારી દૃષ્ટિવડે દેખીને વળગે છે, એ દુઃખદ સૃષ્ટિ ગણાય, સ્પર્શ સૃષ્ટિ તે વિકાર રૂપી કાર્યો કરે છે, સગર્ભા નારી પગવડે આશોપાલવ ને લાત મારે તેથી આશોપાલવ ફળે છે, મૈથુની સૃષ્ટિ સંસારમાં સર્વત્ર વ્યાપ્ત છે, તેમાં બલ આયુષ્ય કદ મેધા શ્રધ્ધા સદ્ગુણ આદિના તથા ધર્મોના હ્રાસ થતા જાય છે. મોટામાંથી નાના શરીરો, અતિબલમાંથી અલ્પ બળ, લાંબા જીવનમાંથી સ્વલ્પ જીવન એવા હ્રાસ–ઘંસારા થતાજ જાય છે.

कलौ वर्षशतमायुस्तद्ह्रासात् अन्ततस्तु तत ।
षोडशवर्षो वृद्धान्तः द्वादशाऽब्दो युवान्तकः ॥४९॥

पञ्चाऽब्दो बालकान्तश्च कालाऽऽयुष्यादिहृस्वता ।
शास्त्राण्युद्वाहकर्माणि देवचिन्हानि सर्वथा ॥५०॥

नष्टान्येव भविष्यन्ति ग्रामा मानवतादयः ।
गर्ते च गह्वरे वासाः शशानामिव भूक्षतौ ॥५१॥

नद्यो वितस्तिदघ्नाश्च मानवा हस्तकोच्छ्रयाः ।
गावोऽर्धजानुतो नीचा भविष्यन्ति कलौ खलु ॥५२॥

श्रीहरेर्नामभक्त्याद्यैस्तरिष्यन्ति जनाः कलौ ।
धर्मस्तु पाशवस्तत्र खाद्यं त्वारण्यकं मतम् ॥५३॥

घोरे कलियुगप्रान्ते उत्पातान्तो न विद्यते ।
प्रसह्य भक्षणं तत्र वानराणामिव स्मृतम् ॥५४॥

वर्षा मण्डुकसंप्लुत्या सस्यानां वपनं नहि ।
पत्राणां खादनं वृत्तिर्भविष्यति कलाविह ॥५५॥

धर्मस्तदानीं जरठः पृथ्वी वृध्धेव दुःखिनी ।
कल्किस्तदा स्वयं कृष्णो भविष्यति कृताय च ॥५६॥

भगवद्वायुसंस्पर्शात् शुद्धिर्धर्मस्य जीवनम् ।
शुद्धिः स्यान्मानवानां च सर्ववृद्धिः शनैः शनैः ॥५७॥

सर्वा व्यवस्थाःसंस्थाप्याऽनादिकृष्णनरायणः ।
सत्युगं च सुसंस्थाप्य यास्याम्यदृश्यतां ततः ॥५८॥

एषा श्वेतायनव्यासस्मृतिः कलिजनेषु या ।
हितार्था वै मया प्रोक्ता श्वेतायनेन वै सता ॥५९॥

पालनीया प्रयत्नेन रहस्यं भक्तिसेवनम् ।
करोतु मंगलं वोऽत्र ॐ नमो हरये नमः ॥६०॥

કલિમાં ૧૦૦ સો વર્ષનું આયુષ્ય છે, પણ ધંસારો થતાં થતાં સોળ વર્ષમાં વૃધ્ધતાનો અંત આવશે, બાર વર્ષમાં યુવતાનો અત આવશે, પાંચમે વર્ષે બાળકતાનો અંત આવશે, આ પ્રમાણે કલિમાં આવરદાનો અંત ટુંકાણુ ગણાશે, શાસ્ત્રો નહિં રહે, આવરદાનો કાળ પણ ટુંકો થશે, શાસ્ત્રો અને વિવાહ પધ્ધતિઓ તથા દેવાલયો ધીરે ધીરે નાબુદ થશે, ગ્રામો અને માનવભાવનાઓ અસ્તવ્યસ્ત થશે, સાંસલાઓની પેઠે ભેખડમાં ઓથમાં ડુવામાં બખોલમાં શુફામાં માનવો રહેવા લાગશે, નદીઓ વેંતપાણીની રહેશે, માનવો એક હાથ માત્ર ઉંચાઈમાં જ રહેશે, ગૌ પશુઓ ગોંઠણથી નીચા રહેશે, શ્રી હરિના નામ ભક્તિ વડે કલિમાં માનવો તરશે, માનવોનો પશુધર્મ પળાશે, અરણ્ય વનની ચીજો ખાઈને નભશે, ઘોર કલિને છેડે અનેક ઉત્પાતો થશે, વાનરોની પેઠે ઝુંટવી લઈને ખાઈ જાશે, દેડકાં કુદકે તેમ વરસાદ કુદકા મારતો કયાંઈ કયાંઈ પડશે, દાણાના વાવેતર બંધ થશે, ખીડ અને ઝાડી થઈ જશે, પાંદડા ખાઈને

જીવશે, આવા કલિમાં ધર્મ ગરઢો થઇ જશે, પૃથ્વી દુઃખી દુઃખી થઇ ગલઢી થાશે, પછી શ્રી-કૃષ્ણ નારાયણ પોતેજ કલ્કિ સ્વરૂપે સતયુગ સ્થાપવા કલિને કાઢવા પ્રગટશે, ભગવાનના વાયુના સ્પર્શ વડે ભૂતશુધ્ધિ માનવશુદ્ધિ આત્મશુદ્ધિ થશે ધર્મનુ જીવન ઉદ્ભવશે, બધી શુદ્ધિઓ ધીરે ધીરે થશે, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ હું પોતે કલ્કિરૂપે બધી વ્યવસ્થાપૂર્વક સત્યુગ સ્થાપી ને અદૃશ્યપણાને પામીશ, આ ધર્મસ્મૃતિ મેં શ્વેતાયન વ્યાસે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સંતરૂપે સ્વયં લખી છે, સ્વારાન્યયુગાનુસાર કલિકાલના માનવોમાં હિતકારી એવી આ ધર્મપ્રણાલીઓ સાવધાનતાથી પાળવી, તેનું રહસ્ય તો ભગવદ્ભક્તિ ભગવત્સેવા સંત સમાગમ સત્સંગ શુધ્ધિ તત્ત્વજ્ઞાન અને મોક્ષમાં જવાય એ છે, તે આ સ્મૃતિ તમારૂં સર્વનું મંગળ કરો, ૐ પરબ્રહ્મને શ્રી હરિને નમો નમઃ.

इतिश्रीश्वेतायनीयव्यासस्मृतौ दानधर्मकलिनिसर्गनामा त्रयोदशोऽध्यायः ॥१३॥

॥ चतुर्दशोऽध्यायः ॥

धर्मो ज्ञानं च वैराग्यं भक्तिश्चेति चतुष्टयम् ।
सर्वथा रक्षणीयं वै मानवैः श्रेयइच्छुकैः ॥१॥

धारणाद्धर्म इत्युक्तः पालनात् पालकः स हि ।
रक्षणात् रक्षकः सोऽपि रक्षत्येषः स्वरक्षकम् ॥२॥

सुखकृत् सर्वदा धर्मः स्वर्गदः स्मृध्धिदस्तथा ।
वंशविस्तारसुखकृत् रक्ष्यःकालानुयोगतः ॥३॥

કલ્યાણ ઇચ્છનારા માનવોએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને ઐશ્વર્ય, એ ચાર સાધન, જરૂર રાખવાં. બધાનો ધારણ કરનારો ધર્મ છે, તે તમામને પાલે છે માટે પાલક છે, તે સર્વેનું રક્ષણ કરે છે માટે રક્ષક છે, રક્ષણ કરાએલો ધર્મ તે રક્ષકોનું પણ રક્ષણ કરે છે, ધર્મ સદા સુખ કરે છે, સ્વર્ગ આપે છે, સ્મૃધ્ધિઓ આપે છે, વંશ વિસ્તારના સુખ પણ આપે છે, માટે સમય પ્રમાણે ધર્મ રાખવોજ.

ज्ञानं तु पञ्चतत्त्वानां जीवात्मनस्तथेशितुः ।
मायाया ब्रह्मणश्चापि परब्रह्मण इत्यपि ॥४॥

आत्माऽहं कर्ममोक्षाऽस्मि मोक्षभागस्मि भक्तितः ।
ईश्वरोऽस्ति विराडाख्यस्तथाऽन्ये तत्त्वपालकाः ॥५॥

माया त्रिगुणसद्व्याप्ता जडा बन्धनकारिणी ।
सा त्याज्या ज्ञानभक्तिभ्यां मोक्षश्चोपास्तिसंलभः ॥६॥

જ્ઞાન તો સમઝણ રૂપે છે, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, અને પરબ્રહ્મ એ પાંચ તત્ત્વોની સમઝણ રાખવી, હું જીવાત્મા કર્મ ભોગવુ છું છતાં ભક્તિવડે, મોક્ષભાગી થઈ શકું છું. વૈરાજ વિગેરે ઈશ્વરો તથા મહત્તત્ત્વાદિક તત્ત્વોના અધિષ્ઠાતાઓ ઈશ્વરો છે. ત્રિગુણવાળી માયા છે તે જડ છે બન્ધન કરે છે, તે જ્ઞાન અને ભક્તિ વડે તજાય તો ઉપાસનાના બળવડે મોક્ષ જરૂર થાય.

ब्रह्म धाम प्रकाशोऽस्ति स्वामिनारायणप्रभोः ।
अमूर्तोऽपि सुमूर्तः सोऽक्षरनाम्नाऽपि सेवकः ॥७॥

आत्माऽयं ब्रह्मरूपोऽस्ति निर्लेपः सेवकस्तथा ।
भक्तोऽयं धामवासी स्यात साकारो हरिसेवकः ॥८॥

यज्ञेन यज्ञमयजन्त देवाः तानि धर्माणि प्रथमानि आसन् ।
ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः ॥९॥

ધામ, પ્રકાશ, બ્રહ્મ, શ્રીસ્વામિનારાયણ પ્રભુની મૂર્તિનું તેજ તે બ્રહ્મ છે અમર્ત છે, અને સુમૂર્ત છે, સુમૂર્ત છે તે અક્ષરબ્રહ્મ તરીકે સેવક છે. આ ભક્ત જીવાત્મા બ્રહ્મરૂપ છે, નિર્લેપ છે, સેવક પણ છે, આ ભક્ત થાય તો ધામમાં વાસ કરે, અને સાકારમૂર્તિ રૂપે તે શ્રીહરિનો સેવક થાય છે, દિવ્યમુક્તપુરૂષોએ સેવાકાંડવડે પરબ્રહ્મ સેવાયજ્ઞ છે, તે સેવારૂપી કર્મકાંડો મુખ્ય ભાગવત ધર્મો ગણાયા છે, તે સેવા કરનારા મુક્તો જ બ્રહ્મલોકમાં પરબ્રહ્મનો મહિમા સમઝયા છે, જયાં તેવા અનાદિ અસંખ્ય અનન્ત સાધ્ય ભગવાન જેવા સુરૂપી દિવ્ય મુક્તો કાયમ વસે છેજ.

परमेश भजन्ते ते सेवन्ते स्वामिनं परम् ।
अनादिश्रीकृष्णनारायणं स्वामिनरायणम् ॥१०॥

आनन्दघन एवास्ति सर्वैश्वर्यगुणाश्रयः ।
सुमूर्तः षोडशवर्षावस्थदृश्यः परः पुमान् ।११॥

तस्योपास्त्या तत्र सेवा कर्तव्याऽस्ति हरेः पुरः ।
मुक्तानां मण्डलेष्वेव वासः सर्वसुखप्रदः ॥१२॥

તેઓ પરમેશ્વરને ભજે છે, નિજ સ્વામી એવા પરમેશ્વરને સેવે છે, સ્વામિનારાયણ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણને સદા સેવે ભજે છે. સર્વ ઐશ્વર્ય અને અનન્ત દિવ્ય ગુણવાળા આનન્દ ઘન મૂર્તિ તે પરમાત્મા છે, સોળવર્ષના હોય તેવા દર્શનીય પરમપુરૂષ ભગવાન મૂર્તિમાન શોભે છે. તેની ઉપાસના વડે તેની સમીપે સેવા કરવાની મળે છે, અને મુક્તોના મંડળોમાં સર્વ સુખ પ્રદ એવો નિવાસ મળે છે.

વૈરાગ્યં માયિકૈ રાગૈ રાહિત્યં સ્વામિસક્તિતા ।
સાધનં જ્ઞાનસહિતં માહાત્મ્યેન સહાર્થકૃત્ ॥૧૩॥

જ્ઞાનં વિજ્ઞાનસહિતં ગુરોઃ સાધ્યં સુતૃપ્તિદમ્ ।
સેવન પ્રેમપૂર્વં ચ ભક્તિર્મોક્ષો હરેઃ પુરઃ ॥૧૪॥

માયિકા રાગોથી રહિતપણું તે વૈરાગ્ય કહેવાય છે. સ્વામી એવા ભગવાનમાં તો આસક્ત રહેવું જ જ્ઞાન સહિત વૈરાગ્ય મોક્ષસાધન થાય છે, જ્ઞાન પણ માહાત્મયવડે સહાયક થઈને મોક્ષરૂપી અર્થ આપે છે. તે પણ પરમાત્માના વિશેષ વિશિષ્ટજ્ઞાનસહિતે થાય તેમ ગુરૂ પાસેથી સાધવું, જેથી મોક્ષની તૃપ્તિ થવા લાગે, પ્રેમ પૂર્વક સેવા કરવી તે ભક્તિ ગણાણી છે, અને શ્રીહરિને સન્મુખ રહી ચરણસેવા કરવી તે મોક્ષ આનંદપ્રદ મોક્ષ છે.

ભક્તિ વિના ત્વભક્તઃ સ્યાત્ રાગી વૈરાગ્યવર્જિતઃ ।
અજ્ઞાની જ્ઞાનવિધુરશ્ચાઽધર્મી ધર્મરિક્તિમાન્ ॥૧૫॥

તૈર્દોષૈર્નહિ માયાતો મુક્તિઃ સ્યાન્ન પ્રસન્નતા ।
કૃપા હરેશ્ચ નૈવ સ્યાત્ મુક્ત્યાનન્દો ન વૈ તતઃ ॥૧૬॥

તસ્માત્ વિજ્ઞાનજાલાન્ વૈ વિહાયાઽત્ર હરૌ સદાઃ
યોક્તવ્યમિતિ મે સાર શ્વેતાયનસ્મૃતેર્મતઃ ॥૧૭॥

ભક્તિ ન હોય તે અભક્ત ગણાય, વૈરાગ્ય ન હોય તે રાગી ગણાય, જ્ઞાનરહિત હોય તે અજ્ઞાની ગણાય, ધર્મ વિનાનો અધર્મમાં ખપે, તેવા દોષો વડે માયામાંથી નિકળાય નહિં અને ભગવાનની પ્રસન્નતા મેળવાય નહિં, શ્રીહરિની કૃપા પણ થાય નહિં, અને મુકિતનો પરમ આનંદ પણ મળે નહિં માટે વિજ્ઞાનમાં નડતાં જાળાઓને તજીને ભગવાનમાં સદા જોડાવું એવો આ શ્વેતાયનસ્મૃતિનો સાર આ યુગ માટે મેં માનેલો છે.

પ્રપાલ્યૈતત્ સાધનાનાં ચતુષ્ટયમનારતમ્ ।
સાક્ષાદ્ધરૌ ચાત્મનિવેદનૈર્યાન્તુ પ્રમોક્ષણમ્ ॥૧૮॥

સ્મૃતિશ્રેય પરે નારાયણે સમ્યક્ સમર્પિતા ।
સોઽયં સાક્ષાદ્ધિ ભગવાન્ પ્રેયઃ શ્રેયઃ કરોતુ વઃ ॥૧૯॥

ઇત્યેવં ત્વિહ કૃષ્ણવલ્લભમુનેઃ શ્વેતાયનીયા સ્મૃતિઃ ।
પાલ્યા શક્ત્યનુસારતો પદોર્દત્વા નિજં માનસમ્ ॥
કલ્યાણં ભવતાં કૃપાવશપરશ્ચાઽન્તે કરિષ્યેઽત્ર વઃ ।
સાક્ષાત્ શ્રીહરિરસ્મિ સેવનવિધાસાધ્યોઽક્ષુરસ્થઃ સ્વયમ્ ॥૨૦॥

આમાં કહેલાંધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ એવાં ચાર સાધનો પાળવાં, સાક્ષાત પ્રગટ શ્રીહરિમાં આત્મનિવેદનોવડે મોક્ષમાં જરૂર જાઓ પરનારાયણ એવા શ્રીહરિમાં આ સ્મૃતિ અર્પણ કરેલી છે, તે શ્રીહરિ પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન તમોને વ્હાલું બધું આપો, અને કલ્યાણ કરો.

આ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય વ્યાસમુનિની શ્વેતાયનસ્મૃતિ શક્તિને અનુસારે જરૂર પાળવી, અને પોતાનું મન મારા ચરણોમાં અર્પણ કરવું તમારા ઉપર કૃપાવશ એવો હું તમોને દેહાન્ત સમયે જરૂર ધામમાં લઇ જવારૂપી પરમ કલ્યાણ કરીશ, જે અક્ષરધામમાં સેવવા છે તેજ સ્વયં શ્રીહરિકૃષ્ણ ભગવાન સાક્ષાત પ્રગટ પ્રમાણ આંહી તમોને સેવાવિધિ વડે સાધ્ય થયા છે અને થશે, તજે હું પ્રત્યક્ષ આહિં છું.

આ પ્રમાણે શ્રીશ્વેતાયન સ્મૃતિનો ચાર સાધન અને કૃપા બતાવતો ચઉદમો અધ્યાય થયો.

इति श्रीश्वेतायनस्मृतौ चतुःसाधनकृपाख्यः चतुर्दशोऽध्यायः ॥१४॥



समाप्ता स्मृतिः

॥ सदसदात्मपरात्मने नमः ॥

॥ वेदस्तुति – शब्दार्थः ॥

(भागवते दशमस्कन्धे अ. ८७)

परीक्षिदुवाच— પરીક્ષિતે પૂછ્યું—

ब्रह्मन् ! ब्रह्मण्यनिर्देश्ये निर्गुणे गुणवृत्तयः ।
कथं चरन्ति श्रुतयः साक्षात् सदसतः परे ॥१॥

હે બ્રહ્મન્ શુકદેવજી!, **अनिर्देश्ये**— ચેતનસજાતીય પરમાત્મા છે કે અચેતનસજાતીય છે, એવો **निर्देश**— જેનો સ્વરૂપબોધ, તે વાણી મન અને બુધ્ધિ વડે થઇ શકતો નથી, એવા ।, **सदसतः परे**— ચેતન અને અચેતનથી વિલક્ષણ અન્યથી ભિન્ન એવા પરમાત્મા, તથા સત્ એવા ઘટાદિ પદાર્થો અને જાંજવાના જળ જેવાં દેખાવ માત્રના જે ભ્રમ વ્યવહાર કરાવે એવા અંશે પ્રતિભાસમાન પદાર્થો, તે થકી પર ભિન્ન, એવા, અને કાર્યકારણભાવોથી સ્વરૂપમાત્ર વડે પર એવા જે ભગવાન્ છે, એવા । અને **निर्गुणे**– સત્ત્વ રજઃ તમઃ એવાં માયિક ગુણ રહિત પરમાત્મા, આવા– **ब्रह्मणि** પરમાત્મામાં, પરબ્રહ્મમાં । **गुणवृत्तयः**– વિશેષણ એવા ગુણો જાતિઓ કાર્યો પદાર્થો અર્થોમાં વર્તનારી તથા કાર્યમયી એવી, **श्रुतयः**— નિજસ્વરૂપ એવા પરમાત્માને સંભળાવતી શ્રુતિઓ– વૈદિકવાકયો તે પોતે ન પહોંચી શકે એવા પરમાત્મામાં, **साक्षात्**— પાસેજ દેખતી હોય તેમ, પોતાનો સાક્ષાત અર્થ પરમાત્મા હોય તેમ। **कथम्**– કઇ રીતિને ટેકે નિજબળવડે કયા પ્રકારે । **चरन्ति**— વર્ણન કરવામાં પહોંચી વળે છે, પ્રવૃત્તિ કરે છે. ॥ ૧ ॥

श्रीशुकदेव उवाच— શુકદેવજીએ કહ્યું,—

बुद्धीन्द्रियमनःप्राणान् जनानामसृजत् प्रभुः ।
मात्रार्थं च भवार्थं च ह्यात्मनेऽकल्पनाय च ॥२॥

હે પરીક્ષિત્! **प्रभुः**— અધ્યક્ષ, નિર્વાહક, ગુણ ઐશ્વર્ય સામર્થ્યશાલી એવા પરબ્રહ્મે પોતે। **जनानाम्**— સૃષ્ટિના જીવોને । **बुध्धीन्द्रियमनःप्राणान्**— બુધ્ધિ આપી, ઇન્દ્રિયો આપ્યાં, મન આપ્યું, અને પ્રાણ, આપ્યાં છે। **असृजत्**— સરજી આપ્યાં છે । **आत्मने**— અધ્યાત્મજ્ઞાન માટે, મુક્તિસાધનીભૂત— ઉપાસના માટે, આત્મા પરમાત્માના ચિન્તન માટે, જીવાત્માને । **अकल्पनाय**— જ્ઞાનૈકાકાર એવા દેવ મનુષ્યાદિની કલ્પના મટાડવા માટે, અને મોક્ષ થવા માટે। **कल्पनाय च**-ભગવાને પોતાને ક્રીડન માટે પણ। જીવાત્માઓને બુધ્ધિ અને મન આપ્યાં છે । **मात्रार्थम्**— શબ્દાદિ વિષયો ગ્રહણ કરવા માટે, ઇન્દ્રિયો આપ્યાં છે । **भवार्थं च**- અભ્યુદય માટે, ધર્મ અર્થ અને કામનાઓ રૂપી શ્રેયઃ કરવા માટે, સારૂં જીવન જીવવા માટે, પ્રાણ આપ્યા છે। (શ્રુતિઓ જડચેતનોના શરીરી એવા પરમાત્માને સગુણ તથા નિર્ગુણભાવો વડે વર્ણન કરનારીઓ માયિકસગુણને વર્જીને માયિકનિર્ગુણમાં પહોંચાડવાના તાત્પર્યવાળીઓ છે.) ॥ ૨ ॥

सैषा ह्युपनिषद् ब्राह्मी पूर्वेषां पूर्वजैर्धृता ।
श्रद्धया धारयेद् यस्तां क्षेमं गच्छेदकिंचनः ॥३॥

સા—ઉપર કહ્યા અર્થોમાં વ્યાપતી, **ઋચા**—આ શ્રુતિઓ રૂપી, **બ્રાહ્મી**— બ્રહ્મવિદ્યા પરબ્રહ્મનો બોધ કરાવનારી પરબ્રહ્મવિદ્યા। **હિ**- નક્કી બોધ કરાવનારીજ। **ઉપનિષત્**— પરબ્રહ્મની સમીપે પહોંચાડીને બેસારી દેતી એવી ઉપનિષદોના સારરૂપી ઉપનિષત્ વિદ્યા, પરબ્રહ્મવિદ્યા તે। **પૂર્વેષામ્**— પૂર્વે પૂર્વે જે જે પરબ્રહ્મ વિદ્યા ધારણ કરનાર થઈ ગયા તેમના પણ। **પૂર્વજૈ:**—સર્વેથી પહેલા પ્રગટ્યા એવા સનકાદિકોએ, તથા વામદેવઋષિ અને પ્રહ્લાદાદિક ભક્તોએ પણ। **ધૃતા**— ધારણ કરી રાખેલી હતી। તે પરમ્પરામાં ચાલી આવે છે। **તામ્**— માયિકનિર્ગુણ અને દિવ્યસગુણ સર્વશરીરી એવા પરમાત્માને વર્ણન કરતી તે ઉપનિષદ્વિદ્યાને। **ય:**— જે જ્ઞાની ભક્ત। **અકિઞ્ચન:**— સમસ્ત ઉપાધિરહિત વર્તતો, તથા જેને ભગવાન્ વિના બીજું કાંઈ પ્રાર્થનીય રહેતું નથી એવો જે પ્રીતિવાળો ભક્ત, ભગવાન્ વિના બીજું કાંઈ નથી ઈચ્છતો એવો થયો થકો। **શ્રદ્ધયા**—અતિપ્રીતિના તાન ભરેલી હેતની વેળા વડે। **ધારયેત્**— કાયમ ધારી રાખે છે, અનુભવ સંસ્કાર અને સ્ફૂર્તિઓમાં પ્રવાહિત અભ્યસ્ત રાખે છે। તે—જ્ઞાની ભક્ત। **ક્ષેમમ્**— આંહી અતિસુખી જીવનમુક્તિને અને પરલોકની પરમમુક્તિને। **ગચ્છેત્**— પામે છે, જરૂર ભગવાનના શરણાને સામીપ્ય સારૂપ્યાદિ મુક્તિને પામે છે. ॥ ૩ ॥

અત્ર તે વર્ણયિષ્યામિ ગાથાં નારાયણાન્વિતામ્ ।
નારદસ્ય ચ સંવાદમૃષેર્નારાયણસ્ય ચ ॥૪॥

અત્ર—સગુણ નિર્ગુણ ઉપાસનાવડે પણ ભગવાનની પ્રાપ્તિની બાબતમાં। **ઋષે : નારદસ્ય**- ઋષિ એવા નારદજી તથા। **નારાયણસ્ય**— ઋષિ એવા નારાયણના। **સંવાદં ગાથામ્**— પ્રશ્નોત્તર સમ્વાદ રૂપી તેઓની કથા રૂપી વાણી કે જે। **નારાયણાન્વિતામ્**— પરનારાયણ એવા પરબ્રહ્મના સમ્બન્ધવાળી કથા છે, તે। **તે**— તમોને પરીક્ષિતને **વર્ણયિષ્યામિ**—સુસંગત વર્ણન કરીને કહીશ. ॥ ૪ ॥

એકદા નારદો લોકાન્ પર્યટન્ ભગવત્પ્રિય: ।
સનાતનમૃષિં દ્રષ્ટું યયૌ નારાયણાશ્રમમ્ ॥૫॥

એકદા- એકસમય। **ભગવત્પ્રિય :**- ભગવાન્ના પ્યારા ભક્ત નારદજી। **લોકાન્ પર્યટન્**- વિભિન્ન સ્વર્ગ પૃથિવી આદિક લોકોમાં વિચરતા થકા। **સનાતનમ્ ઋષિમ્**- સાચી મૂર્તિ પુરાતન ઋષિ શીલવ્રતી ભગવાન નારાયણનાં। **દ્રષ્ટુમ્**-દર્શન કરવા। **નારાયણાશ્રમમ્**-કલાપગ્રામનામક બદરિકાશ્રમમાં। ગયા. ॥૫॥

યો વૈ ભારતવર્ષેઽસ્મિન્ ક્ષેમાય સ્વસ્તયે નૃણામ્ ।
ધર્મજ્ઞાનશમોપેતમ્ આકલ્પાત્ આસ્થિતં તપ: ॥૬॥

યો- જે ભગવાન્ નારાયણઋષિ। **અસ્મિન્ ભારતવર્ષે વૈ**- આ ભારત વર્ષમાં। **નૃણામ્**- માનવોના। **સ્વસ્તયે**- અભ્યુદય રક્ષણ ઐહિકસુખ આદિ કલ્યાણ માટે। તથા **ક્ષેમાય**- અપુનર્જન્મરૂપી મોક્ષ માટે, આત્યન્તિક મુક્તિ માટે। **ધર્મજ્ઞાનશમોપેતમ્**- વર્ણાશ્રમધર્મ અને ભાગવતધર્મ સહિત, તથા જડચેતનનું તત્ત્વજ્ઞાન અને આત્મા પરમાત્માના સ્વરૂપજ્ઞાનસહિત, તથા રાગદ્વેષાદિ દુર્ગુણ રહિત શાન્તિવાળું એવું। **તપ :**- વૃત્તિનિગ્રહાત્મક, પ્રસંખ્યાન વૈરાગ્યવાળું, પરમાત્માની ઉપાસનાવાળું, એકાગ્રતા અને નિરોધરૂપી જે સંયમી તપ : તે। **આકલ્પાત્**- બ્રહ્માનો દિવસ જે કલ્પ, તેના આરંભથી તે તેના અન્ત સુધી। **આસ્થિત:**- કરી રહ્યા છે. ॥ ૬ ॥

तत्रोपविष्टमृषिभिः कलापग्रामवासिभिः ।
परीतं प्रणतोऽपृच्छद्विदमेव कुरूद्वह ! ॥७॥

कुरूद्वह !– હે પરીક્ષિત્, **तत्र**– તે નારાયણના આશ્રમમાં । **कलापग्रामवासिभि :**– કલાપગ્રામના વતની એવા । **ऋषिभि :**– પરમાત્માના ધ્યાનમાં મગ્ન એવા ઋષિજનો વડે । **परीतं**– વીંટાએલા । અને **उपविष्टं**– બેઠેલા એવા નારાયણને । **प्रणत :**–નમસ્કાર કરતા એવા નારદજીએ । **इदमेव**– સગુણ અને નિર્ગુણ પરબ્રહ્મને વર્ણવવામાં અપર્યાપ્ત એવી શ્રુતિઓ સર્વથા પરબ્રહ્મને કેમ કરીને વર્ણવી શકે ?, । **अपृच्छत्**– આવો પ્રશ્ન પૂછ્યો હતો. ॥ ૭ ॥

तस्मै ह्यवोचद् भगवान् ऋषीणां शृण्वतामिदम् ।
यो ब्रह्मवादः पूर्वेषां जनलोकनिवासिनाम् ॥८॥

भगवान्– નારાયણ ભગવાને । **ऋषीणाम् शृण्वताम्**– સભાસ્થ સર્વે ઋષિઓ સાંભળે એ પ્રમાણે । **इदम्**– સગુણ નિર્ગુણ પરબ્રહ્મના વર્ણનમાં અપર્યાપ્ત શ્રુતિઓ સર્વથા પરબ્રહ્મને કેમ વર્ણવી શકે ?, એવી હકીકતનો જવાબ । **तस्मै**– પ્રશ્નકર્તા એવા નારદજીને । **अवोचत् हि**– રૂબરૂરીતે કહ્યો હતો । એ પ્રશ્ન ઉત્તર રૂપી, **यो ब्रह्मवादः**– જે પરબ્રહ્મ સમ્બન્ધી સ્વરૂપમય વિચાર । **जनलोकनिवासिनाम्** જનલોકના– નિવાસી એવા । **पूर्वेषां** – અગ્રજો પુરાતનો એવા સનકાદિક મહર્ષિઓનો તે સમ્વાદ । થયો હતો. ॥ ૮ ॥

श्रीभगवान् उवाच- બદરિકાશ્રમમાં સભામાં નારાયણ ભગવાને કહ્યું, —

स्वायम्भुव ! ब्रह्मसत्रं जनलोकेऽभवत् पुरा ।
तत्रस्थानां मानसानां मुनीनामूर्ध्वरेतसाम् ॥९॥

स्वायम्भुव !, સ્વયંભુવ એવા બ્રહ્માના પુત્ર એવા હે નારદજી ! । **पुरा**-પૂર્વેના પ્રાચીન યુગમાં । **जनलोके**– જનલોકમાં । **तत्रस्थानाम्**– ત્યાં રહેતા એવા । **मानसानाम्**– બ્રહ્માના માનસ પુત્રો, સંકલ્પ જન્ય પુત્રો એવા । **ऊर्ध्वरेतसाम्**– જન્મથીજ જીતેન્દ્રિય નૈષ્ઠિક બ્રહ્મચારીઓ એવા । **मुनीनाम्**–સન્ત એવા સનક, સનન્દન, સનાતન, સનત્, આદિ પરમર્ષિઓનો । **ब्रह्मसत्रम्**– પરબ્રહ્મના સ્વરૂપના સગુણ નિર્ગુણપણાની મીમાંસા-રૂપી, સમાન રીતે પ્રશ્ન ઉત્તર વાળો, યજ્ઞ–સંવાદાત્મક જ્ઞાનયજ્ઞ । **अभवत्**– થયો હતો. ॥ ૯ ॥

श्वेतद्वीपं गतवति त्वयि द्रष्टुं तदीश्वरम् ।
ब्रह्मवादः सुसंवृत्तः श्रुतयो यत्र शेरते ॥१०॥

त्वयि- તમો નારદજી । **श्वेतद्वीपम्**- શ્વેતદ્વીપ ધામમાં । **तदीश्वरम्**– તે શ્વેતદ્વીપના ઈશ્વર એવા મહાપુરૂષ જે અનિરૂદ્ધમૂર્તિ નારાયણ તેના । **द्रष्टुम्**– દર્શન કરવા । **गतवति**- ગયે સતે । **ब्रह्मवादः**– પરબ્રહ્મ ના સ્વરૂપનો સગુણ નિર્ગુણ સંવાદ તે । **सुसंवृत्त :**– સારી રીતે થયો હતો । **यत्र**– જે પરબ્રહ્મના સ્વરૂપના તે સંવાદમાં; અને તેવાજ સંવાદો કરવામાં । **श्रुतय :**– વેદવાક્યો શ્રુતિઓ પોતે પણ । માયિકગુણરહિત અને દિવ્યગુણ સહિત એવા ભગવાનના સ્વરૂપમાં એકજ અભિપ્રાયમાં સામેલ થએલી સતી શ્રુતિઓ નિર્ભય પણે । **शेरते**– સુખપૂર્વક યથાશક્તિ વર્ણનમાં પહોંચીને વિરામ લેનારી થાય છે ॥ ૧૦ ॥

तत्र ह्याऽयमभूत् प्रश्नस्त्वं मां यमनुपृच्छसि ।
परिहारश्च तान् सर्वान् वक्ष्येऽहं तेऽनघ ! शृणु ॥११॥

ह– આનન્દ થાય છે। હે **अनघ** ! હે પવિત્ર નારદજી । **तत्र**– તે શ્વેતદ્વીપના પરબ્રહ્મ સમ્વાદ માં। **अयम्**– આ સગુણ નિર્ગુણ સ્વરૂપ પરમાત્માના વિચારવાળો। **प्रश्न :**– શંકાસમાધાનના અવલમ્બનવાળો પ્રશ્ન। **अभूत्**– કરાયેા હતેા। **त्वम्**–તમેા નારદજી । **यम्**– જે આ પ્રશ્ન સગુણ નિર્ગુણ પરબ્રહ્મના સ્વરૂપમાં શુભ એવા નિર્ણય ફળવાલેા પ્રશ્ન। **माम्**– મને બદરીશ્વર એવા નારાયણને। **अनुपृच्छसि**– આ સમયમાં પૂછેા છેા। **परिहारश्च**– તથા શ્રુતિઓ કેમ સમ્પૂર્ણપણે વર્ણન કરવામાં પ્રહેાંચી વળતી હશે!, તેનેા પરિહાર જે સમાધાન, સગુણશ્રુતિ નિર્ગુણને ન પહેાંચે, નિર્ગુણશ્રુતિ તે સગુણવડે બાધિત થાય, સગુણશ્રુતિ નિર્ગુણશ્રુતિ તે બન્ને એકમાં પરસ્પર બાધિત થાય તથા સત્પ્રતિપક્ષિત થાય, કે વિરેાધિ થાય, આવા દેાષવાળા તર્કોના પરિહાર જે દેાષનિવારણરૂપી સમાધાન, તે પણ સારી રીતે થએલ હતાં। **सर्वान् तान्**– સર્વે તે શંકા સમાધાનેા દેાષનિવારણેા અને તાત્પર્યાર્થો, નિર્ણયેા જે જે થયા હતા, તે બધા। **अहं**– હું નારાયણ । **ते**– તમેાને નારદને। **वक्ष्ये**– કહીશ। **शृणु**– એકાગ્રપણે નિર્ણયફલવાળા સંવાદને સાંભળેા. ॥ ૧૧ ॥

तुल्यश्रुततपःशीलास्तुल्यस्वीयाऽरिमध्यमाः ।
अपि चक्रुः प्रवचनमेकं शुश्रूषवोऽपरे ॥१२॥

तुल्यश्रुततपःशीलाः– સનક, સનન્દન, સનાતન. સનત્કુમાર, એ ચારેા ભાઇ, શ્રુત– શાસ્ત્રીયજ્ઞાન, તપ– અનશનાદિ તપસ્યા, શીલ– બ્રહ્મચારીવ્રત, ઇત્યાદિ વડે એકબીજા ન્યૂન નહિં એવા,। **तुल्यस्वीयाऽरिमध्यमा :**– તથા તુલ્ય સમાનદૃષ્ટિ વટે સ્વીય મિત્ર સ્વશત્રુ અને મધ્યસ્થ જે ઉદાસીન તેમાં ભેદભાવ વિના જોનારાએવા। **अपि**– તેા પણ। **एकं प्रवचनम्**– એક સનન્દન ને પ્રવચન કરનારા પ્રતિવક્તા નિમીને। **अपरे**– બાકીના સનકાદિ ભાઈઓ। **शुश्रुषव :**– શ્રેાતાઓ શ્રવણેચ્છુકેા થયા હતા, અને પ્રવચન **चक्रुः** સંવાદ કરતા હતા. ॥ ૧૨ ॥

सनन्दन उवाच– સનન્દન ઋષિ કહેવા લાગ્યા —

स्वसृष्टमिदमापीय शयानं सह शक्तिभिः ।
तदन्ते बोधयाञ्चक्रुस्तल्लिंगैः श्रुतयः परम् ॥१३॥

यथा शयानं सम्राजं बन्दिनस्तत्पराक्रमैः ।
प्रत्यूषेऽभ्येत्य सुश्लोकैर्बोधयन्त्यनुजीविनः ॥१४॥

यथा– જેવી રીતે। **शयानं**– સાંજે સૂતેલા। **सम्राजं**– સમ્રાટ્ રાજાને । **अनुजीविनः, बन्दिनः**– જીવિકા મેળવતા બન્દીજની કરનારા બન્દીજનેા। **प्रत्यूषे**– સવારમાં। **अभ्येत्य**– આવીને। **तत्पराक्रमैः :**– સમ્રાટ્ના પૂર્વકૃત પરાક્રમેા સંભળાવવા વડે તથા। **सुश्लोकैः :**– સુયશેા ગાવા વડે। **बोधयन्ति**– જગાડે છે । તેવીજ રીતે। પરમાત્મા પણ। **स्वसृष्टम्**– પેાતે પહેલા મહાકલ્પમાં સર્જેલા જડચેતનાત્મક એવા। **इदम्**– એવા આ સમસ્ત જગતને। **आपीय**– લીન કરીને। **शक्तिभिः सह**– પેાતાની સૂક્ષ્માવસ્થાપન્ન પ્રકૃતિ પુરૂષ કાલાદિક અસંખ્યશક્તિઓસહિત। **शयानम्**– સ્વાનન્દાનુભવ પરાયણ થએલા સુપ્ત ગએલા છે એવા। **परम्**– પરમપુરૂષપરમાત્માને। **तदन्ते**– સૂઈ જવા રૂપી મહાપ્રલયને અન્તે ફરીથી સૃષ્ટિરચવાની સવારે। **श्रुतयः**–

તેના નિ:શ્વાસ રૂપી વેદ શ્રુતિઓ,વેદો પોતે। **તલ્લિંગૈ :-** તે **સર્જનહાર** એવા પરમાત્માના પ્રકાશક ગુણો ઐશ્વર્યો ચમત્કારો કારણ કાર્ય રચનાઓ લિંગો હેતુવાકયો હેત્વર્થો **અસાધારણધર્મલક્ષણ** પ્રકાશક વચનો વડે **બોધયાંચક્રુ :-** સ્મરણ કરાવતી જગાડતી હોય તેમ સ્તુતિ કરે છે॥ પ્રવૃત્તિપરાયણ અને નિવૃત્તિપરાયણ એવા સગુણ નિર્ગુણ ભાવોને સૂચવે છે. ॥ ૧૩ ॥ ૧૪ ॥

શ્રુતય ઊચુ:- શ્રુતિઓ કહેતી હતીઓ। —

જય જય જહ્યજામજિત ! દોષગૃભીતગુણાં
ત્વમસિ યદાત્મના સમવરુદ્ધસમસ્તભગ: ।
અગજગદોકસામખિલશક્ત્યવબોધક ! તે
ક્વચિદજયાઽઽત્મના ચ ચરતોઽનુચરેન્નિગમ: ॥૧૫॥

હે **અજિત !** કોઇ વડે ન જિતાઓ એવા હે ભગવન। **જય જય-** તમો જય પામો જય પામો। **યત્-** કારણ કે । **ત્વમ્-** તમો । **આત્મના-** પોતા વડેજ । **સમવરુદ્ધસમસ્તભગ:-** સમ્યક્ રીતે પોતામાં રાખેલા છે સમગ્ર ઐશ્વર્યો- જ્ઞાન શક્તિ બલ ઐશ્વર્ય વીર્ય તેજ એવા ભગ જેમણે એવા । **અસિ-** સમર્થ છો । સમ્પૂર્ણ છો, માટે । **દોષગૃભીતગુણામ્-** જીવોને દોષાવહ એવા રાગ દ્વેષ મોહ આદિ દોષ ગર્ભિત સત્ત્વ રજ તમ એવા ગુણોવાળી । **અજામ્-** માયાને અને નિદ્રાને । **જહિ-** તજવો, અને તજે ॥ વળી હે **અગજગદોકસામ્-** અગ જે સ્થાવર અને જગત્ જે જંગમ એવા શરીરોવાળા થનારા આશ્રિત જીવોની । **અખિલશક્ત્યવબોધક** ! - સર્વે શક્તિઓ જે પોતપોતાના કાર્યોમાં પહોંચી વળે એવી તમામ શક્તિઓ તેના અવબોધક ઉદ્બોધક સ્થૂલતા પમાડનારા એવા હે ભગવન્। **ક્વચિત્-** સંસાર દશામાં માયા શક્તિ વડે અને અસંસારદશામાં સ્વાત્મસ્વરૂપે । **અજયા-** સ્વશક્તિરૂપી માયા વડે। **આત્મના ચ-** પોતે સ્વતંત્ર સ્વસ્વરૂપ વડે । વિશેષશક્તિઓ વડે અને વિશિષ્ટ સ્વરૂપ વડે પણ । **ચરત:-** કાર્ય પરાયણ વિચરતા, અને સ્વતંત્ર વિરાજતા । એવા તે- તમોને, આપને સર્વ અવસ્થાઓમાં । **નિગમ:-** વેદ, શ્રુતિઓ (અમે)। **અનુચરેત્-** વર્ણનમાં અનુવર્તન કરે છે । અમો શ્રુતિઓ આપને જડચેતનસહિતને કારણતા, મોક્ષપ્રદતા, માયિકગુણ-રહિતતા, દિવ્યગુણસહિતતા, સૃષ્ટ્યન્વિત અને વ્યતિરિક્ત એવા વર્ણવીએ છીએ. ॥૧૫॥

બૃહદુપલબ્ધમેતદવયન્ત્યવશેષતયા
યત ઉદયાસ્તમયૌ વિકૃતેર્મૃદિવાઽવિકૃતાત્ ।
અત ઋષયો દધુસ્ત્વયિ મનોવચનાઽઽચરિતં
કથમયથા ભવન્તિ ભુવિ દત્તપદાનિ નૃણામ્ ॥૧૬॥

અવશેષતયા- કાર્યપણે, સમગ્ર દેવ ઈશ્વર માનવ તત્ત્વાદિના વિશેષપણે સ્થૂલપણે । **ઉપલબ્ધમ્-** દેખાતું એવું । **એતત્-** આ સર્વ જગત । તે । **બૃહત્-**અતિ મહાન એવા પરબ્રહ્મ જે તમો તે તમારા રૂપમય તમારા તનુરૂપે છે તે તમારામય છે તેથી તે તમે જ છો, તેથી પરબ્રહ્માત્મક છે એમજ । **અવયન્તિ-** વેદો પ્રતિપાદન કરે છે । તેથી ત્વદાત્મક કહેવાય છે । **યત:-** તમો વ્યતિરેકી અવિકૃત છો પણ તમારી શક્તિ માયા તે વિકારવાળી છે, માટે માયાવિશિષ્ટ એવી મૂર્તિ જે તમે તે તમારાથી અવિકૃત એવા તમારા થી । **વિકૃતે:-** વિકારવાળી માયિકતત્ત્વોની સૃષ્ટિના । **ઉદયાસ્તમયૌ-** ઉત્પત્તિ સ્થૂલ આવિર્ભાવ, અને અસ્તમય-પ્રલયરૂપ સૂક્ષ્મ તિરોભાવ તે બંને તમારાથી થાય છે । જેમ **અવિકૃતાત્-** એક પિણ્ડાકાર મૃત્તિકા-

પિણ્ડથી ઘટ શરાવ આદિ થાય છે પણ તે **મૃદિવ**- મૃત્તિકાત્મકજ છે । તેમસૂક્ષ્મવિશેષિત અવિકૃત તમારાથીસ્થૂલવિશેષિત ત્વદાત્મકજ સૃષ્ટિ થાય છે । માટે કાર્યાત્મક અને કારણાત્મક તમેજ છો । **અતઃ**- સર્વ કાર્ય કારણાત્મક તમો છો એ હેતુથી । **ઋષયઃ**- તત્ત્વદર્શી પ્રાતિભજ્ઞાની મહર્ષિઓ પણ । **ત્વયિ**- કાર્ય-કારણાત્મક એવા **સર્વમય** પરબ્રહ્મ જે તમે તે તમારામાં । **મનોવચનાઽઽચરિતમ્**-માનસિક ધ્યાનાદિ, વાચિક સ્તુત્યાદિ, આચરિત ચેષ્ટાદિ, બધા આચરણો । **ત્વય્યેવ**- સર્વાત્મક એવા તમારામાંજ । **દધુઃ**- અર્પણ કરનારા થયા છે, કરે છે અને સમર્પે છે । જેમ **નૃણાં**- માનવોના । **ભુવિ**- પૃથિવીમાંજ મેલવાના સ્વભાવવાળાં પગલાં પગ । તે પલંગ શકટી પૃથિવીમાંજ મુકાય છે, આકાશમાં નથી મુકાતાં, **કથમ્**- કયે આધારે, **અયથા**- પૃથિવી વિના બીજી રીતે આકાશમાં । **ભવન્તિ**-મેલાય એવાં થાય ?, નજ થાય । તેમ સર્વાત્મક એવા તમારામાંજ તમામ વેદો શ્રુતિઓ પોતાના વર્ણનીય પદાર્થો જે જે અર્થો, તે તે કાર્યાત્મક કે કારણાત્મક અને કાર્યકારણાત્મક અન્વયી અને પૃથક સ્વયં વ્યતિરેકી એવા તમારાજ વિશેષિત સ્વરૂપમાંજ અર્થો અર્પાય છે, તમારા વિના બીજામાં મેલાતાં નથી, કારણકે તમેજ સર્વે શબ્દોના અન્તતઃ વિશિષ્ટ એવા વાચ્ય છો. ॥૧૬॥

इति तव सूरयस्त्र्यधिपतेऽखिललोकमल –
क्षपणकथाऽमृताऽब्धिमवगाह्य तपांसि जहुः ।
किमुत पुनः स्वधामविधुताऽऽशयकालगुणाः
परम भजन्ति ये पदमजस्रसुखाऽनुभवम् ॥१७॥

હે ત્ર્યધિપતે ! હે ત્રિગુણી માયા તથા જગત્ના જન્મ સ્થિતિ નાશના નિર્વાહક હે સર્વપતિ ભગવન્ । **ઇતિ**- સર્વ ત્વદાત્મક એમ નિશ્ચય કરીનેજ, સર્વ. ત્વદાત્મક છે એવા હેતુથીજ । **સૂરય** :- તત્ત્વજ્ઞાની મહર્ષિ જનો તે । **અખિવલોકમલક્ષપણકથાઽમૃતાઽબ્ધિમ્**- સર્વ લોકોના બધા મલ દોષ નાશક એવા તમારા કથાના અમૃતમય સાગરમાં । **અવગાહ્ય**- નહાઈને, સત્ય અર્થમાં પ્રવેશીને । **તપાંસિ**- તપ વિગેરે સાધનરૂપી કલેશોને તથા આધ્યાત્મિકાદિ તાપોને । **જહુ** :- તજનારા થયા । શાન્તિ મેળવનારા થયા છે, તો પછી । **હે પરમ** ! -હે પરમેશ્વર । **યે**- જે જનો । **અજસ્રસુખાનુભવમ્**- કાયમ સુખ આનન્દના સાક્ષાત્ ભરેલ એવા અનુભવ કરેલું નિત્યજ્ઞાનાનન્દાત્મક તમારું સ્વરૂપ, તથા તમારું **પદમ્**- સ્વરૂપને અને પદને ચરણો ને, **ભજન્તિ**- ભજે છે સેવે છે સમાધિવડે સાક્ષાત્ કરે છે, એવા ભકતો તે । **સ્વધામવિધુતાઽઽશયકાલગુણા : સન્ત** :- તમારા ભજન ભકિત સમઝણ સેવાના પ્રતાપવડે ધોઇ નાખ્યાં છે વાસના કાળ રાગ દ્વેષ તથા કાળકૃત જરા મરણ તથા માયિક ગુણોના વેગ જેમણે એવા, તે મહર્ષિ સન્તો, **કિમુત પુન** : તમારા સુખ આનન્દને શાશ્વતી શાન્તિને મેળવનારા થાય તેમાં તો શું કહેવું ! । તમારી કથાશ્રવણવડે સર્વ પાપતાપ નષ્ટ થાયછે તો તમારા સ્વરૂપ સેવનથી પાપ તાપ નાશ થાય તેમાં શું કહેવું ॥ ૧૭ ॥

दृतय इव श्वसन्त्यसुभृतो यदि तेऽनुविधा
महदहमादयोऽण्डमसृजन् यदनुग्रहतः ।
पुरुषविधोऽन्वयोऽत्र चरमोऽन्नमयादिषु यः
सदसतः परं त्वमथ यदेष्ववशेषमृतम् ॥१८॥

હે **શ્રીહરે !,। असुभृत :-** જે પ્રાણીઓ માનવો । **ते-** તમારા । **अनुविधा :-** ભજન સેવન સ્વરૂપ ધ્યાનાદિ વિધિ પરાયણ રહે તો તેઓ । **श्वसन्ति-** સફળ પ્રાણ ધારીઓ છે । **न यदि-** અને એમ જો ન વરતે તો । **दृतय इव-** ધમણ જેવાવાયુપૂરિત વ્યર્થ છે । **यदनुग्रहत :-** તમારા ઈક્ષણરૂપી અનુગ્રહવડેજ । **महदहमादय :-** મહત્તત્ત્વ અહંકાર તન્માત્રાઓ ભૂતો વિગેરે । **अण्डम्-** બ્રહ્માણ્ડને, સૃષ્ટિને । **असृजन्-** સર્જનારા થયા છે । **य :-** જે તે તમો । **अत्र-** આ સૃષ્ટિતત્ત્વોમાં । **अन्वय :-** અન્વયપણે રહયા છો । તથા **अन्नमयादिषु**—અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનન્દમય કોશોમાં વ્યાપ્યમાં પણ તમો રહયા છો, તે તમો **चरम :-** છેલ્લા આનન્દમય, આનન્દઘન, સ્વરૂપ એવા સુમૂર્ત છો । તથા **पुरुषविध :-** દિવ્ય પુરુષાકાર પરબ્રહ્મ છો, તે તમો વૈરાજાદિક પુરૂષાકારમાં પણ છો । સગુણ બ્રહ્મ સ્વરૂપમાં પણ છો । અવતાર સ્વરૂપે પણ છો । **अथ-** અને વળી । **सदसत :-** સત્ અને અસત્ એવા સાચા અને ખોટા ભાવ અને અભાવ પદાર્થો તથા સત્ય અને અસત્ય પદાર્થો, ચેતન અને જડ પદાર્થો તે તમામથી । **परम्-**પર સ્વરૂપે પરમાત્મા શાશ્વત વિલક્ષણ દિવ્યપ્રભુ । **त्वम्-** તમો છો । વળી **एषु-** અન્નમય આદિક ચારેનો સંહાર થયે સતે પણ **।अवशेषम्-** આનન્દઘનસ્વરૂપે શાશ્વત બાકી એવા તમો રહો છો । તે તમો **ऋतम्-** કાયમી નિર્વિકાર સત્યમૂર્તિ છો । અવતાર અન્વયી અને વ્યતિરેકી પરમપુરૂષ દિવ્યમૂર્તિ શાશ્વત આનન્દઘન સ્વરૂપ તમોજ છો. ॥ ૧૮ ॥

उदरमुपासते य ऋषिवर्त्मसु कूर्पदृशः
परिसरपद्धतिं हृदयमारुणयो दहरम् ।
तत उदगादनन्त तव धाम शिरः परमम्
पुनरिह यत् समेत्य न पतन्ति कृतान्तमुखे ॥१९॥

ये- જે માનવો । **ऋषिवर्त्मसु-** ઋષિઓએ પ્રદર્શિત વેદાન્ત રીતિનાઉપાસનાના પ્રકારોમાં । **कूर्पदृश :-** સ્થૂલાડસ્થૂલદૃષ્ટિવાળાઓ, છે, તેઓ, કોઈ વૈશ્વાનરવિદ્યામાં નિષ્ઠાવાળાઓ તમને । **उदरम्-** વૈશ્વાનર એવા જાઠરાગ્નિતનુ પરબ્રહ્મને ઉપાસે છે, તથા—
મણિપુર ચક્રસ્થ અગ્નિબ્રહ્મને ઉપાસે છે । અને કોઇ **आरुणय :-** અરૂણવંશના દહરવિદ્યામાં નિષ્ઠાવાળાઓ । **हृदयं-** હૃદયગત । **दहरं-** દહરનામક હૃદયપુણ્ડરીકમાં આકાશબ્રહ્મને આત્મબ્રહ્મને ઉપાસે છે । અને કોઈ તો, **परिसरपद्धतिम्-** નાડીઓના પરિસરણના માર્ગોમાં છ ચક્રોમાં દેવોની ઉપાસના પધ્ધતિને અનુસરીને તમોને ઉપાસે છે । દાણી તરફ ઈડા, જમણી તરફ પિંગળા, મધ્યે સુષુમ્ણા, એમ ત્રણ નાડીઓમાં, ગુદામાં મૂલાધાર ચક્રમાં ગણપતિને, લિંગમૂળમાં અધિષ્ઠાન ચક્રમાં બ્રહ્માને, નાભિમાં મણિપુરચક્રમાં વિષ્ણુને, હૃદયમાં અનાહતચક્રમાં શિવને, કંઠમાં વિશુધ્ધિચક્રમાં જીવાત્માને, ભ્રકુટિમાં આજ્ઞાચક્રમાં હંસને, ઉપાસે છે, અને સુષુમ્ણાના હૃદયથી, **तत उदगात्-** આરંભીને તેથી શિરના બ્રહ્મરન્ધ્ર સુધીના માર્ગમાં ક્રમ ઉપાસનામાં લલાટમાં ગુરૂરૂપ હરિને, અને છેવટે બ્રહ્મરન્ધ્રમાં, **हे अनन्त-** અસંખ્ય અનન્ત સ્વરૂપ એવા હે પરમાત્મન્ । **तव परमं धाम शिरः-** મસ્તકમાં તમારૂં સુષુમ્ણાના અન્તવાળું તેજસ્વી બ્રહ્મરન્ધ્ર છે તેમાં । **यत् समेत्य-** જ્યાં સ્થિરતા પામીને તમોને પરબ્રહ્મને ઉપાસે છે । તેઓ **पुनः इह-** ત્યાં પ્રાપ્તમૂર્તિ એવા પરમાત્મામાં લગ્નિત થએલા ઉપાસક, ફરીથી આ સંસારમાં, **कृतान्तमुखे-** યમદૂતના કાળના મુખમાં, **न पतन्ति-** મરણજન્મમાં પડતા નથી, મોક્ષમાં જાય છે. ॥ ૧૯ ॥

स्वकृतविचित्रयोनिषु विशन्निव हेतुतया
तरतमतश्चकास्स्यनलवत् स्वकृताऽनुकृतिः ।
अथ वितथास्वमूष्ववितथं तव धाम समं
विरजधियोऽन्वयन्त्यभिविपण्यव एकरसम् ॥२०॥

हेतुतया- માયાતનુ એવા તમો સર્વેના ઉપાદાન કારણપણે કારણરૂપ છો તેથી **स्वकृतविचित्रयोनिषु**- આપે સર્જેલી વિભિન્ન દેવ માનવ પશુ પક્ષ્યાદિ વિલક્ષણ યોનિઓમાં। **विशन् इव**- અન્વયિસ્વરૂપે પ્રવેશ પામતા થકા અન્તરાત્મા તદ્રૂપ થયા હો ને શું એવા વર્તતા થકા। **स्वकृताऽनुकृतिः**- પોતે રચેલી દેહધારીઓની આકૃતિમાં તેના સમાનજ અનુકૃતિ અનુકરણ કરીને ઓછા વત્તા વર્તનારા એવા થકા તદાકારેજ, **अनलवत्**- જેવું કાષ્ઠ કોલસા છાણાં વિગેરે હોય તેમાં તેવા તેવા અવિભિન્નરૂપ અગ્નિની પેઠે। **तरतमतः**- નાનામાં નાના, મધ્યમમાં મધ્યમ, ઉત્તમમાં ઉત્તમ, જડમાં જડ, ચેતનમાં ચેતન એમ, તેવી તેનીજ રીતે। **चकास्सि**- ભાસો છો પ્રકાશ પણે ક્રિયાવ્યાપારવડે તન્મયજ વર્તો છો। **अथ** તો પણ તેવા પણતમો। **वितथासु अमूषु**- અસત્ નિષ્ફળ અને વિનાશી મિથ્યા એવી આ બધી તનુમય આકૃતિઓમાં, **तव**- તમારૂં। **अवितथं**- સત્ય કર્મફલપ્રદ નિત્ય સત્યસ્વરૂપ એવું જે, **एकरसम्**- એક આનન્દઘન રસમય શાશ્વત એવું જે, **धाम**- દિવ્ય અન્તર્યામિ પ્રકાશસ્વરૂપ, તથા આનન્દઘનમૂર્તિ, નિયામક સ્વરૂપ એવું તમારૂં મૂર્તસ્વરૂપ, **समम्**- વ્યતિરેકી અને વ્યાપક એકસરખુંજ જે સ્વરૂપ છે તેને। **विरजधियः**- માયિક મેલ રહિત શુદ્ધિવાળા એવા પ્રાતિભજ્ઞાનવાળા ધર્મમેઘ સમાધિવાળા। **अभिविपण्यवः**- સર્વમાં વિશેષપણે તમારા સ્વરૂપની ઉપાસનાવાળા ઋષિ મુનિઓ એકાન્તિક ભકતો તેઓ। **अन्वयन्ति**- સાક્ષાત્ જરૂર પ્રાપ્ત કરે છે। સર્વમાં તમો દેખાઓ છો. ॥ ૨૦ ॥

स्वकृतपुरेष्वमीष्वबहिरन्तरसंवरणं
तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोऽशकृतम् ।
इति नृगतिं विविच्य ऋवयो निगमावपनम्
भवत उपासतेऽङ्घ्रिमभवं भुवि विश्वसिताः ॥२१॥

अमीषु- આ દેખાતા એવા। **स्वकृतपुरेषु**- તમોએ રચેલા દેવ માનવ પશ્વાદિ શરીરોમાં વસેલા સત્યસ્વરૂપ તથા। **अखिलशक्तिधृतः**- સર્જક રક્ષક સંહારક આદિ સર્વ ઐશ્વર્ય શક્તિઓના ધારણ કરનાર એવા। **तव**- તમારા **अंशकृतम्**- સંકલ્પાત્મક સ્વલ્પાંશવડે સ્વયં રચાએલા, તથા। **अबहिरन्तः**- અન્દર અને બાહેર એવા વિભાગો જેને પરાભૂત કરી શકતા નથી, ટુંકા વિભાગો જેને લાગુ પડતા નથી, માટેજ અન્તર બાહેર સર્વત્ર વ્યાપ્તિવાળા તથા, **असंवरणम्**- આવરણોના પરાભવ રહિત એવા, તમોને। **तव पुरुषम्**- તમારૂં જે સ્વરૂપ તેને વેદાન્તો। અંગુષ્ઠ માત્ર પુરૂષ, મધ્યે આત્મામાં રહેલ છે, સદા જનોનાં હૃદયમાં રહયા છે એય પુરૂષાકારવિગ્રહ ને આત્મામાં સ્થિતપરમાત્માને। **वदन्ति**- વર્ણવે છે। **इति**- આવા દિવ્યપુરૂષાકાર વિગ્રહ મૂર્તિ તમને। અને **नृगतिं**- તમારી ભક્તિ આરાધનાને યોગ્ય પોતાની માનવજન્મની સ્થિતિને। **विविच्य**- વિચારી સમઝીને। **निगमावपनम्**- વેદવાકયોનું વર્ણનીય પ્રતિપાદન વિષયક્ષેત્રસ્વરૂપ એવું તથા। **अभवम्**- સંસાર નિવર્તક એવું। **भवतः**- તમારૂં **अंघ्रिम्**- ચરણ કમળ, દિવ્યપરમપુરૂષ એવા આપના ચરણારવિન્દ યુગલને। **विश्वसिताः**- વિશ્વાસ શ્રદ્ધા વાળા અને, **ऋवयः**- જ્ઞાનભક્તિવાળા વિજ્ઞાની ઋષિ મુનિ ભકત જનો। **भुवि**- આંહિ માનવલોકમાંજ તમોને। **उपासते**- મોક્ષમાટે ઉપાસે છે સેવે છે। હૃદયમાં ધ્યાન વડે અન્તરાત્મા આત્માના આત્મા એવા પરમપુરૂષને તમને ઉપાસે છે, ॥ ૨૧ ॥

दुरवगमात्मतत्त्वनिगमाय तवाऽऽत्ततनो—
श्चरितमहाऽमृताऽब्धिपरिवर्तपरिश्रमणाः ।
न परिलषन्ति केचिदपवर्गमपीश्वर ते,
चरणसरोजहंसकुलसंगविसृष्टगृहाः ॥२२॥

હે ઈશ્વર ! – હે પરમેશ્વર । **દુરવગમાત્મતત્ત્વનિગમાય-** દુર્બોધ એવા આત્મતત્ત્વના તથા પરમાત્મતત્ત્વના સ્વરૂપ બોધને માટે । **આત્તતનોઃ તવ-** ગ્રહણકરી છે શ્રીકૃષ્ણાદિ મૂર્તિ જેણે, પ્રકટિત મૂર્તિ, શરીરમાં શરીરી એવા સુમૂર્ત તમો તે તમારા । **ચરિતમહાઽમૃતાઽબ્ધિપરિવર્તપરિશ્રમણાઃ-** લીલા ચરિત્રોરૂપી મહા અમૃતના સાગરમાં સ્નાનવડે થાક તાપ રહિત થએલા । **કેચિત્-** એવા કોઈ કોઇ ભક્તજનો ભક્તિરસિક ભાગવતમાનવો । **તે-** તમારા । **ચરણસરોજહંસકુલસંગવિસૃષ્ટગૃહાઃ-** ચરણકમલોમાં હંસોની પેઠે રમનારા એવા સંતકુલ કુટુંબોના, સંગ સત્સંગ વડે, ઘર બાર પડયાં મેલીને, શ્રવણાદિક ભક્તિમાં નિમગ્ન થયા થકા । **અપવર્ગમ્ અપિ-** મોક્ષને પણ । ચતુર્થા બ્રહ્મમુક્તિને પણ । **ન પરિલષન્તિ-** નથી ઇચ્છતા । આમ કેટલિક શ્રુતિઓ ભક્તિનેજ દૃઢ કર્યવ્ય રૂપે વર્ણવે છે. ॥૨૨॥

ત્વદનુપથં કુલાયમિદમાત્મસુહૃત્પ્રિયવત્
ચરતિ તથોન્મુખે ત્વયિ હિતે પ્રિય આત્મનિ ચ ।
ન બત રમન્ત્યહો અસદુપાસનયાઽઽત્મહનો
યદનુશયા ભ્રમન્ત્યુરુભયે કુશરીરભૃતઃ ॥૨૩॥

ઇદં કુલાયમ્- આત્માને આ માનવ શરીર, પક્ષીના માલાકે બખોલ જેવું છે । **ત્વદનુપથમ્-** તમને અનુવર્તે છે તમારી આરાધના ભક્તિ માં વર્તાવે એવું છે । વળી **આત્મસુહૃત્પ્રિયવત્ ચરતિ-** આત્માની પેઠે ઇષ્ટસાધનમાં પ્રવર્તે એવું છે, મિત્રની પેઠે સહાય કરે એવું છે, પ્રિય પુત્રાદિકની પેઠે હિત કરે એવું છે । **તથા ત્વયિ-** તેમજ આપપ્રભુ પણ । **હિતે-** સદ્બુધ્ધિપ્રેરક હિતકારી છો । **પ્રિયે-** પ્રેમાસ્પદ છો । **આત્મનિ-**આત્મામાં આત્મા છો પાસેજ છો । **ઉન્મુખે-** વળી ભક્તને માટે સન્મુખજ છો । **અહો-** આવી અનુકૂલતા છે તો પણ । **ન રમન્તિ-** તમારામાં રમતા નથી, તમોને ભજતા નથી । **બત-** ખેદ એ છે કે । જેઓ **અસદુપાસનયા-** અસાધુજનની સંગતિ વડે અનિત્યશરીર વિષય વિગેરેના લાલન પાલન રમણ વડે જ વર્તે છે તેઓ । **આત્મહનઃ-** આત્માના હનન કરનારા છે, આત્મઘાતી સ્વઘાતી મોક્ષઘાતી અને જ્ઞાનઘાતી છે । **યદનુશયાઃ-** જે શરીરની ચાકરીમાંજ ભોગોમાંજ પડેલા છે । તેઓ **કુશરીરભૃતઃ-** કર્મ વાસના પ્રાપ્ય પશુપક્ષીઓના કુશરીરોને પામતા થકા । **ઉરુભયે-** અતિઘણાંદુઃખ અને જન્મમરણોના ભયવાળા સંસારમાં । **ભ્રમન્તિ –** ભમે છે. ॥૨૩॥

નિભૃતમરુન્મનોઽક્ષદૃઢયોગયુજો હૃદિ યન્—
મુનય ઉપાસતે તદરયોઽપિ યયુઃ સ્મરણાત્ ।
સ્ત્રિય ઉરગેન્દ્રભોગભુજદણ્ડવિષક્તધિયો,
વયમપિ તે સમાઃ સવદૃશોઽઙ્ઘ્રિસરોજસુધાઃ ॥૨૪॥

નિભૃતમરુન્મનોઽક્ષદૃઢયોગયુજઃ- હે ભગવન્ !, જિત્યાં છે પ્રાણ મન ઇન્દ્રિયો જેમણે તથા દૃઢ ઉપાસનાત્મક યોગ સાધનારા । **મુનયઃ-** યોગી યતિ સન્તજનો । **હૃદિ-** હૃદયમાં આત્મામાં । **યત્-** જે તમારા સ્વરૂપને । **ઉપાસતે-** ઉપાસે છે ધ્યાન–સમાધિમાં જુએ છે તથા સેવારસ મેળવે છે । **તત્-** તેજ તમારા સ્વરૂપને । **અરયોઽપિ-** શત્રુઓ દૈત્યો પણ, **સ્મરણાત્-** અપ્રીતિ જે દ્વેષ તે વડે ચિન્તન કરવાથી પણ । **યયુઃ –** પ્રાપ્તી ગયા છે । તથા **ઉરગેન્દ્રભોગભુજદણ્ડવિષક્તધિયઃ-** મહાસર્પના ફણાશરીરભાગ સમાન શ્રીહરિની બે ભુજાઓ રૂપી કોમળ દણ્ડોમાં આસક્તિવાળી છે બુધ્ધિ જેમની એવી વ્રજગોપીઓ પણ

કામનાત્મક સ્મરણ વડે તમારા સ્વરૂપને પામી ગઇએ છે ! શું બહુ કહિએ, ! **वयमपि**- અમે સદા સેવતી એવી શ્રુતિઓ પણ । **समदृशः ते**- **सर्वे**માં સમદૃષ્ટિવાળા એવા તમે તે તમારા । **अंघ्रिसरोजसुधाः**- ચરણકમળના અમૃતના પાન કરનારી થઈ થકી, મુનિ, અરિ, અને ગોપીઓની **समाः**- સમાનજ, તમોને પામીએ છીએ, કારણ કે તમોને સર્વ સમાન છે, જેથી બધાને ચરણકમળ અમૃતરસપાન સમાન આપો છો. ॥ ૨૪॥

क इह नु वेद बताऽवरजन्मलयोऽग्रसरं,
यत उदगाद् ऋषिर्यमनु देवगणा उभये ।
तर्हि न सन्न चाऽसदुभयं न च कालजवः,
किमपि न तत्र शास्त्रमवकृष्य शयीत यदा ॥२५॥

इह- આ સંસારમાં। **बत नु**- ખેદની વાત તો એ છે જે। **अग्रसर**- સર્વેની સૃષ્ટિથી પણ પૂર્વ-સિધ્ધ પ્રથમ સિધ્ધ સ્વરૂપ એવા તમોને । **अवरजन्मलय : क :**- સૃષ્ટિ પછી જન્મ અને મરણવાળા એવા કોણ માનવ । **वेद**- જાણી શકે, કોઇ ન જાણી શકે । **यतः**- જે ભગવાન્ તમો તે તમારાથી । **ऋषि :**- બ્રહ્માજી પ્રગટ થયા । **यम अनु**- જે બ્રહ્મા પછી । **उभये - देवगणा :**- નિવૃત્તિપરાયણ સનકાદિકો દિવ્યપુરૂષો, અને પ્રવૃત્તિ પરાયણ મરીચિ આદિક દિવ્ય મહર્ષિજનો ઉપજ્યા । **तर्हि**- સૃષ્ટિના। પૂર્વમાં **तत्र**- પ્રલયમાં । **यदा शास्त्रम् अवकृष्य**- વેદોને સંકેલીને જ્યારે। **शयीत**- સુઇ ગયા હતા। ત્યારે **सत् न**- કાર્યાવસ્થ સત્ ચિત્ સ્થૂલ પદાર્થો ન હતાં, તથા **असत् न**- કાર્યાવસ્થ અચિત્ જડ પદાર્થો ન હતાં, મહત્તત્ત્વાદિક સૂક્ષ્મપણ ન હતાં । તથા **उभयं न**- સ્થૂલસૂક્ષ્મમિશ્રિત જડચેતનમિશ્રિત એવાંકોઇ શરીરાદિક પણ ન હતાં, માયિક વ્યાવહારિક કે ખોટા દેખાવરૂપે પણ કાંઇ નહતું । **न च कालजव :**- કાલનો પ્રભાવ વેગ કાલ-પ્રભુતા પણ ન હતી। **तत्र**- તે અવસ્થામાં । **न च शास्त्रमपि**- શ્રુતિ વેદ કે શાસ્ત્રો પણ ન હતાં । **न च किमपि**- કાંઈપણ રહ્યું ન હતું, જ્ઞાન અને જ્ઞાનીશરીરીઓજ હતા નહિં । માટે સૃષ્ટિની સ્થિતિમાં તમારાં સ્વરૂપની ભ્રકિત થઈ શકે છે તે કરવી. ॥ ૨૫ ॥

जनिमसतः सतो मृतिमुताऽऽत्मनि ये च भिदां
विपणमृत स्मरन्त्युपदिशन्ति त आरुपितैः ।
त्रिगुणमयः पुमानिति भिदा यदबोधकृता
त्वयि न ततः परत्र स भवेदवबोधरसे ॥२६॥

૧- **ये च**- જે નૈયાયિકો, **सत :**- પરમાણુઓ નિત્ય સત્ય છે, તેનાથી, **असत :**- અનિત્ય એવા ઘટાદિ જગત્ની, **जनिम्**-ઉત્પત્તિને વર્ણવે છે, **सत :- असज्जायते** । ૨- **असत :**- અભાવોથી **सत :**- ભાવ પદાર્થોની ઉત્પત્તિ જૈનાદિકો વર્ણવે છે,-**अभावात् भावोत्पत्ति : नाऽनुपमृद्य प्रादुर्भावात्** -બીજમાં વિકાસ પોલ્ય થવાથી અંકુર થાય છે। ૩- **असत :**- અનિત્યનુ-, **मृतिम्**- મરણ વિનાશમ્ વૈશેષિકાદિકો વર્ણવે છે। ૪- **सतः**- અર્થક્રિયાકારી એવા સત્પદાર્થ ઘટાદિકની તથા આત્માઓની, **मृति**- નાશને બૌદ્ધો પણ વર્ણવે છે, **यत् सत् तत् क्षणिकं अब्रुवत्** । **उत**- અને । ૫- **आत्मनि**- આત્માઓમાં, **भिदां**- ભેદને, મીમાંસકો સાંખ્ય યોગ વૈષ્ણવો વિગેરે વર્ણવે છે। ૬- લગભગ સર્વે, **विपणं**- કર્મોના વ્યાપારનું ધર્મ અધર્મનું, **ऋतं**- સાચું ફળ, આલોક પરલોક સત્ય છે એમ વર્ણવે છે। **ते**- તે તે મતવાદિઓ। **आरुपितै :**- આરોપ કરીને । **स्मरन्ति**- સંભારે છે, ભ્રાન્તિઓને સંભારે છે, અને **उपदिशन्ति**- ઉપદેશે છે, તેનો કોઈનો ઉપદેશ યથાર્થ નથી । , - **त्रिगुणमय :**- સાત્ત્વિક રાજસ તામસ ત્રણ ગુણમય

पुमान्– પુરૂષ આત્મા છે, **इति भिदा**– આવો ભિન્ન ભિન્ન ઉપદેશ, તે **यद्**– **अवबोधकृता**– જે અજ્ઞાનવડે ભ્રાન્તિવડે કરાએલ છે । **ततः सः**– તેથી તેવા ઉપદેશો । **अवबोधरसे**– જ્ઞાનઘન એક આનન્દરસરૂપ, **परत्र**– કાર્યકારણસ્વરૂપથી પર એવા આનન્દઘનમૂર્તિ વ્યતિરેકસ્વરૂપ, **त्वयि**– તમારામાં નિત્યવિજ્ઞાનઘન આનન્દઘન સ્વરૂપમાં, **न भवेत्**– પ્રવર્તતો નથી, ન હોય, તેનો આરોપ કરીને, તે વાળું જાણવું તે ભ્રમજ્ઞાન છે, તેણે રહિતમાં તે- વસ્તુ ભ્રાન્તિ છે । પરબ્રહ્મભિન્ન બધું માયિક અનિત્ય અસત્ છે । તેથી

૧–નૈયાયિકના પરમાણુઓ સત્ નથી, ૨– જૈનોનો અભાવ કારણ થતોજ નથી, ૩– વૈશેષિકોના અનિત્ય ધ્વંસનો વિનાશ થતો નથી, ૪– બૌદ્ધોનો આત્મા, આત્મતત્ત્વ ક્ષણિક નથી, ૫– મીમાંસકો આદિના આત્મામાં એકાત્મામાં બ્રહ્મમાં ભેદ નથી, ૬– સર્વેનું કર્મફળ પરલોક સ્વર્ગાદિ તે પણ અનિત્ય છે, સત્ નથી, સત્ તો એક પરમાત્મા જ છે, ૭– આત્મા ગુણમય નથી, માટે તે બધાના મતો 'ન હોય અને ચોંટાડવુ" એવા આરોપમય છે ભ્રમો છે ॥

અમો શ્રુતિઓ પણ આવા વાદોને વર્ણવીએ છીએ – **'सतो वा इमानि भूतानि जायन्ते'**। **'असतो वा इमानि जायन्ते'** । **'आकाशाद् वा इमानि जायन्ते'** । તે પણ પૂર્ણ રીતે ન પહોંચીને પરબ્રહ્મને તે તમામ ઉપદેશોથી ઉપરવટ છે એમ તાત્પર્ય જણાવીને પાછી વળી જાય છીએ, કેટલિક શ્રુતિઓ આવા ઉપદેશોને ભ્રાન્તિરૂપે ઓળખાવે છે ॥૨૬॥

નૈયાયિકો અસત્દ્રવ્ય મૃત્પિણ્ડને સત્તાયોગ કરીને પછી સત્નો તેનો વિનાશ સ્વીકારે છે । એ અસત્કાર્યાનુવાદ છે । વળી આત્મામાં સ્થૂલતા કૃશતા મનુષ્યતા મૃગતા આદિ ભેદને ચાર્વાકો માને છે, એ ચાર્વાકમતાનુવાદ દેહાત્માનુવાદ । મીમાંસકો– દેવમનુષ્યાદિકનો પરસ્પર વાણિજ્ય જેવો લેવડદેવડ વ્યવહાર યજ્ઞમાં માને છે તેને ઋત નિત્ય માને છે, તે કર્મફળનિત્ય છે એવા કર્મફલાનુવાદ । તે બધાં યુક્ત્યાભાસો વડે ઉપદેશે છે । નિરીશ્વરસાંખ્યમતવાળા—
પુરૂષજ ત્રણગુણવાળો થાય છે, તેજ ઇશ્વર છે બીજો ઇશ્વર નથી, એમ અનીશ્વરમતાનુવાદ । એ પણ ભ્રમ છે । તમારા જ્ઞાનવાળાઓને તો પ્રકૃતિપુરૂષની પર જ્ઞાનઘન આનંદઘન સુમૂર્ત તમારામાં તમને ઓળખે તેને ભ્રાન્તિ નથી સત્યજ્ઞાન છે, અનામરૂપવિભાગવત્ ચિત્અચિત્ના પ્રલયકાલમાં કારણાવસ્થ ભગવાન્ના શરીરના સત્ત્વપણાથીજ સર્ગ કાળમાં કાર્યાવસ્થામાં સત્ય એવાજ ચિત્ અચિતને નામરૂપભાક્તા થાય છે, એ જન્મ, અને પ્રલયકાળમાં અનામરૂપ ભાક્તા થાય છે તેની સ્થિતિ તે મરણ ગણાય છે ॥ આ સારને શ્રુતિઓ વર્ણવે છે. ॥૨૬॥

सदिव मनस्त्रिवृत् त्वयि विभात्यसदामनुजात्
सदभिमृशन्त्यशेषमिदमात्मतयाऽऽत्मविदः ।
नहि न हि विकृतिं त्यजन्ति कनकस्य तदात्मतया
स्वकृतमनुप्रविष्टमिदमात्मतयाऽवसितम् ॥२७॥

आमनुजात्– બ્રહ્માથી મનુષ્ય પર્યન્ત દેહધારીઓનું । **त्रिवृत्**– સત્ત્વ રજ તમ એમ ત્રિગુણાત્મક મન તે, સત્ જેવું કાર્યકારી જણાય છે તો પણ । **त्वयि**– તમો જે પરમેશ્વર તેમાં તે, **असत्**– **विभाति**– કાર્યકરનારૂં થતું જ નથી, કેમ કે સર્વશરીરી એવા તમોને પ્રકાશ કરી શકતું નથી । વળી બીજી રીતે

અસત્ કલ્પનાભરેલું મન ત્રિગુણી છે તો પણ તમારામાં જોડાવાય તો તે તમારે યોગે તમારે લઈને સત્ય એવું થાય છે, તમારે યોગે દિવ્ય ગણાય છે ॥ તેમજ **आत्मविदः**- આત્માના આત્મા પરમાત્મા એવા તમોને જાણકાર જનો આત્મજ્ઞાનીઓ । **अशेषम् इदम्**- સમગ્ર એવા આ વિશ્વને **आत्मतया**- બ્રહ્માત્મકપણે પરમાત્મામયપણે સત્ એવાને જાણે છે । ચિત્ અચિત યુકત સૂક્ષ્મ તમો ચિત્ અચિત્યુકત સ્થૂળપણે છો માટે તમારે લઈને જગત્ને સત્ જાણે છે **'सर्वं खलु इदं ब्रह्म'** આ બધું બ્રહ્મ છે એમ બ્રહ્માત્મક સત્ જાણે છે વિચારે છે । જેમ કનકાર્થિજનો **कनकस्य**- કનકની **विकृतिं** વિકૃતિ કુણ્ડલાદિકને **तदात्मकतया**- કનકાત્મકજ હોવાથી, **नहि त्यजन्ति**- નથી તજી દેતા સોનું જ સમજે છે, તેમ જ્ઞાનીજનો । **स्वकृतं**- પરમાત્માએ રચેલ તથા **अनुप्रविष्टं**- રચેલાં જગતમાં અંદર પ્રવેશીને રહેલ ચિત્ અચિત્માં વિરાજિત શરીરી એવા તમે છો માટે તમારા વાળા વિશિષ્ટ જગત્ને । **आत्मतया**- બ્રહ્માત્મકપણેજ બ્રહ્મમય, **अवसितं**- નિર્ધારિત કરેલજ સમજે છે ॥ કેટલિક શ્રુતિઓ મનોમાત્ર કલ્પિત જગત્ને પણ બ્રહ્મપરબ્રહ્મવિશિષ્ટ હોવાથીજ પરબ્રહ્મમાં અધિશ્રિત હોવાથીજ સત્યપણે વર્ણવે છે । વિશિષ્ટકાર્ય કારણ સત્યજ છે એમ કહે છે. ॥૨૭॥

तव परि ये चरन्त्यखिलसत्त्वनिकेततया
त उत पदाऽऽक्रमन्त्यविगणय्य शिरो निर्ऋतेः ।
परिवयसे पशूनिव गिरा विबुधानपि ताँ—
स्त्वयि कृतसौहृदाः खलु पुनन्ति न ये विमुखाः ॥२८॥

ये- જે માનવો । **तव**- તમોને । **अखिलसत्त्वनिकेततया**- સર્વ પ્રાણીઓમાં સ્થાન કરી રહેલા તમોને સમઝીને । **परिचरन्ति**- સેવા કરે છે ઉપાસે છે । **उत त एव**- જરૂર તેઓ । **निर्ऋतेः शिरः**- મૃત્યુના મસ્તકને । **अविगणय्य**- અવગણના કરીને । **पदा**- પગવડે । **आक्रमन्ति**- તેને દબાવી દે છે, તેઓ મોક્ષને મેળવે છે । **तान् विबुधान्**- તેઓ જો કેવળજ્ઞાની હોય તો તેને, અને **अविबुधान् अपि**- તમારી સમઝણ વિનાના અજ્ઞાનીઓને પણ, તમો **गिरा** - શ્રુતિરૂપ વાણીવડે । **पशूनिव**- અજ્ઞાની પશુનેજ જેમ તેમ, **परिवयसे**- બોધમાંજ ધુંચવી બાંધી રાખો છો, । અને **त्वयि**- તમારા સ્વરૂપમાં । **कृतसौहृदाः**- સ્નેહસેવાવાળા તથા ઉપાસનાવાળાઓ જેઓ છે તેઓ તો । **पुनन्ति खलु**- જરૂરપાવન થઈ તરી જાય છે તથા બીજાને તારે છે । અને જે **विमुखाः**- તમારા તરફ વિમુખ અવળાઈવાળા છે સ્નેહહીન છે ઉપાસના રહિત છે કેવળ ધર્મલગ્નિત છે, તે **न**- તેઓ તો પાવન થયાજ નથી, ભાગવત ધર્મરહિત હોવાથી તરતા પણ નથી, શ્રુતિઓ વડે કેવલજ્ઞાનીઓ પણ ભગવાન્ અને સંતના સત્સંગ વડે સ્નેહસેવાવાળા પ્રેમભક્તિવાળા સ્વરૂપજ્ઞાની થઈને તરે છે. ॥૨૮॥

त्वमकरणः स्वराडखिलकारकशक्तिधर—
स्तव बलिमुद्वहन्ति समदन्त्यजयाऽनिमिषाः ।
वर्षभुजोऽखिलक्षितिपतेरिव विश्वसृजो
विदधति यत्र ये त्वधिकृता भवतश्चकिताः ॥२९॥

त्वम्- તમો પરમેશ્વર । **अकरणः**- માયિક ઇન્દ્રિય અન્તઃકરણ રહિત છો દિવ્ય મૂર્ત છો । **स्वराट्**- સ્વસ્વરૂપ જ્ઞાનઘન આનંદઘન સત્સ્વરૂપ સચ્ચિદાનન્દસ્વરૂપે સ્વતંત્ર વર્તો છો । **अखिलकारकशक्तिधरः**- સમગ્ર કાર્યકારણની શક્તિઓને, તમો, તમારાવડે, તમારામાટે, તમારાથી, તમારું, તમારામાં,

આવી આવી શક્તિઓને ધારો છો, ક્રિયા કલ્પના સામર્થ્યવાળા છો, જ્ઞાન શક્તિ બલ ઐશ્વર્ય વીર્ય તેજ એવી તથા સત્યકામ સત્યસંકલ્પ નિત્યસર્વજ્ઞ એવી એવી શક્તિઓ ધારનારા છો માટે । **अजया**– માયાવાળી પ્રકૃતિને પરતંત્ર એવા । **अनिमिषाः**– મટકારહિત વાયુ સૂર્ય અગ્નિ ઈન્દ્રાદિ દેવતાઓ, તથા **विश्वसृजः**– વિશ્વના સર્જક પ્રજાપતિઓ બ્રહ્માદિક, તેઓ પણ । **तव**– તમોને । **बलिम्**– ભેટયો નૈવેદ્ય, **उद्वहन्ति**– અર્પણ કરે છે । અને તમારી પૂજા પછી પ્રસાદીને, **समदन्ति**– જમે વાપરે છે । અને જેમ **अखिलक्षितिपतेः**– સમગ્ર પૃથિવીના સમ્રાટને, **वर्षभुजः**– ખંડિયા રાજાઓ જેમ આજ્ઞાપાલીને અધિકારના કામો ચક્રવર્તિના ભયથી કરે છેજ, તેમ **विश्वसृजः**– સર્વ વિશ્વના સર્જનારા એવા । **भवतः** તમારાથી । **चकिताः**– આજ્ઞામાં ચકળવકળ રહેતા એવા, । **यत्र तु येऽधिकृताः** – જેઓ લોકપાળો જ્યાં જેમાં જે-જે અધિકારમાં નિયમિત રાખેલા હોય ત્યાં તેમાં કાર્ય કરવામાં બરાબર આજ્ઞાઓને, **विदधति** પાળે છે, સાવધાનપણે પોતપોતાનાં કાર્યોને કરે છે. ॥૨૯॥

स्थिरचरजातयः स्युरजयोत्थनिमित्तयुजो
विहर उदीक्षया यदि परस्य विमुक्त ततः ।
नहि परमस्य कश्चिदपरो न परश्च भवेद्
वियत इवाऽपदस्य तव शून्यतुलां दधतः ॥३०॥

હે **विमुक्त**! હે નિત્યમુક્ત નિત્યસર્વજ્ઞ પ્રભો !, **यदि**– યદા જ્યારે । **परस्य**– માયાથી પર પરમાત્મા એવા તમારા । **उदीक्षया**– ઈક્ષણમાત્ર વડેજ । **विहरः**– ક્રીડા ગ્રહણ કરો છો । **ततः**– ત્યારથીજ । **अजया**– માયાવડે । **उत्थनिमित्तयुजः**– ઉપસેલાં નિમિત્ત કારણરૂપ કર્મોવડે ભોગાર્થે જોડાતા એવા જીવાત્માઓ તે । **स्थिरचरजातयः**– સ્થિર વૃક્ષાદિ અને ચર માનવપશ્વાદિ શરીરની જાતિવાળાઓ । **स्युः**– થએલા બને છે । **परमस्य**– પરમેશ્વર એવા તમોને તેમાં, **कश्चित्**– કોઈ પ્રાણી । **अपरः**– પોતા નો કે, **परः**– પારકો એમ એવો ભેદભાવ । **न भवेत्**– થતો જ નથી । કારણ કે તમો વૈષમ્ય નૈર્ઘૃણ્ય રહિત છો, વળી જેમ વાયુ તેજ જળ પૃથ્વીમાં વ્યાપેલો, **वियतः**– આકાશ, **अपदस्येव**– અવૃત્તિ પદાર્થ ગણાય છે તેને વાયુ આદિકના ગુણદોષો અડતા નથી, તેમ, **शून्यतुलां दधतः**– કર્માદિકથી રહિત એવી તુલના સમાનતા ને ધારણ કરનારા એવા અન્તર્નિયામક છતાં વ્યતિરેકી સ્વરૂપ નિર્લેપ એવા તમોને તમારામાં સ્થિત સર્વે સમાન છે, આવા પરમસત્ય એવા તમોને શ્રુતિયો વર્ણવે છે ।। મનવાણીના અગોચર વર્ણવે છે ।।

માયા વડે કર્મઠ શરીરી સ્થાવર જંગમ પ્રાણીઓને તમારા કૃપા કટાક્ષ વડે મુક્તિ મળે છે, તમારે કોઈ પારકો પોતાનો નથી, તો પણ શરણાગતને મુક્તિ આપો છો, તમો તો પણ વૈષમ્ય નૈર્ઘૃણ્ય રહિત જ નિર્લેપ છો, સાથમાં છો છતાં નિર્લેપ છો, બાહેર છો છતાં મોક્ષ આપવામાં આશ્રિતમાં સકરૂણ છો, શરણફળ આપો છો. ॥૩૦॥

अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगता—
स्तर्हि न शास्यतेति नियमो ध्रुव, नेतरथा ।
अजनि च यन्मयं तदविमुच्य नियन्तृ भवेत्
सममनुजानतां यदमतं मतदुष्टतया ॥३१॥

હે ધ્રુવ ! હે શાશ્વત પ્રભો ! । **यदि तनुभृतः**-જો શરીરી જીવાત્માઓ, **अपरिमिताः**- અસંખ્ય, **ध्रुवाः**- શાશ્વતનિત્ય, **सर्वगताः**- સર્વત્ર વ્યાપીને રહેતા વિભુ એવા હોય । **तर्हि**- તો તેવા ન્યાયમતે, **शास्यता- इति**- શાસક અને શાસિત એવો । **नियमो न** - નિયમ । નહિં રહે । **इतरथा**- બીજીરીતે જીવશાસક અને ભગવાન્ શાસ્ય એ પણ **न**- બને । ભગવાન્ વ્યાપક, જીવ વ્યાપ્ય અણુ હોય તોજ એ નિયમ ટકે । **च**- વળી, **यन्मयं**- બ્રહ્મમય બ્રહ્માત્મક પરબ્રહ્માત્મક સર્વ, જીવજગત, **अजनि**- વિશિષ્ટ ઉપજ્યું છે, વિશિષ્ટ કારણ વડે વિશિષ્ટ કાર્ય થએલ છે । **तदविमुच्य**- તેને નહિં મેલીનેજ અંદર રહિનેજ, **नियन्तृ**- ભગવાન્ નિયંતા થાય, **भवेत्**- ભગવત્સ્વરૂપ નિયન્તૃ હોઈ શકે છે । માટે આ **सदिदं**- આવા સાચા મતને, **अजानतां**- વિશિષ્ટ સત્મતને નહિં જાણનારાઓ એવાના । **सममजानतां**- આત્મા પરમાત્મા બધા સમાન વ્યાપક છે નિત્યમહત્પરિમાણવાળા છે કોઈ કોઈનો વ્યાપ્ય નથી એવા સમાનભાવમતવાળા ન્યાય વૈશેષિક સાંખ્યવાળાના, **यत् मतं**- જે મત તે, **मनदुष्टतया**- **'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः, अणोरणीयान्, 'तदनुप्रविश्य'** ઈત્યાદિ શ્રુતિમતો વડે દોષિત મત હોવાથી, **'अन्तः प्रविष्टः शास्ता जनानाम्'** ઈત્યાદિમાં જે નિયામ્ય નિયામક ભાવ વ્યાપ્યવ્યાપકભાવ રૂપી સત્ય મત, તેના ભંગરૂપી જે દોષ, તેવો દોષિત મત હોવાથી । **अमतम्**- ન માનવા યોગ્ય છે, શ્રુતિઓએ માનેલો નથી ॥ શ્રુતિ-વિરુધ્ધ મતો વેદાન્તદૃષ્ટિએ અમાન્ય છે ॥૩૧॥

न घटत उद्भवः प्रकृतिपूरुषयोरजयो—
रुभययुजा भवन्त्यसुभृतो जलबुद्बुदवत् ।
त्वयि त इमे ततो विविधनामगुणैः परमे
सरित इवार्णवे मधुनि लिल्युरशेषरसाः ॥३२॥

अजयो :- અજન્મા નિત્ય એવા । **प्रकृतिपुरुषयो** :- પ્રકૃતિ માયા અને પુરૂષ આત્મા, તેનો **उद्भव** :- ઉત્પત્તિ, **न घटते**- ઘટતી નથી । પણ **उभययुजा**- પ્રકૃતિ પુરૂષ બન્નેના સંયોગ સૃષ્ટિ જનક વિલક્ષણ સંયોગવડે । **असुभृत** :- જીવાત્માઓ કર્મો વડે પ્રાણધારી- શરીરવાળાઓ । **जलबुद्बुदवत्**- જલના પરપોટાઓની પેઠે સ્વલ્પજીવી એવા થાય છે । માટે **ते इमे** બધા પ્રાણીઓ વિશિષ્ટ એવા પરમાત્મા જે તમે તે તમારામાં તમારા શરીરમાં તમારા શરીરરૂપે ઉપજીને, **विविधनामगुणै** :- અનેકવિધ નામ અને અનેકપ્રકારના ગુણો વડે સ્થૂલતાને પામેલા છે । **तत** :- જે પરમાત્મામાંથી પ્રગટ થયા છે એ હેતુથીજ । પાછા, **परमे त्वयि**- પરમાત્મા એવા વિશિષ્ટ કારણાત્મક તમારામાંજ । **अर्णवे**- સાગરમાં **सरित इव**- સરિતાઓની માફક । **अशेषरसा** :- તમામ સુરસો મકરન્દો મધમાંજ જેમ લીન થાય છે તેમ । **लिल्यु** :- નામરૂપ તજીને લય પામનારા થાય છે, કાર્યાત્મક તમારામાં વિલીન થાય છે । માટે શ્રુતિઓ તમોને વિશિષ્ટસ્થૂલસૂક્ષ્મ કાર્ય કારણ તરીકે વર્ણવે છે. ॥ ૩૨ ॥

नृषु तव मायया भ्रममयीष्ववगत्य भृशम्
त्वयि सुधियोऽभवे दधति भावमनुप्रभवम् ।
कथमनुवर्ततां भवभयं तव यद् भ्रकुटिः
सृजति मुहुस्त्रिणेमिरभवच्छरणेषु भयम् ॥३३॥

સુધિય :- પરમાત્મસ્વરૂપના વિવેકવાળા જનો। **अमीषु नृषु-** કેવલજ્ઞાની તમારી ભક્તિરહિત એવા માનવોમાં। **तव मायया-** તમારી યોજેલ માયા-મોહ અજ્ઞાન વડેજ। **अनुप्रभवम्-** દરેક જન્મોમાં થતા આવેલા **भृशंभ्रमम्-**અતિશય એવા ભ્રમને, પરસ્પર જડ ચેતનના ભ્રમને, પરમાત્મા જીવરૂપે પરિણમ્યા છે એવા ભ્રમને, **સંસાર** જન્મનો **હેતુ**। **अवगत्य-** ઓળખી જાણીને પછી। **अभवे त्वयि-** અપરિણામી અજન્મા અમાયિક અસંસારી મુક્તિના **દાતા** એવા તમારા પરમ સત્ય સ્વરૂપમાંજ। **अनुप्रभवं भावम्-** અભ્યાસ વડે ઉત્તરોત્તર દૃઢ થતા જતા એવા સ્નેહ ભક્તિ ભાવને **दधति-** કરતા વધારતા જાય છે, એવા ભક્તોને। **भवभयम्** સંસાર જન્મનો ભય। **कथम्** કેમ કેવી રીતે। **अनुवर्तताम्-** આવે અને વરતે, નજ વરતે, નજ હોય, કારણકે ભયપ્રદ, **त्रिणेमिः** – શીત આતપ વર્ષા એવા ત્રણ ચક્ર ધારા વાળો કાલ, તે તો, **यद्भ्रुकुटिः-** તમારી ભ્રુકુટિરૂપજ છે, તે કાલ, **अभवच्छरणेषु-** તમારી શરણાગતિમાં નહિં વર્તનારાઓ એવા શરીર ધારીઓમાંજ। **मुहुः- भयम्-** વારમવાર જન્મ મરણના ભયને ઉપજાવનારો થાય છે। આમ કેટલિક શ્રુતિઓ શરણાગતિરૂપ ભગવદ્ભાવને વર્ણવે છે. ॥૩૩॥

विजितहृषीकवायुभिरदान्तमनस्तुरगं
य इह यतन्ति यन्तुमतिलोलमुपायखिदः ।
व्यसनशताऽन्विताः समवहाय गुरोश्चरणं
वणिज इवाऽज ! सन्त्यकृतकर्णधरा जलधौ ॥૩૪॥

હે અજ ! હે અજન્મા પરમેશ્વર। **ये-** જે માનવો, **अतिलोलम्-** અતિચંચળ એવું, માટે જ, **विजितहृषीकवायुभिः-** જિત્યાં છે ઇન્દ્રિયો અને પ્રાણ જેમણે એવા સંયમીઓ વડે પણ। **अदान्तमनस्तुरगम्-** વશ કરવાને અશક્ય એવા મનરૂપી અદમિત ઉચ્છૃંખલ અશ્વને। **यन्तुं-** નિયમમાં દમનમાં રાખવા માટે। **गुरोः चरणं समवहाय-** ગુરૂની શરણાગતિરૂપ ચરણને પડયાં મેલીને। **उपायखिदः-** ખીજા ખીજા પ્રાણાયામાદિ ઉપાયો વડે ખેદિત થયા થકા। **यतन्ति-** પ્રયત્ન કરે છે, તે માનવો, **इव-** જેમ, **अकृतकर्णधाराः-** નથી લીધો કર્ણધાર વહાણ ચલાવનાર જેમણે એવા। **वणिजः-** વહાણવટી વ્યાપારીઓ **जलधौ-** સમુદ્રમાં, **व्यसनशताऽन्विताः-** હજારો પ્રકારે દુઃખી થાય છે, તેમ સંસારમાં દુઃખી થાય છે। કેટલિક શ્રુતિઓ ગુરૂસેવા વડે મનો નિયમન અને પરમેશ્વરમાં ભાવનાને વર્ણવે છે. ॥૩૪॥

स्वजनसुताऽऽत्मदारधनधामधरासुरथै—
स्त्वयि सति किं नृणां श्रयत आत्मनि सर्वरसे ।
इति सदजानतां मिथुनतो रतये चरतां
सुखयति को न्विह स्वविहते स्वनिरस्तभगे ॥૩૫॥

श्रयत :- તમારા આશ્રય કરનારને। **सर्वरसे-** સર્વ આનન્દરસઘન સર્વ સુખમય એવા। **आत्मनि-** અન્તરાત્મા જે। **त्वयि-** તમો પરમાત્મા વિદ્યમાન સ્ફુરિત થયે સતે। **नृणां-** માનવો મધ્યે તેવા શરણાગતને। **स्वजनसुतात्मदारधनधामधराऽसुरथै :-** પોતાના કુટુમ્બ પુત્ર દેહ સ્ત્રી ધન ભવન પૃથિવી પ્રાણ અને રથવાહનો વડે શું લાભ બાકી છે! કાંઇ બાકી નથી। **इति-** આવા, **सत्-** સત્સ્વરૂપ પરમાત્મા તમને। **अजानतां-** ન જાણનારાઓ ને। **रतये-** રતિ સંભોગ માટે। **मिथुनत :-** મૈથુનાદિકમાં। **चरतां-**

જીવન ગુજારતા એવાને । **इह**– આવા । **स्वविहते**– પોતે સ્વભાવથીજ વિશીર્ણ થવાની કુદરતવાળા અને । **स्वनिरस्तभगे**– સ્વભાવથીજ નાશ પામનારાં છે ભગ બળ સત્તા જેના એવા આ સંસારમાં સાંસારિક પદાર્થોમાં । **कः नु ?** કોણ પદાર્થ, **सुखयति**– સુખ કરનાર છે ?। તમારા વિના કોઈ સુખપ્રદ નથી। કેટલિકશ્રુતિઓ આમ ભક્તિના અંગરૂપ વૈરાગ્યને વર્ણવે છે. ॥ ૩૫ ॥

भुवि पुरुपुण्यतीर्थसदनान्यृषयो विमदा—
स्त उत भवत्पदाम्बुजहृदोऽघभिदंघ्रिजलाः ।
दधति सकृन्मनस्त्वयि य आत्मनि नित्यसुखे
न पुनरुपासते पुरुषसारहराऽऽवसथान् ॥३६॥

ये विमदाः– જે નિર્મદ નિર્દોષ ઋષિમુનિઓ । **भुवि**– પૃથિવીમાં રહેલાં । **पुरुपुण्यतीर्थसदनानि**– ઘણાં પુણ્યપ્રદ પવિત્ર ગંગા આદિ તીર્થો, તથા ઋષિ મુનિ ગુરુઓના આશ્રમોને સેવે છે એવા, તથા **भवत्पदाम्बुजहृदः**– તમારા ચરણ કમળોને હૃદયમાં ધારે છે એવા । તથા **अघभिदंघ्रिजलाः**– પાપનાશક છે ચરણજળો જેમનાં એવા। તે– **उत**– તે મહર્ષિઓ મુનિજનો। **नित्यसुखे आत्मनि**– નિત્ય આનંદ સ્વરૂપ સુખમૂર્તિ એવા અન્તરાત્મા જે તમો તે, **त्वयि**– તમારામાં, **सकृत्**– એકવાર પણ, **मनो दधति**– મનને જોડે છે સમર્પે છે, તેઓ। **पुनः** પછીથી ફરીથી । **पुरुषसारहराऽवसथान्**– માનવોના જ્ઞાન વૈરાગ્ય ધર્મ ભક્તિ પુણ્ય વિવેકાદિક સારના હરનારા એવા માયિક ઘરબાર ઝૂંપડાઓ નિવાસોને। **न उपासते**– સેવતા નથી । તો સદા પરબ્રહ્મના મનનવાળા કેમ ઘરબારને સેવે ?॥ કેટલિક શ્રુતિઓ સત્સંગ વડે ભગવત્ચરણોમાં મનોનિરોધ અને તત્ત્વજ્ઞાનાદિકને દૃઢપણે બતાવે છે ॥૩૬॥

सत इदमुत्थितं, सदिति चेत् !, ननु तर्कहतं,
व्यभिचरति क्व च, क्व च मृषा, न तथोभययुक् ।
व्यवहृतये विकल्प इषितोऽन्धपरम्परया
भ्रमयति भारती त उरुवृत्तिभिरुक्थजडान् ॥३७॥

सतः उत्थितम् इदं सत् इति चेत् ?– બ્રહ્મભિન્નમિથ્યાત્વવાદી 'સત્થી ઉત્પન્ન થાય તે સત્–,' એવા સાંખ્યમતને તર્કવડે ખંડિત કરે છે, તથા વિશિષ્ટસત્ પરબ્રહ્મથી ઉત્પન્ન થાય તે વિશિષ્ટસત્ એવા વિશિષ્ટવાદી મત ને પણ પૂર્વપક્ષમાં બતાવીને ખંડિત કરે છે। **सत इदमिति** - પરમાર્થ ભૂત સત્ય સુવર્ણથી સત્ય કુંડળ, તથા પરમાર્થ સત્ એવા પરબ્રહ્મથી સત્ એવું આ જગત્। **उत्थितम्** - ઉપજ્યું છે, માટે **सत्** છે, એમ જો **चेत्**- કહે તો । તે **ननु**– વિચાર કર્યે સતે। **तर्कहतम्**– તર્કવડેજ તે મત હણાઈ જાય છે ખંડિત થાય છે। ૧– **तर्कः**– સત્ય એવી કારણ કામધેનુવડે ઉપજતી જમદગ્નિએ દેખાડેલી સૈન્યસૃષ્ટિ નગરસૃષ્ટિ વિગેરે તે સત્ય એવી સર્વે કામધેનુજ થાય, અર્થાત્ સૈન્ય અને નગર પણ સંકલ્પપ્રમાણે નવું નવું ઉપજાવનારૂં સત્યસ્વરૂપજ થાય, પણ, તે કામધેનુ થતું નથી, માટે તે સૈન્યાદિ સત્ય કામધેનુથી ભિન્ન અસત્ય અનિત્ય અકામધેનુ છે। આવા **तर्कहतम्**– તર્કવડે કારણકાર્યની અભિન્નતા સમધર્મતા સત્પણું ખંડિત થાય છે। વળી **क्व च व्यभिचरति**- સત્થી સત થાય એવો નિયમ કયાંક વ્યભિચરિત ખંડિત થાય છે,

જેમ કે- ચેતનસત્ છે તેનાથી તેમાંજ ક્ષણિકજ્ઞાનના ધ્વંસો અસત્ થાય છે, વળી અસત્ એવા પ્રાગભાવથી સત્ એવા ભાવરૂપ ઘટાદિ થાય છે, અસત્ એવા બન્ધનોના ધ્વંસોવડે સતી એવી મુક્તિ મળે છે, ત્યાં વ્યભિચરિતતા તથા બાધિતતા થાય છે વળી ૨—**क्व च मृषा**—

કયાંક- છીપનીમાં રૂપું દેખાય, અંધારામાં ભૂતપલિત ભાસે, જીવતાને સ્વપ્નામાં પોતાને જીવતો ઉભો દેખે અને પાંસે પડેલ પોતાનું મડદું શયને દેખે, આવા સ્થળે સત્થી અસત્ મૃષા મિથ્યા આકારો થાય છે, ત્યાં સત્થી સત્થતું નથી । વળી ૩—**न तथा उभययुक्**- તથા- તેવીજ રીતિવડે સત્ અસત્ બન્ને મિશ્રિત કારણવડે સત્અસત્ ઉભયાત્મક કાર્ય થાય છે, બ્રહ્મ અને અવિદ્યા બન્ને મળેલા કારણ વડે આત્માઓ અને મહદાદિ તત્ત્વો શરીરિશરીરો ચેતન જડો થાય છે, એ પક્ષ પણ, **न**- નિર્દોષ નથી, - અવિદ્યા અને રજ્જુ સત્માંથી ભ્રમ અને સર્પ બન્ને અસત થયેલા દેખવામાં આવે છે તુરતજ તે મટી જાય છે, માટે સત્ કારણથી સત્ કાર્ય નથી થતું, આ રીતે સત્ કાર્ય બાધિત થાય છે, અવિદ્યા અને સત્ બ્રહ્મવડે નામરૂપવાળું જગત્ મિથ્યા અસત્ થાય છે - એ રીતે 'સત્થી સત્ થાય' એ નિયમ બાધિત થાય છે । માટે 'સત્થી સત્ થાય' - એ નિયમ ભંગ થયો । **व्यवहृतये**- જો વ્યવહાર કરવા પૂરતી જ જગત્ની સત્યતા સત્તા છે, **विकल्पः**- વિકલ્પે સત્ય એટલે વ્યવહારે સત્ય, અને પરમાર્થે ન સત્ય, એમ **इष्टितः**- ઈચ્છાય તો, પારમાર્થિક સત્ બ્રહ્મ, અને વ્યાવહારિક સત જગત્, એમ સત્થી સત્ ગણો, તો પણ તે બન્ને એકરૂપ ન થયા, સત્ અને અસત્ તો ઉભાં જ રહ્યાં, માટે 'સત્કારણાત્મક સત્કાર્ય' એમ **अन्धपरम्परया**- અણસમઝણની પરમ્પરાવડે, **भ्रमयति**- **भ्रमः** - 'ભિન્નમાં અભિન્નતા' ભ્રમ ગણાય, 'भेदवतोः भेदाभाववत्ता' તે ભ્રમ થયો ગણાય છે, ભ્રમ તો કાલસાપેક્ષ છે તે અનાદિકાળથી ચાલ્યો આવે છે, આન્ધલી અણસમઝણની પરમ્પરા માયલો છે । તેથી **भारती**- કર્મફલ સત્ય, સ્વર્ગ સત્ય, જગત્ સત્ય, એમ કહેતી શ્રુતિ શ્રુતિઓ તે, **उरुवृत्तिभिः**- શક્યાર્થ, લક્ષ્યાર્થ, અને તાત્પર્યાર્થ આદિ વડે પ્રશંસાપૂર્વક કર્મફળ સત્ય છે એમ, **उक्थजडान्**- કર્મઠ, અજ્ઞાની, જડ માનવોને । **भ्रमयति- 'असत्ये कर्मफले स्वर्गे सत्यत्वम्'** આવી 'अतन्मये तन्मयता' રૂપી ભ્રાન્તિ ઉપજાવે છે । માટે 'सत्कारणात्मक सत्कार्य' એ ભ્રાન્તિ છે । આમ કેટલિક શ્રુતિઓ તત્ત્વનું અવધારણ કરાવે છે । વિશિષ્ટકારણપરબ્રહ્મથી વિશિષ્ટકાર્ય પરબ્રહ્મ થાય છે એ અબાધિત છે ॥—

સૂક્ષ્મ અવસ્થાત્મકકારણતાની સ્થૂલઅવસ્થાત્મકકાર્યતા બને છે ॥ ૧—જમદગ્નિની કામધેનુથી ઉત્પન્ન સહસ્રાર્જુનના સત્કારાર્થક નગરવૈભવ, અને નાશાર્થક સૈન્યલશ્કર અસત્ય હતાં, ત્યાં કારણકાર્ય ભેદ છે । ૨ - મુદ્ગરવડે ઉપજેલ ઘટધ્વંસમાં ભાવ અભાવને કારણ કાર્યની એકતા અસંભવિત છે । ૩- દોરડી જન્ય સર્પમાં મિથ્યામાં દોરડી સત્ય અને સર્પ અસત્ય તે બેનો અભેદ નથી । ૪- વ્યાવહારિક સત્ તથા પારમાર્થિકસત્ બન્ને યથાર્થ છે પણ બન્ને ભિન્ન છે તેનો અભેદ તે ભ્રમ છે, માટેજ સત્થી સત્ એનો ભંગ થયો શ્રુતિઓ તો ભ્રમોને મટાડનારી છે વિશિષ્ટકારણ એવા સૂક્ષ્મ પરબ્રહ્મથી વિશિષ્ટ કાર્ય એવા સ્થૂલ પરબ્રહ્મને કહેનારી યથાર્થ બતાવનારી છે । 'તાત્પર્ય તો સૃષ્ટિ વિનાશી અને પરબ્રહ્મ અવિનાશી છે તેને ભજો એવા અર્થમાં છે ॥૩૭॥

न यदिदमग्र आस न भविष्यदतो निधनात्
अनुमितमन्तरा, त्वयि विभाति मृषैकरसे ।
अत उपमीयते द्रविणजातिविकल्पपथैः
वितथमनोविलासमृतमित्यवयन्त्यबुधाः ॥३८॥

यत्- કારણકે **इदम्**- આ જગત્ । **अग्रे**-તેની સૃષ્ટિનીપૂર્વે । **न आस**- હતું જ નહિં । **अतो निधनात्**- આના નાશ પછી પ્રલય થયે સતે । **न भविष्यत्**- હશેજ નહિં, માટે, **अन्तरा**- મધ્યે સૃષ્ટિસમયમાં પણ । **एकरसे त्वयि**- સત્યસ્વરૂપ નિત્યજ્ઞાનાનન્દઘન સુમૂર્ત એવા તમારા કારણાત્મક સ્વરૂપમાં જે હતું તે તમારા કાર્યાત્મક અન્તઃ પ્રવિષ્ટ કાર્યાત્મક વ્યાપક સ્વરૂપમાં વેર્તે છે, પણ **मृषा**- અનિત્ય ઉત્પત્તિ નાશ વાળું માટે ખોટું એવું । **विभाति**- પરિણામી ભિન્ન અવસ્થાઓ વાળું દેખાય છે, અને ન દેખાય એવું વિશ્વવ મધ્યે મધ્યે અનિત્ય છે એમ **अनुमितम्**- અનુમિત જગત્ મધ્યે પણ અસત્ છે કારણ કે અન્તે અને આદિમાં અસત્ છે માટે, ઘડાની પેઠે, એવા અનુમાન ભાનનું વિષય થાય છે । **अतः**- ભૂત ભવિષ્ય વર્તમાનમાં અનિત્ય ખોટું છે માટે, **द्रविणजातिविकल्पपथैः**- દ્રવ્યપદાર્થો જે ગો મહિષાદિ, તેની જાતિ ગોત્વ મહિષત્વાદિ અને તેના પણ વિકલ્પો- **वत्सत्व धेनुत्व वृषभत्व साण्डत्व अनण्डत्व, तथा महिषत्व महिषीत्व** ઇત્યાદિપથો જે પ્રણાલીઓ તે વડે અવાન્તર ભેદો છે તેથી,- **'गोसदृशी गवया'** 'વૃષભસદશ રોઝડો-, ઇત્યાદિ ઉપમાનનામાર્ગો તે વડે જેમ તેમ 'બ્રહ્મ સદશ જગત્' 'પરબ્રહ્મસમાન જગત્' એવા, **उपमीयते**, ઉપમાનના વિષય કરાય છે। ભિન્નભિન્નમાં ઉપમા દેવાય છે । આ ઉપમાઓ **वितथमनोविलासम्** અસત્ય-નિષ્ફળ એવા મનોવિલાસો જે કલ્પનાઓ તે વિકલ્પ મનન વૃત્તિ રૂપ છે। **'ब्रह्म सत् जगत् असत्'** આ વાતને **अबुधाः**- ન જાણનારાજનો અજ્ઞાનીઓ । તે ભ્રાન્ત ઉપમા વડે । **ऋतमिति अवयन्ति**- જગત્ સત્ય છે એમ અસત્માં સત્ની ભ્રાન્તિને પામીને વર્ણવે છે। 'બ્રહ્મ સત્ય છે જગત્ સત્ય છે' એમ તથા 'જગત્ બ્રહ્મ છે' એમ અભેદને સત્યપણાને સમઝણમાં ઉતારે છે। **इति अवयन्ति**- પણ જ્ઞાતાઓ તો કાર્યકારણ અભિન્ન દ્રવ્યહોવાથી કારણથી કાર્ય અભિન્નજ, છે આ બાબતમાં શ્રુતિઓના તાત્પર્યોને ગ્રહણ કરે છે॥ વિશિષ્ટકારણ સૂક્ષ્મરૂપે અને વિશિષ્ટકાર્ય સ્થૂલરૂપે એમ એકતાને સમઝે છે। **बुधा अवितथं जानन्ति**- તત્ત્વવેત્તાઓ તો સત્કારણ સત્કાર્ય આ બાબતને વિશિષ્ટકારણ વિશિષ્ટકાર્ય, રૂપે સત્ય જાણે છે॥ ૩૮ ॥

स यदजया त्वजामनुशयीत गुणांश्च जुषन्
भजति सरूपतां तदनु मृत्युमुपेतभगः ।
त्वमुत जहासि तामहिरिव त्वचमात्तभगो
महसि महीयसेऽष्टगुणितेऽपरिमेयभगः ॥३९॥

सः- તે ભ્રાન્ત જીવ, **यत्**- જ્યારથી । **अजया**- માયા અવિદ્યા- મોહે વડે । **अजाम्**- માયા અવિદ્યાને તથા તેના શરીરને, **अनुशयीत**- અનુ સરે છે, અને **गुणांश्च**-આવિદ્યક માયિક ગુણો શબ્દાદિક ને, **जुषन्**- સેવતો થાય છે, ત્યારે **सरूपतां**- માયિક આકાર એવા દેહ ભાવને । **भजति**- સ્વીયપણે ભોગવે છે । **तदनु**- ત્યારથીજ **।अपेतभगः**- ઢંકાઈ ગયા છે આનન્દાદિક ગુણો જેના એવો થયો થકો । **मृत्यु**- જન્મ મરણ પોતામાં માને છે । **उत त्वम्** - પણ તમો પરમેશ્વર તો । **आत्तभगः**- સદા આનન્દાદિક ગુણવાળા છો, તેથી । **अहिः त्वचमिव**- સર્પ જેમ કાંચળી ઉતારે છે તેમ । **तां**- તે માયાને । **जहासि**- તજો છો । **अपरिमेयभगः**- અસંખ્ય અમાપ ભગ ઐશ્વર્યવાળા તમો તો । **अष्टगुणिते**- અણિમા મહિમા લઘિમા ગરિમા પ્રાપ્તિ પ્રાકામ્ય ઈશિત્વ વશિત્વ એવા આઠ, તથા અપહતપાપ્મત્વ વિજર વિમૃત્યુ વિશોક અપિપાસ અજિઘત્સ સત્યકામ સત્યસંકલ્પ એવા દિવ્ય આઠ ગુણોવાળા, તથા **महसि**- સ્વયં પ્રકાશિત નિજ સ્વરૂપમાં । **महीयसे**- વિરાજો છો । આમ કેટલિક શ્રુતિઓ પરમાત્માને નિત્યૈશ્વર્યશાલી દિવ્યસગુણ સુમૂર્ત સ્વયંપ્રકાશ વર્ણવે છે ॥ ૩૯ ॥

यदि न समुद्धरन्ति यतयो हृदि कामजटा
दुरधिगमोऽसतां हृदि गतोऽस्मृतकण्ठमणिः ।
असुतृपयोगिनामुभयतोऽप्यसुखं भगवन्
अनपगतान्तकादनधिरूढपदाद् भवतः ॥४०॥

हेभगवन्! હે સર્વસદ્ગુણ ઐશ્વર્યશાલી પ્રભુ, **यदि यतय :-** મનના પ્રણિધાતશીલ યતિ સન્તો પણ જો। **हृदि-**હૃદયમાં રહેલી। **कामजटाः-** કામનાઓની વાસનાઓને રાગોને। **न समुद्धरन्ति-** નથી કાઢી મેલતા તો। **अस्मृतकण्ठमणिः- इव-** છાતીમાં રહેલા કંઠે બાંધેલા પણ વિસ્મૃત થઈ ગએલા મણિ-વાળા માનવીની પેઠે।**हृदि गतोऽपि-** હૃદયમાં રહેલ અન્તરાત્મા એવા ભગવાન પણ બ્રહ્મ પરબ્રહ્મ પોતે તમો। **दुरधिगम :** નથી ઓળખાતા નથી મળતા નથી હાથમાં આવતા। **असतां तु-** અજ્ઞાનીજનોને તો નથીજ મળતા નથીજ સુખ આપતા। **हे भगवन्- असुतृपयोगिनां-** પ્રાણેન્દ્રિયપોષક ઉપાયવાળા તે તો, **उभयतोऽपि-** બન્ને પ્રકારે દુઃખજ છે સુખ નથી મળતું, એક તો **अनपगतान्तकात्-** અન્તક જે કાળ અને યમ, તેનાથી જન્મમરણના દુઃખવાળાજ છે, બીજું કે- **भवत : अनधिरूढपदात्-** તમારા સ્વરૂપ ને પામ્યા નથી, સેવતા ભજતા ચિન્તવતા નથી ઉપાસતા નથી, માટે ચિન્તાકુલ એવા થકા ક્લેશોને પામે છે। ચિન્તા વાસના અને દંડ વડે દુઃખોનેજ પામતા રહે છે। શ્રુતિઓ પ્રભુસ્વરૂપોપાસના પણ કહે છે. ॥૪૦॥

त्वदवगमी न वेत्ति भवदुत्थशुभाऽशुभयो—
र्गुणविगुणाऽन्वयाँस्तर्हि देहभृतां च गिरः ।
अनुयुगमन्वहं सगुणगीतपरम्परया
श्रवणभृतो यतस्त्वमपवर्गगतिर्मनुजैः ॥४१॥

हे भगवन्!, **त्वदवगमी-** તમારા યથાર્થ સ્વરૂપના સાચા અભિજ્ઞ જન, જો। **भवदुत्थशुभाऽ-शुभयोः-**તમારા દ્વારા મળેલા, તમારા માટે કરેલા, અર્પવા લાયક શુભઅશુભ કર્મોના સુખગુણ દુઃખવિગુણ, એવાના। **गुणविगुणाऽन्वयान्** - એવા એવા સદ્ગુણ વિગુણોના સમ્બન્ધોને; **न वेत्ति यदि-** જો ન જાણે ન ઓળખે, ન ભોગવે, નથી ભોગવતો, તેમજ **देहभृतां-** દેહાભિમાનીઓની ભ્રમિત, **गिरः-** ભ્રમ ભરેલી વાણીને નથી ઓળખતો, નથી ગણકારતો, તેવો જન તે। **हे सगुण!-** જ્ઞાન શક્તિ બળ ઐશ્વર્ય વીર્ય તેજ એવા છ ઐશ્વર્યવાળા ભગવન, તથા સર્વ દિવ્યગુણશાલી હે ભગવન્। **मनुजैः-** માનવોએ। **गीत-परम्परया** - કથાઓની પરમ્પરા દ્વારા। **अनुयुगम्-** યુગે યુગે, **अन्वहं-** દિવસે દિવસે। **त्वं-** તમો, **श्रवणभृतः-** શ્રાવણ વિષય કરાએલા થાઓ છો। **यतः-** તેથીજ, **अपवर्गगतिः-** તે મોક્ષગતિવાળો થાય છે॥ આમ કેટલિક શ્રુતિઓ વિધિનિષેધના પરાભવ રહિત ભક્તને શ્રવણભક્તિવડે પણ મોક્ષપામવાનું વર્ણવેછે. ॥૪૧॥

द्युपतय एव ते न ययुरन्तमनन्ततया
त्वमपि यदन्तराऽण्डनिचया ननु सावरणाः ।
ख इव रजांसि वान्ति वयसा सह यच्छ्रुतयः
त्वयि हि फलन्त्यतन्निरसनेन भवन्निधनाः ॥४२॥

द्युपतयः- સ્વર્ગાધિપતિઓ મહેન્દ્ર બ્રહ્માદિકો તે- તમારા। **अनन्ततया** સ્વરૂપા ન્દના અનન્ત-પણાના। **अन्तं-** સ્વરૂપસ્વભાવાદિના પારને। **न ययुः-** નથી પામ્યા। **एव-** એમજ **त्वमपि-** તમો પણ

નિજસ્વરૂપાનન્દાદિક ના પારને પામતા નથી। **यदन्तरा**- જે તમો એવા ભગવાનના અન્દર મધ્યે, રોમકૂપોમાં। **अण्डनिचयाः**- બ્રહ્માંડોની કોટિઓના સમૂહો। **साऽऽवरणाः**- અષ્ટ આવરણ સહિત। **ननु**- નિશ્ચય છે કે। **वयसा**- લાંબી આવરદા સહિત, તથા **कालेन**- અનન્તકાલ સુધી, **खे**- આકાશમાં, **राजांसि इव**- રજ:- કણોની માફક, **वान्ति**- ઉડતાં ફરે છે, અને **यत्**- તેમજ, **श्रुतय** :- શ્રુતિઓ વેદો પણ તેવીજ રીતે તમારા સ્વરૂપના વર્ણનમાં પ્રવર્તતી રહે છે, તો પણ તે શ્રુતિઓ, સગુણને વર્ણવતી થકી, પછી **अतन्निरसनेन**- તમારા વિનાનું બીજું જે કાંઈ સર્જન તે તમારામાં નથી એમ નિષેધ કરવાવડે નિષેધ મુખ્ય રાખીને। **भवन्निधनाः**- છેવટે તમારામાં વિશ્રાન્તિ પામી જાય છે। **न इति न इति** કહેતી થકી શમી જાય છે। એવી એ શ્રુતિઓ તમોને પ્રતિપાદન કરવા વડે માયિક ગુણરહિત અને દિવ્યસદ્ગુણ સહિત એવા નિર્ગુણ જે તમો તે તમારામાં તાત્પર્યવડે માયિકસગુણતાને નિષેધકરીને દિવ્યસગુણતાવાળાપણું જણાવતી થકી સફળ થઈ ને દિવ્ય નિર્ગુણમાં લીન થઈ જાય છે। આમ કેટલીક શ્રુતિઓ ભગવાનના અપરિમિત મહિમાને સગુણતા નિર્ગુણતા ની વિશાળતાને વર્ણવે છે, નેતિનેતિ એમ વર્ણવીને પાછી વળી જતી હોય એમ શમી જાય છે. ॥ ૪૨ ॥

श्री भगवान् उवाच-

इत्येतद् ब्रह्मणः पुत्रा आश्रुत्याऽऽत्माऽनुशासनम् ।
सनन्दनमथाऽऽनर्चुः सिद्धा ज्ञात्वाऽऽत्मनो गतिम् ॥४३॥

इत्यशेषसमाम्नायपुराणोपनिषद्रसः ।
समुद्धृतः पूर्वजातैर्व्योमयानैर्महात्मभिः ॥४४॥

શ્રીનારાયણભગવાને કહ્યું- હે નારદજી **इत्येतत्आत्मानुशासनम्**- આમ આત્માના તથા પરમાત્માના સ્વરૂપગુણ ઐશ્વર્યાદિના શિક્ષણાત્મક અનુશાસન કથા ને। **आश्रुत्य**- સાભળી ને તથા અવધારીને। **ब्रह्मणः पुत्राः**- બ્રહ્માના પુત્રો। **सिद्धाः**- સિધ્ધ દશાવાળાઓ તે। **आत्मनो गतिं ज्ञात्वा**- પોતાની ગતિ પહોંચ બ્રહ્મમાં પરબ્રહ્મમાં છે એમ સ્વગતિ સમઝી ને, **अथ सनन्दनम्**-પછી વકતા એવા સનન્દનને પૂજતા હતા. ॥૪૩ ॥

इति- આ કહયા પ્રકારે। **पूर्वजातै** :- સૃષ્ટિમાં પ્રથમ પ્રગટેલા, **व्योमयानै** :- આકાશમાર્ગે ગતિ- વાળા, **महात्मभिः**- મહાત્મા એવા ત્યાગી સન્તોએ। **अशेषसमाम्नायपुराणोपनिषद्रसः**- સમગ્ર વેદો પુરાણો ઉપનિષદોના સાર રૂપ રસ। **समुद्धृतः**- પ્રશ્નોત્તરનિમિત્ત નિર્મથ કરીને સંગૃહીત કર્યો છે. ॥ ૪૪ ॥

त्वं चैतद् ब्रह्मदायादः, श्रद्धयाऽऽत्माऽनुशासनम् ।
धारयँश्चर गां कामं कामानां भर्जनं नृणाम् ।.४५॥

हे ब्रह्मदायाद ! હે બ્રહ્માના વારસદાર પુત્ર નારદજી। **त्वं च**- તમો પણ। **नृणां कामानां भर्जन**- માનવોના મનોરથોને વાસનાને બાળી નાખનારા। **आत्मानुशासनम्**- આ બ્રહ્મ પરબ્રહ્મવિદ્યા ને। **श्रद्धया धारयन्**- શ્રધ્ધાવડે ધારીને। **कामं गां चर**-યથેષ્ટ પૃથિવીમાં વિચરો, આવા જ્ઞાનસહિત ભક્તિનો બોધ આપવા સૃષ્ટિમાં વિચરણ કરતા રહો. ॥ ૪૫ ॥

શ્રીશુક ઉવાચ— શુકજી બોલ્યા,— હે પરીક્ષિત્ રાજન્

એવં સ ઋષિણાઽઽદિષ્ટં ગૃહીત્વા શ્રદ્ધયાઽઽત્મવાન્ ।
પૂર્ણઃ શ્રુતધરો રાજન્નાહ વીરવ્રતો મુનિઃ ॥૪૬॥

એવં— એ પ્રમાણે, **ઋષિણાઽઽદિષ્ટં**— નારાયણ ઋષિએ ઉપદેશેલા, **આત્મવાન્** સંયમવાળા, **મુનિઃ**- મુનિવ્રતવાળા, **પૂર્ણઃ**- પૂર્ણ કામ એવા, **શ્રુતધરઃ**- સાંભળેલાને તથા વેદોને ધારણ કરનારા, **વીરવ્રતઃ** - નૈષ્ઠિકતાની વીરતાના વ્રતવાળા નારદમુનિ । **શ્રદ્ધયા ગૃહીત્વા**- શ્રધ્ધાવડે સર્વ અનુશાસન અને આજ્ઞા ગ્રહણ કરીને । **આહ**— નારાયણને કહેવા લાગ્યા ॥૪૬॥

નારદ ઉવાચ— નારદજીએ કહયું, હે ભગવાન્ !

નમસ્તસ્મૈ ભગવતે કૃષ્ણાયાઽમલકીર્તયે ।
યો ધત્તે સર્વભૂતાનામભવાયોશતીઃ કલાઃ ॥૪૭॥

આપ સચ્ચિદાનન્દ સ્વરૂપ આનન્દઘન મૂર્તિ અનાદિ **શ્રીકૃષ્ણનારાયણ** છો, **નિર્મલકીર્તિવાળા** છો, સર્વે ભગ ઐશ્વર્યવાળા છો, એવા તે શ્રુતિઓ એ વર્ણન કરેલા દિવ્યપ્રભુ તમોને નમઃ । જે તમો સર્વે ભૂતપ્રાણી માત્રના અભવ- જે કલ્યાણ શ્રેયઃ અને પ્રેયઃ મોક્ષ માટે, **ઉશતીઃ**— કમનીય સુરૂપ સુન્દર રમણીય આકર્ષક એવી । **કલાઃ**— કલા અવતાર પણાને ધારણ કરી રહયા છો । અવતારોને ધારણ કરો છો । એવા તમોને સદંડવત્ નમન કરું છું ॥૪૭॥

ઇત્યાદ્યમૃષિમાનમ્ય તચ્છિષ્યાંશ્ચ મહાત્મનઃ ।
તતોઽગાદાશ્રમં સાક્ષાત્ પિતુર્દ્વૈપાયનસ્ય મે ॥૪૮॥

આ પ્રમાણે કહીને આદ્ય ઋષિ એવા નરનારાયણ ભગવાનને તથા તેમના શિષ્ય ઋષિઓ મહાત્માઓને સદંડવત્ નમસ્કાર કરીને, પછી મારા સાક્ષાત્ પિતા એવા કૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના આશ્રમ પ્રતિ ચાલ્યા ગયા. ॥૪૮॥

સભાજિતો ભગવતા સભાજન (કૃતાસન) પરિગ્રહઃ ।
તસ્મૈ તદ્ વર્ણયામાસ નારાયણમુખાત્, શ્રુતમ્ ॥૪૯॥

ભગવતા— ભગવાન્ વેદવ્યાસજીએ, સભાજિત- પૂજેલા એવા, ગ્રહણ કર્યું છે આસન આદિ તથા સભાસદ કૃત સત્કાર જેમનો એવા નારદજીએ । નારાયણના મુખથી સાંભળેલ સર્વ શ્રુતિસાર કથા તે વ્યાસજીને વર્ણનપૂર્વક સંભળાવી હતી. ॥૪૯॥

ઇત્યેતદ્ વર્ણિતં રાજન્ યન્નઃ પ્રશ્નઃ કૃતસ્ત્વયા ।
યથા બ્રહ્મણ્યનિર્દેશ્યે નિર્ગુણેઽપિ મનશ્ચરેત્ ॥૫૦॥

ઇત્યેતત્— હે પરીક્ષિત્ રાજન્, તમે જે પ્રશ્ન અમારા પ્રતિકર્યો, તે ખુલાસાવાર ઉત્તરરૂપે તથા પૂર્વમહર્ષિઓના સંવાદરૂપે સગુણ શ્રુતિઓનું નિર્ગુણ પરમાત્મામાં પહોંચવાપણું કેમ સંભવે, તથા અનિર્દેશ્ય

નિર્ગુણ બ્રહ્મમાં પરબ્રહ્મમાં મન માયિક તત્ત્વ કઈ રીતે પહોંચે ! એવા પ્રશ્નના સમાધાનો, શ્રુતિઓ અને મન બુદ્ધિ પહોંચવાના સમાધાનો, તે પ્રભુથી પ્રગટયા તેમાંજ પ્રવર્ત્યા અને તેમાંજ છેવટે વિશ્રામ પામ્યા એ રીતે, વર્ણન કરી બતાવ્યાં, પરમાત્માની મૂર્તિના સમ્બન્ધવાળા શ્રુતિવાકયો તથા ઇન્દ્રિયો બુધ્ધિ વિગેરે પરમાત્માની કૃપા વડે દિવ્ય થયા થકાં તેમને પહોંચે છે, જેટલે અંશે પામવા જોઇએ તેટલે અંશે પામે છે અને છેવટે તે પરમાત્મામાંજ વિરામ પામે છે ત્યારે તેનો દ્રષ્ટા સંચાલક આત્મા પણ મોક્ષ પામે છે, આ સાર સમઝવો. ॥૫૦॥

योऽस्योत्प्रेक्षक आदिमध्यनिधने योऽन्यक्तजीवेश्वरो
यः सृष्ट्वेदमनुप्रविश्य ऋषिणा चक्रे पुरः शास्ति ताः ।
यं सम्पद्य जहात्यजामनुशयी सुप्तः कुलायं यथा
तं कैवल्यनिरस्तयोनिभयं ध्येयदजस्रं हरिम् ॥५१॥

हे राजन्— હે પરીક્ષિત્ રાજન્ । **इति** એ પ્રકારે, **यः** જે ભગવાન્ પર બ્રહ્મ, **अस्य–** આ જગતના, **आदिमध्यनिधने** સર્જનમાં સ્થિતિમાં અને લયમાં, **उत्प्रेक्षकः–** ઈક્ષણ કરનારા છે, તથા **अव्यक्तजीवेश्वरः–** પ્રકૃતિ પુરૂષ માયા જીવ વિગેરેના ઈશ્વર પરમેશ્વર છે, તથા **यः** જે આ સમષ્ટિરૂપ બધું **सर्जी**ને તેમાં પ્રવેશ કરીને જીવ અને ઈશ્વર સહિત પ્રવેશ કરીને, વૈરાજ બ્રહ્મા ઋષિ પિતૃ દેવ માનવ વિગેરે **सर्जी**ને તેમાં અન્તર્નિયામક એવા રહીને તે શરીરોને પોતાના શાસનમાં અધીનમાં રાખે છે, જેમ સુષુપ્તિમાં સૂતેલ ગએલો જીવાત્મા શરીર ભાન ભૂલીને આત્મામાં પરમાત્માના સુખ આનંદ સુધી પહોંચે છે તેમ જ કર્મઠ જીવાત્મા તે પરમાત્માનો, **अनुशयी** ઉપાસક ભક્તિપ્રેમ ધ્યાન ઉપાસનાવાળો સેવક ભકત થઇને તે, અજા જે માયા તેને તજીને ભગવાનના સ્વરૂપે સ્વરૂપવાળો, **सम्पद्य–** થઇને સુમૂર્ત દિવ્ય મુકત થઈને ત્યાં વસીને પરબ્રહ્મના સુખને મેળવે છે । એવા પ્રાપ્ય સર્વોપરિ પરબ્રહ્મ પરમાત્મા, જે પરમેશ્વર મોક્ષ આપવા વડે સંસારના જન્મમરણના દુઃખોના સર્વથા હણનારા છે, તથા કાલ કર્મ માયા સ્વભાવના ભય રહિત છે, તથા આર્તિઓના આર્ત દુઃખોના હરનારા છે, એવા તે શ્રીહરિભગવાન શ્રીહરિકૃષ્ણભગવાન શ્રીપતિ શ્રી–અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરૂષોત્તમ પરનારાયણ એવા પરબ્રહ્મને નિત્ય ધ્યાન કરવા, મેળવવા, સેવવા, કાર્યકારણાત્મક અન્વિતને ધ્યાનમાં ઉપાસવા, અને પરમ ધામમાં સ્થિત વ્યતિરિક્ત મૂર્તિને સેવવા, તેના આનન્દામૃત પામવા, મૂર્તિના બધાં સુખ લેવાં ॥ ધ્યાન સેવાદિકવડે ધીશુદ્ધિ આત્મશુદ્ધિ સગુણબ્રહ્મ અવતારાદિની પ્રાપ્તિ, સાક્ષાત્ દર્શન લાભ અને પછી આનંદઘન એકરસ દિવ્યગુણવાળી માયિકગુણ રહિત, એવી નિર્ગુણ બ્રહ્મમૂર્તિમાં, પ્રેમવડે પરમગતિ પરમપ્રાપ્તિ ચરણસેવાગતિ થાય છે ॥૫૧॥

सार— દિવ્યસમસ્ત ગુણ ઐશ્વર્ય સહિત છે તે માયા ગુણરહિત છે માટે– **निर्गुण परब्रह्म ।** પોતાના સમસ્ત સર્વ દિવ્યગુણસહિત છે માટે **सगुण परब्रह्म ।** અને આપણા જેવા માનવરૂપ અવતારી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ સેવવા યોગ્ય મૂર્તિ પરમાત્મા । આમ શ્રીહરિ પરબ્રહ્મને સમઝવા । એમ શ્રુતિઓ, બ્રહ્મા, નારદજી, વ્યાસજી, સનકાદિકો, નારાયણ વિગેરે કહે છે ॥ તેને સાક્ષાત્પણે ઉપાસવા સેવવા, મૂર્તિમાં સેવવા ॥ શમ્ ॥

સારવિવેચક– મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય સાંખ્યયોગ-વેદાન્ત-મીમાંસા-તીર્થ, દાર્શનિક માર્તણ્ડ, સાહિત્યમનીષી, M. A; D. Phil; D Lit; પંડિત-

વર્ય ન્યાયવૈશેષિકશાસ્ત્રી સ્વામીજી-શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ, ગુરુજી સદ્‌ગુરુ સ્વામીજી દિવ્યમૂર્તિ શ્રીબાળમુકુન્દદાસજી મહારાજ, તેમના ગુરુ બ્રહ્માક્ષરમૂર્તિ શ્રીગુણાતીતાનંદજી મહારાજ, તેમના ગુરુજી શ્રીસહજાનંદજી મહારાજ–શ્રીસ્વામિનારાયણ ભગવાન્ । ઠે. શ્રીસ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ પીન—૩૬૨૦૦૧ । સૌરાષ્ટ્ર । ભારત ॥

॥ इति वेदस्तुति—सरलार्था ॥

ओम्,— अथ—

॥ जनक-सुलभा-संवादः ॥

काचित् पिण्डविशेषा स्त्रीः समायाताऽऽर्षसंसदि ।
कश्चित् पिण्डविशेषस्तां व्यक्तिं सम्बोध्य पृच्छति ॥१॥

जटासु साम्यमार्षाणां मुनीनां साम्यमम्बरे ।
विसाम्यं दृश्यते श्मश्रुहृद्‌रोमादिविहीनके ॥२॥

कथं व्यक्तिविशेषस्य भानं विशेषतो भवेत् ।
नाम्ना स्वरेण चेष्टाभिः प्रश्नगीर्जनको ह्यथम् ॥३॥

કોઈ સુઘટ શરીરવાળી યોગિની, ઋષિમુનિ સુશોભિત જનકરાજાની સભામાં ઉપસ્થિત થઈ, તે સમયે ભવ્યશરીરી રાજા તે વ્યક્તિને ઉદ્દેશીને પૂછે છે ॥૧॥ તમારી અને આ ઋષિઓની જટામાં સરખામણી છે ॥૨॥ સરખામણીએ ખાસ વ્યક્તિનું ભાન 'તમો ફલાણાજ છો' – એવું તો નજ થાય, પણ નામ-જાતિ વડે, મધુરાદિ-સ્વરવડે, તથા વિજાતીય ચેષ્ટાદિ વડે, – 'આ અમુક' – એમ ભાસવાથી, આવેલ વ્યક્તિ-વિશેષ વડે પ્રશ્ન-વાણી પ્રેરિત થાય છે. ॥૩॥ નીલકંઠે વર્ણીમાં વિચિત્રતા વડે લોજની વાત ઉપર પાણીયારીઓના પ્રશ્ન પ્રેરાયા હતા ॥

सुलभा— पुमांस्तदितरश्चेति भेददृष्टिर्विदेहिनः ।
देहयोगात् समुत्पन्ना कोऽयं व्यर्थविदेहवान् ॥४॥
श्रुत्वाऽऽयामि ब्रह्मसभां जनकर्षिमहात्मनाम् ।
अब्रह्मत्वं भिन्नदृशां ब्रह्मेतरत् प्रपश्यताम् ॥५॥
अब्रह्मदृष्टियुक्तानां श्मश्रुवश्मश्रुविवेचनम् ।
भानं विना कथं प्रश्नः स्वरचेष्टा त्वनर्थिका ॥६॥

સુલભા— તમો વિદેહી છો, તમોને જટાવાન્ પુરુષ કે અપુરુષ એવી ભેદદૃષ્ટિ દેહને આધારે ઉપજે છે, માટે વિદેહી નામને વ્યર્થ ધારી રહ્યા છો ॥૪॥ વળી દેહની દૃષ્ટિ જણાવો છો, અને ત્રણ દેહની અસર રહિતવિદેહીગણાઓ છો, એ બન્ને ઘટતું નથી, તમારા પ્રશ્નથી જ આ વિરોધાભાસ ઉપજ્યો છે। જનક વિદેહી છે, ત્યાં ઋષિ-મહાત્માઓની સભા પણ વિદેહી છે,– આવી કીર્તિ સાંભળીને વિદેહીઓના દર્શન-લાભ માટે આવેલ છું. પણ આંહી આવતાં જ મારા પિંડને અબ્રહ્મતારૂપે જોનારા ભેદદૃષ્ટિવાળા, બ્રહ્મેતર

દૃષ્ટિએ જોનારા ॥૫॥ એવા માયિકભ્રમવાળા આપ સર્વેની બ્રહ્મસભાને પણ શ્મશ્રુ અશ્મશ્રુવાળાપણાનુ ભાન છે, તેવા ભ્રમે પ્રશ્ન ઉપજાવ્યો, ભ્રમ ન હોય તો પ્રશ્નજ ન થાય, વળી સ્વર, નામ, ચેષ્ટાઓ વડે ઓળખાય; એવી પ્રશ્નવાણીજ ન સંભવે, વિદેહીની અર્થશૂન્યા વાણી નજ હોય. ॥૬॥

जनकः— स्थूलागमात् स्थूलवृत्तिः स्थूलाऽभिविषयोद्भवा ।
स्थूलायास्तादवस्थ्यं तत् सूक्ष्मे विदेहिताऽस्ति यत् ॥७॥
ब्राह्मी ब्रह्मसभां याता भेदे तद्घटनं समम् ।
अभेदे यानवैरर्थ्यं श्रवणं यानमित्यपि ॥८॥
जिज्ञासा सूक्ष्मवृत्त्याधैः प्रश्नोऽभाने न रोहति ।
भानेऽपि सम्परिच्छिन्ने दार्ढ्यं जिज्ञास्यते वृथा ॥९॥

સ્થૂળ પિંડમાં આવવાથી સ્થૂલવિષયજન્યા સ્થૂલા અવસ્થા વૃત્તિની થાય, અને સૂક્ષ્મ સ્વરૂપે પિંડમાં અવાય તો સૂક્ષ્મા વિદેહવૃત્તિ થાય ॥૭॥ બ્રહ્મસ્થિતિક પિંડ દિવ્યબ્રહ્મસભામાં આવવાથી ભેદવૃત્તિ ઉપજાવનાર પિંડમાં અને દેખનારા વ્યક્તિમાં પણ ભેદ-ઘટના યોગ્ય ગણાય, તેવા છે, તે આવવારૂપી ક્રિયા સ્થૂલમાં છે, તે આવવારૂપી ક્રિયા નિરર્થક થઈ જાય, બ્રહ્મસભાની બ્રહ્મતા વ્યર્થ થાય, શ્રવણ અને આગમન પણ વ્યર્થ થાય ॥૮॥ સૂક્ષ્મવૃત્તિઓ વડે જિજ્ઞાસા થતી નથી, પ્રશ્ન પણ અભાનમાં થાય નહિં, ભાન તો પરિચ્છિન્ન પિંડમાં છે, તે વડે વિદેહિતાનું દાઢર્ય જિજ્ઞાસાય નહિં, જિજ્ઞાસા વ્યર્થ થઈ, બન્નેને સ્થૂળતાની જરૂરત ઉભી રહી ॥૯॥

सुलभा— ब्रह्मणो व्यापकत्वादधि जिज्ञासाऽस्थानसुन्दरी ।
सौक्ष्म्ये विलीना चेज्जाता, फलाऽनालम्बनाद् वृथा ॥१०॥
नाऽऽत्मवृत्तिः करणेषु करणानां निराशयात् ।
द्रष्टृणां ब्रह्मदृष्ट्याऽपि सार्वज्ञ्यं नहि भेदकृत् ॥११॥
शब्दयोगे कर्णवृत्तिः सार्वज्ञ्यक्षतिकारिणी ।
असार्वज्ञ्यात् ममाऽप्येषः प्रश्न आधीयतां समः ॥१२॥

બ્રહ્મ તો વ્યાપક છે, વ્યાપકને અભેદ હોવાથી, બંનેની જીજ્ઞાસા, સ્થિતિ વિનાની શું શોભે !, અને તે સૂક્ષ્મ સ્વરૂપે રહી થકી જણાય તો વિલીન ભાવમાં પેસેલી બોધાત્મક ફલ શૂન્યા રહે છે, નિષ્ફલા જીજ્ઞાસા વ્યર્થ પડી, પ્રશ્ન પણ વ્યર્થ પડ્યો ॥૧૦॥ આત્મવૃત્તિ સૂક્ષ્મા તે કરણોમાં પ્રસરતી નથી, અન્તઃકરણોમાં તે આશય-અભિપ્રાય-રાહતપણું છે, તેની આત્મચિદ્વૃત્તિ અન્તઃકરણોમાં આવે નહિં, અને બુદ્ધિદૃષ્ટિવડે જોનારને સર્વજ્ઞપણું અપરોક્ષદર્શીપણું હોય છે, અભેદપણે દેખે છે, અભેદપણે દેખે તેમાં ભેદદૃષ્ટિ હોતી નથી. ॥૧૧॥ શબ્દગ્રહણમાં કાનની વૃત્તિ સ્થૂલ જોઈએ, તે સ્થૂળતા સર્વજ્ઞતાની વિરોધિની છે, આ વિરોધ બંને વ્યક્તિઓને લાગ્યો, તો અસાર્વજ્ઞ્યપણે પ્રશ્ન કરવો અને સાંભળવો તે બંનેને લાગુ પડ્યો, તેથી સ્થૂળત માં પ્રશ્ન કરનારને વિદેહીપણું ઉડી ગયું, બંનેને સ્થૂલ આભોગ સમાન રહ્યો ॥૧૨॥

જનક— अन्तःप्रविश्य विन्दामि ब्रह्मतां सर्वदेहिनाम् ।
तत्र व्याप्तिः समस्तानां श्मश्रुवश्मश्रुसमंकिनाम् ॥१३॥
एवं प्रविद्यमानस्य न प्रश्नो नोत्तरार्थना ।
स्थूला सूक्ष्मसमावेशात् सूक्ष्माणां कारणे लयात् ॥१४॥
कारणस्याऽकारणे वै लयात् भानं हि सर्वशः ।
वाग्बन्धश्चेन्द्रियबन्धो वृत्तिबन्धः प्रमुक्तता ॥१५॥

હું અન્તઃપ્રવેશીને સર્વે દેહીઓની બ્રહ્મતાને અનુભવું છું, તેથી બ્રહ્મતા નૃપમાં મહર્ષિઓમાં મુનિઓમાં અને સુલભામાં, અર્થાત્ શ્મશ્રુવાળાઓ અને અશ્મશ્રુવાળાઓ એવા ભેદાંકિતથી રહિત સર્વે બ્રહ્મદશાવાળાઓમાં અંતઃ પ્રવિષ્ટ વિદેહીપણું સમાનજ છે ॥૧૩॥ ત્યાં ભેદદૃષ્ટિ થતી નથી, તો તેવી સ્થિતિનાને આવી અભેદદૃષ્ટિ સ્થિતિમાં પ્રશ્ન કે ઉત્તર સંભવતા નથી. સ્થૂલનું સૂક્ષ્મત્વમાં અનુપ્રવેશપણું હોવાથી, સૂક્ષ્મોનો કારણ-બીજમાં લીનીભાવ હોવાથી ॥૧૪॥ અને કારણબીજનો અકારણ સામ્યાવસ્થે જડ કે ચેતને લય હોવાથી, ત્યારે ચિચ્ચૈતન્યના પ્રતાપે સર્વવિધ ભાન વરતે, તેથી, ભાનાર્થજિજ્ઞાસા, પ્રશ્ન, અને ઉત્તર નકામા થાય છે, કેમકે વાણી નિરોધ થયો ઈન્દ્રિયનિરોધ થયો આન્તરવૃત્તિનિરોધ થયો, તેથી મુક્તિ સ્થિતિ થઇ, એટલે પણ પ્રશ્ન ઉત્તર સંભવે નહિ. ॥૧૫॥

સુલભા— अथ पश्यामि राजानं सभां ब्रह्मर्षिशीलिनाम् ।
निजभानं पुरस्कृत्य न लभेऽर्थं यदागता ॥१६॥
अथ राजा विदेहत्वमुररीकृत्य तत्त्वतः ।
अदृश्यतां गतस्तत्र सभायां ब्रह्मणि वृतः ॥१७॥
आश्चर्यचकिता सन्यासिनी स्वास्थ्यं गता द्रुतम् ।
अदृश्यभावनां कृत्वा विलीना ब्रह्मगाऽभवत् ॥१८॥

હું રાજાને જોઉ છું, બ્રહ્મશીલ ઋષિઓને જોઉ છું, મને પણ જોઉ છું, તો આવા ભેદભાવમાં, જે વિદેહિતા જોવા આવેલ છું, તે અર્થનો લાભ મને થયો નહિ ॥૧૬॥ અથ તુરતજ તેને જવાબ દેવા રાજા શારીર તત્વોને સંકેલીને અદેહી-વિદેહી બની ને તે સભામાં જોતજોતામાં અદૃશ્ય થઇ ગયો, વિદેહી બ્રહ્મસ્થિતિમાં પ્રવિષ્ટ થયો જણાયો ॥૧૭॥ આવું જોઈ સુલભા આશ્ચર્ય પામી, તથા પોતાની બ્રહ્મસ્થિતિમાં પ્રવિષ્ટ થઈ ગઈ, અદૃશ્ય ભાવના કરીને બ્રહ્મમાં વિલીન થઈ ॥ ॥૧૮॥

જનકઃ— पश्याम्यहं बुद्धिवृत्त्या विदेहां त्वां विदेहिनीम् ।
अतोऽपि योगसिद्धिश्चाऽऽवयोः साम्यमपेक्षते ॥१९॥
आत्मनि ब्रह्मरूपे स्वं स्वां प्रपश्यत्ययं यदा ।
तदा कारणसंश्लेषात् ब्रह्मदृष्टिर्यथार्थिनी ॥२०॥
ब्रह्म वै व्यापकं सर्वज्ञातृ स्वयंप्रकाशकम् ।
परब्रह्म विजानाति योगसिद्धिर्हि शाश्वती ॥२१॥

રાજા વિદેહી બ્રહ્મસ્થિતિના સમ્પ્રજ્ઞાતમાં વિદેહિનીને કહેવા લાગ્યો,— સન્ન્યાસિની !,— સન્ન્યાસિની એવી તમને હવે હું બ્રહ્મસ્થિતિમાં વિદેહસ્થિતિમાં સમ્પ્રજ્ઞાતસ્થિતિમાં જોઉ છું, આ સૂક્ષ્મસ્થિતિમાં રહેનારા આપણે બન્ને યોગસિદ્ધિમાં સમાનતામાં છીએ. ॥૧૯॥ પણ હજુ એક પગથીયું બાકી છે. બ્રહ્માત્મભાવસ્વરૂપે વર્તતો નિજાત્મામાં પોતે પોતાનો દેખતો થાય, ત્યારે કારણદેહનો વિલય થયે સતે, બ્રહ્મદૃષ્ટિ, બ્રહ્માત્મકતા, બ્રહ્મવિદેહિતા, સાચા અર્થવાળી ગણાય. ॥૨૦॥ અને બ્રહ્મ તો વ્યાપક છે, સર્વજ્ઞ છે, સ્વપ્રકાશ છે, તે જ્યારે પરબ્રહ્મને ઓળખે, જાણે, પામે, ત્યારે બ્રહ્મસ્થિતિ, બ્રહ્માત્મકતા, બ્રહ્મવિદેહિતા, કાયમી રહે એવી લબ્ધિ થઇ ગણાય. ॥૨૧॥

સુલભા— અથોપાસ્ત્યા તદ્વિધાઽસ્મિ બ્રહ્માત્માઽપ્યર્પિતા પરે ।
એષા યામિ બ્રહ્મકુલે સર્વાત્મા બ્રહ્મસંભૂતા ॥૨૨॥
દ્રુતં પ્રોચ્ય વિલીના સા સભાં વિલીય ચાત્મનિ ।
બ્રહ્મમયી પરે સ્વામિન્યર્પિતા સાઽભવત્ ક્ષણાત્ ॥૨૩॥
રાજાઽપિ તામસમ્પ્રજ્ઞાતાત્મિકાં વીક્ષ્ય સંસ્થિતિમ્ ।
પ્રસન્નશ્ચાઽભવદ્ બ્રહ્માત્મનિ સ્થિત્યા સ્વચિદ્દૃશા ॥૨૪॥

રાજન્ બ્રહ્મ !, શું વિચારો છો, ઉપાસના વડે બ્રહ્માત્મા વિદેહિની હું પરમાત્મામાં બ્રહ્મવિદેહિની ને અર્પણ કરનારી પણ છું, જુઓ, આ પરબ્રહ્મમાં બ્રહ્મમુક્તોના કુટુમ્બવાળી એવી પરબ્રહ્મતામાં જાઉં છું, તે પરબ્રહ્મ સર્વાત્મા વર્તે છેજ ॥૨૨॥ એમ કહીને તત્કાળ આખી બ્રહ્મસભાને પોતામાં વિલીન કરીને સુલભા પરમાત્મામાં વિલીન થઇ દેખાણી. ક્ષણમાં પરબ્રહ્મ સ્વામીમાં બ્રહ્મમયી સુલભા સમર્પિત થઈ ગઈ ॥૨૩॥ જનકરાજા તે બ્રહ્માત્માને પરબ્રહ્માત્મામાં લીન થએલ જોઇને ખુશી થયો, અસમ્પ્રજ્ઞાત સમાધિવાળી સુલભાના નિજચૈતન્યાત્મક અપરોક્ષાનુભૂતિ-દૃષ્ટિવડે પોતે પણ તે સ્થિતિમાં જવા તૈયાર થયો, પણ દિવ્યદૃષ્ટિએ વિચારવા લાગ્યો. ॥૨૪॥

જનકઃ— ભાવસ્યાઽભાવતુલ્યત્વં નિરાકારત્વકલ્પનમ્ ।
અવસ્તુનિભતાક્લૃપ્તિર્મુક્તિરેષા તુ ગર્તિકા ॥૨૫॥
સેવા-મુક્તિઃ સુપ્રસાદા સેવનં સ્વામિસૌખ્યદમ્ ।
ભેદમુક્તિર્હિ યોગ્યા મે સેવાદાસ્યં સુખપ્રદમ્ ॥૨૬॥
સુલભે !, ક્વ ગતા ચાઽન્તઃ, નિર્યાહિ ત્વં સુરૂપિણી ।
સંવાદસ્તુ વિદેહિત્વે, મુક્તત્વે નાસ્તિ વાદિતા ॥૨૭॥

ભાવ-પદાર્થને અભાવ-પદાર્થમાં જતા કરવું, નિરાકારપણામાં કલ્પિત થવું, અવસ્તુ જેવું ગોઠવાઇ જવું, આવી અસમ્પ્રજ્ઞાત-મુક્તિ તો મોટી ખાઈમાં પડવા જેવી છે ॥૨૫॥ આના કરતાં ઋષિ મહર્ષિ સન્તોની સેવા, ભગવાનની સેવા, સ્વામીથી સુખ મળે એવી સેવા-મુક્તિમાં રહેવું ઉત્તમ છે, ભેદભાવે, સ્વામિસેવકભાવે, દાસ-સ્વામિભાવે, રહેવું તે— સ્વામીના સુખે સુખિયા મુક્તિ મને ગમે છે ॥૨૬॥ આમ વિચારીને, બ્રહ્મસ્થિતિમાં સમ્પ્રજ્ઞાતવાળા રાજા બોલ્યા – અરે સુલભે !, તું ક્યાં ગઈ, કઇ ખાડીમાં પડી ?, અરૂપ થઈ તે કરતાં સુરૂપ મુક્ત થઇને બહાર આવી જા, વિદેહપણાનો સંવાદ— વાદવિવાદ તો સ્વામી-

વિનાના વિદેહીમુક્તપણામાં ઘટે, સ્વામીવાળા વિદેહીમુક્તપણામાં ચડસા-ચડસીનો ભાવ ઘટતોજ નથી, સેવા સુખ શ્રેષ્ઠ છે, ઋષિઓની સભાને બાહેર ક્યાવ. ॥૨૭॥

સુલભા— अहो भाग्यं ममैतादृक्सतां ब्रह्मर्षितात्मनाम् ।
प्रत्यहं चाऽस्ति सत्संगो मुक्तिरेषाऽस्ति शाश्वती ॥૨૮॥
ब्रह्मात्मनां प्रमुक्तानां नैकस्वरूप—धारिणाम् ।
परात्मनि ब्रह्मणि वा मुक्तेषु नैकरूपतः ॥૨૯॥
भवन्तं सेवया श्रेष्ठ्यं विलिनाऽऽकृतितः खलु ।
यत्र रौक्ष्यं केवलत्वं सुखं सेवाफलं न यत् ॥૩૦॥

ત્યારે સુલભા બોલી,— હે રાજન્ !, તમોને ધન્ય છે, તે સાથે મારા ભાગ્યને પણ ધન્ય છે, જે હું આવા ઉપાસક બ્રહ્મર્ષિઓ અને પરબ્રહ્મ શ્રીહરિના સેવકો સંતો વિદેહીઓની સભામાં આવી, આવો સત્સંગ દરરોજ થાય છે, અને સ્વામીની સેવા એજ શાશ્વતી મુક્તિ છે, તે મને ઘણીજ ગમે છે ॥૨૮॥ તેમાંય પણ બ્રહ્મસ્થિતિના બ્રહ્મભાવાપન્ન મુક્તો ઇચ્છા મુજબ અનેક સ્વરૂપધારી થઈને મુક્તોમાં રહીને બ્રહ્માત્માપણે વર્તીને પાર્ષદ લક્ષ્મીજી રાધિકાજી રૂપે થઈને જ્યાં પરમાત્માની અનંતપ્રકારની સેવા કરે છે, એવી અનેક-રૂપે સેવા કરું, એ સ્થિતિ મને ઠીક સમઝાણી ॥૨૯॥ વિલીનાકૃતિ કરતાં સેવાવડે રહેવું તે અતિશ્રેષ્ઠ સુખદપણું છે, વિલીનભાવમાં તો રૂખાસુખાપણું, કેવલગર્ત-ખાઈમાં પતનપણું, અને સેવા-સુખ ફલ જ્યાં નથી, તે કનિષ્ઠજ છે ॥૩૦॥

तत् त्याज्यं वै विदेहित्वं सतां सेवा सुखं परम् ।
श्रीहरेः सेवनं धाम्नि महासौख्याऽब्धिलब्धनम् ॥૩૧॥
सन्यासित्वं विदेहित्वम् ऋषित्वं साधुता तथा ।
भक्तताऽऽत्मनिवेदित्वं सेवित्वं परमं सुखम् ॥૩૨॥
क्षारभूसदृशी मुक्तिः केवलं रूक्षता-रणम् ।
न जलं न फलं छाया न शान्तिस्तृप्तिकारिणी ॥૩૩॥

માટે જે વિદેહિત્વની પરીક્ષા અર્થે હું આંહી આવી તેવું તે નિરાકાર વિદેહિત્વ મને ન જોઇએ, જેમાં સંત-ભગવાનની સેવા મળે એવું નિરભિમાની-વિદેહિત્વ પરમોત્તમ મને ઈષ્ટ છે, બ્રહ્મધામમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની દિવ્યમૂર્તિની સેવા તે મહાસુખસાગર પ્રાપ્તિરૂપ છે ॥૩૧॥ સન્યાસી હો, વિદેહી હો, ઋષિ હો, સાધુ હો, મુક્ત હો, તે બધામાં દિવ્યમૂર્તિ ભગવાનમાં સર્વસ્વ-આત્મનિવેદિત્વ-રૂપ સેવકત્વ, તે પરમ શુભ સુખદ છે ॥૩૨॥ રૂક્ષતા-મુક્તિ, ગર્ત-ખાઈમાં પાત. રણમાં રખડપાટ, ખારભૂમિમાં આળોટણું, એના જેવી છે । જ્યાં જળ ફળ કે છાંયા નથી ત્યાં શાંતિ ક્યાંથી થાય, માટે જ્યાં મૂર્તિમાન્ અનાદિ-શ્રીકૃષ્ણનારાયણ એવા શ્રીહરિને ઓથે શીતલ પીયૂષપાન-આસ્વાદન થાય તે મુક્તિ શ્રેષ્ઠ છે ॥૩૩॥

જનક: — હે સુલભે !,
नाऽऽश्रयोऽपि न चाऽऽधार सुलभे सुलभा न सा ।
સુલભા— विदेहिन्नथ ते चाऽस्मि परीक्षार्थं समागता ॥૩૪॥

सत्संगयोग्यस्त्वं भक्तः परमात्मनि संवृतः ।
ऋषिणां च सतां भक्तजनानां भक्तभूस्थितिः ॥३५॥
कृतार्थोऽहं तु संजाता ज्ञानवादं विहाय यत् ।
सर्वस्वार्पणभक्तिं सम्प्राप्ताऽस्म्येवं विदेहिनी ॥३६॥

જનક કહે— હે સુલભે !, તો પછી જ્યાં ભગવાનનો આશરો નથી, ભગવાન્ આપણા સર્વસ્વ આધાર નથી, તેવી મુક્તિને અસુલભજ કહેવાય ॥

સુલભા બોલી,— હે વિદેહી રાજન્ !, મેં તો વિદેહિતાની પરીક્ષા લીધી, આંહી આવવાથી મને કાંઈક સારૂંજ મળ્યું છે ॥૩૪॥ સત્સંગ ઉત્તમ ગણાય, પ્રત્યક્ષ પરમાત્મામાં નિજ-સેવકતા દાસતા ઉત્તમ ગણાય, ભકતદાસીતા ઉત્તમ ગણાય, તે તમારામાં છે, માટે સત્સંગ કરવા યોગ્ય છો, હે રાજન્ !, મને પણ આવો સત્સંગ સમઝાયો, કે જે વિદેહી ઋષિઓ, વિદેહી સન્તો, વિદેહી ભકતજનોના મધ્યે સાક્ષાત્ સેવાની દિવ્યભૂમિમાં લાભ મેળવવો ॥૩૫॥ આજે હું કૃતાર્થ થઇ, હવે જ્ઞાનવાદ તજીને ભક્તિમાં પરોવાણી છું, પ્રગટ ભગવાનમાં સર્વાર્પણ-વિદેહિત્વ તે સાચું વિદેહિપણું છે, પ્રત્યક્ષ ભગવાનની સેવામાં દાસત્વ કે દાસીત્વ બાધક નથી, આવી વિદેહિની ભકતાણી હવે સદા રહીશ, વૈષ્ણવી સન્યાસિણી રહીશ ॥૩૬॥

नमः सभायै च नमो विदेहिने नमश्च सेवासुखशालिमुक्तये ।
नमो मिथिलारजसां प्रसेविने भक्ताय नारायणशीलिने नमः ॥३७॥

બ્રહ્મસભાને પ્રકટાવીને, આ બ્રહ્મસભાને નમઃ, આવા વિદેહી ભકતને નમઃ, એવા સુખવાળી મુક્તિસ્થિતિને નમઃ, અહો મિથિલાના ભૂતલરજોને અડનારા આત્માઓને પ્રજાને પણ નમઃ, જે પ્રત્યક્ષ પ્રગટ શ્રીપતિ નારાયણના સમ્પ્રજ્ઞાત ભકતો વિદેહિઓ છે, તેમને સર્વને નમઃ, – આમ કહીને **સુલભા,** જનક, તથા બ્રહ્મસભાનો વિદેહિતાનો ગુણ ગ્રહણ કરી શિક્ષણ લઈને આત્મનિવેદિની ભકતાણી થઇ, વૈષ્ણવી સન્યાસણી બની ગઇ, સેવામુક્તિમાં સર્વ કર્મકાણ્ડ સમર્પણ કરી વિદેહસ્થિતિરૂપ મુક્ત સ્થિતિએ વર્તવા લાગી ॥૩૮॥ શ્રીજીમહારાજે પ્રત્યક્ષ પ્રગટ ભગવાનની સાક્ષાત્ સર્વસ્વ સર્વાંગ સમ્પૂર્ણ સેવા કરવાના લાભવાળી પાતિવ્રત્યવાળી દાસ્યમુક્તિ અક્ષરધામમાં ગોલોક વૈકુંઠાદિકમાં પણ વર્ણવી છે ॥ પ્રગટ પ્રમાણ ભગવાનની મૂર્તિમાં એક અંગમાંથી પણ સર્વે પ્રકારના સુખ આનન્દો અનન્ત શીતળશાન્તિઓ રસળસરંજનતા મળે છે ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતુ ॥ શમ્ ॥

ओम्, 'श्रीहरिः शरणं मम,' । 'कालमायापापकर्मशत्रुभ्योऽकुहृद्भयात् ।
शूलमीनध्वजधनुश्चक्रस्वस्तिकवानव,' ॥ 'अनादिश्रीकृष्णनारायणः स्वामी पतिश्च मे,' ॥

इति जनकसुलभासम्वादः

अथ भगवत्स्तुतिः

જે આપ અક્ષર વિષે વિચરો સદાય ।
મુકતો વડે ચરણ-સેવન નિત્ય થાય ॥
સર્વે સ્વરૂપ નિજતુલ્ય-સમાન શક્તિ ।
પ્રીતિભરી તવ કરે ગરકાવ ભક્તિ ॥૧॥

સ્વામી તમો, નિજસુસેવક બ્રહ્મ-મુકતો ।
સર્વે ધરે તનુ તહાં બહુધા સુભકતો ॥
રાધા રમા-સમ તથા સમ ગોપ નંદ ।
લેવે સખા સખીજનો રસ માકરન્દ ॥૨॥

ત્યાં કુલ્લવાડી વનની સ્થળીઓ રહી છે ।
વાગ્યો સુકુંકુમમયી જલ-વાહિની છે ॥
સ્તોત્રો હરિવર તણા શ્રુતિઓ વદે છે ।
નારાયણો જય અનાદિ શ્રીકૃષ્ણ કહે છે ॥૩॥

ત્યાં સ્વપ્રકાશ ઋતુ હેમ વસન્ત ખીલ્યા ।
કસ્તૂરિકામૃગ કરી ધવલો રમી રહ્યા ॥
શ્રીસ્વામિનાથ વિચરો બગિચા બહુ જ્યાં ।
હેરો સરોવર ઘણાં તરૂઓ ફલી ત્યાં ॥૪॥

અવતાર ઈશ પ્રકૃતીશ્વર ઈશ્વરેશ ।
શ્વેતેશ બદ્રિપતિ ભૂમ યમેશ્વરેશ ॥
હૈણ્યગર્ભ સુ વિ રા ટ મહેશ્વરેશ ।
બ્રહ્મેશ દેવ ઋષિ પિતૃ નમે હમેશ ॥૫॥

દેવી ગણેશ ધનદેશ દિનેશ ચન્દ્ર ।
તીર્થો મુનીશ્વર ધરે હૃદયે કપીન્દ્ર ॥
વ્યાસો સુસન્ત સતીઓ રતિઓ કરે છે ।
જે કૃષ્ણમાં ભુમિનૃપો ઉપદા ધરે છે ॥૬॥

શ્રીકંભરાંક રમતા પરમેશ બાલ ।
ગોપાલકૃષ્ણ ધર કૃષ્ણ થયા સુલાલ ॥
કાશી કૃતાર્થ કરી છે ભણવા નિમિત્તે ।
જીત્યા સભા-જન સુપણ્ડિત શાસ્ત્ર રીતે ॥૭॥

જૂનાગઢે સ્થિર રક્ષા દૂર દર્શન ઘે ।
પૂજે જગત્ મુરતિ કુંકુમવાપી મધ્યે ॥
શ્વેતાયને રચ્યું તમે બહુ ગ્રંથ સત્ર ।
વિશ્વસ્થ પંડિતજને કર્યું માન – પત્ર ॥૮॥

શ્રીજામનગ્ર રચીયું વળી કાશી ધારી ।
મંન્દિર રાજનગરે રમણીય ભારી ॥
વિદ્યા કથા ગ્રથન ભકિત વિરાગ ધર્મ ।
ધાર્યાં ભુમિ મનુજ સૌખ્યદ આપી શર્મ ॥૯॥

નવ્ય પ્રભવ્ય સુસભાર્થક મણ્ડપો જ્યાં ।
કીધા પ્રતાપ પરચા દઇને નવાં ત્યાં ॥
પાટોત્સવો બરચી લક્ષ ધનો કર્યાં છે ।
લાખો સ્વભકત નિજને શરણે વર્યા છે ॥૧૦॥

આચાર્ય સન્ત નિજના રચિયા ઘણાં છે ।
ધામો મખો પ્રવચનો કરિ આપણાં છે ॥
મૂર્તિ નિજીય ચરણાબ્જ સુતીર્થ પર્વે ।
આપ પ્રતાપ કરી ભકત–સમૂહ સર્વે ॥૧૧॥

જન્માષ્ટમી – વ્રત – મહોત્સવ દેશ–દેશે ।
ભકતો મળી ઉજવીએ તવ ભકિત શેષે ॥
દિવ્ય સ્વદર્શન દિયો નિજ ભકત આગે ।
સાક્ષાત્ પ્રભુ તવ જયન્તી સુદાસ્ય માગે ॥૧૨॥

વન્દુ શ્રીહરિ કૃષ્ણવલ્લભમુનિ શ્રીસ્વામિને ભૂમિને ।
સ્પર્શી દંડવત પ્રણામ ચરણે અર્પું શિરો નામિને ॥
ભકતોને શરણાગતિ લઈ કરે સેવા નમૂં તેમને ।
સાક્ષાત્ કૃષ્ણઅનાદિ સંતમુરતિ રક્ષા કરો તે મને ॥૧૩॥

જેણે ભારત માંહી પંડિતજનો વિદ્યાવડે જીતિયા ।
વિશ્વોમાં નિજ શાસ્ત્ર ગ્રંથન વડે વિદ્વત્જનો બોધિયા ॥
દિવ્યં જ્ઞાન સમર્પી ભૂમિ જનને ભકિતવડે તારિયા ।
આપ શ્રીપરમેશને હૃદિ ધરૂં બહુમે રૂદે ધારિયા ॥૧૪॥

નમો કરોડો રૂપ ધારી કૃષ્ણને, અનન્તશકિત વ્યતિરેકી દર્શને ।
નમો જડે ચેતન વ્યાપિને પ્રિયે, કલ્યાણમૂર્તિ જનસેવિને નમઃ ॥૧૫॥

શ્રાશ્વેતાયનસ્મૃતિનું શુદ્ધિપત્રમ્

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધમ્	શુદ્ધમ્	પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધમ્	શુદ્ધમ્
૩	૧૩	ગણુતા	ગણુાતા	૬૪	૧૫	વ્યોમ્નિ	વ્યોમ્નિ
૩	૧૭	વદ્ય	વૈદ્ય	૬૪	૨૩	॥૪૭।।	॥૪૭॥ શ્લોકા ૪૮ છે॥
૧૨	૧૪	કરતા	કરાતા	૬૬	૧૨	કુર	કૂર
૧૪	૧૬	પોષ્ટા	પોષ્ટા	૬૯	૨૭	લય મતમ્	લયં ગતમ્
૧૮	૧૭	શયન	શયનં	૭૦	૧૮	સત્તથા	સત્તયા
૨૩	૨	ऽહ્લાસ	ऽહ્લાસ	૭૩	૧૭	વ-	વૈ।
૨૩	૪	હ્લાસ	હ્લાસ	૭૫	૩	ત્યાદિતઃ	ત્પાદિતઃ
૨૯	૨૨	રમૂતાનાં	ક્રૂરમૂતાનાં	૭૫	૮	ગભિણ્યાં	ગર્ભિણ્યાં
૨૯	૨૩	યોગિઆને	યોગિઓને રોગિઓને	૭૫	૧૩	ભિન્નોદરા	ભિન્નોદરાઃ
૩૧	૯	હસ્તાભ્થાં	હસ્તાભ્યાં	૭૬	૨૮	ધન દણ્ડઃ	ધનદણ્ડઃ
૩૭	૨૭	ચાન્ત સ્થિત	ચાન્તઃસ્થિત	૭૬	૨૮	ક્ષેત્રાસ્યન્દ	ક્ષેત્રસ્યન્દ
૩૭	૨૭	સ્વય	સ્વયં	૭૭	૨૨	વહિદ	વહિદં
૪૧	૧૦	સવતંત્ર	સ્વતંત્ર	૭૭	૨૬	નિમ્નને	નિમ્નિને
૪૩	૫	સર્વ સત્ક્રિયઃ	સર્વસત્ક્રિયઃ	૭૮	૧૦	દેય	દેયં
૪૩	૨૪	વૃષાન્	વૃષાન્	૭૮	૧૪	શર્વાન્	સર્વાન્
૪૪	૨૨	રૂપ્ય	રૂપ્યં	૭૮	૧૭	પારિલોષિક	પારિતોષિક
૪૬	૧	અદૃષ્ય	અદૃશ્ય	૭૮	૨૯	ઊર્ધ્વ	ઉર્ધ્વં
૪૮	૨૨	દાસ્ય	દાસ્યં	૮૦	૭	ऽશોચ	ऽશૌચં
૫૧	૧	મેધ્યાનિ	મેધ્યાનિ	૮૩	૧૨	વર્તન	વર્તનં
૫૩	૧૨	દાન	દાનં	૮૪	૧૩	શમ રાગ	શમં રાગં
૫૩	૧૭	વ	વૈ	૮૭	૨૬	કાડમિ	કાહમિ
૫૭	૮	ચન્ન	ચેન્ન	૯૧	૧૨	છ કે	છે કે
૫૭	૧૦	પત્રઃ	પત્રૈઃ	૯૪	૪	તમામાં	તમામમાં
૫૮	૨૬	॥૩॥	॥૩॥ યુગલમ્	૯૪	૫	માનમાં	મનમાં

પૃષ્ઠ	પંક્તિ	અશુધ્ધમ્	શુધ્ધમ્
૯૫	૨૬	ધર્મે	×
૯૫	૩૦	ગામ માન	ગ્રામં માનં
૯૬	૩૦	દેય	દેયઃ
૯૯	૯	કાયમારે	કાર્યભારે
૯૯	૧૨	ચિન્તન	ચિન્તનં
૧૦૨	૧૪	બનેએ	બન્નેએ
૧૦૯	૨૮	સ્વામિન	સ્વામિનઃ
૧૧૦	૩૦	ચતુખનિ	ચતુઃખનિ
૧૧૪	૧૯	પરમેશ	પરમેશં
૧૧૫	૪	સેવન	સેવનં
૧૧૫	૫	માયિકા	માયિક
૧૧૫	૧૫	સાર	સારઃ
૧૧૫	૧૯	વિજ્ઞનમાં	વિજ્ઞાનમાં
૧૧૫	૨૬	પદો	મમ પદો
૧૧૫	૨૮	પસ્ચા	યરશ્ચા
૧૧૫	૨૮	ડક્ષુરસ્થ:	ऽક્ષુરસ્થ:

વેદસ્તુતિશુદ્ધિપત્રમ્

પૃષ્ઠ	પંક્તિ	અશુધ્ધમ્	શુધ્ધમ્
૧૨૦	૧૭	વટે	વડે
૧૨૩	૯	શસત્	અસત્
૧૨૩	૧૩	અવતા૨	અવતારી
૧૨૪	૨૩	અસ વરણમ્	અસંવરણમ્
૧૨૪	૩૧	વઠે	વડે
૧૨૬	૨૨	મૃત	મૃતં
૧૨૬	૨૨	સભારે છે	સંભારે છે
૧૩૦	૨૦	ઈત્પત્તિ	ઉત્પત્તિ
૧૩૪	૨૯	અરિ:	અહિ:
૧૩૪	૩૦	જષ્ટગુણિતે	અષ્ટગુણિતે
૧૩૫	૫	પ્રણિધાત	પ્રણિધાન
૧૩૫	૧૯	ભવદુત્થ	ભવદુત્થ
૧૩૫	૩૨	ન્દના	નન્દના
૧૩૮	૭	ऽવ્યક્ત	ऽવ્યક્ત
૧૪૦	૧૦	સ્યૂલ	સ્થૂલ
૧૪૦	૩૦	સ્થૂલતમાં	સ્થૂલતામાં
૧૪૧	૨૬	ચ્રેત્ર	ક્ષત્ર
૧૪૨	૧૬	એલું	એટલું
૧૪૩	૭	વિલિના	વિલીના

રચયિતા—

મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ,
દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગતીર્થ,
વેદાન્તતીર્થ, મીમાંસાતીર્થ, સાહિત્યમનીષી, તાર્કિકમાર્તણ્ડ, ન્યાયવૈશેષિકશાસ્ત્રી–

ડૉ. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યશાસ્ત્રીજી

M. A. [Eng.] D. Phil, D. Lit.

સમ્પાદક અને પ્રકાશક—

—: શ્રીહરિશરણાગતિમંડળ વતી સમિતિ :—

૧	શ્રીમાન્	કરશનભાઇ માંજીભાઈ	જામવણથળી	પ્રમુખ
૨	,,	હીરજી પેથા કાચા	,,	સભ્યો
૩	,,	છગનલાલ પ્રેમજી કાચા શિક્ષક	,,	,,
૪	,,	દામજી પ્રેમજી કાચા શિક્ષક	,,	,,
૫	,,	ટપુભાઇ કાનજી રાઠોડ ચાવડા	દુબઈ	પ્રમુખ
૬	,,	હરિલાલ વેલજી ખોલિયા	જા. વં. મસ્કત	સભ્ય
૭	,,	ભગવાનજી રાજા જાવિયા	જા. વં. રીયાધ, અરેબિયા,	,,
૮	,,	કેશવજી હરિભાઈ ચોટલિયા	મુમ્બઇ	,,
૯	,,	વેલજી રવજીભાઈ ચૌહાણ	પૂના	,,
૧૦	,,	પ્રાગજી ડાયાભાઈ ચૌહાણ	કાંદીવલી	,,
૧૧	,,	મોહનલાલ રતનશી	બાલંભા, દુબઈ	,,

ધૃતિ જનકસુલભા સંવાદપૂર્ણ

॥ સંસ્કૃત સમ્પૂર્ણમ્, શ્રીકૃષ્ણાર્પણમ્ ॥

ओम्

अनादिश्रीकृष्णनारायणार्पणम्

अस्तु

समाप्तम्



श्रीहरिशरणागतिमंडलम्

सं. २०३४ आश्विन कृष्णाष्टमी — जयन्ती जूनागढ